ઉપલબ્ધ હોઈ શકતી નહોતી. નીચલી અદાલતે કંપનીના ખાતામાં થયેલા વિશાળ રોકડ પ્રવાહ અને ઉપાડની નોંધ લીધી હતી. નોંધપાત્ર રીતે, આવા થાપણો અને ઉપાડો, ચકાસણી અવધિ દરમિયાન એ૧થી એ૪ અને તેઓ દ્વારા ઉભી કરાયેલ પેઢીઓ અને કંપનીઓ, જેમાં તેઓ પ્રસંગોચિત રીતે ભાગીદારો/ડિરેક્ટરો હતા, તેમના અનેક ખાતાઓની સરખામણીએ થયેલા હતા. આ બધી બાબતો ખાતાઓ અને વ્યક્તિગત વ્યવહારોનો ઉલ્લેખ કરીને નોંધવામાં આવી હતી. પ્રતિભાવકો અને તેમની પેઢીઓ/કંપનીઓ વચ્ચે પરસ્પર થયેલા બેંક વ્યવહારોની વ્યાપકતાને ધ્યાનમાં રાખીને, નીચલી અદાલતે એડની આ દલીલ સ્વીકારવાની ના પાડી હતી કે તેઓ પોતાના નામે મિલ્કતો હસ્તગત કરવા માટે સ્વતંત્ર સ્ત્રોત ધરાવતા હતા. [પરિચ્છેદો ૩૩૨, ૩૩૩૧] [૮૧૩– એ–બી, ઈ–એચ; ૮૧૪–એ)

૧૩.૫. ૨ વડી અદાલતે મુખ્યત્વે ડી.ડબલ્યુ.–૮૫ના સાક્ષ્ય પર આધાર મૂક્યો હતો, જેણે પોતાનો પરિચય ૧૯૯૫–૯૬ દરમિયાન કંપનીના મેનેજર/એડમિનિસ્ટ્રેટર તરીકે આપ્યો હતો, તેમજ પ્રતિ સભ્ય ૩.૫૦૦૦/– બિનપરતફેર પ્રવેશફી તરીકે જમા કરાયાની દાવાકીય થાપણ સંબંધિત ફી રસીદ પુસ્તિકાઓ અને તેની પ્રતિનકલો પર પણ આધાર રાખ્યો હતો. વધુમાં, કંપનીએ જનતા/જાહેર ક્ષેત્રની સંસ્થાઓ પાસેથી કરવામાં આવેલા વ્યાપારી વ્યવહારોના સંબંધમાં પ્રાપ્ત થયેલ ચુકવણીઓ બાબતે નીચલી અદાલતમાં આંકિત કરાયેલા રોકાણો/દસ્તાવેજો સ્વીકાર્યા હતા. તેને આવકવેરા સત્તાધિકારીઓ દ્વારા કંપનીના રિટર્ન્સના મૂલ્યાંકનનો પણ ઉલ્લેખ કર્યો હતો અને તેનું મૂલ્ય

૩.૧,૦૦,૦૦,૦૦૦/– હોવાનું માન્યું હતું. વડી અદાલતે સામાવાળાઓ સામે આક્ષેપિત આરોપોના પાસાઓ ધ્યાનમાં લીધા નહોતાં અને તેણે દેખીતાં માત્ર દાવાકીય થાપણકર્તાઓના નિવેદનો તથા તે સંબંધિત થાપણ પુસ્તકો અને પ્રતિનકલો સુધી પોતાને મર્યાદિત રાખી હતી. તેના વિપરીત, નીચલી અદાલતે કંપનીએ દાવો કરેલી આવકના સ્ત્રોત તથા તેની શક્ય રોકાણોની કડીનું પરીક્ષણ કરવા વિશેષ પ્રયત્ન કર્યો હતો. તેણે ચકાસણી અવધિ દરમિયાન તેવી ફર્મો/કંપનીઓના હિસાબોમાં, જેઓમાં સામાવાળાઓ ભાગીદાર/નિર્દેશક હતા, તેમાં રોકડની વિશાળ આવક–જાવકનો પણ નોંધ લીધો હતો, એટલા પ્રમાણમાં કે આ મથાળા હેઠળ એઉ દ્વારા દાવો કરાયેલ આવક પોતાની સ્વતંત્ર ઓળખ જાળવી શકી નહોતી, જેથી તેને કંપનીની વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવા માટે એક સ્પષ્ટપણે અલગ સંસ્થા તરીકેના ઓળખપાત્ર આવક સ્ત્રોત તરીકે સ્વીકારી શકાય. આ મુદ્દે વડી અદાલત દ્વારા પુરાવાનો કરવામાં આવેલ સંક્ષિપ્ત વિચાર જરૂરી અભિગમથી રહિત છે અને તેથી તે ટકી શકતો નથી. પરિણામે, સુપર ડુપર ટી.વી. પ્રા. લિ.ને ૩.૧,૦૦,૦૦,૦૦૦/–ની આવકનો જે ઉમેરો તેને મંજૂર કર્યો હતો, તે માન્ય રાખી શકાય તેમ નથી. [પરા ૩૩૪–૩૩૬) [૮૧૪–બી–એચઆઇ

૧૩. ૬ અલને સંપત્તિ કરની પરતફેર:

સંપત્તિ કરની સંકલ્પના તથા તેવી વસૂલીને આકર્ષતા સંપત્તિ અને નિર્વળ સંપત્તિના અભિપ્રાયને ધ્યાનમાં લેતા, સંપત્તિ કર અધિનિયમ, ૧૯૫૭ દ્વારા

વિચારાયેલ હોવા છતાં, આ પરતફેર માત્ર તે હકીકતનું પ્રમાણપત્ર આપતી નથી કે જે સંપત્તિ પર પ્રારંભે કર વસૂલવામાં આવ્યો હતો અને ત્યારબાદ પરત કરવામાં આવ્યો હતો, તે સંપત્તિ કાયદેસર હતી. અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) હેઠળ અનુમાનિત મુજબ કાયદેસર સ્ત્રોતમાંથી પ્રાપ્ત આવક તરીકે તેની વૈધ ઉત્પત્તિ અને સ્થિતિ સંતોષકારક રીતે સાબિત કરે તેવા અન્ય કોઈ પુરાવાના અભાવે, આવી પરતફેરથી તે બાબત સ્થાપિત થતી નથી. વધુમાં, આર.આઈ./એ.આઈ. દ્વારા કરવામાં આવેલા આ આવકના દાવા અંગે નીચલી અદાલત કે વડી અદાલત પૈકી કોઈએ પણ કોઈ ચર્ચા અથવા વિશ્લેષણ કર્યું હોય તેવું દેખાતું નથી. [પરિચ્છેદ ૩૩૮૧ [૮૧૫–સી–ડીઆઈ

૧૩. મિસ સાસી એન્ટરપ્રાઈઝિસ પાસેથી એ.એલ. ની ૭ આવક:

સંબંધિત સમયે, એ૧ અને એ૨ સસી એન્ટરપ્રાઈઝિસના ભાગીદારો હતા અને એ૨ એમ/એસ ફેક્સ યુનિવર્સલના પણ એક ભાગીદાર હતા. તેથી, અનામતોની આપલે તમામ વ્યાવહારિક હેતુઓ માટે એ૧ અને એ૨ વચ્ચેની જ છે. ઉપરોક્ત રકમને સંબંધિત હકીકતો અને પરિસ્થિતિઓમાં કાયદેસર આવક તરીકે સ્વીકારવાની બચાવ પક્ષની દલીલ પ્રેરકતા વિનાની હતી. [પેરા ૩૩૯] [૮૧૫–જી] ૧૩.૮ એ૧ દ્વારા એ૨ પાસેથી ઋણ:

નિર્વિવાદ રીતે, સંબંધિત સમયે એ૨ ફ્રેશ મશરૂમ તેમજ વિનોદ વિડિયો વિઝન બંનેની એકમાત્ર માલિક હતી અને તેથી જમા રકમો, ભલે ઉપરી રીતે બેંક વ્યવહારો દ્વારા સાબિત દર્શાવવામાં આવે છે, છતાં સ્પષ્ટપણે પરસ્પર એ૧ અને

એ૨ તથા તેની ફર્મો વચ્ચેની જ હતી. આ રસીદોની મૂળભૂત રીતે કાવતરું અને દુષ્પ્રેરણાના આરોપની પૃષ્ઠભૂમિમાં કસોટી કરવી જરૂરી છે, જેથી તેમની સાચી પુરાવાકીય કિંમત નક્કી કરી શકાય. વ્યવહારોમાં સંકળાયેલા વ્યક્તિઓ અને સંસ્થાઓના સંમિશ્રણને ધ્યાનમાં લેતાં, અને અન્ય વિશ્વસનીય પુરાવાના અભાવે, ઉક્ત રસીદો/જમા રકમોને અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) માં કલ્પિત કાયદેસર આવક તરીકે સ્વીકારી શકાય નહીં. [ફકરા ૩૪૧, ૩૪૩૧ [૮૧૬–બી–સી, એફ્લ

આવકવેરા કમિશનર વિ. પી. મોહનકલા [૨૦૦૭૧ ૬ એસ.સી.આર. ૬૮૦ : (૨૦૦૭) ૬ એસ.સી.સી. ૨૧ – આધાર રાખવામાં આવ્યો.

૧૩. જયા પબ્લિકેશન્સ, કેનફિન હોમ્સ અને નમધુ એમ.જી.આર.માંથી ૯ એ.એલ.ની આવક: [૮૧૬–એફ–જીઆઈ

૧૩.૯. ૧ તપાસ અવધિ દરમિયાન, જયા પબ્લિકેશન્સે, અલના પક્ષે રૂા.૧,૦૧,૪૯,૯૦૦/–નું વિતરણ કરવા ઉપરાંત, તેની રૂા.૭૫ લાખની ઉધારી પણ પરત કરી હતી. નોંધપાત્ર રીતે, જેમ નીચલી અદાલતે નોંધ્યું છે તેમ, અલ દ્વારા કેનફિન હોમ્સ પાસેથી લેવામાં આવેલી ઉધારીના પાસાંની ચર્ચા કરતાં, આવી ઉધારી લેતાં અગાઉ તેણે તા.૬.~.૧૯૯૨ના રોજ સદર નાણાકીય સંસ્થા પાસે સ્થિર જમા તરીકે રૂા.૧ કરોડ જમા કરાવ્યા હતા. આ હકીકત, જેમ નીચલી અદાલતે અભિલેખ પર મૂકી છે તેમ, પી.ડબ્લ્યુ.–૯૫, પ્રાદેશિક મેનેજર, કેનફિન હોમ્સની સાક્ષી દ્વારા સાબિત થાય છે.

આ મુદતી જમા પર લેવાઈ હતી. તેમણે જણાવ્યું કે ૨૫.૮.૧૯૯૫ ના રોજ, એ.આઇ. એ આ મુદતી જમા પર ફરીથી રૂપિયા ૭૫ લાખનું ધિરાણ લીધું, જોકે તે અલગ ધિરાણ ખાતા સંબંધે હતું. ત્રીજા મથાળા અંગે, સ્વીકાર્ય રીતે નામધુ એમ.જી.આર. જયા પબ્લિકેશન્સનું માત્ર એક પ્રકાશન છે, પરંતુ તેનું અલગ બેંક ખાતું છે. એ.આઇ.નો રૂપિયા ૯૪,૩૩,૦૦૦/ ઉપાડ્યાનો દાવો

નમધુ એમ.જી.આર. તરફથી પણ, જયા પબ્લિકેશન્સના ભાગીદાર તરીકેની હેસિયતમાં હોવાનું પણ પ્રત્યક્ષ રીતે જણાય છે. [પરિચ્છેદ ૩૪૫, ૩૪૬૧ [૮૧૭–ડી–જી.આઇ

૧૩.૯. ૨ જમા રકમો અને ઉપાડો દ્વારા પ્રતિનિધિત કરવામાં આવેલ

. બેંક ખાતાઓમાંની વિવિધ એન્ટ્રીઓ એ જ મૂળ રકમમાંથી ઉત્પન્ન થયેલા વ્યવહારોના ગુણાકારનું સૂચન કરે છે. વિવિધ સંયોજનોને આવરી લેતાં ખંડિત નાણાકીય વિનિમયોના ભુલભુલૈયા જેવા જાળથી સામાવાળાઓની વ્યક્તિગત અને સામૂહિક આવક ફૂલાવી બતાવવાનો પ્રયાસ થયેલ હોવાનો સંકેત મળે છે. બેંકિંગ વ્યવહારો, તેમની અસલિયત જાહેર કરવા માટે આશ્રિત કરવામાં આવ્યા હોવા છતાં, સમગ્ર હકીકતી પરિપ્રેક્ષ્યને ધ્યાનમાં લેતાં વાસ્તવિક જણાતા નથી. તેથી, જયા પબ્લિકેશન્સ પાસેથી પ્રાપ્તીઓના આધારે એ.આઇ.ની ૩.૨,૭૦,૮૨,૯૦૦/– આવકનો દાવો વિશ્વસનીય નથી. અન્ય શબ્દોમાં, એ.આઇ. આવકના આ ઘટકને સંતોષકારક રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે. [પરા ૩૪૭] (૮૧૭–જી–એચ; ૮૧૮–એઆઇ

૧૩. એ૨ થી એ૪ દ્વારા દાવો કરાયેલ વધારાની આવકના ૧૦ મુદ્દાઓ:

એ૨ થી એ૪ એવો દાવો કરે છે કે ફરિયાદ પક્ષે ૩.૨૬,૫૦,૫૭,૪૭૮/– તેમની વ્યક્તિગત આવક તેમજ તેમની પેઢીઓ/કંપનીઓની આવક તરીકે ગણતરીમાં લીધા નહોતા. વડી અદાલતે સામાવાળાઓની આવક તરીકે માત્ર રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી લેવામાં આવેલી ઋણરકમનો જ વિશેષરૂપે વિચાર કર્યો હતો. જો કે, સામાવાળાઓએ વિવિધ પેઢીઓ પાસેથી લીધેલા ઋણનો, જેમના નામ તેમાં દર્શાવાયા છે, ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, છતાં વડી અદાલતે તેની ગણતરીમાં સમાવેશ કર્યો નહોતો અને તેણે પોતાને માત્ર સામાવાળાઓએ રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી લીધેલા ઋણ સુધી જ મર્યાદિત રાખ્યું હતું. આ પરિસ્થિતિમાં, તપાસ હેઠળની આવકની આ બાબતો પણ વડી અદાલતે વિચારણામાંથી બહાર રાખી હતી. તેથી સામાવાળાઓની આ વ્યથા કે

આ આવકની આ વસ્તુઓ સંબંધિત પુરાવાનો નીચલી અદાલતે વિચાર કર્યો ન હતો, એ બાબત નિણાયક મહત્વની નથી, ખાસ કરીને જ્યારે આ બાબતમાં થયેલા તેવા ચૂક સામે તેમજ વડી અદાલત તરફથી થયેલી ચૂક સામે પણ તેમની તરફથી કોઈ પડકાર કરવામાં આવ્યો ન હતો. વડી અદાલતે પણ આ આવકની વસ્તુઓને ખાનગી ધિરાણ તરીકે ઉલ્લેખ કરી સ્વીકારી નથી. [પરા ૩૪૮, ૩૫૫૧ [૮૧૮–બી; ૮૨૦–ડી–એફઆઈ

–૧૩.૧૧ સામાવાળાઓ દ્વારા દાવો કરાયેલ આવકનો આગલો જથ્થો એ એ૨ને ભારણી બીચ રિસોર્ટ્સ, રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ (પી) લિમિટેડ અને મિસ મેડો

એગ્રો ફાર્મ્સ (પી) લિમિટેડ તરફથી અનુક્રમે રૂપિયા ૨૨ લાખ, રૂપિયા ૫૨ લાખ અને રૂપિયા ૩૨.૯૦ લાખની ચેક દ્વારા પ્રાપ્ત થયેલ આગોતરી રકમોથી બનેલો છે. સામાવાળાઓના કહેવા મુજબ, આ વ્યવહારો ચેક દ્વારા કરાયેલા હોવાને કારણે અધિનિયમની કલમ ૨૬૯એસએસ લાગુ પડતી ન હતી અને વધુમાં ડાયરેક્ટ ટેક્સ લૉઝ (સુકલમ) અધિનિયમ ૧૯૮૭ દ્વારા કલમ ૨૭૬ડીડીને ૧.૪.૧૯૮૯થી કાઢી નાખવામાં આવેલી હોવાથી, ત્યારબાદ કરાયેલા આ વ્યવહારો સંદર્ભે તેનો ઉલ્લેખ કરવો સંપૂર્ણપણે અસ્થાને હતો. જ્યારે વડી અદાલતે એરની આ પ્રાપ્તિઓને ધ્યાનમાં લીધી ન હતી, ત્યારે નીચલી અદાલતે, આવકવેરા અધિનિયમની કલમ ૨૬૯એસએસ અને કંપનીઓ અધિનિંયમની જોગવાઈઓના પ્રકાશમા કાયદેસર વ્યવહારો દ્વારા થયેલ આવા નાણાં હસ્તાંતરણની નોંધ લઈ શકાતી નથી એવો અભિપ્રાય વ્યક્ત કરવા ઉપરાંત, આ આધાર પર પણ તેને નામંજૂર કર્યું કે સામાવાળાઓ આવી વિશાળ રકમો આગોતરી આપવા માટે આ બે કંપનીઓના સાધનો અંગે સ્વીકાર્ય પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા. આ અદાલતના મતે, આવકવેરા અધિનિયમની કલમો ૨૬૯એસએસ અને ૨૭૬ડીડીનો ઉલ્લેખ કર્યા વિના પણ, જે મિલ્કતના વેચાણના કરાર સામે ભારણી બીચ રિસોર્ટ્સે એરને રૂપિયા ૨૨ લાખ આગોતરા આપ્યા હતા, તે કરાર સાબિત થયો નથી એવી દલીલને સહેલાઈથી બાજુએ મૂકી શકાય તેમ નથી. પ્રાપ્ત થયેલી આગોતરી રકમોના સમર્થનમાં સામાવાળાઓએ રજૂ કરેલા નોંધપાત્ર અન્ય પુરાવા સામેની તુલનામાં, વડી અદાલત દ્વારા તેની મૂલવણીના અભાવે અને નીચલી અદાલત દ્વારા આ આવકના મુદ્દાને નામંજૂર

કરવામાં આવેલ હોવાના પરિપ્રેક્ષ્યમાં, આ અદાલત સામાવાળાઓના દાવાને યથાવત્ રાખવા ઇચ્છુક નથી. [પરિચ્છેદો ૩૬૦, ૩૬૨, ૩૬૩૧] [૮૨૧–એફ–એચ; ૮૨૨–એ–બી, ઇ–જી]

૧૩. ૧૨ એ૨ થી એ૪ તરફથી દર્શાવવામાં આવેલ આવકનો આગામી મુદ્દો અનેક ફર્મોના ભાગીદાર તરીકે એ૨ ને રૂપિયા ૨.૨ કરોડ જેટલી થયેલી આવક અંગે છે. એ૨ દ્વારા તેની મિલ્કતો મેડો એગ્રો ફાર્મ્સ (પી.) લિ. ને વેચાણથી પ્રાપ્ત થયેલા રૂપિયા ૨,૯૦,૦૦૦/– ની આવકની સરખામણીએ, સામાવાળાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી સંકલિત વિગતો મુજબ, વડી અદાલતે પણ તેનો હિસાબ લીધો નથી. ૧.૭.૧૯૯૧ના રોજ એ૨ પાસે ઉપલબ્ધ રોકડ બેલેન્સ તરીકે રૂપિયા ૪,૩૫,૬૨૨/– અંગેના દાવા બાબતે, તેના પોતાના દર્શાવ્યા મુજબ, આ રકમ ૩૧.૩.૧૯૯૧ના રોજ જમા તરીકે હતી. વધુ સારા પુરાવાના અભાવે, તપાસ અવધિ શરૂ થવાની તારીખ ૧.૭.૧૯૯૧ના રોજ આ રકમ તેના વપરાશ માટે ઉપલબ્ધ હતી એમ સ્વીકારવામાં આવતું નથી. [પરિછેદ ૩૬૪, ૩૬૮૧]

~;

૧૪. સંપત્તિઓ

વિ. ૧૪.૧ સામાવાળા નં. ૧ના મતાનુસાર, તપાસ સમયગાળા દરમિયાન તેની સંપત્તિના મૂલ્ય તરીકે ફરિયાદ પક્ષે ગણતરી કરેલ રૂપિયા ૨૪,૨૯,૪૦,૪૯૦/– ની રકમની સામે, તેનો દાવો રૂપિયા

૬,૫૨,૩૪,૪૧૦/– નો છે. ફરિયાદ પક્ષના સાક્ષીઓના પુરાવાથી પ્રકાશમાં આવે છે કે નિરીક્ષણ દળના સભ્યોએ દેખરેખ હેઠળ રહેલી નવી/વધારાની ઇમારતોની તમામ મુખ્ય લાક્ષણિકતાઓનું, તેમજ તેમની સર્વાંગી મૂલ્યવૃદ્ધિ કરવાની પ્રબળ ક્ષમતા ધરાવતા તેમના સુશોભિત અને ખર્ચાળ રચનાત્મક જોડાણો, સજાવટની વસ્તુઓ, ભવ્ય સુવર્ણતાઓ અને અલંકારોનું અતિસૂક્ષ્મરીતે અવલોકન કર્યું હતું. સર્વેક્ષણના સ્વરૂપ અને વ્યાપને ધ્યાનમાં લેતાં, પુરાવા અંગેનો આગ્રહ

▪ગણિતીય યથાર્થતા સાથે યુક્તિસંગત શંકાથી પરનો પુરાવો માંગવો, બંને અનાધિકૃત, અનુકૂળ ન હોય તેવું અને અવ્યવહારુ ગણાય. નોંધપર રહેલા પુરાવાની નીચલી અદાલતે કરેલી મૂળવણી અને થયેલ ખર્ચની વ્યાપ્તિ અંગેનું અંતિમ નિર્ધારણ અસંગત ગણાવીને ફગાવી શકાય તેમ નથી. વડી અદાલતે નવા/ અધિક મકાનોના મૂલ્યના મૂલ્યાંકનમાં "પ્રતિ ચોરસ ફૂટ પદ્ધતિ" અપનાવી હતી. [પરિચ્છેદ ૪૧૪, ૪૨૦, ૪૨૩, ૪૨૪, ૪૨૬] [૮૩૫–એફ–જી; ૮૩૯–ઈ; ૮૪૦–ઈ–જી; ૮૪૧–બીઆઈ]

૧૪. પ્રથમદૃષ્ટિએ ફરિયાદ પક્ષની આ દલીલ કે નવા/અધિક મકાનોના ખર્ચનું મૂલ્યાંકન કરતી વખતે વડી અદાલતે માત્ર ૨૧૭૪.૬૯ ચો. એકમોના સ્થાને ૧૬૬૮.૩૯ ચો. એકમોનું ઘટાડેલ બાંધકામ ક્ષેત્રફળ (તેના દ્વારા વિચારવામાં આવેલા ૧૭ મુદ્દાઓ માટે) સ્વીકારીને ૫૦૬.૩ ચો. એકમોની ઘટ ઊભી કરી હતી જ નહીં, પરંતુ નવા/અધિક મકાનો/બાંધકામોમાં કરાયેલા રોકાણની રકમ

કાઢવા માટે સેન્ટ્રી શેડના બાંધકામ ખર્ચના આધારે પ્રતિ ચોરસ ૩.૨૮,૦૦૦/– નો દર આધાર મૂલ્ય તરીકે પણ લાગુ કર્યો હતો, તે દસ્તાવેજી નોંધોથી સમર્થિત થાય છે. પ્રતિ ચોરસ ૩.૨૮,૦૦૦/– ને આધાર મૂલ્ય તરીકે સ્વીકારવું, જ્યારે તે સેન્ટ્રી શેડના બાંધકામનો ખર્ચ છે, સ્વયંમાં જ ભૂલપૂર્ણ છે, કારણ કે સેન્ટ્રી શેડ અને નવા/અધિક બાંધકામો/મકાનો અનેક બાબતોમાં પરસ્પર તુલનાત્મક નથી. બચાવ પક્ષે જેમ રજૂ કર્યું છે તેમ એવું માન્ય રાખવામાં આવે કે લાગુ કરાયેલ આ આધાર મૂલ્ય માત્ર બાંધકામોના ઢાંચાગત માળખા સંબંધિત ખર્ચની મૂળવણી માટે જ હતું, તો પણ માર્બલ, ગ્રેનાઇટ/આંતરિક સજાવટ, સીડીઓ, ઓવરહેડ ટાંકી અને અન્ય સઙ્કાસામાનના ખર્ચ માટે એકમુષ્ટ ઉમેરાઓ કરીને રોકાણની અંતિમ ગણતરી કરવા માટે વડી અદાલતે અપનાવેલી પદ્ધતિ, બાંધકામો/મકાનોના વર્ણનને ધ્યાનમાં લેતા, ન તો વાસ્તવિક લાગે છે ન તો યુક્તિપૂર્ણ, અને તે મંજૂરી પામવા યોગ્ય નથી. તેમ છતાં, કોઈપણ સ્થિતિમાં, વડી અદાલતે કરેલી અંકગણિતીય ગણતરી યોગ્ય છે એમ માન્ય રાખવામાં આવે તો પણ, અદાલતે સંપત્તિઓનું મૂલ્ય ૩.૬૬,૪૪,૭૩,૫૭૩/– સ્વીકાર્યું હોવાથી, બાકી રકમ હજી પણ ૩.૪૩,૭૫,૩૮,૬૮૮/– જેટલી જ રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો, અસમપ્રમાણ સંપત્તિની ગણતરી કરતી વખતે, સંપત્તિના મૂલ્યમાં ૩.૨૨,૬૯,૩૪,૮૮૫/– જેટલો ઘટાડો થાય તો પણ ૩.૪૩,૭૫,૩૮,૬૮૮/– ની રકમ જ લાગુ કરવી પડશે, અર્થાત્ (૩.૨૯,૮૨,૭૧,૨૫૪.૩૨ – ૩.૫,૧૦,૫૪,૦૬૦). [પરા ૪૨૮, ૪૨૯, ૪૩૦] [૮૪૧–એચ; ૮૪૨–એ–એફ)

૧૪. ૩ તેમ છતાં, વડી અદાલતે ગણતરીના હેતુસર સંપત્તિઓનું મૂલ્યાંકન ફરિયાદ પક્ષ દ્વારા મૂલવ્યા મુજબ રૂપિયા ૬૬,૪૪,૭૩,૫૭૩/– સ્વીકાર્યું હતું, પરંતુ અસંગત સંપત્તિઓ નિર્ધારિત કરવા માટે તેણે ફક્ત ઈમારતોના નવા અથવા અધિક બાંધકામના ખર્ચને જ, જેનો તેણે રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/– તરીકે અંદાજ કર્યો હતો, ધ્યાનમાં લીધો, અને તેથી ફરિયાદ પક્ષે કરેલા મૂલ્યાંકન કરતાં તેની કિંમતમાં રૂપિયા ૨૨,૬૯,૩૪,૮૮૫/– જેટલો ઘટાડો કર્યો. વડી અદાલત દ્વારા અન્ય ચાર સંપત્તિ–મદદાંઓ, જેઓ અંગે પણ તેણે કિંમત ઓછી નિર્ધારિત કરી હતી, તેમને અસંગત સંપત્તિઓના પરિમાણની ગણતરી કરતી વખતે બાકાત ન રાખવાની ભૂલ અંગે, તેમ છતાં, આ અદાલત સમક્ષ સામાવાળાઓ દ્વારા કોઈ વાંધો ઉઠાવવામાં આવ્યો નહોતો. ઈમારતોના નવા અથવા અધિક બાંધકામના ખર્ચને રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/– સુધી ઘટાડવાનો વડી અદાલતનો ઉપક્રમ સ્પષ્ટપણે ભૂલભર્યો છે. પરિણામે, અસંગત સંપત્તિઓનું પરિમાણન પણ દૃષ્ટિગોચર રીતે ખોટું છે. [પરિછેદ ૪૪૧) [૮૪૬–ઈ–એચ)

૧૫. ખર્ચ

૧૫. ૧ લગ્નના પંડાલોની ઊભી કરવામાં આવેલી રચનાઓ બાબતે, નીચલી અદાલતે પક્ષકારો દ્વારા રજૂ કરાયેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાની મૂલવણી કરી હતી. તેણે, અન્ય બાબતો ઉપરાંત, પી.ડબલ્યુ.–૧૮૧ની સાક્ષીનો નોંધ લીધો હતો, જે સંબંધિત સમયગાળામાં પી.ડબલ્યુ.ડી.માં સહાયક ઈજનેર હતા અને જેમને, સાક્ષીના કહેવા મુજબ, લગ્ન તેમજ સ્વાગત સમારંભના સ્થળોએ

ઉભા કરાયેલા પંડાલો માટે થયેલા ખર્ચનો અંદાજ લગાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. વડી અદાલતે પી.ડબલ્યુ.૧૮૧ની સાક્ષી અને અહેવાલને મુખ્યત્વે આ આધારે સહેલાઈથી નકારી કાઢ્યા કે આ સાક્ષીને લગ્ન તથા સ્વાગતના સ્થળે ઊભી કરાયેલ રચનાઓ અંગે કોઈ વ્યક્તિગત જાણકારી અથવા કલ્પના નહોતી અને આ બાબતે તેમનું વર્ણન મેળવેલી માહિતી પર આધારિત હતું, જોકે તેણે એનો ઉલ્લેખ કર્યો હતો કે સાક્ષીએ, જેમણે તેની પુષ્ટિ કરી હતી, તે આર્કિટેક્ટ, આર્ટ ડિરેક્ટર, ઇલેક્ટ્રિશિયન વગેરે સાથે પરામર્શ કર્યો હતો, જેઓ તેની સાથે સ્થળ પર ગયા હતા, અને તેને લગ્નની ચૌલ્ટ્રીનું દોરણ તથા પંડાલના માપ સાથે સુશોભન કમાનાંઓ વગેરેની રૂપરેખા પણ આપવામાં આવી હતી. વડી અદાલતે એવું માન્યું કે સાક્ષીએ અહેવાલ તે સાક્ષીએ સાંભળેલી બાબતો તથા દોરણો અને રૂપરેખાઓમાંથી જોયેલી બાબતોના આધારે તૈયાર કર્યો હતો અને તે તેની પ્રામાણિકતા અંગે વ્યક્તિગત રીતે અવગત ન હતા તથા તેણે કોઈ ભાવમુલાકાતો માગી નહોતી કે રૂપરેખાઓની પુષ્ટિ કરી નહોતી. તેમનો અહેવાલ સ્વીકાર માટે વિશ્વાસ પ્રેરિત કરી શકે તેવા આવશ્યક વિગતવાર મુદ્દાઓમાં અપૂરતો અને અતિ સંક્ષિપ્ત હતો, તેવી નોંધ કરવામાં આવી હતી. આ પાસાં પર, વડી અદાલતે પી.ડબલ્યુ.૨૦૦ના પુરાવાનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમણે એવો દાવો કર્યો હતો કે એ–૨ દ્વારા પંડાલ સંબંધિત કામકાજની દેખરેખ રાખવા તેમને સોંપણી કરવામાં આવી હતી. આ સાક્ષીએ પુષ્ટિ કરી હતી કે તેઓ બંને સ્થળોએ ગયા હતા અને પંડાલો તેમજ મંચની વ્યવસ્થાઓ માટે આર્કિટેક્ટ દ્વારા તૈયાર કરાયેલ યોજના તેમને સોંપવામાં આવી હતી. તેમણે રચનાઓની વિશિષ્ટતાઓ તથા તે

માટે થયેલ ચૂકવણીઓ અંગે વિગતવાર વર્ણન કર્યું હતું. તેમણે આ બાબતે વરકન્યાના પિતાથી રૂ. ૧૬ લાખની રકમ પ્રાપ્ત કર્યાનું પણ સ્વીકાર્યું હતું. તેમ છતાં, વડી અદાલતે નોંધ્યું હતું કે આ સાક્ષીએ, અન્ય બાબતો સાથે, જમીન સમતલ કરવા માટે થયેલા ખર્ચ વિશે પોલીસને કંઈ જણાવ્યું નહોતું અને ઉપયોગમાં લેવાયેલી એર કન્ડિશનર મશીનોની સંખ્યા અંગેની વિગતો પણ જાહેર કરી નહોતી. વડી અદાલતે આગળ ટિપ્પણી કરી હતી કે તેમણે આર્ટ ડિરેક્ટરના કામની દેખરેખ રાખી નહોતી અને આ સાક્ષીને લગ્ન માટે કેટલા પૈસા ખર્ચાયા તે યાદ નહોતું. વડી અદાલતે અન્ય સાક્ષીઓના પુરાવાને પણ સ્પર્શ કર્યો હતો અને વિશેષ કરીને પી.ડબલ્યુ.૨૨૮ની સાક્ષી પર વિસ્તૃત રીતે ચર્ચા કરી હતી, જેમની પાસેથી લગ્ન સંબંધિત મૂળ વાઉચર, બિલો અને બીજકો ધરાવતી ફાઈલ જપ્ત કરવામાં આવી હતી. તેણે આવકવેરા વિભાગ દ્વારા પૂછાયેલા પ્રશ્નો અને તેના પ્રતિભાવમાં એ–૧એ પોતાના પત્ર દ્વારા આપેલો જવાબ પણ વિશ્લેષિત કર્યો હતો, જેમાં તેણીએ પોતાના દ્વારા થયેલા ખર્ચનો વિગતવાર વિભાગ આપ્યો હતો. ડી.ડબલ્યુ.૧, જે વરકન્યાના મામા હતા, તેમની સાક્ષી, વિશેષ કરીને આ અસર સુધી કે સમગ્ર ખર્ચ વરકન્યાના કુટુંબ દ્વારા રૂ. ૯૨ લાખ સુધીની રકમ રેમિટન્સ દ્વારા વહન કરવામાં આવ્યો હતો

ના. પક્ષના કાર્યકરો, જેમણે વસૂલી દ્વારા થયેલા ખર્ચમાં તેમના યોગદાનનો દાવો કર્યો હતો, તેમના પુરાવા પણ નોંધવામાં આવ્યા હતા અને અંતે વડી અદાલતે આવકવેરા વિભાગ સમક્ષ અલ દ્વારા આપવામાં આવેલું નિવેદન, જેમાં લગ્ન માટે રૂ. ૨૮,૬૭,૫૨૦/– ખર્ચ તેણીએ કર્યો હોવાનું અને તે તેનો ખર્ચમાંનો હિસ્સો

હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું, તેને સ્વીકાર્યું. [પરિછેદ ૪૪૪, ૪૭૧) [૮૪૭–જી–એચ; ૮૫૫–એફ–એચ; ૮૫૬–એ–એફ)

૧૫. ૨ પીડબ્લ્યુ૧૮૧, સહાયક ઈજનેર, પી.ડબ્લ્યુ.ડી.ની સાક્ષી હકીકતમાં પરોક્ષ સ્વરૂપની હોવાનું માન્ય રાખીને તેને નામંજૂર કરવા ઉપરાંત, વડી અદાલતે દૃષ્ટિગોચર રીતે સારતત્ત્વમાં બચાવ પક્ષના સાક્ષીઓની આવૃત્તિને સ્વીકારી હતી અને નોંધ્યું હતું કે સંબંધિત સમયે એ.આઈ. રાજ્યના મુખ્ય પ્રધાન હતા અને સંયોગવશાત તે વખતે એ.આઈ.એ.ડી.એમ.કે. પક્ષના મહામંત્રી પણ હતા. તેણે આગળ નોંધ્યું હતું કે વધૂ અન્ય કોઈ નહીં પરંતુ પ્રસિદ્ધ સિને અભિનેતા શિવાજી ગણેશનની પૌત્રી હતી. તેણે અવલોકન કર્યું હતું કે ફરિયાદ પક્ષે, કોઈ કારણ દર્શાવ્યા વિના, વધૂના પિતાની પૂછપરછ કરવાનું ટાળ્યું હતું, જ્યારે લગ્નમાં થયેલા વાસ્તવિક ખર્ચ અંગે નિવેદન આપવા માટે તે શ્રેષ્ઠ વ્યક્તિ બનતા. વડી અદાલતે એમ પણ દૃષ્ટિગોચર રીતે સ્વીકાર્યું હતું કે સામાન્ય રીતે લગ્નનો ખર્ચ વધૂના પરિવાર દ્વારા ઉઠાવવાનો રૂઢિપ્રયોગ હતો અને તેમ છતાં તેવા ખર્ચમાં ચકાસી શકાય તેવા અને ચકાસી ન શકાય તેવા ઘટકો સમાવિષ્ટ હોવાનું તે માનતી હતી, ચકાસી ન શકાય તેવા ભાગનું નિર્ધારણ કરવું મુશ્કેલ હતું, જ્યારે ચકાસી શકાય તેવા ખર્ચનું મૂલ્યાંકન તપાસ દ્વારા કરી શકાય તેમ હતું. અંતે વડી અદાલતે એ.આઈ. દ્વારા ઉલ્લેખિત રૂ. ૨૮,૬૭,૫૨૦/–નો આંકડો, જે તેણીએ લગ્નમાં ખર્ચેલ રકમ તરીકે દર્શાવ્યો હતો, સ્વીકારી લીધો અને ઉપર જણાવ્યા મુજબ સામાવાળા–આરોપીની જવાબદારી રૂ. ૨૮,૬૮,૦૦૦/– સુધી મર્યાદિત રાખી. પરિણામે, ફરિયાદ પક્ષે આર૧/એ.આઈ. દ્વારા લગ્ન ખર્ચ તરીકે દર્શાવેલ

રૂ. ૬,૪૫,૦૪,૨૨૨/–ના ખર્ચને વડી અદાલતે ઘટાડીને રૂ. ૨૮,૬૮,૦૦૦/– કર્યો. [પરિછેદ ૪૭૨૧] [૮૫૬–જી–એચ; ૮૫૭–એ–બી]

૧૫. ૩ પોતાના અહેવાલમાં, પી.ડબ્લ્યુ.૧૮૧ એ, અન્ય બાબતો ઉપરાંત, વિવિધ પંડાલોના ક્ષેત્રફળનો ઉલ્લેખ કર્યો હતો તથા શણગારાત્મક જોડાણો સાથે, અને તે અંગેના ખર્ચ તથા ઉપયોગમાં લેવામાં આવેલા ફર્નિચરની કિંમત અને પૂરી પાડવામાં આવેલી સુવિધાઓનો હિસાબ કર્યા બાદ, દંપતી, મહેમાનો અને અન્ય ભાગ લેનારાઓ માટે અભિપ્રેત સુવિધાઓ સુનિશ્ચિત કરવા પંડાલો અને અન્ય વ્યવસ્થાઓ માટે રૂ.૫.૯૧ કરોડ ખર્ચનો અંદાજ મૂક્યો હતો. યદ્યપિ પી.ડબ્લ્યુ.૧૮૧ લગ્નની વ્યવસ્થાઓનો પ્રત્યક્ષદર્શી સાક્ષી ન હતો અને પંડાલો તથા અન્ય સંલગ્ન વ્યવસ્થાઓ સંબંધિત કામો તેણે વ્યક્તિગત રીતે હાથ ધર્યા ન હતા, તેમ છતાં, નીચલી અદાલતે જેમ નોંધ્યું હતું તેમ, તેના અહેવાલમાંના નિષ્કર્ષોને નિષ્ણાત સાક્ષીના નિષ્કર્ષ તરીકે સમજાવી શકાય અને વધુમાં, પી.ડબ્લ્યુ.૨૦૦ ની સાક્ષીને સમર્થનરૂપે તેનો ઉપયોગ કરી શકાય, જેણે વાસ્તવમાં તે જ કામોની પોતે દેખરેખ રાખી હતી અને ફરિયાદ પક્ષના દાવા મુજબ એ૨ ની સૂચનાઓ/સલાહ મુજબ એવું કર્યું હતું. પી.ડબ્લ્યુ.૧૮૧ ની આ સાબિતી કે આર્કિટેક્ટ અને આર્ટ ડિરેક્ટરે તેને યોજના અને નકશાનો ખરડો આપ્યો હતો, જેના આધારે સ્થળોએ પંડાલો અને અન્ય બંધારણો ઊભા કરવામાં આવ્યા હતા, તેને શ્રુતિપ્રમાણ તરીકે નકારી શકાય નહીં. બાબતના આ દૃષ્ટિકોણમાં, પી.ડબ્લ્યુ.૧૮૧ ની સાક્ષીની પ્રમાણકારક કીમતનું મૂલવણી

પી.ડબ્લ્યુ.૨૦૦ સાથે સંયુક્ત રીતે કરવાની નીચલી અદાલતની પદ્ધતિ કાયદામાં અગ્રાહ્ય છે અથવા સ્પષ્ટપણે ઘોર ભૂલપૂર્ણ છે એવું નકારી શકાય નહીં. [પેરા ૪૭૬] [૮૫૯–સી–જીઆઈ

૧૫. ૪ પી.ડબલ્યુ.૨૦૦, મુખ્ય ઈજનેર, પી.ડબલ્યુ.ડી., તમિલ નાડુએ શપથપૂર્વક દૃઢપણે નિવેદન કર્યું હતું કે તેને એ૨ દ્વારા પંડાલનાં કામો શક્ય તેટલા વહેલાં પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી. તેણે તે હેતુસર આર્કિટેક્ટ દ્વારા તૈયાર કરાયેલી યોજના અંગે પણ ઉલ્લેખ કર્યો હતો, જે તેની અમલવારી માટે નિમાયેલા કોન્ટ્રાક્ટરોની હાજરીમાં આપવામાં આવી હતી. સાક્ષીએ દાવો કર્યો હતો કે તેણે ઓળખાયેલા સ્થળોએ જમીન સમતલ કરાવવાની વ્યવસ્થા કરી હતી અને પંડાલોની સંખ્યા, કદ અને વિશિષ્ટતાઓ તેમજ તેમના હેતુઓની વિગત પણ પૂરી પાડી હતી. સાક્ષીએ નિખાલસપણે જણાવ્યું હતું કે વધૂના પિતાએ ખર્ચ માટે ૩.૧૪ લાખ ચૂકવ્યા હતા અને તેમાંથી તેણે ચૂકવણીઓ વિતરીત કરી હતી. તેણે એ પણ જુબાની આપી હતી કે એ૧ અને એ૨એ લગ્નના અંદાજે એક અઠવાડિયા પહેલાં સ્થળની મુલાકાત લઈને કામનું નિરીક્ષણ કર્યું હતું. તેણે એવો પણ દાવો કર્યો હતો કે પંડાલો માટે તાત્કાલિક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પર તેણે હસ્તાક્ષર કર્યા હતા, જેના માટે ચૂકવણીઓ કરવામાં આવી હતી

એલ. વતી ચેક્સ દ્વારા. આ સ્પષ્ટ પરિસ્થિતિમાં, પંડાલોમાં થયેલી વ્યવસ્થાઓ અંગે પી.ડબલ્યુ.૨૦૦નું પુરાવું પ્રત્યક્ષ અને પ્રથમહસ્ત સ્વરૂપનું હતું એવો

નીચલી અદાલતનો નિષ્કર્ષ દોષારોપણને પાત્ર ગણાવી શકાય તેમ નથી. તેની સાક્ષીએ તેથી પી.ડબલ્યુ.૧૮૧ની સાક્ષીને પૂરતું સમર્થન આપ્યું હતું એવો તેનો નિષ્કર્ષ પણ હાસ્યાસ્પદ ગણાવીને નામંજૂર કરી શકાય તેમ નથી. ડી.ડબલ્યુ.–૮૦ની સાક્ષી, જે પી.ડબલ્યુ.૧૮૧ના અહેવાલ પર પણ હસ્તાક્ષર કરનાર હતો અને જેણે એવું જણાવ્યું હતું કે તે કોઈપણ નિરીક્ષણ વિના તૈયાર કરવામાં આવ્યો હતો અને તેમાં દર્શાવાયેલ માપો વાસ્તવિક ન હતા, તેને યોગ્ય રીતે પ્રાધાન્ય આપવામાં આવ્યું ન હતું

પીડબ્લ્યુ૧૮૧ અને પી.ડબ્લ્યુ.૨૦૦ ના અન્યથા સુસંગત વર્ણનોની દૃષ્ટિએ, લગ્ન પ્રસંગે થયેલ ખર્ચના બાકીના પાસાઓ અંગે નીચલી અદાલતે કરેલી મૂલવણી પણ સંપૂર્ણપણે નકારી કાઢવા યોગ્ય નહોતી. પક્ષના કાર્યકરો દ્વારા તેમના કાર્યકરવર્ગ પાસેથી વિવિધ રકમોની વસૂલાત કરીને તે અંગે તેઓએ જણાવેલ હેતુઓ અને વ્યવસ્થાઓ માટે તેનો ઉપયોગ કર્યો હોવાનો પુરાવો, તેની પુષ્ટિ કરતું કોઈ પ્રબળ સમર્થક સાક્ષ્ય ન હોવા છતાં, નકારવા યોગ્ય ગણાતો નથી. ખાસ કરીને સ્થળોએ કરવામાં આવેલી વિશદ વ્યવસ્થાઓ અને પ્રસંગ સાથે સંબંધિત અન્ય મુદ્દાઓ પર થયેલા ખર્ચના પુરાવાને ધ્યાનમાં લેતાં, આવકવેરા વિભાગ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના જવાબના આધારે એ.આઈ. દ્વારા થયેલ ખર્ચ ૩.૨૮,૬૮,૦૦૦/– હતો એવો આંકડો સ્વીકારવાનો ઇનકાર કરવામાં નીચલી અદાલતે કોઈ ભૂલ કરી નહોતી. [પરા ૪૭૭, ૪૭૮૧] [૮૫૯–જી, એચ; ૮૬૦–એ–જી]

૧૫. ૫ તેમ છતાં, કન્યાપક્ષ દ્વારા લગ્નખર્ચમાં ભાગ લેવો અથવા તે ખર્ચ વહન કરવો, પ્રચલિત રૂઢિપ્રથાઓ પર આધાર રાખીને, ઘણીવાર બનતી બાબત હોવા છતાં અજાણી બાબત નથી; પરંતુ તે કોઈ અનિવાર્ય અને અચૂક પરિબળ નથી અને વિવિધ હકીકતી પરિસ્થિતિઓમાં અપવાદોને સ્થાન આપે છે; તેથી કોઈપણ દિશામાં કડક અનુમાન માન્ય રાખી શકાતું નથી. કોઈપણ સ્થિતિમાં, જરૂરી નિષ્કર્ષો રજૂ કરાયેલ પુરાવાના આધાર પર જ કાઢવાના રહે. લગ્નના ખર્ચ અંગેની તપાસ ઘટના બાદ બે વર્ષથી વધુ સમય પછી કરવાપાત્ર હતી, તેથી તેમાં હાથ ધરાયેલ પ્રક્રિયામાં કેટલાક અનુમાનોનો આશ્રય લેવાયો હોય તે તર્કસંગત છે; અને જો આવા અનુમાનો વાસ્તવિક તથા તર્કસંગત હોય, તો માત્ર તે કારણે મૂલવણીને અસાધ્ય રીતે દુર્બળ અથવા રદબાતલ ગણાવી શકાય નહીં. પક્ષકારો દ્વારા રજૂ કરાયેલા સમગ્ર પુરાવાનો સર્વાંગી વિચાર કરતાં, આલ દ્વારા લગ્નમાં કરવામાં આવેલા ખર્ચની ગણતરી, જે વડી અદાલતે કરી છે, તે રેકોર્ડ પર ઉપલબ્ધ વિરુદ્ધ સામગ્રીની સામે સ્વીકાર્ય નથી. ખર્ચની બાકીની બાબતો અંગે બંને મંચોના સમવર્તી નિષ્કર્ષોને ધ્યાનમાં લેતાં, હાલની કાર્યવાહીમધ્યે તે અંગે નવી કસરત હાથ ધરવામાં આવતી નથી. [પરિછેદ ૪૭૯, ૪૮૦] [૮૬૧–બી–.ડીઆઈ]

૧૬. ષડયંત્ર અને દુષ્પ્રેરણ

૧૬. ૧ નોંધ પરનો પુરાવો દર્શાવે છે કે જે કંપનીઓમાં એ_–૨ થી એ–૪ નિર્દેશકો હતા, તે કંપનીઓ ચેક સમયગાળાની શરૂઆત પહેલાંથી અસ્તિત્વમાં

હોવા છતાં અને જેમાં એ૩ અને એ૪ તે સમયે નિર્દેશકો ન હતા, તેમ છતાં સંબંધિત રિટર્નો અને બેલેન્સ શીટોમાંથી સ્પષ્ટ થતું હોય તે મુજબ તેમની પાસે કોઈ નોંધપાત્ર વ્યાવસાયિક પ્રવૃત્તિ કે વ્યવહાર કે કોઈ નફાકારક આવક નહોતી. સમકાલીન પુરાવાએ પણ દર્શાવ્યું કે આ કંપનીઓ પાસે ચેક સમયગાળા દરમિયાન એકત્રિત કરાયેલ હદ સુધીની મિલ્કતો હસ્તગત કરવા પૂરતા સ્ત્રોતો ન હતા. આ કંપનીઓ પાસે સ્થિર સંપત્તિઓ પણ નહોતી અને તેમણે ન તો ઋણ લીધાં હતા કે ન આપ્યાં હતા, જેથી ચેક સમયગાળા દરમિયાન કરવામાં આવેલ સંપત્તિ અને મિલ્કતના અધિગ્રહણને અનુમતિ આપે તેવી નાણાકીય સક્ષમતા અથવા સ્થિરતા દર્શાવી શકાય. કુલ મળીને, આ છ કંપનીઓમાં એ૩ અને એ૪ને વર્ષ ૧૯૯૪માં અધિક નિર્દેશકો/નિર્દેશકો તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને તે પછી જલ્દી જ તેમનું નોંધાયેલ કાર્યાલય સ્થળાંતરિત કરવામાં આવ્યું. મૂળ નિર્દેશકોએ રાજીનામું આપી દીધું અને કંપનીઓનો સંપૂર્ણ કાબૂ ખાસ કરીને એ૩ અને એ૪ના હાથમાં છોડી દીધો. એ૩ અને એ૪ને અધિક નિર્દેશકો/નિર્દેશકો તરીકે સામેલ કર્યા પછી જલ્દી જ બેંક ખાતાઓ ખોલવામાં આવ્યા. તે જ સમયે એ૨ થી એ૪એ અનેક ભાગીદારી પેઢીઓ રચી, જેમનું મુખ્ય વ્યવસાય સ્થાન પણ એ જ નવા સરનામે હતું. સંયોગવશ, આ પેઢીઓમાંની મોટા ભાગની નોંધણીની તારીખો જૂથવાર એકસરખી હતી અને તેમના અસ્તિત્વની અવધિ ઇચ્છાનુસાર દર્શાવવામાં આવી હતી. નોંધપાત્ર રીતે, એ૩ અને એ૪એ ઉપરોક્ત છ કંપનીઓમાંથી ચેક સમયગાળાની સમાપ્તિની

પૂર્વસંધ્યાએ જ સ્પષ્ટ રીતે રાજીનામું આપ્યું હતું. [ફકરો ૪૯૭] [૮૭૦–જી, એચ; ૮૭૧–એ–ડી]

૧૬. ૨ નીચલી અદાલતે, વિગતવાર રીતે, આ છ કંપનીઓ દ્વારા સંપત્તિઓના અધિગ્રહણના પાસાં અંગે તપાસવામાં આવેલા સાક્ષીઓના મૌખિક પુરાવા તેમજ દસ્તાવેજોની નોંધ લીધી હતી. સાક્ષીઓમાં આ કંપનીઓના ભૂતપૂર્વ નિર્દેશકો, બેંક અધિકારીઓ જેમણે તેમના ખાતાઓ ખોલવામાં આવ્યા હતા તેમજ ઋણોની મંજૂરી આપવામાં આવી હતી તે અંગે નિવેદન આપ્યું હતું, સંબંધિત ઉપ–નોંધણી અધિકારીઓ જેમણે આ કંપનીઓ દ્વારા ખરીદવામાં આવેલી જમીનોના વેચાણદસ્તાવેજોની નોંધણી કરી હતી, કંપની નોંધણી અધિકારીની કચેરીના અધિકારીઓ અને તે સ્થાવર મિલ્કત એજન્ટનો સમાવેશ થતો હતો, જેણે વેચાણકર્તાઓના પ્રતિનિધી/મુખત્યાર તરીકે કાર્ય કર્યું હતું, જેમની જમીનો આ કંપનીઓ દ્વારા ખરીદવામાં આવી હતી. નીચલી અદાલતે તપાસેલી સામગ્રી પરથી એ સાબિત થતું હતું કે એ૩, એ૪એ કંપનીઓનો કબજો સંભાળ્યો તે પહેલાં જે ગેરહાજર હતું તેવા મોટા પ્રમાણમાં રોકડ જમા/ઉપાડ તથા તેની હસ્તાંતરણો થયા હતા. રકમો ઘણીવાર રૂપિયા ૧૦ લાખ અને તેથી વધુની મર્યાદામાં બદલાતી રહેતી હતી. એ૨થી એ૪ તથા તેમની પેઢીઓના અન્ય ખાતાઓમાં અને ત્યાંથી મોટા પ્રમાણની રકમોના હસ્તાંતરણો પણ પ્રકાશમાં આવ્યા હતા. મોડેથી દાખલ કરાયેલા આવકવેરા રિટર્નો/તુલનાપત્રકો પણ એ૨થી એ૪ તથા તેમની પેઢીઓના ખાતાઓ તેમજ આ કંપનીઓ વચ્ચે જમાઓના પરસ્પર વિનિમય દર્શાવતા હતા.

૧૬. ૩ સ્થાવર મિલ્કતોના અધિગ્રહણ અંગે, પુરાવાએ પ્રમાણિત કર્યું હતું કે એ૩ અને એ૪ આ કંપનીઓના ડિરેક્ટર બન્યા બાદ થોડા જ સમયમાં, ખરીદવા માટે ઈરાદિત જમીનોની વાટાઘાટો અને સર્વેમાં તેઓ સંકળાયા હતા. જમીનના માલિકોના પાવર ઑફ એટર્નીના દસ્તાવેજો એવા માલિકો પાસેથી મેળવ્યા પછી, તે માલિકોના અટર્નીઓ મારફતે વેચાણ કરાવવામાં આવ્યું હતું. વ્યવહારોમાં ફક્ત અસમાન સોદાઓ જ નહીં, પરંતુ મિલ્કતોનું ઓછું મૂલ્યાંકન કરીને અપર્યાપ્ત પ્રતિફળ/કિંમત રાખવામાં આવી હોવું પણ સ્પષ્ટ જણાતું હતું. નોંધાયેલા પુરાવાથી ખુલ્યું હતું કે આવા ખરીદીઓને સંબંધિત દસ્તાવેજીકરણ અને દસ્તાવેજોના નોંધણીકરણ માટે એ૧ના કાર્યાલયમાંથી અપાયેલા નિર્દેશોને અનુસરીને કાર્યવાહી કરવા રજિસ્ટ્રારો/ઉપ–રજિસ્ટ્રારોને ઉચ્ચ સત્તાધિકારીઓ તરફથી સૂચનાઓ આપવામાં આવી હતી અને હકીકતમાં, વિવિધ પ્રસંગોએ આવી સૂચનાઓ આવી પણ હતી અને તેમનું તાત્કાલિક પાલન પણ કરવામાં આવ્યું હતું. અનેક નોંધણીઓ વેચનારાઓના ઘરે કરવામાં આવી હતી અને ક્યારેક સંબંધિત રજિસ્ટ્રાર/ઉપ–રજિસ્ટ્રારના કાર્યાલયમાં પણ કરવામાં આવી હતી. અમલમાં મૂકાયેલા વેચાણ દસ્તાવેજોમાં, અને જ્યાં સુધી તે આ કંપનીઓ સાથે સંબંધિત છે ત્યાં સુધી જે બાબત વિવાદિત નથી, તેમાં એવું દર્શાવવામાં આવેલું નહોતું કે ખરીદીઓ તે પહેલાંથી અસ્તિત્વમાં રહેલી તેમની સંપત્તિમાંથી કરવામાં આવી હતી. સાક્ષીઓના પુરાવાએ એ પણ સૂચવ્યું હતું કે નોંધણીના ધોરણોમાં શિથિલતા રાખવામાં આવી હતી અને પરિણામે પ્રક્રિયામાં થયેલી અનિયમિતતાઓને સામાવાળાઓને અનુકૂળતા આપવા અવગણવામાં આવી

અને બાજુએ મૂકી દેવામાં આવી હતી. શેરો અને મિલ્કતોની ખરીદીમાં એ૩ અને એ૪ની સીધી સંડોવણીનો પુરાવો રજૂ કરાયેલા પુરાવામાંથી સ્પષ્ટપણે પ્રગટ થાય છે. કેટલાક કેસોમાં, આવી ખરીદીઓ માટેની વાટાઘાટોના સમયે એ૨ પણ હાજર હતો. [પરિચ્છેદ ૪૯૯] [૮૭૧–એચ; ૮૭૨–એ–ઈ)

૧૬. ૪ નીચલી અદાલતે એ પુરાવો પણ નોંધ્યો હતો કે કંપનીઓ એ૩ અને એ૪ને ખૂબ જ નગણ્ય રકમો પર હસ્તાંતરિત કરવામાં આવી હતી. નોંધપર રહેલા પુરાવાની, જે મહત્વપૂર્ણ રીતે પૂરતી અને વ્યાપક હતી, સમસ્ત તપાસના આધારે નીચલી અદાલતે માન્યું હતું કે મિલ્કતોના સંપાદનના સંબંધિત સમયે બધી છ કંપનીઓ સંપૂર્ણપણે એ૨થી એ૪ના નિયંત્રણ અને વ્યવસ્થાપનમાં હતી. કંપનીઓના ભૂતપૂર્વ નિયામકો/પ્રવર્તકોના એ નિવેદનને પણ નોંધવામાં આવ્યું હતું કે આવી કંપનીઓની રચના પહેલાં કે પછી તેમણે પોતાના નામે કોઈ મિલ્કત ખરીદી નહોતી. નીચલી અદાલતે આ પણ નોંધ્યું હતું કે એ૨થી એ૪એ આવશ્યક શેરો ખરીધા વિના જ કંપનીઓનું વ્યવસ્થાપન સંભાળી લીધું હતું અને વધુમાં એવું પણ નિર્ધારિત કર્યું હતું કે એ૩ અને એ૪એ તેમનો ચાર્જ સંભાળ્યો તે પહેલાં આ પૈકી કોઈપણ કંપનીના પોતાના નામે કોઈ ખાતા નહોતાં અને એ દર્શાવવા માટે કોઈ પુરાવો નહોતો કે આ કંપનીઓના નાણાંનો ઉપયોગ તેમના નામે મિલ્કતો ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. તેણે આ પણ નોંધ્યું હતું કે નાણાં આ કંપનીઓના ખાતાઓમાં નામધુ એમ.જી.આર., મિસ જયા પબ્લિકેશન્સ અથવા સામાવાળાઓની અન્ય ફર્મોના નામે ધરાવવામાં આવેલા ખાતાઓમાંથી સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા, જેના દ્વારા નિર્વિવાદ રીતે સાબિત થતું હતું કે

આ કંપનીઓની મિલ્કતોના સંપાદન માટેના સ્ત્રોતો હકીકતમાં એ૧ પાસેથી અથવા એ૧ અને એ૨ના સંયુક્ત ખાતાઓમાંથી ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. નીચલી અદાલતે નિષ્કર્ષ કાઢ્યો હતો કે તમામ પરિસ્થિતિઓએ સંયુક્ત રીતે આ બાબતને સમર્થન આપ્યું હતું કે આ કંપનીઓના સંપાદનને ક્યારેય તેમની સંપત્તિ બનાવવાનો આશય નહોતો અને કોઈ પણ સમયે તેને તેમની મિલ્કત તરીકે ગણવામાં પણ આવી નહોતી. નીચલી અદાલતના મત મુજબ, મિલ્કતો પર જપ્તી મૂકાયા પછી જ સામાવાળાઓએ આ દલીલ ઉઠાવી હતી કે તેની માલિકી કંપનીઓમાં નિહિત હતી અને તેથી તે એ૧ માટે બેનામી રીતે ધરાવવામાં આવી હતી એવું કહી શકાય નહિ. નીચલી અદાલતે આ પણ નોંધ્યું હતું કે એ૩ અને એ૪ના રાજીનામા પછી નિયામકોની કોઈ નિમણૂંક કરવામાં આવી નહોતી અને દેખીતી રીતે તે કારણસર ૧૯૯૭માં પસાર કરાયેલ જપ્તીનો હુકમ લગભગ બે વર્ષ સુધી પડકારવામાં આવ્યો નહોતો. તેથી તેણે સામાવાળાઓની આ દલીલ નકારી કાઢી હતી કે કંપનીઓના નામે સંપાદિત મિલ્કતો આ સંસ્થાઓની જ હતી અને તેને એ૧ની સંપત્તિમાં સમાવી શકાય નહોતી. [પરા ૫૦૦) [૮૭૨–એફ–એચ; ૮૭૩–એ–બી, એફ–એચ; ૮૭૪–એ–બીઆઈ

૧૬. ૫ ઉપરોક્ત 'સામાવાળાઓની દલીલ' અંગે કે કંપનીઝ એક્ટ હેઠળ સ્થાપિત કંપનીઓ અન્ય વ્યક્તિ માટે બેનામી રીતે મિલકત ધારણ કરી શકતી નથી, નીચલી અદાલતે એવો નિષ્કર્ષ નોંધ્યો કે કંપનીઓના નામે નોંધાયેલ માલિકીના કોઈપણ દસ્તાવેજ પર તેની મુદ્રા નહોતી. નોંધાયું કે નોંધાયેલ

દસ્તાવેજોમાં ૯૦% માં કંપનીઓનું પ્રતિનિધિત્વ તેમના સચિવ અથવા ડાયરેક્ટર દ્વારા કરવામાં આવ્યું ન હતું અને એવા દસ્તાવેજોમાં કંપનીઓનું સરનામું પણ નોંધાયેલું ન હતું. નીચલી અદાલતે એવો નિષ્કર્ષ આપ્યો કે આ મિલકતોનું નોંધણી કરનાર રજિસ્ટ્રાર તથા ખરીદદારો સાથે વાટાઘાટ કરનાર પી.ડબ્લ્યુ. ૧૮૧ એ એ.આઈ.ને મદદ કરવા માટે નિયમોને વિક્ષેપિત કર્યા હતા અને તેને અનુગૃહિત કરવા માટે તેમણે અસામાન્ય હદ સુધી આગળ વધ્યા હતા. વધુમાં, કેટલાક દસ્તાવેજોમાં ખરીદદારોના નામો સામેલ નહોતા અને માત્ર એટલા કારણે કે મિલકતો એ.આઈ. દ્વારા ખરીદવામાં આવી હતી, તેની નોંધ લેવામાં આવી. તેથી અદાલતનો એવો મત હતો કે સામાવાળાઓએ કંપનીઓનો કબજો લેવાનો આશય રાજ્યની મુખ્ય પ્રધાન તરીકેની એ.આઈ.ની કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર રીતે એકત્રિત કરાયેલ નાણાંને વાળવા માટે તેમના નામે મોટી સંખ્યામાં મિલકતો હસ્તગત કરવાનો હતો. તેથી અદાલતે એવો નિષ્કર્ષ આપ્યો કે આ કંપનીઓના નામે નોંધાયેલ અને તમિલનાડુ રાજ્ય દ્વારા જારી કરાયેલ જી.ઓ.એમ્સ.નો વિષય બનેલી મિલકતો વાસ્તવમાં એ.આઈ. માટે અને તેની તરફેથી એ.૨ થી એ.૪ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલી અને ધારિત મિલકતો હતી. આ મિલકતો તપાસ અવધિ દરમિયાન પ્રાપ્ત કરવામાં આવી હતી તે હકીકત ઉપરાંત, સામાન્ય રીતે સ્પષ્ટ થતું પરિબળ એ છે કે આ પ્રાપ્તિઓ નવી રચાયેલ અથવા હસ્તગત કરાયેલ ફર્મો/કંપનીઓના નામે કરવામાં આવી હતી, જેમની નિર્દેશક રચના ઉપર નોંધ્યા મુજબ હતી, તેમજ બે અસ્તિત્વમાં રહેલી ફર્મો, જેમાં

એ.આઈ. અને એ.૨ ભાગીદાર હતા. [પરા ૫૦૧, ૫૦૨[[૮૭૪–બી–જીઆઈ]

૧૬. ૬ કાવતરાના મામલામાં, તેના દરેક સભ્ય બીજા સભ્યનો પ્રતિનિધિ બની જાય છે અને કાયદાની દૃષ્ટિએ તેઓ પરસ્પરના કૃત્યો દ્વારા બંધાયેલા રહે છે, એવો સિદ્ધાંત સુપ્રસ્થાપિત છે. જ્યાં સુધી એ૧ અને એ૨ નો સંબંધ છે, ત્યાં સુધી બન્ને ફર્મોના ભાગીદારો તરીકે એક બીજાનો પ્રતિનિધિ છે અને વધુમાં, આરોપ મુજબ, એ૨ એ એ૧ નો મુકતારનામાધારક છે તથા સહ–કાવતરાકાર પણ છે. પી ડબ્લ્યુ ૧૯૮ ની સાક્ષી મુજબ, એ૧ દ્વારા સામાન્ય સૂચના આપવામાં આવી હતી કે સમયાંતરે એ૨ દ્વારા આપવામાં આવતી દિશાઓનું પાલન કરવું જોઈએ અને પરિણામે કયા ખાતામાં વિશાળ રોકડ જમા થવાની છે તે નક્કી કરવાનું કાર્ય એ૨ એ કરવાનું હતું. ખાતાઓ વચ્ચેના અસંખ્ય હસ્તાંતરણો માત્ર એટલું જ પુષ્ટિ કરે છે કે ભારે પ્રમાણમાં હિસાબબાહ્ય રોકડ જમા કરવામાં આવી હતી, જેના મૂળ સ્ત્રોત એ–૧ હતો. તમામ હેતુઓ અને આશયો માટે, આ ખાતાઓને એક જ માનવામાં આવ્યા હતા. પી ડબ્લ્યુ ૪૭, પી ડબ્લ્યુ ૭૧ અને પી ડબ્લ્યુ ૧૫૯ ની સાક્ષીનું સંયુક્ત વાંચન દર્શાવે છે કે વિવિધ સ્થળોએ જમીનો શોધવા અને ખરીદવા માટે અધિકારીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પી ડબ્લ્યુ ૧૫૯ ની સાક્ષીના પ્રકાશમાં, મોટા ભાગના વેચાણોમાં વેચાણખતામાં કઈ ફર્મો/વ્યક્તિઓના નામ દર્શાવવા અને કયા નામે વેચાણનું નોંધણીકરણ કરાવવું તે અંગે દિશા એ૨ દ્વારા આપવામાં આવી હતી. રકમો આરોપીઓ/ફર્મો/કંપનીઓના વિવિધ ખાતાઓમાંથી ચૂકવવામાં આવી હતી.

અનેક પ્રકરણોમાં, પી ડબ્લ્યુ ૧૫૯ અને પી ડબ્લ્યુ ૨૨૧ એ આપેલી સાક્ષી મુજબ, વેચાણ વ્યવહારો માર્ગદર્શક મૂલ્ય કરતાં ઓછી કિંમતે થયા હતા. પી ડબ્લ્યુ ૧૫, પી ડબ્લ્યુ ૪૦, પી ડબ્લ્યુ ૪૩, પી ડબ્લ્યુ ૫૬, પી ડબ્લ્યુ ૭૬, પી ડબ્લ્યુ ૮૯, પી ડબ્લ્યુ ૧૬૦, પી ડબ્લ્યુ ૭૭ અને પી ડબ્લ્યુ ૨૩૭ ની સાક્ષી

ખરીદદારોની ઓળખ વિશે, અને કેટલાક પ્રસંગોમાં લેવડદેવડ માટે સંમત થવા તેમને દબાણ હેઠળ પણ મૂકવામાં આવ્યા હતા. તેમના નિવેદનો પરથી આ પણ પ્રકાશમાં આવે છે કે માત્ર એ.આઈ. જ આ લેવડદેવડથી વાકેફ હતી એટલું જ નહીં, પરંતુ અનેક પ્રસંગોએ તેની નોંધણી તેના નિવાસસ્થાને કરવામાં આવી હતી. [પરિચ્છેદ ૫૦૪, ૫૦૫, ૫૦૬] [૮૭૭–એફ–એચ; ૮૭૮–એ–ડી]

અરોન સલોમોન (નિર્ધન) વિ. એ. સલોમોન એન્ડ કંપની લિમિટેડ ૧૮૯૭ એસી ૨૨ – નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

૧૬. ૭ નીચલી અદાલતે નોંધ્યું હતું કે ૧૯૮૮ના અધિનિયમની કલમ ૩ હેઠળ, વિશેષ ન્યાયાધીશને માત્ર ઉક્ત કાયદા હેઠળ દંડનીય ગુનો જ નહીં, પરંતુ તે હેઠળના કોઈપણ ગુનો કરવા માટેની સાજિશ, એવો ગુનો કરવાનો પ્રયાસ અથવા તે અંગેના પ્રેરણાનો ગુનો પણ ચલાવવાની સત્તા હતી. તેથી નીચલી અદાલતે એવું ઠરાવ્યું કે ખાનગી વ્યક્તિઓને અધિનિયમ હેઠળની વિશેષ અદાલત સમક્ષ આ આધાર પર ચલાવી શકાય કે તેમણે ૧૯૮૮ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) ના અર્થમાં લોકસેવકે કરેલા ફોજદારી દુરાચારના કૃત્યમાં તેની સાથે સાજિશ રચી હતી અને પ્રેરણા આપી હતી. !ફકરો ૫૦૮) (૮૭૯– એચ;~~~

૧૭. ૧ એ.આઈ.ના ખાતામાંથી અન્ય સહ–આરોપીઓના ખાતાઓ તથા સંકળાયેલી ફર્મો/કંપનીઓના ખાતાઓમાં અવરોધરહિત, વારંવાર અને સ્વયંસ્ફૂર્ત રીતે નાણાંનો પ્રવાહ થયો હતો, જે સામાવાળાઓનો વ્યવહારોમાં સામૂહિક દોષિત સંડોવાણ અતિસ્પષ્ટ રીતે દર્શાવે છે; તેમની સર્વાંગી પ્રવૃત્તિ–દિશાને ધ્યાનમાં લેતાં, અનેક ખાતાઓ સામેલ હોવા છતાં, અને મોટાભાગે એ જ બેંકના ખાતાઓ હોવા છતાં, આ વ્યવહારોને છદ્મ બેંકિંગ વિનિમય તરીકે માનવા યોગ્ય બને છે. અન્ય કોઈ દૃષ્ટિકોણ શક્ય નથી. સાચું છે કે તપાસ દરમિયાન કેટલાક દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા, જે આરોપને સમર્થન આપવા અપ્રસંગિક માનવામાં આવતા હોવાથી પુરાવામાં રજૂ કરવામાં આવ્યા ન હતા, પરંતુ તેનાથી નિશ્ચિતપણે તેમનો દબાવ થયો હતો એવું માનવામાં આવી શકતું નથી જેથી, આક્ષેપ મુજબ, વિચારણામાં અયોગ્યતા અને અસ્પષ્ટતાનો દોષ આવે. વધારામાં, જ્યાં જ્યાં યોગ્યતા હતી ત્યાં પક્ષકારોને લગતા કોઈ પૂર્વગ્રહ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે અદાલતો કાયદા મુજબ હસ્તક્ષેપ કરતી રહી હતી. ફરિયાદ પક્ષ દ્વારા પુરાવામાં રજૂ ન કરાયેલા પરંતુ જપ્ત કરાયેલા દસ્તાવેજો નાશ પામ્યા નહોતા અને સામાવાળાઓને તેમના નિરીક્ષણ માટે તમામ સંબંધિત સમયમાં ઉપલબ્ધ હતા, આ હકીકત સ્વયંમાં ન્યાયસંગત અને નિષ્પક્ષ વિચારણાનો સંકેત છે. બચાવ પક્ષે, નોંધ મુજબ, એક તબક્કે માત્ર બે સાક્ષીઓની તપાસ કરીને પોતાના પુરાવાનો ભાગ બંધ કર્યો હતો, ત્યારબાદ એ.આઈ. ફરી સત્તામાં આવ્યા પછી, કુલ ૯૯ સાક્ષીઓની તપાસ કરી. તે પહેલાં, ૭૬ ફરિયાદ પક્ષના સાક્ષીઓને વધુ પ્રતિક્ષેપ પૂછપરછ માટે ફરી બોલાવવાની

મંજૂરી આપવામાં આવી હતી. નીચલી અદાલતે બચાવ પક્ષના પુરાવાનો વિચાર કર્યો નહોતો એવો વિરોધ પણ નોંધપોથીથી સમર્થિત થતો નથી. તેના ચુકાદામાંથી સ્પષ્ટ થાય છે કે સામાવાળાઓ દ્વારા તપાસાયેલા અનેક સાક્ષીઓના સક્ષ્યનું, જ્યાં જ્યાં સંબંધિત હોય ત્યાં, નીચલી અદાલતે સવિસ્તર મૂળવણી કરી હતી. હકીકત તથા કાયદા બંનેના સર્વાંગી પરિપ્રેક્ષ્યમાં, નીચલી અદાલતે વિચારણા સામાવાળાઓને પૂર્વગ્રહકારક રીતે ચલાવી હતી એવો દાવો, તેથી, ટકી શકતો નથી. [પરિછેદો ૫૨૭, ૫૨૮૧] [૮૯૦–બી, સી–જીઆઈ]

૧૭ .૨ કે નીચલી અદાલત મૂલવણીમાં અત્યંત સાવચેત, સંવેદનશીલ, સતર્ક અને વિવેકપૂર્ણ હતી, તે હકીકતથી પ્રમાણિત થાય છે કે સંપત્તિનું મૂલ્યાંકન કરતી વખતે, જરૂરી હોય તે મુજબ, તેણે સાડીઓની કિંમત બાબતે ૩.૩૨ લાખની રકમ બાકાત રાખી હતી અને વધુમાં સોનું તથા હીરાની કિંમત ૩.૨ કરોડ જેટલી હદ સુધી ઓછી કરી હતી. તેણે લગ્ન ખર્ચમાં પણ ૫૦% કરતાં વધુ ઘટાડો મંજૂર કર્યો હતો અને વધુમાં ૨૦% ઘસારો મંજૂર કરીને બાંધકામોના મૂલ્યમાં પણ કપાત કરી હતી. જ્યારે આવકના પ્રશ્ને, બચાવ પક્ષના સાક્ષીઓની સાક્ષીનો ઉલ્લેખ, અન્ય બાબતો ઉપરાંત, નમધુ એમ.જી.આર., સુપર ડુપર ટી.વી., એ૧ને આપવામાં આવેલી ભેટો, ભાડાની આવક અને આવકવેરા રિટર્ન્સ સંબંધિત તપાસમાં સ્પષ્ટપણે દૃશ્યમાન થાય છે, ત્યારે નીચલી અદાલતે એડના લગ્ન, ખર્ચ તથા મકાનોના મૂલ્યાંકનના મુદ્દાઓ પર કેસનો નિરાકરણ કરતી વખતે બચાવ પક્ષના પુરાવાનું પણ મૂલવણ કર્યું હતું. તેથી વિપરીત દલીલ

સ્વીકાર્ય બની શકે નહીં. (પરા ૫૨૯, ૫૩૦૧ [૮૯૦–એચ; ૮૯૧–એ, સી–ડીઆઈ

૧૭. ૩ ફોજદારી કાયદા સુકલમ ઓર્ડિનન્સ, ૧૯૪૪, જે ૨૩.૮.૧૯૪૪ થી અમલમાં મૂકવામાં આવ્યો હતો, તે ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૭૨ હેઠળની સત્તાઓના પ્રયોગનું પરિણામ છે અને તેનો હેતુ તેની અનુસૂચિમાં યાદીબદ્ધ ગુનાઓના ઉપાયે પ્રાપ્ત કરાયેલ મિલકતના નિકાલ અથવા છુપાવટને અટકાવવાનો છે. ઓર્ડિનન્સની કલમ ૩માં જોગવાઈ કરવામાં આવી છે કે જ્યાં રાજ્ય સરકાર અથવા પરિસ્થિતિ અનુસાર કેન્દ્રીય સરકારને એવો વિશ્વાસ કરવાનો કારણ હોય કે કોઈ વ્યક્તિએ, ઓર્ડિનન્સના પ્રારંભ પછી કે તે પહેલાં, કોઈ અનુસૂચિત ગુનો કર્યો છે, અને તે બાબતે કોઈ અદાલતે સંજ્ઞાન લીધું હોય કે ન લીધું હોય, ત્યાં તે સંબંધિત વ્યક્તિ સામાન્ય રીતે રહે છે અથવા વ્યવસાય કરે છે તેવી અદાલતમાં, એવા ગુનાના ઉપાયે પ્રાપ્ત થયેલ હોવાનું માનવામાં આવતાં કોઈપણ નાણાં અથવા અન્ય મિલકતની જોડાણ માટે અરજીફારમ કરવાની સત્તા આપી શકે છે. તે ઉપરાંત, જો આવા નાણાં અથવા મિલકત કોઈ કારણસર જોડાણ હેઠળ લાવી શકાય તેમ ન હોય, તો અરજીમાં કરાયેલી અરજ તે વ્યક્તિની અન્ય મિલકત સુધી પણ વિસ્તારી શકાય છે, જેના મૂલ્ય તદન સમકક્ષ જેટલું શક્ય હોય તેટલું હોય. આ જોગવાઈઓએ નાગરિક પ્રક્રિયા સંહિતા, ૧૯૦૮ ની પ્રથમ અનુસૂચિમાં આવેલ ઓર્ડર ૨૭ ને ઓર્ડિનન્સ હેઠળ જોડાણના હુકમ માટેની કાર્યવાહીમાં એ જ રીતે લાગુ બનાવ્યો હતો જેમ તે

સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલા દાવાઓને લાગુ પડતો હતો. [પરા ૫૩૧, ૫૩૨૧ [૮૯૧–એફ–જી; ૮૯૨–બી–ડીઆઈ

૧૭. ૪ કલમ ૪માં તેમાં ઉલ્લેખિત પરિસ્થિતિઓમાં અધિકારક્ષેત્ર ધરાવતા જિલ્લા ન્યાયાધીશ દ્વારા તાત્કાલિક મધ્યવર્તી જપ્તીની જોગવાઈ કરવામાં આવી છે અને આવું કરતા, જે વ્યક્તિની રકમ અથવા અન્ય મિલ્કત જપ્ત કરવામાં આવી રહી હોય તેને હુકમની, અરજીની અને સોગંદનામાંઓની નકલો તથા પુરાવાની, જો નોંધ કરવામાં આવી હોય તો, તેની સાથે નોટિસ આપવી જરૂરી છે, જેમાં તેને નોટિસમાં નિર્દિષ્ટ કરવામાં આવેલી તારીખે કારણ દર્શાવવા કહેવાનું છે કે જપ્તિનો હુકમ અંતિમ કેમ ન કરવામાં આવે. કલમ ૫ જિલ્લા ન્યાયાધીશને તાત્કાલિક મધ્યવર્તી જપ્તિનો હુકમ અંતિમ બનાવવાનો અધિકાર આપે છે, જો તો પ્રભાવિત વ્યક્તિ દ્વારા કોઈ વાંધો દાખલ કરવામાં ન આવ્યો હોય અથવા દાખલ થયેલા વાંધાની મૂલવણીના આધારે જરૂરી તપાસ બાદ તેમાં ફેરફાર કરવામાં આવ્યો ન હોય, જો

નક્કી કરવામાં આવ્યો છે, અને પુરાવો રજૂ કરવામાં આવે છે. ઓર્ડિનન્સની કલમ ૧૦ મુજબ, સંપત્તિ જપ્ત કરવાનો કરવામાં આવેલ હુકમ, જો સુધી

તે પાછું ખેંચવામાં આવે તો પણ, એવી પરિસ્થિતિમાં અમલમાં યથાવત્ રહેશે કે જેમાં કોઈ અદાલતે કથિત અનુસૂચિત ગુનાનો સંજ્ઞાન લીધો હોય, હુકમ માટે અરજી કરવામાં આવેલ સમય પહેલાં કે પછી, ફોજદારી કાર્યવાહી પૂર્ણ થયા બાદ ઓર્ડિનન્સની જોગવાઈઓ અનુસાર જિલ્લા ન્યાયાધીશ દ્વારા આદેશો પસાર થાય

ત્યાં સુધી. કલમ ૧૧ જિલ્લા ન્યાયાધીશના હુકમ(ઓ) વિરુદ્ધ, જોડાણના મામલે, સંબંધિત વડી અદાલત સમક્ષ અપીલની જોગવાઈ કરે છે. જ્યારે કલમ ૧૨ અનુસૂચિત ગુનાનો વિચાર કરતી અદાલતને, જાણ કરવામાં આવે ત્યારે, ફરજીયાત બનાવે છે

. હેઠળ સંકળાયેલ મિલકતની જોડાણના હુકમનો

વટહુકમ હેઠળ, દોષિત ઠરાવવાના કિસ્સામાં, આરોપીએ ગુનાના સાધન દ્વારા મેળવેલ રકમ અથવા અન્ય સંપત્તિના મૂલ્ય અંગે નિષ્કર્ષ નોંધવા માટે, કલમ ૧૩ આવી જપ્ત કરાયેલ સંપત્તિનું ફોજદારી કાર્યવાહી પૂર્ણ થવા પર કઈ રીતથી નિવારણ કરવું તે ફરજિયાત બનાવે છે. તે મુજબ, જ્યારે અંતિમ ચુકાદો અથવા હુકમ આપવામાં આવે, ત્યારે ફોજદારી અદાલત હુકમ કરશે કે વટહુકમ હેઠળ જપ્ત કરાયેલ દોષિત વ્યક્તિની સંપત્તિમાંથી અથવા આવી જપ્તીની બદલે આપવામાં આવેલી સુરક્ષામાંથી, સરકારના હિતમાં એટલી રકમ અથવા મૂલ્ય જપ્ત કરાશે જેટલું અંતિમ ચુકાદા અથવા ફોજદારી અદાલતના હુકમમાં એવું નિર્ધારિત કરવામાં આવ્યું હોય કે દોષિત વ્યક્તિએ ગુનાના સાધન દ્વારા મેળવ્યું હતું, તેમજ જિલ્લા ન્યાયાધીશ દ્વારા નક્કી કરાયેલ જપ્તીના ખર્ચ સહિત. ઉપકલમ ૪ એવી પરિસ્થિતિને આવરી લે છે જેમાં જપ્ત કરવા અથવા વસૂલ કરવા આદેશિત રકમો દોષિત વ્યક્તિની જપ્ત કરાયેલ સંપત્તિના મૂલ્ય કરતાં વધુ હોય; અને આવી સ્થિતિમાં અનુસરણ કરવા યોગ્ય પગલાં લેવાની પરવાનગી આપે છે. ઉપકલમ (૬) એ નિર્દેશ આપે છે કે અનુસૂચિની મુદ્દા ૧ માં નિર્દિષ્ટ ગુના સિવાયના

કોઈપણ અનુસૂચિત ગુનાને લગતી જપ્ત કરવાની આદેશિત દરેક રકમ, જિલ્લા ન્યાયાધીશ દ્વારા નક્કી કરાયેલા જપ્તીના ખર્ચની કપાત કર્યા પછી, તે સરકાર અથવા સ્થાનિક સત્તાને જમા કરવામાં આવશે જેને ગુનાથી નુકસાન થયું હોય; અને જ્યાં આવી એકથી વધુ સરકારો અથવા સ્થાનિક સત્તાઓ હોય, ત્યાં દરેકે ભોગવેલા નુકસાનના અનુપાતમાં તેમની વચ્ચે તેનું વિતરણ કરવામાં આવશે. [પરિચ્છેદ ૫૩૩૧] [૮૯૨– ઈ–એચ; ૮૯૩–એ–ઈ)

૧૭ .૫ કર્ણાટક રાજ્ય દ્વારા દાખલ કરાયેલ અપીલોમાં, જે છ કંપનીઓના નામે નોંધાયેલ મિલ્કતોને સામાવાળાઓને નિર્દોષ છૂટકારો મળ્યા પછી મુક્ત કરવાની બાબતને લગતી છે, પક્ષકારો વચ્ચેનો મૂળ વિવાદ એ છે કે ઓર્ડિનન્સ હેઠળ અન્યથા જપ્ત કરાયેલ મિલ્કતોના જપ્તીકરણ/પરિહરણનો હુકમ આપવા માટે નીચલી અદાલતે જે ફોજદારી પ્રક્રિયા સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૫૨ નો આશ્રય લીધો, તે લાગુ પડે છે કે નહીં. નીચલી અદાલતે અપનાવેલો માર્ગ દોષારોપણનો વિષય બની શકતો નથી. અધિનિયમની કલમ ૫(૬) મુજબ, તેને ઓર્ડિનન્સ હેઠળ જિલ્લા ન્યાયાધીશ દ્વારા પ્રયોગમાં મૂકવામાં આવતી બધી સત્તાઓ અને કાર્યોનો ઉપયોગ કરવાની સત્તા આપવામાં આવી હતી. વિચારણામાં આવેલા ગુનાઓ અધિનિયમની કલમો ૧૩(૧)(ઈ), ૧૩(૨), ભારતીય દંડ સંહિતાની કલમો ૧૦૯ અને ૧૨૦૮ હેઠળના હતા, જે ઓર્ડિનન્સની અનુસૂચિના પરિછેદો ૪એ અને .૫ ની વ્યાપ્તિમાં આવતાં હતા. આ ગુનાઓ નિર્વિવાદ રીતે અધિનિયમની પરિધિમાં આવતાં હતા અને તે હેઠળ વિશેષ ન્યાયાધીશ દ્વારા વિચારણાપાત્ર હતા. અધિનિયમની રચના અને વિષયવસ્તુ, તથા તેના પરિણામે

ફોજદારી પ્રક્રિયા સંહિતાની જોગવાઇઓની લાગુ પડતાની બાબતમાં થયેલ મર્યાદિત ફેરફારો અને ઓર્ડિનન્સ હેઠળ જિલ્લા ન્યાયાધીશ દ્વારા પ્રયોગમાં મૂકી શકાય તેવી સત્તાઓનો ઉપયોગ કરવા માટે કેસની વિચારણા કરતા વિશેષ ન્યાયાધીશને આપવામાં આવેલી સત્તાને ધ્યાનમાં લેતાં, સંડોવાયેલી છ કંપનીઓના નામે રહેલી મિલ્કતોના જપ્તીકરણ/પરિહરણ અંગે નીચલી અદાલત દ્વારા કરાયેલ હુકમ દોષરહિત છે. કોઇપણ દૃષ્ટિએ જોવામાં આવે તો, આ ઉચ્ચારણના પરિણામે ફોજદારી કાર્યવાહીનું અનિવાર્ય સમાપન થવાથી, જપ્ત કરાયેલ મિલ્કતના જપ્તીકરણ/પરિહરણ બાબતે નીચલી અદાલતનો નિર્દેશ પુનઃસ્થાપિત થાય છે અને તેને આ અદાલતના હુકમ તરીકે પણ અર્થઘટિત કરવામાં આવશે. [પરિછેદો ૫૩૫, ૫૩૬) [૮૯૩–એફ–જી; ૮૯૪–ડી–જી)

મિર્ઝા ઇકબાલ હુસૈન, અસ્કરી બેગમ મારફતે વિ. રાજ્યનું

ઉત્તર પ્રદેશ (૧૯૮૨) ૩ એસ.સી.સી. ૫૧૬; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. એસ.કે. ઘોષ એ.આઈ.આર. ૧૯૬૩ એસ.સી. ૨૫૫ : [૧૯૬૩) એસ.સી.આર. ૧૧૧ – નો સંદર્ભ લેવામાં આવ્યો.

૧૮. ૧ એકમાત્ર જાહેર સેવક આ મામલે એ૧ તરીકે રહી ચૂકી હોવા છતાં તેનું અવસાન થઈ ગયેલ હોવાથી, તેની વિરુદ્ધની અપીલો અબેટ થઈ ગઈ છે, તેમ છતાં એ૨ થી એ૪ દોષિત ઠરાવીને તે મુજબ સજા પામવા પાત્ર છે

જેમ નીચલી અદાલતના ન્યાયાધીશે ધારણ કર્યું હતું. નીચલી અદાલતે એ માનવામાં યોગ્ય ઠરાવ્યું હતું કે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૯ હેઠળના

ગુનામાં ખાનગી વ્યક્તિઓ વિરુદ્ધ પણ અભિયોજન ચલાવી શકાય. ૧૯૮૮ના અધિનિયમની કલમ ૩ હેઠળ, વિશેષ ન્યાયાધીશને પી.સી. અધિનિયમમાં ઉલ્લેખિત ગુનાઓના ઉશ્કેરણા અથવા ગુનાહિત સાઠગાંઠ માટે દંડનીય ગુનાઓનો પણ વિચારણ કરવાનો અધિકાર હતો અને નીચલી અદાલતે આ બાબતમાં યોગ્ય રીતે એવું ધારણ કર્યું હતું કે સરકારી સેવકે ૧૯૮૮ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) હેઠળ આવતું ગુનાહિત દુરાચારનું કૃત્ય કર્યું હોય અને તેમાં તેમણે પ્રેરણા આપી હોય તે આધારે ખાનગી વ્યક્તિઓ વિરુદ્ધ પણ અદાલત દ્વારા અભિયોજન ચલાવી શકાય. [પરિછેદો ૫૪૧, ૫૪૨) (૮૯૮–સી–જી; ૮૯૬–ડી–ઈ, એફ, જી)

૧૮. ૨ વધુમાં, આ કેસના પુરાવાની છાનબીન કર્યા બાદ ફોજદારી ષડયંત્ર અને પ્રેરણાના સંદર્ભમાં નીચલી અદાલતે આપેલ તર્ક, ૧૯૮૮ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) હેઠળ ઉપરોક્ત ગુનાઓના આચરણમાં એ૨ થી એ૪ દ્વારા સક્રિય પ્રેરણા અને ષડયંત્રના સંજોગો દર્શાવતા પ્રબળ પુરાવા સામે, યોગ્ય છે. આ નીચે દર્શાવેલ સંજોગોમાંથી સ્પષ્ટ થાય છે:–

(૧) અલે જય પબ્લિકેશન્સ સંબંધે અ૨ના પક્ષમાં જનરલ પાવર ઑફ એટર્ની અમલમાં મૂકી હતી. અ૨ના પક્ષમાં આ પાવર ઑફ એટર્ની અમલમાં મૂકાયાની પરિસ્થિતિ એ દર્શાવે છે કે, ઉક્ત પાવર ઑફ એટર્ની હેઠળની સત્તાઓ અનુસાર, અ૨ જય પબ્લિકેશન્સમાં તેના ખાતામાં જમા થયેલ તેના નાણાં સાથે વ્યવહાર કરશે તે બાબતે પૂર્ણ જાણકારી હોવા છતાં તે દ્રષ્ટિએ જ આ પાવર ઑફ એટર્ની

આપવામાં આવી હતી; (૨) તપાસ અવધિ દરમિયાન વિવિધ પેઢીઓની રચના થવી એ પક્ષકારો વચ્ચેની સાજિશ સ્થાપિત કરતી બીજી પરિસ્થિતિ છે. પુરાવામાં આવેલ છે કે ૧૦ પેઢીઓ એક જ દિવસે રચવામાં આવી હતી. ઉપરાંત, અ૨ અને અ૩એ સ્વતંત્ર સંસ્થાઓ શરૂ કરી હતી અને મિલકતો ખરીદવા ઉપરાંત તેમની દ્વારા બીજી કોઈ વ્યાવસાયિક પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી નહોતી. પુરાવામાં સાબિત થયેલ પરિસ્થિતિઓ નિઃસંદેહ સ્થાપિત કરે છે કે આ પેઢીઓ નામધુ એમ.જી.આર. અને જય પબ્લિકેશન્સના વિસ્તારો સિવાય કશું જ નથી અને તેમનું અસ્તિત્વ અલ અને અ૨ની કૃપા પર નિર્ભર હતું; (૩) ઉપરોક્ત પેઢીઓ અને કંપનીઓ અલના નિવાસસ્થાન પરથી કાર્યરત હતી અને અ૨થી અ૪ દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓ અંગે અલએ અજ્ઞાનતાનો ઢોંગ કર્યો હોવા છતાં તેને તેની જાણ નહોતી એવું સ્વીકાર્ય બની શકે નહીં. તેમના અને અલ વચ્ચે કોઈ રક્તસંબંધી સંબંધ ન હોવા છતાં તેઓ અલ સાથે રહેતા હતા; (૪) જોકે અ૨થી અ૪એ આવકના સ્વતંત્ર સ્ત્રોત હોવાનો દાવો કર્યો છે, તેમ છતાં અલ દ્વારા આપવામાં આવેલ નાણાંમાંથી પેઢીઓની રચના અને વિશાળ જમીનોની ખરીદી થયાની હકીકત એ સૂચવે છે કે તમામ આરોપીઓ અલના ઘરમાં સામાજિક સહવાસ માટે એકત્ર થયા ન હતા અને અલએ તેમને માનવતાવશ નિઃશુલ્ક રહેઠાણ પણ આપ્યું ન હતું; પરંતુ પુરાવામાં સાબિત થયેલ હકીકતો અને પરિસ્થિતિઓ નિઃસંદેહ દર્શાવે છે કે અલની સંપત્તિ પોતાના કબજામાં રાખવા માટે તેમણે રચેલી ફોજદારી સાજિશને અનુસરીને અ૨થી અ૪ને અલના ઘરમાં રાખવામાં આવ્યા હતા; (૫) આંક ડી.૬૧થી ખુલાસો થાય છે કે આવકવેરા

સત્તાવાળાઓ સમક્ષ અલના પ્રતિનિધિએ પોતે જ એવો તર્ક રજૂ કર્યો હતો કે રૂા. ૧ કરોડ અલ દ્વારા સસી એન્ટરપ્રાઈઝિસને શેર મૂડી માટે અગ્રિમ આપવામાં આવ્યા હતા અને વધુમાં એમ પણ રજૂ કરવામાં આવ્યું હતું કે ઉક્ત રકમની જામીનદારી ઉપર અલ દ્વારા ઋણ લેવામાં આવ્યું હતું, અને તેથી તે પેઢીઓ સાથે અસંબંધિત હોવાનો દાવો કરી શકતી નથી; (૬) એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાંનો પ્રવાહ એ સાબિત કરે છે કે પેઢીઓના નામે મિલકતો ખરીદવા માટે અલની ગેરકાયદે મેળવેલ સંપત્તિને ધોઈ સ્વચ્છ દર્શાવવા સક્રિય સાજિશ અસ્તિત્વમાં હતી; (૭) આરોપી વ્યક્તિઓ વચ્ચેની સાજિશ ઉત્તર બીચ સબ–રજિસ્ટ્રાર કચેરીના સબ–રજિસ્ટ્રાર–પી.ડબ્લ્યુ. ૧૫૯ના પુરાવા તથા પી.ડબ્લ્યુ. ૭૧ રાધા કૃષ્ણન, હોર્ટિકલ્ચરલ અધિકારીના પુરાવાથી પણ સાબિત થાય છે. નીચલી અદાલતે આવી તર્કશ્રેણીના આધારે યોગ્ય રીતે નિષ્કર્ષ પર પહોંચી હતી.

એ૪. જોકે, એ૧ નું એ૨ થી એ૪ સાથેનું અવિચ્છિન્ન નાતું ધ્યાનમાં લેતા, તેની ભૂમિકા તેમજ તેના સંબંધિત પુરાવા અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, પરંતુ દરમિયાન તેનું અવસાન થઈ ગયેલ હોવાને કારણે, જ્યાં સુધી તે તેની સાથે સંબંધિત છે ત્યાં સુધીની અપીલો અબેટ થયેલી ગણાય છે. [પરિચ્છેદો ૫૪૧, ૫૪૨) [૮૯૬–એચ; ૮૯૭–એ–એચ; ૮૯૮–એ–ઈ)

સ્ટેટ થ્રુ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટિગેશન, ન્યૂ દિલ્હી વિ. જિતેંદર કુમાર સિંહ [૨૦૧૪) ૨ એસસીઆર ૬૨૧ :

(૨૦૧૪) ૧૧ સેક ૭૨૪ – આધાર રાખવામાં આવ્યો.

કે. અંબઝગન વિ. કર્ણાટક રાજ્ય અને અન્ય. [૨૦૧૫૧ ૭ એસ.સી.આર. ૩૫૫ : (૨૦૧૫) ૬ સેક ૮૬ અને (૨૦૧૫) ૬ સેક ૧૫૮;

મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય વિ. સોમ નાથ થાપા અને અન્ય

એ.આઈ.આર. ૧૯૯૬ એસ.સી. ૧૭૭૪: [૧૯૯૬૧૧ સપ્લ. એસ.સી.આર. ૧૮૯: (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૬૫૯; કેહર સિંહ અને અન્ય વિ. રાજ્ય (દિલ્હી એડમિનિસ્ટ્રેશન) (૧૯૮૮] ૨ સપ્લ. એસ.સી.આર. ૨૪ : (૧૯૮૮) ૩ એસ.સી.સી.

૬૦૯; એમ.જી. અગરવાલ વિ. મહારાષ્ટ્ર રાજ્ય એ.આઈ.આર. ૧૯૬૩ એસ.સી. ૨૦૦ : [૧૯૬૩) એસ.સી.આર. ૪૦૫; બિહાર રાજ્ય વિ. લતુ પ્રસાદ અને અન્ય (૨૦૦૮) સી.આર.એલ્.એલ્.જે. ૨૪૩૩; અંબા લાલ વિ. ભારત સંઘ [૧૯૬૧) ૧ એસ.સી.આર. ૯૩૩; પૃથિપાલ સિંહ અને અન્ય વિ. પંજાબ રાજ્ય અને અન્ય [૨૦૧૨] ૧૪ એસ.સી.આર. ૮૬૨ : (૨૦૧૨) ૧ એસ.સી.સી. ૧૦;

વલ્લિયમ્મલ (ડી) દ્વારા એલ.આર.ઓ. વિ. સુબ્રમણિયમ અને અન્ય. [૨૦૦૪૧

૩ સપ્લ્. એસ.સી.આર. ૯૬૬ : (૨૦૦૪) ૭ એસ.સી.સી. ૨૩૩; રાજ્ય ઑફ રાજસ્થાન અને અન્ય વિ. ગોટન લાઇમ સ્ટોન ખાંજી ઉદ્યોગ પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય [૨૦૧૬૧ ૧ એસ.સી.આર. ૨૧૬ : (૨૦૧૬) ૪ એસ.સી.સી.

૪૬૯; વ્રજલાલ જે. ગણાત્રાના વારસદારો વિ. પરશોત્તમ એસ. શાહના વારસદારો [૧૯૯૬) ૨ સપ્લ્. એસ.સી.આર. ૬૭ : (૧૯૯૬) ૪

એસ.સી.સી. ૪૯૦; સુરાજ માલ વિ. રાજ્ય (૧૯૭૯) ૪ એસ.સી.સી. ૭૨૫; મોહદ.

મુમતાઝ વિ. નંદિની સતપથી (૨) [૧૯૮૭] ૧ એસસીઆર ૬૮૦ :

(૧૯૮૭) ૧ એસસીસી ૨૭૯; સ્ટેટ ઑફ એમ.પી. વિ. મોહનલ સોની (૨૦૦૦) ૬ એસસીસી ૩૩૮; આનંદ બેઝબરુઆહ વિ. યુઓઆઈ (૧૯૯૪) સીઆરએલ.એલ.જે. ૧૨, પરા ૮–૧૪; સ્ટેટ ઑફ એ.પી. વિ. જે. સત્યનારાયણ, જેટી ૨૦૦૦ (૧૦) એસસી ૪૩૦; ડી.એસ.પી., ચેન્નઈ વિ. કે. ઈનબાસાગરણ (૨૦૦૬) ૧ એસસીસી ૪૨૦; દિલ્હી ડેવલપમેન્ટ ઑથોરિટી વિ.

સ્કિપર કન્સ્ટ્રક્શન કો. (પી) લિ. અને અન્ય [૧૯૯૬] ૨ સપ્લ.

એસ.સી.આર. ૨૯૫ : (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૬૨૨ – નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

ગાવર – આધુનિક કંપની કાયદો ૪મી આવૃત્તિ. (૧૯૭૯) (પાનું ૧૩૭); પેનિંગ્ટન દ્વારા કંપની કાયદો ૫મી આવૃત્તિ ૧૯૮૫ માં પાનું ૫૩ પર; અમેરિકન પ્રોફેસર એલ. મોરિસ વર્મસર તેમના લેખમાં "કોર્પોરેટ પડદો ભેદવો ▪

સંસ્થા" – નો ઉલ્લેખ કરવામાં આવ્યો.

ન્યાયમૂર્તિ અમિતાવ રોય મુજબ, જે. (પૂરક તરીકે): ૧. ભ્રષ્ટાચાર વિરોધી કાયદાની જોગવાઈઓનું કોઈપણ અર્થઘટન મૂળરૂપે હેતુલક્ષી હોવું જોઈએ, તેના ધ્યેયની પ્રગતિ માટે અને તેની પાછળગતિ માટે નહીં. પુરાવાકીય અપૂરતા, પ્રક્રિયાત્મક ખામીઓ અને અર્થઘટનની સૂક્ષ્મતાઓના નવોત્તર પાસાઓ, જે બચાવ પક્ષ દ્વારા કુશળતાપૂર્વક રજૂ કરવામાં આવે છે અને અન્યથા અમૂર્ત તથા અગત્યહીન હોય છે, તેઓને નૈતિક પરિપક્વતા અને વૈશિષ્ટ્યપૂર્ણ સંવેદનશીલતાથી અંતરાત્માપૂર્વક પરે રાખવા યોગ્ય છે, જેથી કાનૂની પવિત્રતાનું સંરક્ષણ થઈ શકે, નહિતર ન્યાયનું ઈચ્છિત ધ્યેય પોતે જ એક આકસ્મિક ભોગ બની જાય. [પરા ૪૧ [૮૯૯–ઈ, એફ]

૨. ભ્રષ્ટાચાર એ નિર્લજ્જ લોકો દ્વારા પોતાના આત્મવર્ધન માટેની અતૃપ્ત લાલચનું એક દુર્ગુણ છે, જેમાં તેઓ પોતાની શક્તિ અને સત્તાનો તથા જાહેર પદ પર રહેનારાઓનો પણ, સંસ્થાકીય ધોરણોનું ઉલ્લંઘન કરીને, અયોગ્ય લાભ લે છે, અને મોટાભાગે ધમકીભર્યા વફાદારોના આધારથી તે કરવામાં આવે છે. ભ્રષ્ટ અને ભ્રષ્ટ બનાવનાર બન્ને સમાજ અને સમગ્ર દેશ પ્રત્યે દોષારોપણને પાત્ર છે અને જવાબદાર છે. જાહેર જીવનમાં લોકોના પ્રતિનિધિઓ અંગે તો આ વિશેષ રીતે લાગુ પડે છે, કારણ કે તેઓ પદની શપથ દ્વારા, સંવિધાન અનુસાર, ભય કે પક્ષપાત કે લાગણી કે દ્વેષથી મુક્ત રહી, પોતાને સામાન્ય જનતાના નિષ્કપટ કલ્યાણને સમર્પિત કરવાનો અને તે સંબંધિત ફરજો વિશ્વાસપૂર્વક તથા

અંતઃકરણપૂર્વક નિભાવવાનો સંકલ્પ કરે છે. આવી ગૌરવપૂર્ણ પ્રતિજ્ઞાના અવમાનમાં, અને તેમના ઉપર સમાજે મૂકેલા વિશ્વાસનું ભંગ કરતી, સ્વહિતસાધક વર્તણૂક તેથી સંવિધાન પ્રત્યેની વફાદારીના વચનનો વિશ્વાસઘાત છે અને નિંદનીય અપવિત્રતા સમાન છે. એવો સ્વભાવ માત્ર ન્યાય, સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો, ગૌરવ, દેશની એકતા અને અખંડિતતા અંગેના પ્રસ્તાવનાત્મક વચન માટે અસહ્ય જ નથી, જે આ દેશના દરેક નાગરિકના જીવન અને ચેતનાને પ્રેરિત કરવું જોઈએ, પરંતુ તે આપણા લોકશાહી રાજ્યવ્યવસ્થાના આધારસ્તંભરૂપ સંવિધાનિક ધર્મ પર અક્ષમ્ય પ્રહાર પણ છે. ફ્રેંચ ૫૧ [૮૯૯–એફ–એચ; ૯૦૦–એ–બીજે]

દોષિતોના નૈતિક પતનમાંથી ઉત્પન્ન થતી આ વિનાશક આફત, રાષ્ટ્રની બંધારણાત્મક અને નૈતિક વ્યવસ્થાની નસોને નષ્ટ કરવા ઉપરાંત, અપ્રમાણિકોને સિદ્ધાંતનિષ્ઠ લોકોની સરખામણીએ અન્યાયી લાભ અપાવે છે અને સમૃદ્ધ તથા વંચિત વર્ગો વચ્ચેનું અંતર પણ વિશાળ બનાવે છે. માત્ર એટલું જ નહીં, તેનો પ્રભાવ નૈતિક, પ્રામાણિક અને સદ્ગુણી વ્યક્તિઓના મનોબળને તોડી પાડે છે અને દરેક નાગરિકની આ મૂળભૂત ફરજની ભાવનાને પણ અસર કરે છે કે વ્યક્તિગત અને સામૂહિક પ્રવૃત્તિના સર્વ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા પ્રયત્ન કરીને રાષ્ટ્રને પ્રયત્ન અને સિદ્ધિના ઉચ્ચ સ્તરો સુધી ઉન્નત કરવું. આ ઘાતક વ્યાધિ સમાજના અસ્તિત્વના સ્તરોમાં અસમતુલા પેદા કરે છે અને રાષ્ટ્રના સર્વાંગી કલ્યાણમાં રચનાત્મક પ્રગતિને અટકાવે છે, તેમજ તેની આર્થિક શાસનવ્યવસ્થાની ગતિશીલતાને પણ ભંગ કરે છે. તે કાયદાના શાસન પ્રત્યે

અવગણનાને અને સહેલાઈથી ભૌતિક લાભ મેળવવાની વૃત્તિઓને પ્રોત્સાહન આપે છે, જેના પરિણામે સમાજની આત્મા કલંકિત, અવમૂલ્યિત અને અપમાનિત બને છે. આ વ્યાપક દુષણનું આક્રમક પ્રભુત્વ એવું છે કે નૈતિક મૂલ્યોમાં આસ્તિક અને શિસ્તના સંસ્કારોથી ઘડાયેલા સમાજના સમજદાર, તર્કસંગત અને વિવેકી ઘટકો પોતાને અલ્પસંખ્યક સ્થિતિમાં અનુભવે છે; ઉપરાંત વ્યવહારિક મજબૂરીઓના કારણે તેઓ વિમુખ અને મૌન સ્વીકારની સ્થિતિમાં ધકેલાઈ જાય છે અને નિરાશ તથા મોહભંગગ્રસ્ત **બની** રહે છે. તેથી આ જીવલેણ વ્યાધિના ઘૂંટનારા પંજામાંથી નાગરિક વ્યવસ્થાને મુક્ત કરવા માટે સામૂહિક, પ્રતિબદ્ધ અને સાહસિક પરિવર્તન આજના સમયની અનિવાર્ય જરૂરિયાત છે. જો આપણે આપણા પૂર્વજોએ કલ્પેલી અને સ્વતંત્ર તથા સ્વાધીન ભારતના અસંખ્ય નિઃસ્વાર્થ યોદ્ધાઓએ, જેમણે આ હેતુ માટે અસંખ્ય બલિદાનો અને નિષ્કામ પ્રતિબદ્ધતાઓ અર્પણ કરી, પ્રેમપૂર્વક સંરક્ષેલી સ્થિર, ન્યાયસંગત અને આદર્શ સામાજિક વ્યવસ્થાની કામના રાખીએ છીએ, તો આ પવિત્ર અભિયાનમાં દરેક નાગરિકે ભાગીદાર બનવું પડશે. [ફકરા ૬, ૭, ૮) [૯૦૦–સી–જી)

<u>કેસ લો રેફરન્સ</u>

(૧૯૭૭) ૧ સેક ૮૧૬ પેરા ૨૬ નો સંદર્ભ આપવામાં

		આવ્યો
[૨૦૧૫) ૭ એસ.સી.આર. ૩૫૫	પેરા ૨૮	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૨૦૦૦) ૪ સપ્લ્. એસ.સી.આર. ૬૨૧	પેરા ૫૧	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૯૬) ૧ સપ્લિ. એસ.સી.આર. ૧૮૯	પેરા ૫૧	નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે
[૧૯૮૮) ૨ સપ્લી. એસ.સી.આર. ૨૪	પેરા ૫૧	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૨૦૦૩) ૧ એસ.સી.આર. ૧૧૯	પેરા ૫૧	પર નિર્ભર કરવામાં આવ્યું
[૧૯૭૧) ૧ એસ.સી.આર. ૧૧૯	પેરા ૫૧	પર આધાર રાખવામાં આવ્યું
[૧૯૬૩) ૨ એસ.સી.આર. ૪૦૫	પેરા ૫૧	નો સંદર્ભ લેવામાં આવ્યો
(૨૦૦૧) ૭ સેક ૫૯૬	પેરા ૫૧	આધારિત
(૨૦૦૮) સી.આર.એલ.એલ.જે. ૨૪૩૩	પેરા ૬૩	નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે
[૧૯૬૬) ૩ એસ.સી.આર. ૭૩૬	પેરા ૬૫	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૯૨) ૪ એસ.સી.સી. ૪૫	પેરા ૬૫	લાગુ પડતું નથી એવું ઠરાવવામાં આવ્યું
(૧૯૬૧] ૧ એસ.સી.આર. ૯૩૩	પેરા ૬૫	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૯૧) ૩ એસ.સી.આર. ૧૮૯	પેરા ૬૫	પર આધાર રાખવામાં આવ્યો
(૨૦૧૨] ૧૪ એસ.સી.આર. ૮૬૨	પેરા ૬૫	નો ઉલ્લેખ કરવામાં આવ્યો

[૧૯૭૪) ૧ એસ.સી.આર. ૭૦	પેરા ૬૬	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૪) ૩ સપ્લ. એસ.સી.આર. ૯૬૬	પેરા ૬૬	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૯૬) ૨ સપ્લ. એસ.સી.આર. ૬૭	પેરા ૬૬	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૬૦) ૧ એસ.સી.આર. ૪૬૧	પેરા ૬૮	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૯૯] ૧ સપ્લ. એસ.સી.આર. ૧૩૫	પેરા ૬૮	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૮૭) ૧ એસ.સી.આર. ૬૮૦	પેરા ૬૯	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૨૦૦૦) ૬ એસ.ઈ.સી. ૩૩૮	પેરા ૬૯	નો સંદર્ભ લેવામાં આવ્યો
જે.ટી. ૨૦૦૦ (૧૦) એસ.સી. ૪૩૦	પેરા ૬૯	નો સંદર્ભ લેવામાં આવ્યો
(૨૦૦૬) ૧ એસ.ઈ.સી. ૪૨૦	પેરા ૬૯	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૨૦૧૫) ૧૪ સેક ૫૦૫	પેરા ૬૯	લાગુ ન પડતું હોવાનું ઠરાવવામાં આવ્યું
[૧૯૯૯) ૨ સપ્લ. એસ.સી.આર. ૩૧૮	પેરા ૭૧	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૧૯૭૯) ૪ એસ.ઈ.સી. ૭૨૫	પેરા ૭૧	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૨૦૦૩) ૫ સપ્લ. એસ.સી.આર. ૬૧૦	પેરા ૧૩૪	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૬૯] ૩ એસ.સી.આર. ૧૩૦	પેરા ૧૫૪	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૭૮) ૧ એસ.સી.આર. ૭૮૧	પેરા ૧૫૭	પર અવલંબન રાખવામાં

		આવ્યું
(૨૦૦૯) ૧૩ એસસીઆર ૧૨૪	પેરા ૧૬૩	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૦) ૧ એસસીઆર ૫૭૯	પેરા ૧૬૬	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૮૪) ૨ એસ.સી.આર. ૪૯૫	પેરા ૧૬૭	પર આધાર રાખવામાં આવ્યો
(૨૦૧૩] ૪ એસ.સી.આર. ૭૬૭	પેરા ૧૬૮	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૧૪) ૬ એસ.સી.આર. ૮૭૩	પેરા ૧૬૯	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૬૯) આઈટીઆર ૧૯૪	પેરા ૧૭૦	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૮૦) એસસીઆર ૬૧૮	પેરા ૧૭૩	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૫) ૨ એસસીઆર ૭૦૮	પેરા ૧૭૭	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૮૦] એસસીઆર ૧૧૨૨	પેરા ૧૭૮	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૧૪] ૧ એસસીઆર ૧૩૫	પેરા ૧૭૯	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૭૨) ૧ એસ.સી.આર. ૯૫૦	પેરા ૧૮૧	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૬) ૮ સપ્લ. એસ.સી.આર. ૩૧૯	પેરા ૧૮૫	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૧૯૯૬) ૨ સપ્લ. એસ.સી.આર. ૨૯૫	પેરા ૧૮૯	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૨૦૧૬) ૧ એસ.સી.આર. ૨૧૬	પેરા ૧૯૨	પર આધાર રાખવામાં

		આવ્યો
[૨૦૦૭) ૬ એસ.સી.આર. ૬૮૦	પેરા ૧૯૩	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૯૫) ૨ એસ.સી.આર. ૧૧૭૩	પેરા ૧૯૪	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૨૦૦૯) ૩૧૦ આઈટીઆર ૭૫ (પી એન્ડ એચ)	પેરા ૧૯૬	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૨૦૧૦) ૩૨૭ આઈટીઆર ૪૨૪ (પી એન્ડ એચ)	પેરા ૧૯૬	માં ઉલ્લેખિત
(૨૦૧૪) ૩૬૯ આઈટીઆર ૪૭૧ (પી એન્ડ એચ)	પેરા ૧૯૬	સંદર્ભિત
(૨૦૦૯) ૩૧૮ (એટી) ૩૯૪ (આઈટીએટી [મમ))	પેરા ૧૯૬	નો ઉલ્લેખ કર્યો
[૧૯૮૬) ૨ એસસીઆર ૬૨૧	પેરા ૨૦૧	ઉપર આધાર રાખ્યો
[૧૯૭૪) ૧ એસસીઆર ૪૮૯	પેરા ૨૦૪	ઉપર આધાર રાખ્યો
[૧૯૭૪) ૩ એસસીઆર ૮૩૩	પેરા ૨૦૫	ઉપર આધાર રાખ્યો
[૧૯૭૮) ૩ એસસીઆર ૩૯૩	પેરા ૨૦૬	ઉપર આધાર રાખ્યો
[૨૦૧૪] ૪ એસસીઆર ૨૮૭	પેરા ૨૦૭	ઉપર આધાર રાખ્યો
[૧૯૭૫] ૩ એસસીઆર ૪૫૩	પેરા ૨૦૮	નો ઉલ્લેખ કર્યો
[૧૯૬૩) સપ્લ્. ૨ એસસીઆર ૭૨૪	પેરા ૨૧૨	ઉપર આધાર રાખ્યો
[૨૦૦૧) ૧ સપ્લ્. એસસીઆર ૯૭	પેરા ૨૧૪	ઉપર આધાર રાખ્યો
[૨૦૦૩) ૫ સપ્લ્. એસસીઆર ૬૭૨	પેરા ૨૧૬	ઉપર આધાર રાખ્યો
[૨૦૦૮) ૧૪ એસસીઆર ૭૩૩	પેરા ૨૨૧	ઉપર આધાર રાખ્યો
(૧૯૮૯) ૨ એસ.ઈ.સી. ૪૨૫	પેરા ૨૨૨	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૭૯] ૩ એસ.સી.આર. ૪૮૨	પેરા ૨૨૨	પર આધાર રાખવામાં આવ્યો

(૧૯૮૪) ૧ એસ.ઈ.સી. ૪૪૬	પેરા ૨૨૩	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૩] ૨ સપ્લિ. એસ.સી.આર. ૫૯૩	પેરા ૨૨૪	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૧૩) ૭ એસ.સી.આર. ૧૧૦૫	પેરા ૨૨૫	પર આધાર રાખવામાં આવ્યો
૧૯૮૪ સપ્લિ. એસ.ઈ.સી. ૪૮૨	પેરા ૨૨૬	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૭૭) ૧ એસ.સી.આર. ૨૮૦	પેરા ૨૨૭	પર આધાર રાખવામાં આવ્યો
[૨૦૦૭) ૨ એસ.સી.આર. ૬૩૦	પેરા ૨૨૮	પર આધાર રાખવામાં આવ્યો
એ.આઈ.આર. ૧૯૩૪ પી.સી. ૨૨૭ (૨)	પેરા ૨૨૯	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૭૯) ૨ એસ.સી.આર. ૨૬૫	પેરા ૨૩૦	પર આધાર રાખવામાં આવ્યો
(૨૦૧૪) ૭ એસ.સી.આર. ૯૯૫	પેરા ૨૩૧	પર આધાર રાખવામાં આવ્યો
[૧૯૬૨) સપ્લ. એસ.સી.આર. ૧૦૪	પેરા ૨૩૧	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
(૧૯૭૬) ૧ એસઈસી ૫૪૨	પેરા ૨૩૫	પર આધાર રાખવામાં આવ્યો
(૧૯૮૦) ૧ સેક ૪૬૦	પેરા ૨૩૫	આધાર રાખ્યો
[૧૯૯૯] ૨ સપ્લ. એસ.સી.આર. ૩૧૮	પેરા ૨૩૫	પર આધાર રાખ્યો
(૨૦૦૯] ૧૪ એસ.સી.આર. ૪૨૪	પેરા ૨૩૫	પર આધાર રાખ્યો
(૨૦૧૨) ૧૦ એસસીઆર ૧૫૭	પેરા ૨૩૫	પર આધાર રાખવામાં આવ્યો
(૨૦૦૩) ૧ સપ્લ. એસ.સી.આર. ૭૧૦	પેરા ૨૩૬	નો સંદર્ભ લેવામાં

		આવ્યો
[૧૯૮૮) ૧ સપ્લ. એસ.સી.આર. ૧	પેરા ૨૮૪	નો સંદર્ભ લેવામાં આવ્યો
(૧૯૭૬) ૧ એસ.સી.આર. ૧૦૧૭	પેરા ૨૮૬	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૨૦૦૩) ૪ સપ્લ. એસ.સી.આર. ૪૫૦	પેરા ૩૨૯	લાગુ પડતો નથી એમ ધારવામાં આવ્યો
(૨૦૧૪) ૨ એસ.સી.આર. ૧૭૫	પેરા ૩૫૪	નો ઉલ્લેખ કર્યો છે
(૧૯૬૩) ૫૦ આઈટીઆર ૧ (એસસી)	પેરા ૫૧૬	માં ઉલ્લેખિત
(૧૯૬૩) એસ.સી.આર. ૧૧૧	પેરા ૫૩૫	નો ઉલ્લેખ કરવામાં આવ્યો છે
(૧૯૮૨) ૩ એસ~સી ૫૧૬	પેરા ૫૩૭	નો ઉલ્લેખ કરવામાં આવ્યો
[૨૦૧૪) ૨ એસસીઆર ૬૨૧	પેરા ૫૪૧	પર આધાર રાખવામાં આવ્યો

ફોજદારી અપીલીય અધિકારક્ષેત્ર : ક્રિમિનલ અપીલ નં. ૩૦૦–૩૦૩/૨૦૧૭.

વડી અદાલતના તા. ૧૧.૦૫.૨૦૧૫ના ચૂકાદા અને હુકમમાંથી, બેંગલોર સ્થિત કર્ણાટકની વડી અદાલતમાં ક્રિમિનલ અપીલ નં. ૮૩૫, ૮૩૬, ૮૩૭ અને ૮૩૮/૨૦૧૪

સાથે

ક્રિમિનલ અપીલ નં. ૩૦૪–૩૦૭, ૩૦૮–૩૧૩ અને ૩૧૪–૩૧૯ સન ૨૦૧૭ની.

બી.વી. આચાર્ય, સિદ્ધાર્થ લુથરા, શેખર નાફડે, બી. કુમાર, હરિન પી. રાવલ, વરિષ્ઠ વકીલો, બી. એલ. આચાર્ય, સંદેશ ચૌટા, જોસેફ એરિસ્ટોટલ એસ., શ્રીમતી પ્રિયા એરિસ્ટોટલ, સંદેશ ચૌટા, વી. જી. પ્રગાસમ, નિતિન સલૂજા, સુશ્રી અનિતા શેનોય, સુશ્રી વિશ્રુતિ વિજય, સૌમ્યારૂપ સાન્યાલ, સી. મણિશંકર, એસ. સેન્થિલ, એ. આસોકન, સુશ્રી એ. શુભાંગી તુલી, ગૌરવ અગ્રવાલ, જે. કરુપૈયાહ, કે.સી. પન્નીરસેલ્વમ, એન. બરણી કુમાર, કે. ધનંજયન, એસ. એન. ડી. કુલસેકરન, કે. કૃષ્ણમૂર્તિ, આર. રાકેશ શર્મા, ડી. વૈરમૂર્તિ, આર. ગોપાલ કૃષ્ણન, જય કિશોર સિંહ, રાઘવેન્દ્ર એસ. શ્રીવત્સ, સુશ્રી દિર્યા, આનંદ, અભય કુમાર, હરિકુમાર જી. નાયર, ગૌતમ ભારદ્વાજ, ગૌતમ શિવહંકર, મયંક પાંડે, આર. ગોપાલ કૃષ્ણન, હાજર રહેલ પક્ષકારો તરફથી વકીલો.

વ્યક્તિગત રીતે હાજર હસ્તક્ષેપકર્તા ડૉ. રૉક્સના સ્વામી, વકીલ.

અદાલતના ચુકાદાઓ નીચેના દ્વારા ઉચ્ચારવામાં આવ્યા હતા

પિનાકી ચંદ્ર ઘોષ, ન્યાયમૂર્તિ – લીવ મંજૂર કરવામાં આવે છે.

૨. આ અપીલોમાં અત્રેના સામાવાળાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલોમાં કર્ણાટક હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલા તારીખ ૧૧.૫.૨૦૧૫ ના ચુકાદા અને હુકમ સામે પડકાર ફેંકવામાં આવેલ છે, જેના દ્વારા તેઓને તેમની સામે ઘડવામાં આવેલ ઇન્ડિયન પીનલ કોડ, ૧૮૬૦ (ટૂંકમાં "આઈપીસી") ની

કલમો ૧૨૦બી અને ૧૦૯ સાથે વંચાણે લેતા પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ (ટૂંકમાં "૧૯૮૮ નો અધિનિયમ") ની કલમો ૧૩(૧)(ઈ) અને ૧૩(૨) હેઠળના આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે અને તેના પરિણામે તેમાં ઉલ્લેખિત સંબંધિત પેઢીઓની જંગમ અને સ્થાવર એમ બંને મિલકતો જપ્ત કરવાના નીચલી કોર્ટના હુકમને રદ કરવામાં આવેલ છે. દરમિયાન, દલીલો પૂર્ણ થયા પછી, સામાવાળા નં. ૧ નું અવસાન થયું અને, આથી કાયદા મુજબ, તેમની સામેની અપીલો રદબાતલ થયેલ છે. તેમ છતાં, આરોપોના વ્યાપ અને ચાર્જના માળખા તેમજ રેકોર્ડ પર ઉપલબ્ધ મૌખિક અને દસ્તાવેજી પુરાવાના સ્વરૂપને ધ્યાનમાં રાખીને, તેના આધારે અન્ય સામાવાળાઓના સહયોગમાં તેમની ભૂમિકા અને સંડોવણી અંગેના સંદર્ભની આવશ્યકપણે તપાસ કરવી પડશે. સામાવાળા–આરોપીઓને સંદર્ભ મુજબ, જે હવે પછી સામાવાળાઓ/આરોપીઓ/એ૧/એ૨/એ૩/એ૪ તરીકે ઉલ્લેખિત છે.

૩. તમિલનાડુ રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી એ૧ અને સહ–આરોપીઓ એટલે કે એ૨, એ૩ અને એ૪ (અત્રેના સામાવાળાઓ) સામે ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧)(ઈ) અને વધુમાં આઈપીસીની કલમ ૧૨૦–બી અને કલમ ૧૦૯ હેઠળ શિક્ષાપાત્ર કથિત ગુનાઓ આચરવા બદલ ચાર્જ ઘડવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષનો કેસ એવો છે કે એ૧ (જેઓ હાલ મૃત્યુ પામેલ છે) ૨૪ મી જૂન, ૧૯૯૧ થી ૧૩ મી મે, ૧૯૯૬ સુધી તમિલનાડુના મુખ્યમંત્રી હતા. આ પહેલાં, તેઓ એપ્રિલ, ૧૯૮૪ થી ૨૭ મી જાન્યુઆરી, ૧૯૮૯ સુધી રાજ્યસભાના સભ્ય હતા અને વધુમાં તેઓ ૨૭ મી જાન્યુઆરી, ૧૯૮૯ થી ૩૦ મી જાન્યુઆરી, ૧૯૯૧ સુધી તમિલનાડુ વિધાનસભાના સભ્ય હતા. તેમણે ૧૯૬૪–૧૯૭૨ દરમિયાન ફિલ્મોમાં અભિનય પણ કર્યો હતો. હકીકતો દર્શાવે છે કે તેઓ સ્વર્ગસ્થ શ્રીમતી એન.આર. સંધ્યાના પુત્રી હતા, જેમણે પણ ૧૯૬૦ ના દાયકામાં ફિલ્મોમાં અભિનય કર્યો હતો. શ્રીમતી એન.આર. સંધ્યાનું વર્ષ ૧૯૭૧ માં અવસાન થયું હતું અને તેમની

માતાના તારીખ ૦૧.૧૧.૧૯૭૧ ના વસિયતનામા દ્વારા, એ૧ નીચેની મિલકતોના માલિક બન્યા હતા, એટલે કે,

(૧) નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ–૮૬ ખાતે જમીન અને મકાન;

(૨) હૈદરાબાદ શહેર ખાતે શ્રીનગર ઓફિસર્સ કોલોનીમાં પ્લોટ નં. ૩૬, ડોર નં. ૮/૩/૧૦૯૯ ખાતે મકાન;

(૩) આંધ્રપ્રદેશના રંગારેડ્ડી જિલ્લાના મેચલ તાલુકામાં આવેલા જીદીમેટલા ગામના સર્વે નં. ૫૨ અને સર્વે નં. ૫૦ અને પેટ બશીરાબાદ ગામના સર્વે નં. ૯૩/૧ માં દ્રાક્ષના બગીચા, ફાર્મહાઉસ અને નોકરોના ક્વાર્ટર સાથે કુલ ૧૦.૨૦ એકર જમીન;

(૪) આંધ્રપ્રદેશના પેટ બશીરાબાદ ગામમાં સર્વે નં. ૯૩/૨ માં ૩.૧૫ એકર જમીન;

ઉપરોક્ત મિલકતો ઉપરાંત, એ૧ પાસે આ મિલકતો પણ હતી –

(૫) અન્ના જિલ્લામાં હવે આવતા ચૈય્યૂર તાલુકામાં ૩.૪૩ એકર ખેતીલાયક જમીન (એસઆરઓ નોર્થ મદ્રાસના દસ્તાવેજ નં. ૪૫૬૪/૮૧, તારીખ ૧૬.૧૨.૧૯૮૧ મુજબ);

(૬) એક જૂની એમ્બેસેડર કાર અને એક જૂની કોન્ટેસા કાર;

(૭) રૂપિયા ૬૦,૪૩૫/– ની કિંમતની ટીએમએ–૨૪૬૬ રજીસ્ટ્રેશન નંબર ધરાવતી એક નવી મારુતિ કાર અને

(૮) કંપનીના શેર.

આમ, ૧૯૮૭ સુધી એ૧ પાસે રહેલી મિલકતો માત્ર રૂપિયા ૭.૫ લાખની હોવાનું જાણવા મળ્યું હતું. આ ઉપરાંત, તેમણે તેમના બેંક ખાતાઓમાં રૂપિયા ૧

લાખ સુધીનું બેલેન્સ અને દાગીનાની કેટલીક વસ્તુઓ હોવાનો દાવો પણ કર્યો હતો.

૪. એ૨ – શ્રીમતી શશિકલા નટરાજન એ શ્રી એમ. નટરાજનના પત્ની છે જેઓ વર્ષ ૧૯૭૦ માં તમિલનાડુ સરકારના માહિતી અને જનસંપર્ક વિભાગમાં પબ્લિસિટી આસિસ્ટન્ટ તરીકે સરકારી સેવામાં જોડાયા હતા અને ત્યારબાદ ક્રમશઃ બઢતી મેળવીને વર્ષ ૧૯૮૬ માં સદર વિભાગમાં ડેપ્યુટી ડિરેક્ટર બન્યા હતા. તેમણે ૧ લી નવેમ્બર, ૧૯૮૮ ના રોજ સરકારી સેવામાંથી રાજીનામું આપ્યું હતું જેનો તમિલનાડુ સરકાર દ્વારા ૩ જી એપ્રિલ, ૧૯૯૧ ના રોજ પાછલી અસરથી સ્વીકાર કરવામાં આવ્યો હતો.

૫. એ૨, હકીકતો પરથી જણાય છે તેમ, મેડિકલ કમ્પાઉન્ડર સી. વિવેકાનંદનની પુત્રી છે, અને ઉક્ત નટરાજન સાથે તેમના લગ્ન ૧૯૭૦ ના દાયકાની શરૂઆતમાં થયા હતા. શરૂઆતમાં એ૨ નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ–૮૬ ખાતેના એ૧ ના નિવાસસ્થાને પ્રસંગોપાત મુલાકાતી હતા, અને ૧૯૮૮ થી એ૧ સાથે કાયમી ધોરણે ત્યાં રહેવાનું શરૂ કર્યું હતું અને એ૧ દ્વારા તેમને તેમની મિત્ર–સહ–બહેન તરીકે સ્વીકારવામાં અને જાહેર કરવામાં આવ્યા હતા. ત્યારથી એ૨ એ એ૧ સાથે રહેવાનું ચાલુ રાખ્યું હતું.

૬. એ૩ – શ્રી વી.એન. સુધાકરણ એ એ૨ ની મોટી બહેન શ્રીમતી વનિતામણી અને ટી.ટી. વિવેકાનંદનના પુત્ર છે. તેમણે ચેન્નઈની ન્યુ કોલેજમાં અભ્યાસ કરતી વખતે વર્ષ ૧૯૯૨ માં નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ – ૮૬ ખાતે રહેવાનું શરૂ કર્યું હતું. એ૧ એ એ૩ ને તેમના "પાલક પુત્ર" તરીકે સ્વીકાર્યા હતા અને જાહેર કર્યા હતા અને ૭.૯.૧૯૯૫ ના રોજ ચેન્નઈમાં ભવ્ય ઉજવણીમાં સત્યલક્ષ્મી સાથે તેમના લગ્ન કરાવ્યા હતા.

૭. એ૪, શ્રીમતી જે. ઈલવરાસી એ એ૨ ના મોટા ભાઈ સ્વર્ગસ્થ જયરામનના પત્ની છે. ઉક્ત જયરામન સરકારી કર્મચારી હતા અને ડિસેમ્બર, ૧૯૯૧ માં હૈદરાબાદ ખાતે એ૧ ના દ્રાક્ષના બગીચામાં કામ કરતી વખતે

વીજકરંટ લાગવાથી તેમનું મૃત્યુ થયું હતું. તેમના પતિના મૃત્યુ પછી, એ૪ ૧૯૯૨ ની શરૂઆતથી નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ–૮૬ ખાતે રહેવા આવ્યા હતા.

૮. ફરિયાદપક્ષનો કેસ એવો છે કે, ૧.૭.૧૯૯૧ ના રોજ, એ૧ પાસે તેમના નામે અને એ૧ સાથે નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ ખાતે રહેતા એ૨ શ્રીમતી એન. શશિકલાના નામે રૂપિયા ૨,૦૧,૮૩,૯૫૭/– ની હદ સુધી મિલકતો અને નાણાકીય સંસાધનો હોવાનું જણાયું હતું, જેમાં એ૧ અને એ૨ દ્વારા ભાગીદાર તરીકે સ્થાપવામાં આવેલી મેસર્સ જયા પબ્લિકેશન્સ, મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસ અને નમધુ એમજીઆરના નામે સંપાદિત મિલકતોનો પણ સમાવેશ થાય છે. પરંતુ, ૧.૭.૧૯૯૧ પછી, મિલકતો સંપાદિત કરવામાં અચાનક વધારો થયો હતો અને આ સમયગાળા દરમિયાન, એ૧ અને એ૨ એ એ૨, એ૩ અને એ૪ ના નામે કેટલીક પેઢીઓ સ્થાપી હતી, એટલે કે,

(૧) મેસર્સ જે. ફાર્મ હાઉસીસ;

(૨) મેસર્સ જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ;

(૩) મેસર્સ જય રિયલ એસ્ટેટ;

(૪) મેસર્સ જયા કોન્ટ્રાક્ટર્સ એન્ડ બિલ્ડર્સ;

(૫) મેસર્સ જે.એસ. લીઝિંગ એન્ડ મેઇન્ટેનન્સ;

(૬) મેસર્સ ગ્રીન ફાર્મ હાઉસીસ;

(૭) મેસર્સ મેટલ કિંગ;

(૮) મેસર્સ સુપર ડુપર ટીવી (પી) લિ.,

(૯) મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિ.,

(૧૦) મેસર્સ રામરાજ એગ્રો મિલ્સ લિ.,

(૧૧) મેસર્સ સિગ્નોરા બિઝનેસ એન્ટરપ્રાઇઝિસ પ્રાઇવેટ લિ.,

(૧૨) મેસર્સ લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિ.,

(૧૩) મેસર્સ રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિ.,

(૧૪) મેસર્સ મીડો એગ્રો ફાર્મ્સ પ્રાઇવેટ લિ.,

(૧૫) મેસર્સ ઇન્ડો દોહા કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિ.,

(૧૬) મેસર્સ એ.પી. એડવર્ટાઇઝિંગ સર્વિસીસ;

(૧૭) મેસર્સ વિઘ્નેશ્વરા બિલ્ડર્સ;

(૧૮) મેસર્સ લક્ષ્મી કન્સ્ટ્રક્શન્સ;

(૧૯) મેસર્સ ગોપાલ પ્રમોટર્સ;

(૨૦) મેસર્સ શક્તિ કન્સ્ટ્રક્શન્સ;

(૨૧) મેસર્સ નમશિવાય હાઉસિંગ ડેવલપમેન્ટ;

(૨૨) મેસર્સ અયપ્પા પ્રોપર્ટી ડેવલપમેન્ટ્સ;

(૨૩) મેસર્સ સી એન્ક્લેવ;

(૨૪) મેસર્સ નવશક્તિ કોન્ટ્રાક્ટર્સ એન્ડ બિલ્ડર્સ;

(૨૫) મેસર્સ ઓશનેક કન્સ્ટ્રક્શન્સ;

(૨૬) મેસર્સ ગ્રીન ગાર્ડન એપાર્ટમેન્ટ્સ;

(૨૭) મેસર્સ માર્બલ માર્વેલ્સ;

(૨૮) વિનોદ વિડિયો વિઝન;

(૨૯) ફેક્સ યુનિવર્સલ;

(૩૦) ફ્રેશ મશરૂમ્સ;

(૩૧) મેસર્સ સુપર ડુપર ટીવી., અને

(૩૨) મેસર્સ કોડનાડુ ટી એસ્ટેટ;

૯. ફરિયાદપક્ષનો વધુ કેસ એવો છે કે ૧.૭.૧૯૯૧ થી ૩૦.૪.૧૯૯૬ સુધીના ચેક પિરિયડ દરમિયાન, ઉપરની ઘણી પેઢીઓના સંબંધમાં કોઈ વ્યાપારી પ્રવૃત્તિઓ જ થઈ ન હતી, અને અન્યના સંબંધમાં, પ્રવૃત્તિઓ જમીન, મશીનરી, મકાન વગેરે જેવી મિલકતો હસ્તગત કરવાના સ્વરૂપની વધુ હતી, જે ઉત્પાદનલક્ષી ન હતી. આ પેઢીઓ દ્વારા કોઈ ઇન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા ન હતા. આ પેઢીઓના વ્યવસાયના સંદર્ભમાં કોમર્શિયલ ટેક્સ માટે કોઈ આકારણી પણ કરવામાં આવી નથી. એ૧ એ આકારણી વર્ષ ૧૯૮૭–૮૮ થી ૧૯૯૨–૯૩ સુધીના તેમના ઇન્કમટેક્સ રિટર્ન નવેમ્બર, ૧૯૯૨ સુધી ફાઈલ કર્યા ન હતા અને જ્યારે સંસદમાં આ મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે એ૧ એ નવેમ્બર, ૧૯૯૨ માં ઉપરોક્ત સમયગાળા માટે ઇન્કમટેક્સ રિટર્ન ફાઈલ કર્યા. ૧.૭.૧૯૯૧ પછી, માત્ર એ૧ ના નામે જ નહીં, પરંતુ એ૨, એ૩ અને એ૪ ના નામે અને તેમના નામે શરૂ કરાયેલી પેઢીઓના નામે પણ જંગમ અને સ્થાવર મિલકતો અને બેંક ડિપોઝીટ વગેરે જેવા નાણાકીય સંસાધનોના રૂપમાં મિલકતો સંપાદિત કરવામાં આવી હોવાનું જણાયું હતું. એ૧ થી એ૪ ના નામે અને ઉપરોક્ત પેઢીઓના નામે જાળવવામાં આવેલા વિવિધ બેંક ખાતાઓની ચકાસણી પરથી જાણવા મળ્યું કે વિવિધ ખાતાઓમાં અવારનવાર રોકડ જમા કરવામાં આવી હતી જે સંબંધિત વ્યક્તિઓ અને પેઢીઓની આવક સાથે સુસંગત ન હતી. મિલકતો ગેરકાયદેસર રીતે સંપાદિત કરવાની સુવિધા માટે

એક ખાતામાંથી બીજા ખાતામાં અવારનવાર રકમો ટ્રાન્સફર કરવામાં આવતી હતી. એ૧ મુખ્યમંત્રીનો હોદ્દો ધરાવતા હતા અને એ૨, એ૩ અને એ૪ એ એ૧ સાથે એક જ છત નીચે રહેતા હતા અને તેમના નામે મિલકતો સંપાદિત કરવા માટે પૂરતા સાધનો ધરાવતા ન હતા તે સંદર્ભમાં જોવામાં આવે ત્યારે, આવી મિલકતોનું વિશાળ પ્રમાણ સાબિત કરે છે કે મિલકતો વાસ્તવમાં એ૧ દ્વારા સંપાદિત કરવામાં આવી હતી.

૧૦. આગળ એવો આરોપ મૂકવામાં આવ્યો છે કે, એક લોકસેવક એ૧ અને તેમના સાથીઓ એટલે કે એ૨, એ૩ અને એ૪ વચ્ચે એ૧ દ્વારા પોતાના નામે અને એ૨, એ૩ અને એ૪ ના નામે અને તેમના દ્વારા શરૂ કરવામાં આવેલી વિવિધ પેઢીઓના નામે મિલકતો અને નાણાકીય સંસાધનો સંપાદિત કરવા અને ધરાવવાના ગુનાહિત કાવતરાના અનુસંધાને, તેઓએ રૂપિયા ૬૬,૬૪,૭૩,૫૭૩/- (જે પાછળથી રૂપિયા ૬૬,૬૫,૨૦,૩૯૫/- તરીકે સુધારવામાં આવી) ની મિલકતો અને નાણાકીય સંસાધનો એકઠા કર્યા, જે ૧.૭.૧૯૯૧ થી ૩૦.૪.૧૯૯૬ સુધીના ચેક પિરિયડ દરમિયાન એ૧ અને એ૨ થી એ૪ ની આવકના જાણીતા સ્ત્રોતોના પ્રમાણમાં અત્યંત અપ્રમાણસર હતા. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, આ સમયગાળા દરમિયાન એ૧ ના આવકના જાણીતા સ્ત્રોતો, જેમ કે ભાડાની આવક, વિવિધ બેંક ડિપોઝીટમાંથી મેળવેલ વ્યાજ અને તેમના નામે અને એ૨, એ૩ અને એ૪ ના નામે રાખવામાં આવેલી અન્ય ડિપોઝીટ, કૃષિ આવક, લોન અને તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે તેમને મળેલ પગારમાંથી થયેલી આવક, કુલ રૂપિયા ૯,૩૪,૨૬,૦૫૪/- હતી, જ્યારે આ સમયગાળા દરમિયાન એ૧ દ્વારા લોનની મુદ્દલ અને વ્યાજની ચુકવણી સહિતનો ખર્ચ, અને અન્ય જાવકોનું રૂપિયા ૧૧,૫૬,૫૬,૮૩૩/- મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આમ, ૩૦.૪.૧૯૯૬ ના રોજ, એક લોકસેવક હોવાને નાતે એ૧ પાસે તેમના નામે અને એ૨, એ૩ અને એ૪ અને તેમના દ્વારા શરૂ કરવામાં આવેલી પેઢીઓના નામે નાણાકીય સંસાધનો અને મિલકતો મળી આવી હતી, જે રૂપિયા ૬૬,૬૫,૨૦,૩૯૫/- (અંકે રૂપિયા છાસઠ કરોડ પાંસઠ લાખ વીસ

હજાર ત્રણસો અને પંચાણું પૂરા) ની હદ સુધી આવકના તેમના જાણીતા સ્ત્રોતોના પ્રમાણમાં ભારે અપ્રમાણસર હતી, જે ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૩(૨) હેઠળ શિક્ષાપાત્ર કલમ ૧૩(૧)(ઈ) ની વ્યાખ્યામાં આવતો ગુનાહિત ગેરવર્તણૂકનો ગુનો છે અને એ૨, એ૩ અને એ૪ એ એ૧ સાથે કાવતરું ઘડ્યું હતું અને ઉપરોક્ત ગુનો આચરવામાં મદદગારી કરી હતી.

૧૧. ૧૪.૬.૧૯૯૬ ના રોજ, જનતા દળના તત્કાલીન પ્રમુખ ડો. સુબ્રમણ્યમ સ્વામી (ફરિયાદપક્ષના સાક્ષી–૨૩૨) એ મદ્રાસના પ્રિન્સિપાલ સેશન્સ/સ્પેશિયલ જજ સમક્ષ સીઆર.પી.સી. ની કલમ ૨૦૦ હેઠળ એ૧ સામે ફરિયાદ નોંધાવી હતી, જેમાં એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે એ૧ એ તમિલનાડુના મુખ્યમંત્રી તરીકેનો જાહેર હોદ્દો સંભાળ્યા પછી, તેમની આવકના જાણીતા સ્ત્રોતોના પ્રમાણમાં અપ્રમાણસર મિલકતો સંપાદિત કરી હતી અને આવક મેળવી હતી. ઉક્ત ફરિયાદ ક્રિમિનલ એમ.પી. નં. ૩૨૩૮/૧૯૯૬ તરીકે નોંધવામાં આવી હતી અને તારીખ ૨૧.૦૬.૧૯૯૬ ના હુકમ દ્વારા, પ્રિન્સિપાલ સેશન્સ જજ/સ્પેશિયલ જજે ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૭ અને સીઆર.પી.સી. ની કલમ ૨૦૨ હેઠળ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો અને વધુમાં જરૂરી સામગ્રી એકત્રિત કરવાનો અને બે મહિનાના સમયગાળામાં કોર્ટ સમક્ષ અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સદર હુકમના અનુસંધાને, ફરિયાદપક્ષના સાક્ષી–૨૪૦ – વરિષ્ઠ આઈપીએસ અધિકારી શ્રીમતી લતિકા શરણે તપાસ હાથ ધરી હતી, વિવિધ સ્ત્રોતોમાંથી રેકોર્ડ અને દસ્તાવેજો એકત્રિત કર્યા હતા.

૧૨. તપાસ દરમિયાન, પ્રિન્સિપાલ સેશન્સ જજ/સ્પેશિયલ જજ દ્વારા પસાર કરવામાં આવેલા સદર હુકમને મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. ટૂંકા સમયગાળા માટે તપાસ પર રોક લગાવવામાં આવી હતી અને ત્યારબાદ હાઈકોર્ટે ડિરેક્ટર ઓફ વિજિલન્સ એન્ડ એન્ટી કરપ્શન, મદ્રાસ (જે હવે પછી "ડીવીએસી" તરીકે ઉલ્લેખિત છે) ને ફરિયાદમાં કરવામાં આવેલા આરોપોની તપાસ કરવા માટે યોગ્ય પગલાં લેવાનો નિર્દેશ આપવાની મહેરબાની

કરેલ અને આખરે, આંક પી–૨૨૬૬ મુજબ ૧૮.૯.૧૯૯૬ ના રોજ એ૧ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી.

૧૩. તપાસ દરમિયાન, એ૧ ના રહેણાંક પરિસર અને અન્ય વિવિધ સ્થળોની તલાશી લીધા પછી, તપાસ અધિકારીને અનેક ગુનાહિત સાહિત્ય મળ્યા અને મોટા પ્રમાણમાં દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા અને મોટી સંખ્યામાં સાક્ષીઓના નિવેદનો નોંધવામાં આવ્યા. આવી તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલ ગુનાહિત પુરાવાઓએ કથિત ગુનામાં એ૨ થી એ૪ ની સંડોવણી જાહેર કરી. આથી, એ૨, એ૩ અને એ૪ ને સહ–આરોપી તરીકે ઉમેરવા માટે અને ૧૯૮૮ ના અધિનિયમની કલમો ૧૩(૨) અને ૧૩(૧)(ઈ) સાથે વંચાણે લેતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૦–બી અને ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૯ હેઠળના વધારાના ગુનાઓ ઉમેરવા માટે ૨૨.૦૧.૧૯૯૭ ના રોજ સ્પેશિયલ જજ સમક્ષ એક અરજી દાખલ કરવામાં આવી હતી. આવી તપાસ પૂરી થવા પર, ફરિયાદપક્ષના સાક્ષી–૨૫૯ (શ્રી નલ્લમ્મા નાયડુ) દ્વારા ૪.૬.૧૯૯૭ ના રોજ તમામ આરોપીઓ સામે ચાર્જ દાખલ કરવામાં આવ્યો જેને ચેન્નાઈના નવમા એડિશનલ સેશન્સ જજ (સ્પેશિયલ કોર્ટ, ૧) ની ફાઇલ પર સ્પેશિયલ સી.સી. નં. ૭/૯૭ તરીકે યોગ્ય રીતે નોંધવામાં આવ્યો.

૧૪. પ્રક્રિયા શરૂ કરવામાં આવી અને ચેન્નાઈના સ્પેશિયલ જજ દ્વારા નીચે મુજબના ચાર્જ ઘડવામાં આવ્યા:

પહેલું:– કે તમે એ૧ થી એ૪ એ ૧.૭.૧૯૯૧ અને ૩૦.૪.૧૯૯૬ ની વચ્ચેના સમયગાળા દરમિયાન ચેન્નાઈ અને તમિલનાડુના અન્ય સ્થળોએ, તમે એ૧ એક જાહેર સેવક હોવાથી, તમારી સાથે એ૨ થી એ૪, તમારા એ૧ ના નામે અને તમારા એ૨ થી એ૪ ના નામે અને એ૨ થી એ૪ ના નામે ચાલુ કરવામાં આવેલ બત્રીસ (૩૨) વેપારી સાહસોના નામે રૂ. ૬૬,૬૫,૨૦,૩૯૫/– ની હદ સુધી આવકના નાણાકીય સંસાધનો પ્રાપ્ત કરવા અને ધરાવવાના ઉદ્દેશ્યથી એક ગુનાહિત કાવતરાના પક્ષકારો હતા, જેનો તમે (એ૧) સંતોષકારક હિસાબ આપી

શક્યા ન હતા અને તમે (એ૨ થી એ૪) તમારા વતી તમારા નામે (એ૨ થી એ૪) નાણાકીય સંસાધનો અને મિલકતનો નોંધપાત્ર હિસ્સો ધરાવીને એ૧ ને મદદગારી કરી હતી અને તેના દ્વારા તમે એ૧ થી એ૪ એ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧)(ઈ) સાથે વંચાણે લેતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૦–બી હેઠળ શિક્ષાપાત્ર અને આ કોર્ટની હકૂમત હેઠળ આવતો ગુનો કરેલ છે.

બીજું:– કે સદર ગુનાહિત કાવતરાના અનુસંધાનમાં તમે એ૧ એ, સદર સમયગાળા દરમિયાન અને સદર સ્થળોએ, તમિલનાડુ રાજ્યના મુખ્યમંત્રી તરીકે એટલે કે એક જાહેર સેવક હોવાથી, તમારા નામે અને એ૨ થી એ૪ ના નામે અને એ૨ થી એ૪ ના નામે ચાલુ કરવામાં આવેલ વેપારી સાહસોના નામે, તમારી આવકના જાણીતા સ્ત્રોતો કરતા અપ્રમાણસર રૂ. ૬૬,૬૫,૨૦,૩૯૫/– ની હદ સુધીના નાણાકીય સંસાધનો અને મિલકત પ્રાપ્ત કરી અને ધરાવી, જેનો તમે સંતોષકારક હિસાબ આપી શક્યા ન હતા, અને તેના દ્વારા તમે એ૧ એ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧)(ઈ) હેઠળ શિક્ષાપાત્ર અને આ કોર્ટની હકૂમત હેઠળ આવતો ગુનો કરેલ છે.

ત્રીજું:– કે સદર ગુનાહિત કાવતરાના અનુસંધાનમાં તમે એ૨ થી એ૪ એ સદર સમયગાળા દરમિયાન અને સદર સ્થળોએ જાહેર સેવક એવા એ૧ ની આવકના જાણીતા સ્ત્રોતો કરતા અપ્રમાણસર નાણાકીય સંસાધનો અને મિલકત ધરાવવામાં ઈરાદાપૂર્વક મદદ કરીને એ૧ ને મદદગારી કરી હતી અને જેનો તેણી સંતોષકારક હિસાબ આપી શકી ન હતી, તમારા નામોમાં અને તમારા નામે ચાલુ કરવામાં આવેલ વેપારી સાહસોના નામે સદર નાણાકીય સંસાધનો અને મિલકતનો નોંધપાત્ર હિસ્સો ધરાવીને, અને તેના દ્વારા તમે એ૨ થી એ૪ એ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૧)(ઈ) સાથે વંચાણે લેતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૯ હેઠળ શિક્ષાપાત્ર અને આ કોર્ટની હકૂમત હેઠળ આવતો ગુનો કરેલ છે.

૧૫. આરોપીઓ દ્વારા ચાર્જનો ઇનકાર કરવામાં આવ્યો હતો. ટ્રાયલ પડતર હોવા દરમિયાન, ડી.વી. એન્ડ એ.સી. ને સી.આર.પી.સી. ની કલમ ૧૭૩(૮) હેઠળ વધુ તપાસની પરવાનગી આપવામાં આવી હતી અને એ૨ સાથેના કાવતરામાં દેશની બહાર એ૧ દ્વારા અપ્રમાણસર અસ્કયામતો/સંપત્તિના કથિત એકત્રીકરણ સંબંધિત પુરાવા અને સામગ્રી એકત્ર કરવા માટે ડેઝિગ્નેટેડ કોર્ટ દ્વારા લેટર્સ રોગેટરી મંજૂર કરવામાં આવ્યા હતા. વધુ તપાસ દરમિયાન એકત્ર કરવામાં આવેલ પુરાવાઓના આધારે, ૨.૯.૨૦૦૦ ના રોજ ફરિયાદપક્ષ દ્વારા એ૧ અને એ૨ સામે ક્રાઈમ નં. ૨/એસી/૨૦૦૦ માં એક અલગ એફ.આઈ.આર. દાખલ કરવામાં આવી હતી જે ૨૩.૩.૨૦૦૧ ના રોજની ચાર્જશીટમાં પરિણમી જેને સ્પેશિયલ સી.સી. નં. ૨/૨૦૦૧ તરીકે નોંધવામાં આવી હતી.

૧૬. ત્યારપછી સમયાંતરે પુરાવા નોંધવામાં આવ્યા હતા. ત્યારબાદ, સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળ પગલાં લેવામાં આવ્યા હતા. જ્યાં સુધી એ૧ નો સવાલ છે, તેણીને પ્રશ્નાવલીનો જવાબ આપવાની મંજૂરી આપવામાં આવી હતી જે તેણીને ૨૫.૨.૨૦૦૩ ના રોજ તેનો જવાબ આપવાના નિર્દેશ સાથે પહોંચાડવામાં આવી હતી, જેનું એ૧ દ્વારા પાલન કરવામાં આવ્યું હતું. સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ મુજબ એ૨ થી એ૪ ને પણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા જે યોગ્ય રીતે ૨૬.૨.૨૦૦૩ ના રોજ પૂર્ણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, બચાવપક્ષના સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી. ત્યારબાદ, ટ્રાન્સફર પિટિશન (ક્રિમિનલ) નં. ૭૭–૭૮/૨૦૦૩ માં તેના ૧૮.૧૧.૨૦૦૩ ના રોજના ચુકાદા દ્વારા, સુપ્રિમ કોર્ટે સદર બાબતને કર્ણાટક રાજ્યમાં ટ્રાન્સફર કરી અને સદર ચુકાદાની શરતોમાં, કર્ણાટક સરકારે તેના ૨૭.૧૨.૨૦૦૩ ના રોજના હુકમ દ્વારા યોગ્ય રીતે બેંગ્લોર ખાતે સ્પેશિયલ કોર્ટની સ્થાપના માટે મંજૂરી આપી અને ૧૯.૦૨.૨૦૦૫ ના રોજના જાહેરનામા દ્વારા, સદર બાબત ચલાવવા માટે પબ્લિક પ્રોસિક્યુટર તરીકે શ્રી બી.વી. આચાર્ય, સિનિયર

એડવોકેટ અને કર્ણાટકના ભૂતપૂર્વ એડવોકેટ જનરલની યોગ્ય રીતે નિમણૂક કરી.

૧૭. ત્યારબાદ, સ્પેશિયલ સી.સી. નં. ૭/૧૯૯૭ ધરાવતી સદર બાબતને સ્પેશિયલ સી.સી. નં. ૨૦૮/૨૦૦૪ તરીકે નવો નંબર આપવામાં આવ્યો હતો અને સ્પેશિયલ સી.સી. નં. ૨/૨૦૦૧ ને સ્પેશિયલ જજ (એટલે કે બેંગ્લોર ખાતેના ૩૬મા એડિશનલ સિટી સિવિલ એન્ડ સેશન્સ જજ) ની ફાઇલ પર સ્પેશિયલ સી.સી. નં. ૨૦૯/૨૦૦૪ તરીકે નવો નંબર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આરોપીઓ વતી કેટલાક પગલાં લેવામાં આવ્યા હતા અને મામલો આ કોર્ટ/સુપ્રિમ કોર્ટ સુધી ગયો હતો ત્યારબાદ સ્પેશિયલ જજ સમક્ષ ટ્રાયલ ફરી શરૂ કરવામાં આવી હતી. આરોપીઓને તેમના સાક્ષીઓની તપાસ કરવા માટે બોલાવવામાં આવ્યા હતા અને ત્યારબાદ કોર્ટ સમક્ષ ૯૯ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા અને તેમના પુરાવા પૂર્ણ કર્યા હતા. ન્યાયનિર્ણય માટે નિર્ણાયક રીતે આવશ્યક ન હોવાથી તમામ ઘટનાપૂર્ણ વાસ્તવિક હસ્તક્ષેપોના વર્ણનને ટાળવામાં આવ્યું છે.

૧૮. એવું જણાય છે કે ટ્રાયલ કોર્ટે પક્ષકારોને સાંભળ્યા પછી નક્કી કરવા માટે નીચેના મુદ્દાઓ તારવી કાઢ્યા:

(એ) શું ફરિયાદપક્ષ વાજબી શંકાની બહાર સાબિત કરે છે કે એ૧ એ, એક જાહેર સેવક હોવાથી, ૦૧.૦૭.૧૯૯૧ અને ૩૦.૦૪.૧૯૯૬ ના ચેક સમયગાળા દરમિયાન તેણીના જાણીતા આવકના સ્ત્રોત કરતા અપ્રમાણસર રૂ. ૬૬,૬૫,૨૦,૩૯૫/– ના મૂલ્યના નાણાકીય સંસાધનો અને અસ્કયામતો તેણીના નામે અને એ૨ થી એ૪ ના નામે અને તેમના નામે ચાલુ કરવામાં આવેલ વેપારી સાહસોના નામે પ્રાપ્ત કરી અને ધરાવી હતી, જેનો તેણી સંતોષકારક હિસાબ આપી શકી ન હતી?

(બી) શું ફરિયાદપક્ષ વધુમાં વાજબી શંકાની બહાર સાબિત કરે છે કે એ૧ થી ૪ એ૧ ના નામે અને એ૨ થી ૪ ના નામે અને એ૨ થી ૪ ના નામે ચાલુ

કરવામાં આવેલ ૩૨ વેપારી સાહસોના નામે રૂ. ૬૬,૬૫,૨૦,૩૯૫/– ની હદ સુધીના નાણાકીય સંસાધનો અને અસ્કયામતો પ્રાપ્ત કરવા અને ધરાવવાના ઉદ્દેશ્યથી એક ગુનાહિત કાવતરાના પક્ષકારો હતા અને તેના દ્વારા પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૩(૧)(ઈ) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૨૦–બી હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(સી) શું ફરિયાદપક્ષ વધુમાં વાજબી શંકાની બહાર સાબિત કરે છે કે એ૨ થી એ૪ એ, એ૧ ની જાણીતા આવકના સ્ત્રોત કરતા અપ્રમાણસર નાણાકીય સંસાધનો અને મિલકતોની પ્રાપ્તિ અને કબજામાં ઈરાદાપૂર્વક મદદ કરીને, તેમના નામોમાં અને એ૨ થી એ૪ ના નામે ચાલુ કરવામાં આવેલ ૩૨ વેપારી સાહસોના નામે તેનો નોંધપાત્ર હિસ્સો ધરાવીને ઉપરોક્ત ગુનામાં મદદગારી કરી હતી, જે તેમને પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ, ૧૯૮૮ ની કલમ ૧૩(૧)(ઈ) સાથે વંચાણે લેતા કલમ ૧૩(૨) સાથે વંચાણે લેતા ઇન્ડિયન પીનલ કોડની કલમ ૧૦૯ હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠરાવવાને પાત્ર બનાવે છે?

(ડી) શું હુકમ ?

૧૯. ટ્રાયલ કોર્ટે તેના દ્વારા ઘડવામાં આવેલા મુદ્દાઓના સંબંધમાં રજૂ કરાયેલા પુરાવાઓનું મૂલ્યાંકન કર્યું અને આરોપીઓ સામે ઘડવામાં આવેલા ચાર્જ સાથે યોગ્ય રીતે કામ પાર પાડ્યું. ટ્રાયલ કોર્ટે પુરાવાઓ, હકીકતો તેમજ તેની સમક્ષ ટાંકવામાં આવેલા ચુકાદાઓ, ઉઠાવવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં લીધા પછી બાબત સાથે વિસ્તૃત રીતે કામ પાર પાડ્યું અને બાબતના તમામ પાસાઓ સાથે કામ પાર પાડ્યા પછી, અન્ય બાબતોની સાથે ઠેરવેલ કે:

".....કોઈપણ તરફથી એવી કોઈ દલીલ નથી કે ચેક સમયગાળાની પસંદગીથી આરોપીને કોઈપણ રીતે કોઈ પ્રતિકૂળ અસર અથવા ગેરલાભ થયો છે. આથી, મારા મતે, ફરિયાદપક્ષ દ્વારા પસંદ કરાયેલ ૫ વર્ષનો સમયગાળો આવકના જાણીતા સ્ત્રોત અને આરોપીના કબજામાં રહેલા નાણાકીય સંસાધનો

અને મિલકતનું વાજબી અને વ્યાપક ચિત્ર આપવા માટે વ્યાજબી રીતે પૂરતો છે જેથી આ કાર્યવાહીમાં સંડોવાયેલા મુદ્દાઓ પર વાજબી નિર્ણય પર પહોંચી શકાય."

૨૦. હકીકતો પરથી એવું જણાય છે કે, ફરિયાદપક્ષે ચેક સમયગાળાની શરૂઆતમાં એટલે કે ૧.૭.૧૯૯૧ ના રોજ આરોપીઓ દ્વારા ધરાવવામાં આવતી અસ્કયામતોની વિગતો એનેક્ષર–૧ (આંક પી–૨૩૨૭) માં સૂચિબદ્ધ કરી છે. સદર એનેક્ષર અહીં નીચે પુનઃઉત્પાદિત કરવામાં આવેલ છે:

એનેક્ષર – ૧

(૧.૭.૧૯૯૧ ના રોજની અસ્કયામતો)

ક્રમ નં.	**મિલકતનું વર્ણન**	**જેમના નામે છે તે**	**મિલકતનું મૂલ્ય (રૂ.)**
૧.	આર. સરલા પાસેથી ખરીદેલ નં. ૩૬, પોએસ ગાર્ડન ચેન્નાઈ–૮૬ (તેનમપેટનો સર્વે નં. ૧૫૬૭) ખાતે જમીન અને મકાન	શ્રીમતી એન.આર. સંધ્યા અને સેલ્વી જે. જયલલિતા દ્વારા પ્રતિનિધિત્વ કરતા મેસર્સ નાટ્ય કલા નિકેતન	૧,૩૨,૦૦૯.૦૦
૨.	હૈદરાબાદ શહેરના શ્રી નગર ઓફિસર્સ કોલોનીમાં ડોર નં. ૮/૩/૧૦૯૯ ખાતે હરિપ્રકાશ રાવના પુત્ર કોકા સામ્બશિવા રાવ પાસેથી ખરીદેલ હૈદરાબાદ શહેરના શ્રી નગર ઓફિસર્સ કોલોનીમાં પ્લોટ નં. ૩૬ માં ૬૫૧.૧૮ ચોરસ મીટર	,,	૫૦,૦૦૦.૦૦

	મકાનના વિસ્તારમાં ડોર નં. ૮/૩/૧૦૯૯, વોર્ડ નં. ૮, બ્લોક નં. ૩		
૩.	**રંગા રેડ્ડી જિલ્લાના કુત બુલ્લાપુર (મંડલ) માં પેટ બશીરાબાદ અને જીડીમેટલા ગામમાં ગ્રેપ ગાર્ડન કમ્પાઉન્ડની અંદર બે ફાર્મ હાઉસ, સર્વન્ટ ક્વાર્ટર્સ અને અન્ય મકાનો, જીડીમેટલા ગામના સર્વે નં. ૫૦ અને ૫૨/ઇ તથા પેટ બશીરાબાદ ગામના સર્વે નં. ૯૩ઇ અને ૯૩ યુ માં (કુલ વિસ્તાર ૧૧.૩૫ એકર)**	,,	૧,૬૫,૦૫૮.૫૦
૪.	એ–પી. માં મેડચલ તાલુકાના પેટ બશીરાબાદ ગામ ખાતે ૩.૧૫ એકર (૧.૩૬ હેક્ટર) ના વિસ્તારમાં સર્વે નં. ૯૩/૩ માં જમીન,	,,	૧૩,૨૫૪.૫૦
૫.	ચેન્નાઈ, કલાદીપેટ્ટાઇ, થિરુવોટ્ટિયુર મેઈન રોડ, નં. ૧૦૪૬/૮ ના નટેસા મુદલિયારના પુત્ર એમ.એન. વેંકટચલ મુદલિયાર પાસેથી ખરીદેલ સર્વે નં.	સેલ્વી જે. જયલલિતા	૧૭,૦૬૦.૦૦

	૩૬૬/૨,૫,૬ માં ચેયુર ગામમાં ૩.૪૩ એકર માપની ખેતીની જમીન.		
૬.	શ્રીમતી એન. શશિકલાના ચેન્નાઈ–૪, સાન્થોમ, અંતુ સ્ટ્રીટ, ૩/૪, આર.આર. ફ્લેટ્સમાં ફ્લેટ નં. ૭ અને જમીન સી – રૂ. ૨,૭૫,૦૦૦/– એસ – રૂ. ૩૫,૭૫૦/– એફ – રૂ. ૨,૭૮૦/–	શ્રીમતી એન. શશિકલા	૩,૧૩,૫૩૦.૦૦
૭.	ચેન્નાઈ–૨૮, શ્રીનિવાસ એવેન્યુ, ૧૫, વેંકટરામન સ્ટ્રીટના એચ. વેંકટસુબનના પુત્ર વી.એચ. સુબ્રમણ્યમ પાસેથી ખરીદેલ ૧૮૯૦૭ ચોરસ ફૂટના વિસ્તારમાં આર.એસ. નં. ૪૦૮૭, પ્લોટ નં. ૮૩ માં ચેન્નાઈ ખાતે પદ્મમ્મલ સ્ટ્રીટ, ડોર નં. ૧૯ પર મકાન	મેસર્સ જયા પબ્લિકેશન્સ (સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલા)	૫,૭૦,૦૩૯.૦૦
૮.	ચેન્નાઈ–૬, થાઉસન્ડ લાઈટ્સ, ફર્સ્ટ સ્ટ્રીટ, ગુલામ અબ્બાસ અલી ખાન, નં. ૭ના મોહમ્મદ હનીફ પાસેથી મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસના	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ	૯૮,૯૦૪.૦૦

	નામે ખરીદેલ ચેન્નાઈ–૬, અન્ના સલાઈ, ૬૦૨ ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર દુકાન નં. ૧૪ સી – રૂ. ૮૫,૦૦૦/– એસ – રૂ. ૧૩,૦૪૫/– એફ – રૂ. ૮૫૯/–		
૯.	ચેન્નાઈ–૬, ખાદર નવાઝ ખાન રોડ, ૧૪ ખાતે આવેલ મેસર્સ હોલિડે સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસ પાસેથી ખરીદેલ ૧૧ ગ્રાઉન્ડ અને ૭૩૬ ચોરસ ફૂટ જમીનમાં ૬૮/૧૨૦૦૦ અવિભાજિત હિસ્સાની હદમાં આર.એસ. નં. ૫૮/૫૧ માં નુગમ્બક્કમ, ખાદર નવાઝ ખાન રોડ, ડોર નં. ૧૪ ખાતે માત્ર જમીનનો અવિભાજિત હિસ્સો	,,	૨,૧૦,૯૧૯.૦૦
૧૦.	ચેન્નાઈ–૨૮, મંદવેલી, ૪૪, વન્નિયમપતિ સ્ટ્રીટના મુનુસામી નાયડુના પુત્ર કે. સેલ્વરાજ પાસેથી ખરીદેલ ૧૨૦૬ ચોરસ ફૂટના વિસ્તારમાં નવો નં. ૨૧૨, સર્વે નં. ૭૨ માં સેન્ટ મેરીસ રોડ, ડોર નં. ૨૧૩/બી	સેલ્વી જે. જયલલિતા	૩,૬૦,૫૦૯.૦૦

	ખાતે જમીન અને મકાન		
૧૧.	ચેન્નાઈ–૧, ત્રીજો માળ, ૧૩૪, અંગપ્પન નાયકન સ્ટ્રીટના મોઈઝ કે. લોહાનીના પુત્ર મુસ્તફા એમ. લોહાની અને અન્ય ૨ લોકો પાસેથી ખરીદેલ માયલાપોરના બ્લોક નં. ૭૧ ના આર.એસ. નં. ૩/૧૦ અને ૩/૧૧ માં ૧૭ ગ્રાઉન્ડ અને ૧૮૫૬ ચોરસ ફૂટમાં ૫૪/૪૨૬૫૬ માં જમીનના અવિભાજિત હિસ્સા સાથે માઉન્ટ રોડ, ડોર નં. ૬૦૨ ખાતે ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧૮૯ ચોરસ ફૂટની દુકાન નં. ૧૮	,,	૧,૦૫,૪૦૯.૦૦
૧૨.	ત્રિચી, અયપ્પા નગર, ૧૪, થિલગર સ્ટ્રીટના નમચિયમના પુત્ર વી.એન. સોમસુંદરમ પાસેથી ખરીદેલ ૨૪૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં સર્વે નં. ૧૦૯૧ માં તાંજોર ખાતે જમીન અને મકાન.	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ (ભાગીદારો – સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલા)	૧,૫૭,૧૨૫.૦૦
૧૩.	તાંજોર, ઈસ્ટ ગેટ, ૧૨૭૯, ઓલ્ડ નેહ્રુ	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ	૧,૧૫,૩૧૫.૦૦

	મેઢુ સ્ટ્રીટના કે.એન. કુપ્પુસામીના પુત્ર કે. લોગનાથન પાસેથી ખરીદેલ ટી.એસ. નં. ૧૦૯૧ માં ૫૧૦૦ ચોરસ ફૂટના વિસ્તારમાં તાંજોરમાં મહાર નોમ્બુ ચાવડી, છઠ્ઠા વોર્ડ, ત્રીજા ડિવિઝનમાં એચ.ડી. રોડ ખાતે ખાલી જગ્યા.		
૧૪.	ત્રિચી, અયપ્પન નગર, નં. ૧૧ થિલગર સ્ટ્રીટના વી.એન. સોમસુંદરમની પત્ની મુથુ લક્ષ્મી પાસેથી ખરીદેલ તાંજોરના ટી.એસ. નં. ૧૦૯૧ માં ૮૯૭૦ ચોરસ ફૂટના વિસ્તારમાં મહાર નોમ્બુ ચાવડીમાં વોર્ડ નં. ૬ ખાતે ખાલી જગ્યા.	,,	૨,૦૨,૭૭૮.૦૦
૧૫.	**ત્રિચી, કેન્ટોનમેન્ટ, ૨૨–એ વિલિયન રોડના મિરાસી પાસેથી ખરીદેલ (કુલ માપ ૩૫૨૫ ચોરસ ફૂટ) ટી.એસ. નં. ૧૦૭, બ્લોક નં. ૩૦ માં નવો વોર્ડ નં. કે, ત્રીજો ક્રોસ રોડ, પ્લોટ નં. ૧૦૨ માં ત્રિચીમાં પોનનગર, અભિષેકપુરમ ખાતે જમીન અને મકાન.**	શ્રીમતી એન. શશિકલા	૫,૮૫,૪૨૦.૦૦

૧૬.	તાંજોર, નીડામંગલમ, કૂથન્નલ્લુર, નં. ૪, હુસૈન રોડના. અનવરદીન રાઉથરના. પુત્ર નૈના. મોહમ્મદ રાઉથર, અનવરદીન રાઉથરની પત્ની ઉમ્મુલ પજરિયા. અમ્મલ પાસેથી ખરીદેલ તાંજોર જિલ્લાના. મન્નારગુડી તાલુકાના. સુંદરકોટ્ટાઈ ગામના. સર્વે નં. ૪૦૨–૨ માં ૩.૨૩ એકરની હદમાં સૂકી જમીન.	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ	૭૫,૨૧૦.૦૦
૧૭.	મેસર્સ હીટેક્સ ઇક્વિપમેન્ટ્સના. એકમાત્ર માલિક – ચેન્નાઈ–૪૧, કોટ્ટિવાક્કમ, યુનિયન કાર્બાઇડ કોલોની, ૧૮૪, વેમ્બુલિઅમ્મન કોઇલ સ્ટ્રીટના. એસ.કે.આર. કરુપ્પન ચેટ્ટિયારના. પુત્ર કે. વિશ્વનાથન પાસેથી ખરીદેલ અડયાર, શેડ નં. સી–૮, ૫૬૫૮ ચોરસ ફૂટનો વિસ્તાર, બ્લોક નં. ૬, સર્વે નં. ૫૫ અને ૫૬ માં ગિંડી, થિરુ વી. કા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે જમીન	મેસર્સ જયા પબ્લિકેશન્સ	૫,૨૮,૦૩૯.૦૦

	અને મકાન.		
૧૮.	રજી. નં. ટીએમએ ૨૪૬૬ (નવી) ધરાવતી મારુતિ કાર	સેલ્વી જે. જયલલિતા	૬૦,૪૩૫.૦૦
૧૯.	રજી. નં. ટીએન–૦૯/૦૦૩૩ ધરાવતી કોન્ટેસા કાર	,,	૨,૫૬,૨૩૮.૦૦
૨૦.	રજી. નં. ટીએસઆઇ ૯૦૯૦ ધરાવતી સ્વરાજ મઝદા વાન	,,	૧,૭૬,૧૭૨.૬૭
૨૧.	રજી. નં. ટીએસજે ૭૨૯૯ ધરાવતી ટ્રેક્સ જીપ	,,	૧,૦૪,૦૦૦.૦૦
૨૨.	રજી. નં. ટીએસઆર ૩૩૩ ધરાવતી સ્વરાજ મઝદા વાન	,,	૨,૯૯,૮૪૫.૦૦
૨૩.	રજી. નં. ટીએસજે ૭૨૦૦ ધરાવતી ટ્રેક્સ જીપ	,,	૧,૦૪,૦૦૦.૦૦
૨૪.	શ્રીમતી એન. શશિકલાના નામે ૩૦.૧૨.૧૯૮૮ ના રોજ કેલીસ બ્રાન્ચ ખાતે કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ એસબી એકાઉન્ટ નં. ૩૮૭૪૬ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	શ્રીમતી એન. શશિકલા	૧૩,૬૦૧.૯૮
૨૫.	સેલ્વી જે. જયલલિતાના નામે ૧૯.૫.૧૯૮૯ ના રોજ સિકંદરાબાદ	સેલ્વી જે. જયલલિતા	૯,૧૮,૨૧૦.૨૯

	ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયામાં ખોલવામાં આવેલ એસબી એકાઉન્ટ નં. ૨૦૬૧૪ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક		
૨૬.	સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલા ભાગીદાર છે તે નમધુ એમજીઆરના નામે ૨૩.૧૦.૧૯૮૯ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ સીએ નં. ૧૯૫૨ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	નમધુ એમજીઆર	૫,૫૧,૮૨૬.૯૪
૨૭.	શ્રીમતી એન. શશિકલાના નામે ૨૩.૫.૧૯૯૦ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ એસબી એકાઉન્ટ નં. ૨૩૨૧૮ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	શ્રીમતી એન. શશિકલા	૧,૪૦,૧૯૮.૨૫
૨૮.	સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલાના નામે કેલીસ બ્રાન્ચમાંથી ટ્રાન્સફર પર	સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલા દ્વારા પ્રતિનિધિત્વ કરતા મેસર્સ જયા	૭,૮૩,૮૬૦.૯૭

	૨૬.૯.૧૯૯૦ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ સીએ નં. ૨૦૪૭ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	પબ્લિકેશન્સ	
૨૯.	માયલાપોરની કેનેરા બેંકમાં એફ.ડી. નં. ૪૫૧/૧૯૯૦, તા. ૧૯.૬.૧૯૯૦	,,	૬૪,૫૨૦.૦૦
૩૦.	સેલ્વી જે. જયલલિતાના નામે ૨૮.૨.૧૯૯૦ ના રોજ અન્ના નગર બ્રાન્ચ, બેંક ઓફ મદુરાઈમાં ખોલવામાં આવેલ એસબી એકાઉન્ટ નં. ૫૧૫૮ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	સેલ્વી જે. જયલલિતા	૨,૫૭,૮૮૬.૨૫
૩૧.	સેલ્વી જે. જયલલિતાના નામે ૧૨.૧૦.૧૯૯૦ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ સીએ નં. ૨૦૧૮ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	,,	૨,૪૦,૮૩૫.૦૨
૩૨.	સેલ્વી જે. જયલલિતાના નામે ૧૬.૪.૧૯૯૧ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા	,,	૫,૨૦,૩૯૬.૪૫

	બેંકમાં ખોલવામાં આવેલ એસબી એકાઉન્ટ નં. ૨૩૮૩૨ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક		
૩૩.	સેલ્વી જે. જયલલિતા અને શ્રીમતી એન. શશિકલા બંને ભાગીદાર છે તેવા શશિ એન્ટરપ્રાઈઝીસના નામે ૨૧.૩.૧૯૯૧ ના રોજ માયલાપોર બ્રાન્ચની કેનેરા બેંકમાં ખોલવામાં આવેલ સીએ નં. ૨૦૬૧ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ	૨,૨૯,૫૭૮.૪૯
૩૪.	સેલ્વી જે. જયલલિતાના નામે કોઠારી ઓરિએન્ટલ ફાઈનાન્સમાં એફડી	સેલ્વી જે. જયલલિતા	૧,૦૦,૦૦૦.૦૦
૩૫.	,,	,,	,,
૩૬.	,,	,,	,,
૩૭.	આ નામે શ્રીરામ ફાઈનાન્સમાં એફડી	,,	૩,૦૦,૦૦૦.૦૦
૩૮.	,,	,,	૫,૦૦,૦૦૦.૦૦
૩૯.	,,	,,	૨૦,૦૦,૦૦૦.૦૦
૪૦.	,,	,,	૭,૦૦,૦૦૦.૦૦
૪૧.	૧૯૬૯ અને ૧૯૭૧ દરમિયાન જે.	,,	

	જયલલિતાની માતા દ્વારા કોઈમ્બતુરના મદ્રાસ ઓક્સિજન એન્ડ એસીટીલીન કંપની લિમિટેડમાં ઈક્વિટી શેરના રૂપમાં રોકાણ અને સેલ્વી જે. જયલલિતાને વારસામાં મળેલ		
૪૨.	સેલ્વી જે. જયલલિતા દ્વારા ૨૨.૫.૧૯૭૮ ના રોજ અંબાતુર, મદ્રાસ–૫૮ ના કુણાલ એન્જિનિયરિંગ કંપની લિમિટેડમાં ૧૦૦૦ શેર માટે શેરના રૂપમાં રોકાણ કે જેના પર ૧૮.૨.૧૯૮૩ ના રોજ ૫૦૦ બોનસ શેર મળ્યા છે	,,	
૪૩.	સર્ચ વખતે નં. ૩૬, પોએસ ગાર્ડન ખાતેથી મળી આવેલી ૨૧૪૦ જૂની સાડીઓ અને અન્ય કપડાંની કિંમત	,,	૪,૨૧,૮૭૦.૦૦
૪૪.	૩૧.૩.૧૯૯૧ ના રોજ મેસર્સ વીબીસી ટ્રસ્ટ દ્વારા મૂલ્યાંકન મુજબ સેલ્વી જે. જયલલિતાના ૮૬ નંગ દાગીના	,,	૧૭,૫૦,૦૩૧.૦૦

૪૫.	૩૧.૩.૧૯૯૧ ના રોજ મેસર્સ વીબીસી ટ્રસ્ટ દ્વારા મૂલ્યાંકન મુજબ શ્રીમતી એન. શશિકલાના હોવાનો દાવો કરેલા ૬૨ નંગ દાગીના	શ્રીમતી એન. શશિકલા	૯,૩૮,૪૬૦.૦૦
૪૬.	૭૦૦ કિગ્રા વજનના ચાંદીના વાસણો (સેલ્વી જે. જયલલિતા દ્વારા ફાઈલ કરાયેલા આઈટી રિટર્ન મુજબ) (કિંમત રૂ. ૪,૦૦૦/– પ્રતિ કિગ્રાના દરે નક્કી કરાઈ)	સેલ્વી જે. જયલલિતા	૨૮,૦૦,૦૦૦.૦૦
૪૭.	સેલ્વી જે. જયલલિતા દ્વારા ૨ વર્ષ માટે બેંક ઓફ મદુરાઈ, અન્ના નગરના એમઆઈડીએસ નં. ૭૧૬૭૬૭, તા. ૩૦.૪.૧૯૯૦ માં જમા કરાયેલી રકમ જે ૧.૭.૧૯૯ ના રોજ અમલમાં હતી	,,	૧૦,૦૦,૦૦૦.૦૦
૪૮.	ચેન્નાઈ–૧૭, ટી. નગર બ્રાન્ચ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં સેલ્વી જે. જયલલિતાના સીડીએસ – આઈટીપી એકાઉન્ટ નં. ૩૨ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક.	,,	૨૧,૩૮૯.૦૦

૪૯.	સેલ્વી જે. જયલલિતા દ્વારા તેમના એસબી એકાઉન્ટ નં. ૫૧૫૮ ઓ બીઓએમ, અન્ના નગર બ્રાન્ચમાંથી શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડમાં ૧૨.૧૧.૧૯૯૦ ના રોજ જમા કરાયેલી રૂ. ૫ લાખની એફડી જે અનુગામી રિન્યુઅલ પછી ૨૯.૧.૧૯૯૮ ના રોજ પાકવાની છે.	,,	૫,૦૦,૦૦૦.૦૦
૫૦.	નુગમ્બક્કમ, ખાદર નવાઝ ખાન રોડ, ૧૪, જેમ્સ કોર્ટ ખાતે આર.એસ. નં. ૫૮/૫ માં ૧૧ ગ્રાઉન્ડ અને ૧૭૩૬ ચોરસ ફૂટમાં જમીનના ૭૨/૧૨૦૦૦ અવિભાજિત હિસ્સાની ખરીદી માટે ચૂકવેલી એડવાન્સ રકમ, સીબી, મદ્રાસના તા. ૨૩.૪.૧૯૯૦ ના ચેક નં. ૫૧૩૭૩૫ દ્વારા ચૂકવવામાં આવેલ જે એસઆરઓ, થાઉસન્ડ લાઇટ્સ બ્રાન્ચ, તા. ૨૮.૭.૧૯૯૩ ના દસ્તાવેજ નં. ૬૪૧/૧૯૯૩ તરીકે	મેસર્સ શશિ એન્ટરપ્રાઈઝીસ	૫૦,૦૦૦.૦૦

	નોંધાયેલ હતી)		
૫૧.	સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, સિકંદરાબાદમાં ૨.૫.૧૯૯૦ ના રોજ જમા કરાવેલ એમઆઈડીઆર નં. ૬૬/૯	સેલ્વી જે. જયલલિતા	૩,૦૦,૦૦૦.૦૦
૫૨.	સેલ્વી જે. જયલલિતાના નામે કેલીસ, કેનેરા બેંકના એસબી એકાઉન્ટ નં. ૩૮૬૭૧ માં ૧.૭.૧૯૯૧ ના રોજની રોકડ સિલક	,,	૧,૮૦,૦૩૧.૨૨
કુલ સરવાળો	૨,૦૧,૮૩,૯૫૬.૫૩		

૨૧. ટ્રાયલ કોર્ટે એનેક્ષર-III માં (આંક પી–૨૩૨૯) ચેક સમયગાળા એટલે કે ૧.૭.૧૯૯૧ થી ૩૦.૪.૧૯૯૬ દરમિયાન આરોપી દ્વારા મેળવેલી આવકની વિગતો પણ આપી હતી, જે નીચે મુજબ નક્કી કરાઈ છે:

એનેક્ષર-III

(આંક પી.૨૩૨૯)

(૧.૭.૧૯૯૧ થી ૩૦.૪.૧૯૯૬ સુધીના ચેક સમયગાળા દરમિયાન આવક)

ક્રમ નં.	**આવકની વિગતો**	**રકમ (રૂ.)**	**આંક**
૧.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ શશિ એન્ટરપ્રાઇઝિસના	૨૫,૦૦,૦૦૦	પી.૧૨૫૮ – પી.૧૨૬૦

	નામે મેળવેલ લોન જેની બાકી મુદ્દલ રૂ. ૧૩,૫૫,૦૨૩/– હતી		
૨.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ જે. ફાર્મ હાઉસીસના નામે મેળવેલ લોન જેની રૂ. ૨૮ લાખની મુદ્દલ ઉપરાંત રૂ. ૧,૨૩,૦૪૧/– વ્યાજ તરીકે બાકી હતી;	૨૮,૦૦,૦૦૦	પી.૧૨૧૦ – ૧૨૧૨
૩.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટના નામે મેળવેલ લોન જેની રૂ. ૭ લાખની મુદ્દલ ઉપરાંત રૂ. ૩૭,૧૮૪/– વ્યાજ તરીકે બાકી હતી;	૭,૦૦,૦૦૦	પી.૧૧૭૧પી.૧૧૭૩
૪.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ જય રિયલ એસ્ટેટના નામે મેળવેલ લોન જેની સમગ્ર રૂ. ૫ લાખની મુદ્દલ ઉપરાંત રૂ. ૨૮,૪૦૭/– વ્યાજ તરીકે બાકી હતી;	૫,૦૦,૦૦૦	પી.૧૧૬૧પી.૧૧૬૩
૫.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ આંજનેય પ્રિન્ટર્સ પ્રા. લિ.ના	૭૫,૦૦,૦૦૦	પી.૧૨૩૦ થી ૧૨૩૩ ૧૦૦૪

	નામે મેળવેલ લોન જેની રૂ. ૭૫ લાખની મુદ્દલ ઉપરાંત રૂ. ૮,૮૧,૪૭૭/– વ્યાજ તરીકે બાકી હતી;		
૬.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મહા શુભલક્ષ્મી કલ્યાણ મંડપમના નામે મેળવેલ લોન જેની રૂ. ૧૭,૮૬,૦૦૦/– ની મુદ્દલ ઉપરાંત રૂ. ૧,૯૫,૮૦૨/– વ્યાજ તરીકે બાકી હતી;	૧૭,૮૬,૦૦૦	પી.૧૩૫૫ થી ૧૩૫૭
૭.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી મેસર્સ લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ (પ્રા.) લિ.ના નામે મેળવેલ લોન જેની બાકી મુદ્દલ રૂ. ૮૩ લાખ હતી;	૮૩,૦૦,૦૦૦	પી.૧૩૨૮ – પી.૧૩૩૦પી.૧૦૦૮
૮.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાંથી કોડનાડુ ટી એસ્ટેટના નામે મેળવેલ લોન જેની રૂ. ૩૭૫ લાખની મુદ્દલ બાકી હતી;	૩,૭૫,૦૦,૦૦૦	પી.૯૯૭ થી પી.૧૦૦૩
૯.	સેલ્વી જે. જયલલિતા દ્વારા ૨૫.૮.૧૯૯૫ ના રોજ કેન ફિન હોમ્સમાંથી એફડી	૭૫,૦૦,૦૦૦.૦૦	પી.૫૪૮,પી.૫૫૦ – પી.૫૫૫,પી.૨૨૮૭

	નં. ૩૫૨/૧૯૯૪–૯૫ પર લેવાયેલ લોન.		
૧૦.	સેલ્વી જે. જયલલિતાને વ્યાજ સ્વરૂપે આવક (સીબી/ માયલાપોરના એસબી નં. ૨૩૮૩૨ માં તેમના ખાતા મુજબ);	૪,૫૨,૮૭૧.૦૦	પી.૧૩૭૭
૧૧.	સેલ્વી જે. જયલલિતાને કેનેરા બેંક, માયલાપોરના એસબી ૨૩૮૩૨ અને સીએ ૨૦૧૮ માં જમા કરાયેલ રૂ. ૨૭ લાખ માટે કેનેરા બેંક, માયલાપોરની તેમની ફિક્સડ ડિપોઝિટ એફડી નં. ૧૦૦૦/૯૨ – રૂ. ૭૯,૮૯૦/–; ૧૩૯૮/૯૨ – રૂ. ૭૩,૨૩૩/–; ૨૩૭/૯૩ – રૂ. ૫૪,૨૪૭/–; ૬૩૨/૯૩ – રૂ. ૪૯,૩૧૫/– મુજબ વ્યાજ સ્વરૂપે આવક;	૨,૫૬,૬૮૫.૦૦	પી.૧૩૭૭પી.૧૩૮૨
૧૨.	કોઠારી ઓરિએન્ટ ફાઇનાન્સ લિ. તરફથી સેલ્વી જે. જયલલિતાને વ્યાજ (એફડીઆર નં. ૪૭૭૪૦ (૫૩૩૮૯) અને	૬૦,૪૩૭.૮૨	

	૬૩૮૪૮ મુજબ);		
૧૩.	કોઠારી ઓરિએન્ટ ફાઇનાન્સ લિ. તરફથી સેલ્વી જે. જયલલિતાને ચૂકવાયેલ વ્યાજ (એફડીઆર નં. ૪૮૧૭૨, ૫૩૩૯૦ અને ૬૪૩૦૮ મુજબ);	૬૦,૪૩૪.૭૮	
૧૪.	કોઠારી ઓરિએન્ટ ફાઇનાન્સ લિ. તરફથી, જે. જયલલિતા (એફડીઆર નં. ૫૩૩૯૧ અને ૬૪૨૮૦ મુજબ);	૫૦,૪૩૪.૭૮	
૧૫.	કેન ફાઇનાન્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને વ્યાજ (એફડીઆર નં. ૧૮૬/૧૯૯૧-૯૨ મુજબ);	૮,૭૬,૮૯૬.૦૦	પી.૧૩૭૭
૧૬.	કેન ફાઇનાન્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને વ્યાજ (એફડીઆર નં. ૩૫૨/૧૯૯૪-૯૫ મુજબ);	૪,૭૧,૮૦૮.૦૦	પી.૧૩૭૭
૧૭.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૩૦ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૦૬૮૩૫	૬,૫૩,૮૧૮.૦૦	પી.૧૩૮૨

	મુજબ);		
૧૮.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૧૫ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૦૭૬૯૪ મુજબ);	૩,૦૯,૦૮૮.૬૦	પી.૧૩૮૨
૧૯.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૧૫ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૧૫૯૫૪ મુજબ	૨,૦૯,૯૨૮.૫૦	પી.૧૩૮૨
૨૦.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૧૦ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૧૫૯૫૫ મુજબ;	૧,૩૯,૯૪૭.૮૦	પી.૧૩૮૨
૨૧.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૫ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૧૫૯૫૬ મુજબ;	૮૪,૫૨૨.૮૦	પી.૧૩૮૨
૨૨.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૫ લાખ માટે વ્યાજ (એફડીઆર નં.	૧,૨૭,૮૭૧.૫૦	પી.૧૩૮૨

	૭૧૫૩૩ મુજબ;		
૨૩.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૫ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૨૧૩૩૦ મુજબ;	૮૭,૯૬૦.૮૩	પી.૧૩૮૨
૨૪.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૨૦ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૫૦૨૫૩૬૭ મુજબ;	૧,૩૪,૯૭૭.૦૦	પી.૧૩૮૨
૨૫.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૨૦ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૪૫૮૯૭ મુજબ;	૪,૭૬,૦૨૩.૨૭	પી.૧૩૮૨
૨૬.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૩ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૪૭૪૩૭ મુજબ;	૨,૦૬,૨૩૭.૦૦	પી.૧૩૮૨
૨૭.	શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૨૦ લાખ માટે વ્યાજ (એફડીઆર નં. ૭૩૨૧૧ મુજબ;	૫,૦૨,૨૦૭.૦૦	પી.૧૩૮૨

૨૮.	તપાસ સમયગાળા દરમિયાન શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ તરફથી સેલ્વી જે. જયલલિતાને રૂ. ૭ લાખ માટે વ્યાજ (તા. ૪.૫.૧૯૯૦ ના એફડીઆર નં. ૩૧૨૫૧ મુજબ;	૮૭,૦૨૪.૦૦	પી.૧૩૮૨
૨૯.	બેંક ઓફ મદુરાઈ, અન્ના નગર, ચેન્નાઈના એસબી ૫૧૫૮ મુજબ સેલ્વી જે. જયલલિતાને ચૂકવાયેલ વ્યાજ;	૪૭,૨૬૫.૮૧.૦૦	પી.૧૯૬૦
૩૦.	શ્રીમતી એન. શશિકલાને ચૂકવાયેલ વ્યાજ (સીબીઆઈ, સિકંદરાબાદના તેમના એસબી ૨૨૭૯૨ મુજબ);	૨૭,૩૦૪.૦૦	પી.૯૩૬પી.૯૩૭
૩૧.	સીબીઆઈ, સિકંદરાબાદના એસબી ૨૦૬૧૪ મુજબ સેલ્વી જે. જયલલિતાને ચૂકવાયેલ વ્યાજ;	૩,૧૭,૭૮૧.૦૦	પી.૯૩૬પી.૯૩૭
૩૨.	સીબીઆઈ, સિકંદરાબાદમાં મીડિયમ ટર્મ ડિપોઝિટમાંથી સેલ્વી જે. જયલલિતાને ચૂકવાયેલ વ્યાજ (એનપીડી ૬૬૯ – રૂ. ૨૭,૨૭૨.૦૮;	૧,૬૧,૪૫૧.૪૮.૦૦	પી.૯૩૬પી.૯૩૭

	૬૮/૩૩ – રૂ. ૭૭,૧૬૨.૪૦; ૬૦/૯ – રૂ. ૧૪,૮૭૪/–; ૭૦/૯ – રૂ. ૪૨,૧૪૩/– મુજબ)		
૩૩.	સેલ્વી જે. જયલલિતાની તરફેણમાં ગ્રેપ ગાર્ડન, હૈદરાબાદમાંથી ખેતીની આવક;	૫,૭૮,૩૪૦.૦૦	પી.૯૩૮
૩૪.	૩૬, શ્રી નગર કોલોની, હૈદરાબાદ માટે ભાડાની આવક પેટે સેલ્વી જે. જયલલિતાની તરફેણમાં સીબીઆઈ, સિકંદરાબાદના એસબી ૨૦૧૬૪ ખાતામાં ક્લિયરિંગ દ્વારા આવક;	૩,૪૨,૫૨૦.૪૦	પી.૯૩૬
૩૫.	૧૯.૧૨.૧૯૮૮ ના રોજ ખોલવામાં આવેલ કેનેરા બેંક, કેલીસ બ્રાન્ચના એસબી ૩૮૬૭૧ મારફતે સેલ્વી જે. જયલલિતાને ચૂકવાયેલ વ્યાજ;	૧૪,૪૪૬.૦૦	પી.૯૭૫
૩૬.	બેંક ઓફ મદુરાઈની રૂ. ૧૦ લાખની થાપણ રકમ (તા. ૩૦.૪.૧૯૯૦ ના એમઆઈડીએસ નં.	૮૨,૬૦૦.૦૦	પી.૧૯૬૧પી.૧૯૬૦

	૭૧૬૭૬૭ મુજબ) માંથી સેલ્વી જે. જયલલિતાની માસિક આવક થાપણ યોજનામાંથી આવક જે ૮.૬.૧૯૯૨ સુધી ચાલી હતી જોકે એફડી ૩૦.૪.૧૯૯૨ ના રોજ પાકી ગઈ હતી જેના માટે સેલ્વી જે. જયલલિતાના કેનેરા બેંક, કેલી બ્રાન્ચના એસબી ૩૮૬૭૧ મારફતે વ્યાજ મેળવવામાં આવ્યું હતું		
૩૭.	એન. શશિકલાને કેનેરા બેંક, માયલાપોરના એસબી ખાતા નં. ૨૩૨૧૮ માંથી વ્યાજ;	૧,૮૯,૭૬૧.૦૦	પી.૧૫૧૦
૩૮.	શ્રીમતી એન. શશિકલાને રૂ. ૧૮ લાખ માટે કેનેરા બેંક, માયલાપોરના એફડીઆર નં. ૭૧૮/૧૯૯૨ માંથી રૂ. ૨૯,૪૯૦/- નું વ્યાજ; એફડીઆર નં. ૯૫૪/૧૯૯૨ માંથી રૂ. ૫૩,૨૬૦/-; એફડીઆર નં. ૧૩૯૭/૧૯૯૨ માંથી રૂ. ૪૮,૮૨૨/-;	૨,૫૭,૧૧૮.૦૦	પી.૧૫૧૦પી.૧૫૧૯

	એફડીઆર નં. ૨૩૬/૧૯૯૩ માંથી રૂ. ૪૮,૮૨૨/-; એફડીઆર નં. ૬૩૩/૧૯૯૩ માંથી રૂ. ૪૪,૩૮૪/-; અને એફડીઆર નં. ૮૬૮/૧૯૯૩ માંથી રૂ. ૩૨,૩૪૦/-;		
૩૯.	કેન ફાઇનાન્સમાંથી એન. શશિકલાને રૂ. ૨૫ લાખ માટે એફડીઆર નં. ૧૮૯/૧૯૯૧-૯૨ માં વ્યાજ;	૧૦,૦૩,૧૯૧.૦૦	પી.૧૫૧૦
૪૦.	શ્રીમતી એન. શશિકલાના સીબીઆઈ, સિકંદરાબાદના એસબી ૨૨૭૯૨ માં ક્લિયરિંગ દ્વારા આવક (નં. ૧૬, રાધિકા કોલોની, સિકંદરાબાદ માટે ભાડાની આવક);	૨,૨૩,૦૦૦.૦૦	પી.૯૩૭
૪૧.	કેનેરા બેંક, કેલીસ બ્રાન્ચના એસબી ૩૮૭૪૬ મારફતે શ્રીમતી એન. શશિકલાને ચૂકવાયેલ વ્યાજ;	૩,૯૦૧.૦૦	પી.૯૭૭
૪૨.	કેનેરા બેંક, માયલાપોરના એસબી ૨૪૬૨૧ માંથી વી.એન. સુધાકરનને વ્યાજ;	૨૪,૩૨૩.૦૦	પી.૧૫૭૨
૪૩.	કેનેરા બેંક,	૧ ૩,૫૬૨.૦૦	પી.૧૫૭૨

	માયલાપોરના એફડીઆર નં. ૧૪૦૧/૧૯૯૨ માંથી રૂ. ૫ લાખ માટે વી.એન. સુધાકરનને વ્યાજ;		
૪૪.	એફડીઆર ૧૪૦૧/૧૯૯૨ ના રિન્યુઅલ દ્વારા રૂ. ૫ લાખ માટે કેનેરા બેંક, માયલાપોરના એફડીઆર ૨૩૮/૧૯૯૩ માંથી વ્યાજ;	૧૨,૩૨૯.૦૦	પી.૧૫૭૬
૪૫.	૩.૨.૧૯૯૩ થી વી.એન. સુધાકરનની માલિકીની વાહન નં. ટીએસઆર ૩૩૩ સ્વરાજ મઝદા વાન માટે એસીટી ઇન્ડિયા લિ. તરફથી હાયર ચાર્જિસ;	૯,૧૮,૯૧૦.૦૦	પી.૬૫૯
૪૬.	સેલ્વી જે. જયલલિતા દ્વારા કેન ફિન. હોમ્સ લિ.માં કરવામાં આવેલી થાપણો માટે વી.એન. સુધાકરન દ્વારા મેળવવામાં આવેલ બ્રોકરેજ ચાર્જિસ (એફડીઆર નં. ૧૮૬/૧૯૯૧–૯૨ અને ૩૫૨/૧૯૯૪–૯૫ મુજબ);	૩,૦૦,૦૦૦.૦૦	પી.૫૪૮
૪૭.	રોયાપેટ્ટા બેનિફિટ	૩૫,૦૦,૦૦૦.૦૦	

	ફંડ (આરબીએફ નિધિ) લિ.માંથી શ્રીમતી જે. ઇલાવરાસી દ્વારા મેળવવામાં આવેલ લોન (તા. ૭.૧૦.૧૯૯૫ ના એચએમએલ/૭૮૭ મુજબ);		
૪૮.	૩.૨.૧૯૯૩ થી ૩૦.૪.૧૯૯૬ સુધી શ્રીમતી જે. ઇલાવરાસીની માલિકીની સ્વરાજ મઝદા વાનના વાહન નં. ટીએન-૦૧/એચ-૯૯૯૯ માટે એસીટી ઇન્ડિયા લિ. તરફથી મેળવવામાં આવેલ હાયર ચાર્જિસ;	૬,૨૬,૪૧૦.૦૦	પી.૬૫૮
૪૯.	વિવેકના વાલી શ્રીમતી જે. ઇલાવરાસીને ઇન્ડિયન બેંક, અભિરામપુરમના એસબી ખાતા નં. ૨૫૩૮૯ દ્વારા ચૂકવાયેલ વ્યાજ;	૯,૭૬૩.૦૦	પી.૧૬૧૩
૫૦.	સેલ્વી જે. જયલલિતાના અન્ના નગરના બીઓએમ ખાતામાંથી તા. ૪.૫.૧૯૯૦ ના ચેક નં. ૯૦૭૫૨૧ દ્વારા જમા કરાવવામાં આવેલ શ્રીરામ ઇન્વેસ્ટમેન્ટ્સ	૯૦,૮૦૭.૫૯	પી.૧૨૬-૧૩૨

	લિ.માં રૂ. ૭ લાખની એફડી (તા. ૪.૫.૧૯૯૦ ની એફડી રસીદ નં. ૩૧૨૫૧ મુજબ) ના સંદર્ભમાં ૭/૧૯૯૧ થી ૪.૬.૧૯૯૨ સુધી માસિક વ્યાજ સ્વરૂપે આવક;		
૫૧.	તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે સેલ્વી જે. જયલલિતાનો ૨૭ મહિના માટે મહિને રૂ. ૧/– લેખે ઉપાડવામાં આવેલ પગાર;	૨૭.૦૦	પી.૬૯૪–૬૯૭
૫૨.	સિપકોટને ચૂકવણી (રૂ. ૭૨ લાખ) અને ઇન્ડાગ પ્રોડક્ટ્સ લિ.ના શેરોની ખરીદી માટે જેમ્સ ફ્રેડરિકને રૂ. ૨૦ લાખની ચૂકવણી બાદ ૧૪.૧૨.૧૯૯૪ થી ૮.૪.૧૯૯૬ સુધી કડલૂરમાં સિપકોટ ઇન્ડસ્ટ્રીઝના સંદર્ભમાં સ્પીક (SPIC) તરફથી ઇન્ડો દોહાની લીઝની આવક (રૂ. ૧,૨૨,૪૦,૦૦૦/–);	૩૦,૪૦,૦૦૦.૦૦	પી.૫૬૩,પી.૫૬૪
૫૩.	એસ૭, ગણપતિ કોલોની, તિરુ–વિ–કા ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, "ગિન્ડી,	૨,૩૩,૭૬૯.૦૦	પી.૬૫૫–૬૫૭

	જયા પબ્લિકેશન્સના મકાનની જાન્યુઆરી, ૧૯૯૩ થી એપ્રિલ, ૧૯૯૬ સુધી સ્પીક પાસેથી લીઝ પરથી ભાડાની આવક., ૩૭,૬૭,૩૫૮.૦૦ પી.૬૫૫–૬૫૭ ૫૪. જાન્યુઆરી, ૧૯૯૪ થી એપ્રિલ, ૧૯૯૬ સુધી લીઝ પર આપવામાં આવેલ સેલ્વી જે. જયલલિતાના મકાન નં. ૧૯, પદ્મમ્મલ સ્ટ્રીટ, મંદાવેલીમાંથી ભાડાની આવક;		
૫૫.	જુલાઈ, ૧૯૯૫ થી એપ્રિલ, ૧૯૯૬ સુધી લીઝ પર આપવામાં આવેલ આંજનેય પ્રિન્ટર્સ પ્રા. લિ.ના મકાન, ૨૧, પદ્મનાભ સ્ટ્રીટ, ટી. નગર, ચેન્નાઈમાંથી ભાડાની આવક;	૩,૮૨,૫૦૦.૦૦	એક્સ–૨
૫૬.	ઇન્ડિયન બેંક, અભિરામપુરમમાં માસ્ટર વિવેકના નામે એસબી ખાતા નં. ૪૧૧૦ માં મેળવવામાં આવેલ વ્યાજ;	૧૦,૨૧૩.૦૦	પી.૧૧૩૮
૫૭.	૦૭/૧૯૯૫ થી ૦૪/૧૯૯૬	૯૧,૦૦૦.૦૦	

	સુધીના સમયગાળા માટે જે.એસ. હાઉસિંગના મકાન નં. ૧, મર્ફી સ્ટ્રીટ, અક્કરઈ માટે મેળવવામાં આવેલ ભાડાની આવક અને ભાડાનું એડવાન્સ;		
૫૮.	શ્રીમતી એન. શશિકલાના ફ્લેટ નં. ૭, અંતુ સ્ટ્રીટ, સાન્થોમ, માયલાપોર (આરઆર ફ્લેટ્સ) માંથી ભાડાની આવક (રૂ. ૨૦,૦૦૦/– ના ભાડાના એડવાન્સ સહિત);	૧,૯૪,૦૦૦.૦૦	
૫૯.	૧/૧૯૯૨ થી ૪/૧૯૯૬ સુધીના સમયગાળા માટે દુકાન નં. ૨૦, નં. ૧૪, ખાદર નવાઝખાન રોડ (જેમ કોર્ટ), નુગમ્બક્કમ, ચેન્નાઈમાંથી ભાડાની આવક અને એડવાન્સ ((રૂ. ૪૦૦૦ x ૪) + રૂ. ૪૬૦૦ x ૩૫) + રૂ. ૫૩૦૦ x ૧૩) + રૂ. ૨૫૦૦૦);	૨,૭૦,૯૦૦.૦૦	
૬૦.	૧૨/૧૯૯૪ થી ૦૪/૧૯૯૬ સુધી નં. ૧, વોલેસ ગાર્ડન, પહેલી	૪,૫૦,૦૦૦.૦૦	

	સ્ટ્રીટ, ચોથા માળ પરથી ભાડાની આવક અને એડવાન્સ ((૩. ૨૫૦૦૦ x ૧૭) + ૩. ૭૫૦૦૦);		
૬૧.	૧/૧૯૯૨ થી ૪/૧૯૯૬ સુધીના સમયગાળા માટે દુકાન નં. ૯, ખાદર નવાઝખાન રોડ (જેમ કોર્ટ), ચેન્નાઈમાંથી ભાડાની આવક અને એડવાન્સ ((૩. ૪૦૦૦ x ૪૯) + ૩. ૪૫૦૦ x ૩) + (૩. ૪૫૦૦૦ એડવાન્સ તરીકે))	૨,૦૧,૦૦૦.૦૦	
૬૨.	જુલાઈ, ૧૯૯૩ થી ૩૦.૪.૧૯૯૬ સુધીના સમયગાળા માટે દુકાન નં. ૮, ખાદર નવાઝખાન રોડ (જેમ કોર્ટ), ચેન્નાઈમાંથી ભાડાની આવક અને એડવાન્સ ((૩. ૩૬૦૦ x ૩૪) + (૩. ૨૧૬૦૦ એડવાન્સ તરીકે))	૧,૪૪,૦૦૦.૦	
૬૩.	ઓગસ્ટ અને ઓક્ટોબર, ૧૯૯૩ અને જૂન, ૧૯૯૪ દરમિયાન શ્રીમતી જે. ઈલાવરાસી દ્વારા તેમના પતિ જયરામનના મૃત્યુ	૧,૦૧,૨૩૧.૦૦	પી.૯૯૧,પી.૯૯૪

	પર ફેમિલી બેનિફિટ ફંડ અને ગ્રેચ્યુઈટી પેટે મેળવવામાં આવેલી રકમ;		
૬૪.	૮/૧૯૯૩ થી ૪/૧૯૯૬ સુધીના સમયગાળા માટે મહા શુભલક્ષ્મી કલ્યાણ મંડપમ, અરુમ્બક્કમ, ચેન્નાઈમાંથી ચોખ્ખી આવક	૧૪,૫૦,૦૯૭.૬૦	પી.૧૯૬૬
કુલ સરવાળો	૯,૩૪,૨૬,૦૫૩.૫૬		

૨૨. ટ્રાયલ કોર્ટે સદર આવકના સંદર્ભમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ તેમજ આરોપી વતી ઉઠાવવામાં આવેલા વાંધાઓ પર આધાર રાખ્યો હતો અને ત્યારબાદ નીચે મુજબના નિષ્કર્ષ પર આવી હતી:

"આમ, ઉપર મુજબ આરોપી દ્વારા ઉઠાવવામાં આવેલા વાંધાઓનો જવાબ આપતા અને ઉપરની ચર્ચાના પ્રકાશમાં, તપાસ સમયગાળા દરમિયાન આરોપીની કુલ આવક અંગે મારો નિષ્કર્ષ નીચે મુજબ છે:

ગણતરી કરેલ કુલ આવક	
એનેક્ષર ૩ મુજબ –	રૂ. ૯,૩૪,૨૬,૦૫૩.૫૬
બાદ: આઇટમ નં. ૫૫ –	રૂ. ૩૫,૦૦૦.૦૦
બાદ: આઇટમ નં. ૬૦ –	રૂ. ૧,૨૨,૭૫૦.૦૦
	રૂ. ૯,૩૦,૬૮,૩૦૩.૫૬
ઉમેરો: આઇટમ નં. ૨૯ –	રૂ. ૪,૪૨૭.૧૯
ઉમેરો: આઇટમ નં. ૨૭ –	રૂ. ૧,૧૫,૬૪૦.૦૦

ઉમેરો: આઇટમ નં. ૪૮ –	રૂ. ૬,૬૦,૦૬૪.૦૦
ઉમેરો: આઇટમ નં. ૫૨ –	રૂ. ૪૮,૩૫,૦૦૦.૦૦
ઉમેરો: આઇટમ નં. ૩૩ (ગ્રેપ ગાર્ડન)–	રૂ. ૪,૨૧,૬૬૦.૦૦
	————————————————
કુલ આવક –	રૂ. ૯,૯૧,૦૫,૦૯૪.૭૫

ત્યારબાદ, ટ્રાયલ કોર્ટે તપાસ સમયગાળા દરમિયાન થયેલા ખર્ચ અંગે કાર્યવાહી કરી જે એનેક્ષર–૪ (આંક પી–૨૩૩૦) માં ખાસ દર્શાવેલ છે જે નીચે મુજબ આપવામાં આવેલ છે:

૧.૭.૧૯૯૧ અને ૩૦.૦૪.૧૯૯૬ વચ્ચે થયેલ ખર્ચ

એનેક્ષર – ૪ (આંક પી.૨૩૩૦)

ક્રમ નં.	**ખર્ચની વિગતો**	**રકમ (રૂપિયામાં)**	**આંક**	**સાક્ષીઓ**
૧.	૨૫.૦૬.૧૯૯૪ ના રોજ લોન ખાતું બંધ કરતી વખતે ઇન્ડિયન બેંક, અભીરામપુરમમાંથી મેસર્સ જયા પબ્લિકેશન્સ દ્વારા લેવામાં આવેલી રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/– ની લોનના સંબંધમાં વ્યાજ	૫૦,૯૩,૯૨૧	આંક પી.૧૦૨૭	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨

	પેટે ચૂકવવામાં આવેલ રકમ (રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/– ની મૂળ રકમ સિવાય)			
૨.	ઇન્ડિયન બેંક, અભીરામપુરમમાંથી મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસ દ્વારા લેવામાં આવેલી લોનની ચુકવણી રૂ. ૧૧,૯૪,૯૭૭.૦૦ (પી) રૂ. ૬,૮૭,૭૦૬.૦૦ (આઇ) રૂ. ૧૮,૩૨,૬૮૩.૦૦	૧૮,૩૨,૬૮૩	આંક પી.૧૨૬૦	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨
૩.	ઇન્ડિયન બેંક અભીરામપુરમમાંથી જે ફાર્મ હાઉસીસ દ્વારા લેવામાં આવેલી રૂ. ૨૮,૦૦,૦૦૦/– ની લોન પર વ્યાજની ચુકવણી ૨૩,૭૭૪	આંક પી.૧૨૧૨	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨	
૪.	ઇન્ડિયન બેંક, અભીરામપુરમમાંથી મેસર્સ જે એસ હાઉસિંગ ડેવલપમેન્ટ દ્વારા લેવામાં આવેલી રૂ.	૧૧,૮૮૭.૦૦	આંક પી.૧૧૭૩	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨

	૭,૦૦,૦૦૦/– ની લોન પર વ્યાજની ચુકવણી.			
૫.	ઇન્ડિયન બેંક, અભીરામપુરમમ ાંથી મેસર્સ જય રીયલ એસ્ટેટ દ્વારા લેવામાં આવેલી રૂ. ૫,૦૦,૦૦૦/– ની લોન પર વ્યાજની ચુકવણી	૧૧,૮૮૭	આંક પી.૧૧૬૩	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨
૬.	મેસર્સ અંજનેયા પ્રિન્ટર્સ (પ્રા.) લિ. દ્વારા લેવામાં આવેલી રૂ. ૭૫,૦૦,૦૦૦ /– ની લોન પર વ્યાજની ચુકવણી	૧૧,૮૧,૪૨૫.૧૬	આંક પી.૧૨૩૩	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨
૭.	ઇન્ડિયન બેંક, અભીરામપુરમમ ાંથી મેસર્સ મહાસુભા લક્ષ્મી કલ્યાણ મંડપમ દ્વારા લેવામાં આવેલી રૂ. ૧૭,૮૬,૦૦૦ /– ની લોન પર વ્યાજની ચુકવણી.	૩,૮૪,૪૦૦.૦૦	આંક પી.૧૩૫૬	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨
૮.	ઇન્ડિયન બેંક, અભીરામપુરમમ	૧૭,૫૨,૦૬૯.૦૦	આંક પી.૧૩૩૦	ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨

	ાંથી મેસર્સ લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ (પ્રા.) લિ. દ્વારા લેવામાં આવેલી રૂ. ૮૩,૦૦,૦૦૦ /– ની લોન પર વ્યાજની ચુકવણી.			
૯.	એમએફ–૯, ગીંડી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગીંડી ખાતે છત બદલવા માટે મેસર્સ જયા પબ્લિકેશન્સના સંબંધમાં બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૧૪.૦૨.૯૪ ના રોજ ચૂકવેલ)	૧૩,૮૪૦.૦૦	આંક પી.૬૫	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૦.	નં. ૨૧, પદ્મનાભ સ્ટ્રીટ, ટી. નગર, ચેન્નઇ–૧૭ ખાતે મેસર્સ અંજનેયા પ્રિન્ટર્સ (પ્રા.) લિ.ના સંબંધમાં બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે મદ્રાસ	આંક પી.૬૪	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦	

	કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૧૪.૦૨.૯૪ ના રોજ ચૂકવેલ) ૧૪,૫૬૦.૦૦			
૧૧.	નં. ૧૪૯, અને ૧૫૦, ટીટીકે રોડ, ચેન્નઇ – ૧૮ ખાતે મેસર્સ લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ (પ્રા.) લિ. ના સંબંધમાં બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૨૦.૧૨.૯૫ ના રોજ ચૂકવેલ) ૧,૪૫,૩૨૦.૦૦	આંક પી.૫૧	ફરિયાદપક્ષના સાક્ષી ૧૯	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૨.	વધારાના બાંધકામ માટે નં. ૩૬, પોયસ ગાર્ડન ખાતે બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૧૧.૧૨.૯૧ ના રોજ ચૂકવેલ)	૧૨,૭૦૦.૦૦	આંક પી.૫૮	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૩.	નં. ૫,	૭૦,૧૪૦.૦૦	આંક પી.૫૪	ફરિયાદપક્ષના

	મુરુગેસન સ્ટ્રીટ, ટી. નગર, ચેન્નઇ ખાતે બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૦૭.૧૧.૯૫ ના રોજ ચૂકવેલ)			સાક્ષી ૧૯ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૪.	નં. ૧૯, પટ્ટમ્મલ સ્ટ્રીટ ખાતે સૂચિત ઉમેરાઓ અને હાલના મકાનના નિયમિતકરણ માટે બિલ્ડિંગ પ્લાન (મેસર્સ જયા પબ્લિકેશન્સ) માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૦૩.૦૩.૯૩ ના રોજ ચૂકવેલ)	૧,૩૫૦.૦૦	આંક પી.૬૩	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૫.	પ્લોટ નં. એસ–૭, ગણપતિ કોલોની, ગીંડી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે મેસર્સ જયા પબ્લિકેશન્સના સંબંધમાં	૯૯,૨૯૫.૦૦	આંક પી.૫૫, ૫૬	ફરિયાદપક્ષના સાક્ષી ૧૯

	બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ, ૧૯.૦૩.૯૨ ના રોજ ચૂકવેલ			
૧૬.	નં. ૩૬, પોયસ ગાર્ડન, એડિશનલ બ્લોક ખાતે બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ, (૨૨.૧૧.૯૧, ૦૭.૧૨.૯૨, ૧૦.૦૨.૯૩ અને ૧૯.૦૨.૯૩ ના રોજ ચૂકવેલ) રૂ. ૨૮૫૦.૦૦ ૫૫૦.૦૦ ૨,૨૫૦.૦૦ ૨૧,૦૮૫.૦૦ ———————— ૨૬,૭૩૫.૦૦ ———————— ૨૨૬,૭૩૫.૦૦ આંક પી.૪૮ થી ૫૦ અને ૫૯ ફરિયાદપક્ષના સાક્ષી ૧૯ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦	૨૬,૭૩૫.૦૦	આંક પી.૪૮ થી ૫૦ અને ૫૯	ફરિયાદપક્ષના સાક્ષી ૧૯ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦

	સ્પેશિયલ સી.સી.૨૦૮/ ૨૦૦૪ ૨૯૬			
૧૭.	સિક્યુરીટી રૂમના ઉમેરાઓ માટે, નં. ૩૬, પોયસ ગાર્ડન ખાતે બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૧૯.૦૨.૯૩ ના રોજ ચૂકવેલ)	૧૦,૯૨૫.૦૦	આંક પી.૬૦	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૮.	નં. ૪૮, ઈનર રીંગ રોડ, એક્કટ્ટુથાંગલ, ગીંડી (એટલે કે, મેસર્સ શાસ્ત્રી નટ્સ એન્ડ પ્લેટ્સ મેન્યુફેક્ચરીંગ (પ્રા.) લિ., (૨૬.૧૧.૯૩ ના રોજ ચૂકવેલ) મેસર્સ અંજનેયા પ્રિન્ટર્સ (પ્રા.) લિ. ખાતે બિલ્ડિંગ પ્લાન માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ	૨૯,૮૫૦.૦૦	આંક પી.૬૧	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૧૯.	સેલ્વી જે. જયલલિતાના	૧,૭૮૫.૦૦	આંક પી.૬૨	ફરિયાદપક્ષના સાક્ષી ૨૦

	ડોર નં. ૨૧૨, ૨૧૩ સેન્ટ મેરીસ રોડ, માયલાપોર, ચેન્નઇ – ૪ ખાતે હાલના મકાનમાં સૂચિત ફેરફારોના સંબંધમાં બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે મદ્રાસ કોર્પોરેશનને ચૂકવવામાં આવેલ રકમ (૦૫.૦૨.૯૨ ના રોજ ચૂકવેલ)			
૨૦.	પ્લોટ નં. ૬, તિરુ – વી – કા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગીંડી ખાતે બિલ્ડિંગ પ્લાનની મંજૂરી માટે એમએમડીએ ને ચૂકવવામાં આવેલ રકમ, (૨૦.૦૨.૯૬ ના રોજ ચૂકવેલ)	૪,૭૬,૫૨૫.૦૦	આંક પી.૬૬	ફરિયાદપક્ષના સાક્ષી ૧૯ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦
૨૧.	ડોર નં. ૨૧૩, સેન્ટ મેરીસ રોડ, મંડવેલી, ચેન્નઇ – ૨૮ ખાતે જૂના મકાન તોડી પાડવાના ખર્ચ પેટે ચૂકવવામાં	૧૮,૫૭૦.૦૦	આંક પી.૬૭૬	ફરિયાદપક્ષના સાક્ષી ૧૧૭ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦

	આવેલ રકમ.			
૨૨.	ટીએમટી જે. ઈલાવરસી દ્વારા લેવામાં આવેલી રૂ. ૩૫ લાખની લોન માટે ચેક પિરિયડના અંત સુધી આરબીએફ નિધિ લિ.ના લોન ખાતા નં. ૭૮૭ તા. ૦૭.૧૦.૯૫ પેટે ચૂકવવામાં આવેલ વ્યાજ.	૪,૪૧,૫૬૯.૦૦		ફરિયાદપક્ષના સાક્ષી ૨૧૧
૨૩.	કેનેરા બેંક, માયલાપોરના એસબી ૨૩૨૧૮ માંથી ફાઈવ સ્ટાર ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સને ચૂકવવામાં આવેલ રકમ ટીએમટી એન. શશિકલા	૧,૦૧,૩૧૫.૭૦	આંક પી.૮૨૩ થી ૮૩૨	ફરિયાદપક્ષના સાક્ષી ૧૫૪ ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧
૨૪.	ટીએમટી એન. શશિકલા દ્વારા કેનેરા બેંક માયલાપોરના એસબી ૨૩૨૧૮ માંથી એલઆઈસી પ્રીમિયમની ચુકવણી (૨૬.૦૩.૯૨)	૧૩,૯૬૦.૫૦		ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧
૨૫.	૧૩.૦૭.૯૫ ના	૬૦૦.૦૦		ફરિયાદપક્ષના

	રોજ રૂ. ૯,૩૫,૦૦૦/– નો ડીડી ખરીદવા માટે કેનેરા બેંક, માયલાપોરના એસબી ૨૩૨૧૮ માંથી ડીડી કમિશન પેટે કરવામાં આવેલ ચુકવણી			સાક્ષી ૨૦૧
જો સરભર કર્યા પછી પણ દંડની રકમ ઓછી પડે, તો કોર્ટ સમક્ષ જપ્ત કરાયેલા અને રજૂ કરાયેલા સોના અને હીરાના આભૂષણો (પ્રમાણસર હીરાના દાગીના સાથે ૭૦૪૦ ગ્રામ સોનું અલગ રાખ્યા પછી), ચુકાદાના મુખ્ય ભાગમાં નોંધ્યા મુજબ દંડની રકમની ખાધ પૂરી કરવા માટે આરબીઆઇ અથવા એસબીઆઇ ને અથવા જાહેર હરાજી દ્વારા વેચવામાં આવશે. બાકીના સોના અને હીરાના દાગીના સરકારમાં જપ્ત કરવામાં આવશે.

લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ, મીડોવ એગ્રો ફાર્મ્સ પ્રાઇવેટ લિમિટેડ, રામરાજ એગ્રો મિલ્સ પ્રાઇવેટ લિમિટેડ, સિગ્નોરા બિઝનેસ એન્ટરપ્રાઇઝિસ (પી) લિમિટેડ, રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ (પી) લિમિટેડ, અને ઇન્ડો દોહા કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ ના નામે નોંધાયેલી તમામ

સ્થાવર મિલકતો, જે જી.ઓ. નં. એમ.એસ. ૧૨૦ અને ૧૧૮૩ મુજબ જોડાણ હેઠળ છે, તે રાજ્ય સરકારને જપ્ત કરવામાં આવશે.

ઉપર મુજબ વસૂલ કરાયેલી દંડની રકમમાંથી, રૂ. ૫ કરોડની રકમ કર્ણાટક રાજ્યમાં હાથ ધરાયેલી ટ્રાયલના ખર્ચની ભરપાઈ પેટે કર્ણાટક રાજ્યને આપવામાં આવશે. આરોપીને તાત્કાલિક સંપૂર્ણ ચુકાદાની મફત નકલ પૂરી પાડો."

૨૬. નારાજ થઈને, બેંગ્લોર ખાતેની ૩૬ મી એડિશનલ સિટી સિવિલ એન્ડ સેશન્સ જજની કોર્ટ દ્વારા પસાર કરાયેલા હુકમને પડકારતી કર્ણાટક હાઈકોર્ટ સમક્ષ આરોપીઓ દ્વારા અપીલો દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટે તેના વિશ્લેષણ પર તે નિષ્કર્ષ પર આવી હતી કે સામેલ પેઢીઓ/કંપનીઓ સાથે સંયુક્ત રીતે આરોપી નં. ૧, ૨, ૩ અને ૪ ના સંદર્ભમાં તપાસ સમયગાળાના અંતે સંપત્તિનું મૂલ્ય રૂ. ૬૬,૪૪,૭૩,૫૩૭/- હતું અને ફરિયાદપક્ષ દ્વારા દર્શાવેલ સંપત્તિના મૂલ્યને સ્વીકાર્યું. હાઈકોર્ટે, ત્યારબાદ માં નિર્ધારિત સિદ્ધાંતો લાગુ કરીને, આરોપી નં. ૧ થી ૪, તેમની પેઢીઓ અને કંપનીઓની કુલ સંપત્તિ, આવક અને ખર્ચની ગણતરી પર, નીચે મુજબ અપ્રમાણસર સંપત્તિની ટકાવારી પર આવી:

વિગતો	રકમ (રૂપિયામાં)	કુલ રકમ (રૂપિયામાં)
ડીવીએસી મુજબની સંપત્તિ ૧) બાંધકામ ખર્ચ: ડીવીએસી મુજબ બાદ: રેકોર્ડ અને તારણ મુજબ કુલ (એ)	૨૭,૭૯,૮૮,૯૪૫ ૫,૧૦,૫૪,૦૬૦ ૨૨,૬૯,૩૪,૮૮૫	૬૬,૪૪,૭૩,૫૭૩
૨) લગ્નખર્ચ: ડીવીએસી મુજબ બાદ: આ કોર્ટના તારણ મુજબ કુલ (બી)	૬,૪૫,૦૪,૨૨૨ ૨૮,૬૮,૦૦૦ ૬,૧૬,૩૬,૨૨૨	

(એ+બી)	૨૮,૮૫,૭૧,૧૦૭	
બાદ: (એ+બી)		૨૮,૮૫,૭૧,૧૦૭
કુલ સંપત્તિ	૩૭,૫૯,૦૨,૪૬૬	

આરોપી નં. ૧ થી ૪, પેઢીઓ અને કંપનીઓની આવક:

ક્રમ નં.	વિગતો	રકમ (રૂપિયામાં)
૧.	આવક તરીકે લોન	૧૮,૧૭,૪૬,૦૦૦
૨.	દ્રાક્ષના બગીચામાંથી આવક	૪૬,૭૧,૬૦૦
૩.	ભેટ	૧,૫૦,૦૦,૦૦૦
૪.	શશી એન્ટરપ્રાઇઝિસ	૨૫,૦૦,૦૦૦
૫.	જયા પબ્લિકેશન્સ અને નમધુ એમજીઆર	૪,૦૦,૦૦,૦૦૦
૬.	સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૧,૦૦,૦૦,૦૦૦
૭.	ભાડાની આવક	૩,૨૨,૦૦૦
૮.	ડીવીએસી દ્વારા આકારવામાં આવેલ આવક	૯,૩૪,૨૬,૦૫૪
	કુલ આવક	૩૪,૭૬,૬૫,૬૫૪

અપ્રમાણસર સંપત્તિ:

કુલ સંપત્તિ – કુલ આવક

૩. ૩૭,૫૯,૦૨,૪૬૬ – ૩. ૩૪,૭૬,૬૫,૬૫૪ = ૩. ૨,૮૨,૩૬,૮૧૨

ટકાવારી =	અપ્રમાણસર સંપત્તિ x ૧૦૦ આવક
=	૩. ૨,૮૨,૩૬,૮૧૨ x ૧૦૦ ૩. ૩૪,૭૬,૬૫,૬૫૪
=	૮.૧૨%

૨૭. ક્રિષ્નાનંદ અગ્નિહોત્રી (ઉપર મુજબ) માં નિર્ધારિત સિદ્ધાંતોને અનુસરીને, હાઇકોર્ટે ઠેરવેલ કે જ્યારે ૧૦% અથવા તેથી નીચેની હદ સુધી અપ્રમાણસર સંપત્તિ હોય, ત્યારે આરોપીઓ નિર્દોષ છૂટવાને પાત્ર છે અને તે મુજબ હાઇકોર્ટે આરોપીને નિર્દોષ છોડી દેતો નીચેનો હુકમ પસાર કર્યો:

"(એ) ક્રિમિનલ અપીલ નં. ૮૩૫/૨૦૧૪, ૮૩૬/૨૦૧૪, ૮૩૭/૨૦૧૪ અને ૮૩૮/૨૦૧૪ મંજૂર કરવામાં આવે છે.

[૧] ૩૬ મા એડિશનલ સિટી સિવિલ એન્ડ સેશન્સ જજ (કુમારી જયલલિતા અને અન્ય સામેના ફોજદારી કેસોની સુનાવણી માટેની સ્પે. કોર્ટ), બેંગલુરુની ફાઇલ પર, તારીખ ૨૭.૯.૨૦૧૪ ના સ્પે.સી.સી.નં. ૨૦૮/૨૦૦૪ માં પસાર કરાયેલ દોષિત ઠરાવતો અને સજાનો ચુકાદો, આથી રદ કરવામાં આવે છે. અપીલકર્તાઓ–આરોપી નં. ૧ થી ૪ ને તેમની સામે મૂકવામાં આવેલા તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવે છે.

[૨] એ૧ થી એ૪ ના જામીન બોન્ડ્સ રદ કરવામાં આવે છે.

(બી) ક્રિમિનલ અપીલ નં. ૧૭/૨૦૧૫, ૧૮/૨૦૧૫, ૧૯/૨૦૧૫, ૨૦/૨૦૧૫, ૨૧/૨૦૧૫ અને ૨૨/૨૦૧૫ માં અપીલો આંશિક રીતે મંજૂર કરવામાં આવે છે.

[૧] જંગમ અને સ્થાવર બંને મિલકતો જપ્ત કરવા સંબંધિત નીચલી કોર્ટનો હુકમ, આથી રદ કરવામાં આવે છે."

૨૮. બેંગલુરુ ખાતેની કર્ણાટક હાઇકોર્ટ દ્વારા પસાર કરાયેલા તારીખ ૧૧.૦૫.૨૦૧૫ ના ચુકાદા અને હુકમ પર પ્રહાર કરતા, કર્ણાટક રાજ્ય અને શ્રી કે. અન્બાઝગન દ્વારા આ કોર્ટ સમક્ષ સ્પેશિયલ લીવ દ્વારા અપીલો દાખલ કરવામાં આવી છે. જો કે હાઇકોર્ટ સમક્ષ અપીલોમાં તમિલનાડુ રાજ્યને એકમાત્ર સામાવાળા તરીકે મૂકવામાં આવ્યું હતું, આ અપીલો કર્ણાટક રાજ્ય દ્વારા દાખલ કરવામાં આવી છે, જે (૨૦૧૫) ૬ એસ.સી.સી. ૮૬ અને (૨૦૧૫) ૬ એસ.સી.સી. ૧૫૮ માં નોંધાયેલ કે. અન્બાઝગન કર્ણાટક રાજ્ય અને અન્ય, માં આ કોર્ટના નિર્ણયોને ધ્યાનમાં રાખીને, જેમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે તે માત્ર કર્ણાટક રાજ્ય છે (ટ્રાન્સફરી રાજ્ય હોવાને કારણે) જે એકમાત્ર પ્રોસિક્યુટિંગ એજન્સી છે અને પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરવા માટે સક્ષમ છે.

૨૯. અમે આ બાબતમાં દરમિયાનગીરી કરનાર સહિત તમામ પક્ષકારોને ધીરજપૂર્વક સાંભળ્યા છે. અમને પક્ષકારોના વિવિધ દસ્તાવેજો અને પુરાવાઓમાંથી લઈ જવામાં આવ્યા છે.

૩૦. અપીલોના સમર્થનમાં ઉપસ્થિત વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી દુષ્યંત દવે અને શ્રી બી.વી. આચાર્યએ સૌપ્રથમ રજૂઆત કરી કે હાઇકોર્ટે ખોટી વિગતો સાથે ખોટી પદ્ધતિ અપનાવીને અપ્રમાણસર સંપત્તિની ગણતરી કરી છે અને અમારું ધ્યાન એસએલપી પેપર બુકના પાના ૯૯૭ તરફ દોરવામાં આવ્યું, જ્યાં સંપત્તિ અને ખર્ચના ટેબલમાં, હાઇકોર્ટે તેમાંના મૂલ્યો ઘટાડ્યા છે પરંતુ આવકને વધારી દીધી છે અને આ રીતે અપ્રમાણસર સંપત્તિ આશરે રૂ. ૨,૮૨,૩૬,૮૧૨/– હોવાનું અચોક્કસ રીતે આકાર્યું છે. અમારી સમક્ષ એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે એ હકીકતના સંદર્ભમાં બંને કોર્ટોના એકસમાન તારણો છે કે આરોપીઓ ચેક પિરિયડ દરમિયાન અપ્રમાણસર સંપત્તિ ધરાવતા હતા અને બંને કોર્ટો વચ્ચેનો તફાવત માત્ર જથ્થાના સંદર્ભમાં છે. જ્યારે ટ્રાયલ કોર્ટે ઠેરવેલ કે તે રૂ. ૫૩,૬૦,૪૯,૯૫૪/– છે, હાઇકોર્ટે તેને રૂ. ૨,૮૩,૩૬,૮૧૨/– તરીકે ઠેરવેલ છે. એવું પણ રજૂ કરવામાં આવ્યું છે કે

અપ્રમાણસર સંપત્તિની ગણતરીમાં, તમામ આરોપીઓની સંપત્તિ, ખર્ચ અને આવકનું મૂલ્ય પેઢીઓ અને કંપનીઓ (જેમની સંખ્યા ૩૪ છે) ના મૂલ્ય સાથે સંયુક્ત રીતે લેવામાં આવ્યું છે. બંને કોર્ટો, હાઇકોર્ટ તેમજ ટ્રાયલ કોર્ટે, એકસમાન તારણો નોંધ્યા છે અને તમામ આરોપીઓની તમામ સંપત્તિ, આવક અને ખર્ચ એકસાથે લીધા છે. આગળ એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે ઇનફ્લોનો એકમાત્ર સ્રોત એ૧ નો છે, જોકે સંપત્તિ અન્ય આરોપીઓના અથવા તેમની માલિકીની પેઢીઓ/કંપનીઓના નામે ઊભી હતી. રેકોર્ડ પરથી જણાય છે તેમ, આગળ એવું રજૂ કરવામાં આવે છે કે બંને કોર્ટોએ એ૧ અને એ૨ થી એ૪ નો કેસ અલગથી ધ્યાનમાં લેવાના દાવાને સ્વીકાર્યો ન હતો. આથી, એવું રજૂ કરવામાં આવે છે કે હવે તેઓ આ તબક્કે આ કોર્ટ સમક્ષ આવો માર્ગ અપનાવવાનો દાવો કરી શકે નહીં.

૩૧. એવું પણ રજૂ કરવામાં આવે છે કે બંને કોર્ટોએ નમધૂ એમજીઆર યોજનાના દાવાને નકારી કાઢ્યો છે જે આરોપી મુજબ ચેક પિરિયડ દરમિયાન રૂ. ૧૪ કરોડ કરતાં વધુ હતો અને કોર્ટોના તારણ કે ૬ કંપનીઓ દ્વારા ખરીદેલી તમામ મિલકતો વાસ્તવમાં આરોપીની હતી તેને કોઈના દ્વારા પડકારવામાં આવી નથી અને તેથી તે અકબંધ રહે છે.

૩૨. કર્ણાટક રાજ્ય વતી ઉપસ્થિત વિદ્વાન સિનિયર કાઉન્સેલ શ્રી બી.વી. આચાર્યએ રજૂઆત કરી કે જો હાઇકોર્ટ દ્વારા આવેલા અંતિમ આંકડા (તેના ચુકાદાના પાના ૯૯૭–૯૯૮ પર દેખાતા) સ્વીકારવામાં આવે છે અને ગણતરી અને ગાણિતિક ભૂલો તેમજ રેકોર્ડના દર્શનીય ભાગ પર સ્પષ્ટ ભૂલ સહિત તેમાં દેખાતી ભૂલો સુધારવામાં આવે છે, તો અપ્રમાણસર સંપત્તિ રૂ. ૩૫ કરોડ કરતાં વધુ હશે અને તેમના મતે દોષિત ઠરાવવા માટે માત્ર આ જ પૂરતું છે. શ્રી આચાર્યએ અમારી સમક્ષ એક ચાર્ટ મૂક્યો છે જે નીચે મુજબ છે:

ક્રમ નં.	ભૂલ	સુધારાઓ
૧.	ગણતરીની ભૂલ	ડી.એ. ની ગણતરી

		કરવાની પદ્ધતિ ખોટી છે. જો હાઇકોર્ટના તમામ તારણો સંપૂર્ણ રીતે સ્વીકારવામાં આવે તો ડી.એ. ની રકમ રૂ. ૧૪,૩૮,૯૩,૬૪૫ એટલે કે ૪૧.૩% થાય છે અને રૂ. ૨,૮૨,૩૬,૩૬,૮૧૨ એટલે કે ૮.૧૨% થતી નથી જેવું હાઇકોર્ટે ઠેરવેલ છે – (અગાઉના બે ચાર્ટમાં આની વિગતો છે)
૨.	ગાણિતિક ભૂલ	આવક તરીકે લોનનો સરવાળો કરતી વખતે (પાના નં. ૯૩૯ વોલ્યુમ ૪), હાઇકોર્ટે રૂ. ૧૩.૫૦ કરોડની ગાણિતિક ભૂલ કરી છે. જો આ ગાણિતિક ભૂલ એકલી સુધારવામાં આવે તો અપ્રમાણસર સંપત્તિ રૂ. ૧૬,૩૨,૩૬,૮૧૨/– એટલે કે ૭૬.૭% થાય છે. આ એસએલપી વોલ્યુમ ૪ ના પાના નં. ૧૦૨૮–૧૦૩૦ માં સંપૂર્ણપણે આવરી લેવામાં આવ્યું છે.
૩.	આરોપીની કબૂલાત	ખર્ચ હેઠળ: બાંધકામનો ખર્ચ : આરોપીઓએ

		કબૂલાત કરી છે કે થયેલ બાંધકામનો ખર્ચ રૂ. ૮,૬૦,૫૯,૨૬૧ છે – પાના નં. ૨૩૫૦ વોલ્યુમ ૯. જોકે હાઇકોર્ટ તેનું મૂલ્ય રૂ. ૫,૧૦,૫૫,૦૬૦ કરે છે – પાના નં. ૯૭૯ વોલ્યુમ ૪, જે કબૂલાત કરેલી રકમ કરતાં રૂ. ૩,૫૦,૦૫,૨૧૦ ઓછું છે. આવક હેઠળ: જયા પબ્લિકેશનની બિઝનેસ આવક: આરોપીઓએ કબૂલાત કરી છે કે જયા પબ્લિકેશનની આવક રૂ. ૧,૧૫,૯૪,૮૪૯/– હતી (એ૨ ની લેખિત રજૂઆત મુજબ – એસએલપી વોલ્યુમ ૪ ના પાના નં. ૧૦૩૪ માં એક્સ્ટ્રેક્ટેડ). હાઇકોર્ટે આની ગણતરી રૂ. ૪ કરોડ કરી છે – પાના નં. ૯૪૬–૯૬૦ વોલ્યુમ ૪, જે કબૂલાત કરેલી રકમ કરતાં રૂ. ૨,૮૪,૦૫,૧૫૧/– વધુ છે.
૪.	આવક તરીકે ભેટ	આવક તરીકે ભેટ ૨૦૧૨ ની એસએલપી નં. ૧૧૬૩–૧૧૬૭ ની વિષયવસ્તુ છે –

		વર્તમાન એસએલપી વોલ્યુમ ૪ ના પાના નં. ૧૦૩૨–૧૦૩૩. તેથી જોકે ટ્રાયલ કોર્ટે ઠેરવેલ કે મળેલી ભેટને આવકનો કાયદેસર સ્રોત ઠેરવી શકાય નહીં – પાના નં. ૧૨૮૩–૧૨૯૬ વોલ્યુમ ૫, હાઇકોર્ટે આ મથાળા હેઠળ આવક તરીકે રૂ. ૧.૫ કરોડ ઉમેર્યા છે, જે ઘટાડવાપાત્ર છે.

તેથી જો ઉપરોક્ત સુધારાઓ હાથ ધરવામાં આવે છે, તો અપ્રમાણસર સંપત્તિ આ મુજબ હશે:

૧. હાઇકોર્ટના તારણના આધારે – રૂ. ૧૪,૩૮,૯૩,૬૪૫

૨. હાઇકોર્ટના તારણના આધારે, અંકગણિતમાં અન્ય ભૂલોની સુધારણા, આરોપીઓની કબૂલાત અને ભેટોને આવક તરીકે નકારવી:

૧.	**૧૪,૩૮,૯૩,૬૪૫**	**ખર્ચની બાદબાકી – સુધારેલ**
૨.	૧૩,૫૦,૦૦,૦૦૦	સરવાળાની ભૂલ – સુધારેલ
૩.	૩,૫૦,૦૫,૨૧૦	બાંધકામના મૂલ્યાંકન અંગે કબૂલાત
૪.	૨,૮૪,૦૫,૧૫૧	જયા પબ્લિકેશનની બિઝનેસ આવક અંગે કબૂલાત
૫.	૧,૫૦,૦૦,૦૦૦	ભેટ – જે ગેરકાયદેસર

		છે
અપ્રમાણસર સંપત્તિ – ૩૫,૭૩,૦૪,૦૦૬		

આવક આ મુજબ હશે : ૧૬,૯૨,૬૦,૫૦૩

અપ્રમાણસર સંપત્તિ (ડી.એ.) = ૩૫,૭૩,૦૪,૦૦૬/–

ડી.એ. ની % =	**૩૫,૭૩,૦૪,૦૦૬ x ૧૦૦ ૧૬,૯૨,૬૦,૫૦૩**	**= ૨૧૧.૦૯%**

આથી, તેમણે રજૂઆત કરી કે દોષિત ઠરાવવા માટે માત્ર આ પ્રક્રિયા પૂરતી છે.

૩૩. શ્રી આચાર્યએ વધુમાં રજૂઆત કરી કે સંપત્તિના મૂલ્ય અંગેના હાઇકોર્ટના તારણો સ્પષ્ટપણે ભૂલભરેલા અને અસમર્થનીય છે. તેમણે રજૂઆત કરી કે હાઇકોર્ટે એકમાત્ર મથાળા એટલે કે વધારાના બાંધકામોના મૂલ્ય સિંવાય ડીવીએસી દ્વારા આપવામા આવેલ મૂલ્ય સ્વીકાર્યું છે. હાઇકોર્ટે ૧ બાબત એટલે કે લગ્ન ખર્ચ સિવાયના ખર્ચની રકમ સ્વીકારી છે અને હાઇકોર્ટે આવકમાં ૭ બાબતો ઉમેરી છે જે સ્પષ્ટપણે ભૂલભરેલી છે. શ્રી આચાર્યએ અમારું ધ્યાન એનેક્ષર-III (૬૪ બાબતો – એનેક્ષર-III, વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૪–૧૨૩૩) તરફ દોર્યું અને રજૂઆત કરી કે આવકમાં લોન, વ્યાજ, ભાડું, કૃષિ આવક અને ફિક્સ ડિપોઝીટનો સમાવેશ થાય છે. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, સદર રકમ રૂ. ૯,૩૪,૨૬,૦૫૪/– છે (જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૪–૧૨૩૩ પર દેખાશે). ટ્રાયલ કોર્ટ મુજબ, આવક રૂ. ૯,૯૧,૦૫,૦૯૪.૭૫/– હશે (વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૬ પર દેખાતી). જોકે, હાઇકોર્ટે આવી આવક રૂ. ૩૪,૭૬,૬૫,૬૫૪/– તરીકે દર્શાવી છે (વોલ્યુમ ૪ ના પાના ૯૯૭–૯૯૮ પર દેખાતી). એવું રજૂ કરવામાં આવે છે કે

હાઇકોર્ટે ૭ મથાળા હેઠળ વધારાની આવક ધ્યાનમાં લીધી અને આવક વધારીને રૂ. ૩૪,૭૬,૬૫,૬૫૪/– કરી.

૩૪. હાઇકોર્ટે લોનમાંથી આવકનું મૂલ્ય રૂ. ૨૪,૧૭,૩૧,૨૭૪/– તરીકે દર્શાવ્યું છે જેમાં સરવાળાની ભૂલ છે અને આ ૧૦ બાબતોનો કુલ સરવાળો રૂ. ૧૦,૬૭,૩૧,૨૭૪/– હોવો જોઈએ. તેથી, રૂ. ૧૩,૫૦,૦૦,૦૦૦/– ની સરવાળાની ભૂલ છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે આવક તરીકેની આ લોનને હાઇકોર્ટે લીધી છે તેમ ધ્યાનમાં લઈ શકાય નહીં. કારણ કે ફરિયાદપક્ષે પહેલેથી જ આવી લોનને આવક તરીકે ધ્યાનમાં લીધી છે જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૮ પર એનેક્ષર-III (બાબત ૧–૮) માં અને ખર્ચ વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૭ પર એનેક્ષર-IV (બાબત ૧–૮) માં દેખાય છે. તેમણે ૧૦ લોન અંગેના હાઇકોર્ટના ચુકાદા તરફ અમારું ધ્યાન દોર્યું, જે એસએલપી પેપર બુકના વોલ્યુમ ૪ ના પાના ૯૩૮–૯૩૯ પર દેખાશે, જે નીચે મુજબ છે:

૧.	**આંક પી૧૦૨૭**	**ઓએમટીએલ–ઇન્ડિયન બેંક, જયા પબ્લિકેશન્સ**	**રૂ. ૧,૫૦,૦૦,૦૦૦.૦૦**
૨.	આંક પી૧૧૦૧	એગ્રીકલ્ચરલ એમ.ડી. લોન, ઇન્ડિયન બેંક, ગુના ભૂષણી. ગુના ભૂષણીની વિનંતી પર, તેઓ શેર ધારકો બન્યા હોવાથી તેઓએ લોનની જવાબદારી એ૨, એ૩ અને એ૪ પર બદલી. રૂ. ૩,૭૫,૦૦,૦૦૦.૦૦	

૩.	આંક પી૧૧૧૪	ઇન્ડિયન બેંક – એ૧	રૂ. ૯૦,૦૦,૦૦૦.૦૦
૪.	આંક પી૧૧૬૨	ઇન્ડિયન બેંક જે. રિયલ એસ્ટેટ	રૂ. ૨૫,૦૦,૦૦૦.૦૦
૫.	આંક પી૧૧૭૨	ઇન્ડિયન બેંક જે.એસ. હાઉસિંગ	રૂ. ૧૨,૪૬,૦૦૦.૦૦
૬.	આંક પી૧૨૧૧	ઇન્ડિયન બેંક જે. ફાર્મ હાઉસ	રૂ. ૫૦,૦૦,૦૦૦.૦૦
૭.	આંક પી૧૨૬૦	ઇન્ડિયન બેંક– શશિકલા	રૂ. ૨૫,૦૦,૦૦૦.૦૦
૮.	આંક પી૧૩૩૦	ઇન્ડિયન બેંક– વી.એન. સુધાકરન	રૂ. ૧,૫૭,૦૦,૦૦૦.૦૦
૯.	આંક પી૧૩૫૪	રામરાજ એગ્રો મિલ લિ.	રૂ. ૧,૬૫,૦૦,૦૦૦.૦૦
૧૦.	આંક પી૧૩૫૭	ઇન્ડિયન બેંક– મહાલક્ષ્મી કલ્યાણમંડપ	રૂ. ૧૭,૮૫,૨૭૪.૦૦
		કુલ	રૂ. ૨૪,૧૭,૩૧,૨૭૪.૦૦

૩૫. શ્રી આચાર્યએ નિર્દેશ કર્યો કે હાઇકોર્ટે ઉપરોક્ત જણાવેલ ૧૦ લોનની રકમ, જે ઇન્ડિયન બેંક તરફથી લોન છે, તેને ખોટી રીતે ધ્યાનમાં લીધી છે. ઓએમટીએલ – જયા પબ્લિકેશન દ્વારા રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/– ની લોન અંગે, જે વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૭ પર એનેક્ષર-IV આંક પી–૨૩૩૦ (ખર્ચની યાદી છે) માં બાબત નં. ૧ તરીકે દર્શાવેલ છે, તેમણે રજૂઆત કરી કે આ રકમને હાઇકોર્ટ દ્વારા ધ્યાનમાં લઈ શકાય નહીં. તેમણે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ અને ફરિયાદપક્ષના સાક્ષી–૧૬૦ દ્વારા કરવામાં આવેલી જુબાની તરફ પણ અમારું ધ્યાન દોર્યું જે પરથી એવું જણાય છે કે સદર લોનની ચૂકવણી કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે આવી લોન સાથે કામ પાર પાડ્યું છે કારણ કે તે ખાસ જણાવવામાં આવ્યું છે કે સદર લોન ૨૫ જૂન, ૧૯૯૪ ના રોજ બંધ કરવામાં આવી હતી. તેથી શ્રી આચાર્યએ રજૂઆત કરી કે હાઇકોર્ટ આ રકમને ફરીથી લેશે, તે ડબલ એન્ટ્રી સમાન હશે.

૩૬. રૂ. ૩,૭૫,૦૦,૦૦૦/– ની એમડી લોન અંગે જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૫ પર એનેક્ષર III આંક પી–૨૩૨૯ (આવકની યાદી) માં બાબત નં. ૮ તરીકે દર્શાવેલ છે, શ્રી આચાર્ય દ્વારા એવું રજૂ કરવામાં આવે છે કે આવક સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૫ ના પાના ૧૨૩૭–૧૨૩૯ પર ટ્રાયલ કોર્ટ દ્વારા આ લોનની ચર્ચા કરવામાં આવી છે અને ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષના કેસને સ્વીકાર્યો છે. આરોપીએ કોઈપણ સમયે ફરિયાદપક્ષ દ્વારા કોઈ લોન ધ્યાનમાં ન લેવા અંગે વિવાદ કર્યો નથી. તેથી શ્રી આચાર્યએ રજૂઆત કરી કે હાઇકોર્ટે આ રકમને ધ્યાનમાં લેવી જોઈતી ન હતી કારણ કે આ રકમને ફરીથી લેવી, તે ડબલ એન્ટ્રી સમાન હશે.

૩૭. શ્રી આચાર્યએ વધુમાં રજૂઆત કરી કે રૂ. ૯૦,૦૦,૦૦૦/– ની લોન જે ચેક પિરિયડ પછી લેવામાં આવી છે તે માત્ર આંક પી–૧૧૧૪ માં દર્શાવેલ ક્રેડિટ વાઉચર છે, જે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યું છે, જેમણે જુબાની આપી છે કે આ લોન ઓગસ્ટ, ૧૯૯૬ માં એટલે કે

ચેક પિરિયડ પછી લેવામાં આવી હતી. તેથી તેમણે રજૂઆત કરી કે આ લોનને હાઇકોર્ટ દ્વારા બિલકુલ ધ્યાનમાં લઈ શકાય નહીં.

૩૮. રૂ. ૨૫,૦૦,૦૦૦/– ની લોન અંગે જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૪ પર એનેક્ષર-III આંક પી–૨૩૨૯ (આવકની ચાદી) માં બાબત નં. ૪ તરીકે અને વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૭ પર એનેક્ષર-IV, આંક પી–૨૩૩૦ (ખર્ચની ચાદી) ની બાબત નં. ૫ તરીકે દર્શાવેલ છે, શ્રી આચાર્ય દ્વારા એવું રજૂ કરવામાં આવે છે કે આ રકમ ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા જુબાની આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૧૬૧ થી ૧૧૬૩ તરીકે ચિહ્નિત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે જોકે બેંકે રૂ. ૨૫ લાખ મંજૂર કર્યા હતા, તેણે માત્ર રૂ. ૫ લાખની રકમ જારી કરી હતી. મુદ્દલ રકમ અને વ્યાજ પેઢી દ્વારા પાછું ચૂકવવામાં આવ્યું નથી. આવક સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૫ ના પાના ૧૨૩૪ પર અને ખર્ચ સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૬ ના પાના ૧૪૧૭ પર ટ્રાયલ કોર્ટ દ્વારા આ લોનની ચર્ચા કરવામાં આવી છે. શ્રી આચાર્યએ રજૂઆત કરી કે આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટે આ મથાળા હેઠળ રૂ. ૨૫ લાખની રકમ લઈ શકતી નથી.

૩૯. જે.એસ. હાઉસિંગની રૂ. ૧૨,૪૬,૦૦૦/– ની લોન અંગે જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૪ પર એનેક્ષર-III આંક પી–૨૩૨૯ (આવકની ચાદી) માં બાબત નં. ૩ તરીકે અને વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૭ પર એનેક્ષર-IV આંક પી–૨૩૩૦ (ખર્ચની ચાદી) માં બાબત નં. ૪ તરીકે દર્શાવેલ છે, વિદ્વાન કાઉન્સેલ દ્વારા એવું રજૂ કરવામાં આવે છે કે આ લોનની જુબાની ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૧૭૧ થી ૧૧૭૩ તરીકે ચિહ્નિત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે જોકે બેંકે રૂ. ૧૨.૪૬ લાખ મંજૂર કર્યા હતા, તેણે માત્ર રૂ. ૭ લાખની રકમ જારી કરી હતી અને મુદ્દલ રકમ અને વ્યાજ પેઢી દ્વારા પાછું ચૂકવવામાં આવ્યું નથી. આવક સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૫ ના પાના ૧૨૩૪ પર અને ખર્ચ સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૬ ના પાના ૧૪૧૭ પર ટ્રાયલ કોર્ટ દ્વારા આ લોનની ચર્ચા

કરવામાં આવી છે. તેથી, શ્રી આચાર્યએ રજૂઆત કરી કે આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટે આ મથાળા હેઠળ રૂ. ૧૨.૪૬ લાખની રકમ લઈ શકતી નથી.

૪૦. જે. ફાર્મ હાઉસની રૂ. ૫૦,૦૦,૦૦૦/– ની લોન અંગે જે વોલ્યુમ ૫ ના પાના ૧૨૨૪ પર એનેક્ષર-III આંક પી–૨૩૨૯ (આવકની યાદી) માં બાબત નં. ૨ તરીકે અને વોલ્યુમ ૬ ના પાના ૧૩૯૭ પર એનેક્ષર-IV આંક પી–૨૩૩૦ (ખર્ચની યાદી) માં બાબત નં. ૩ તરીકે દર્શાવેલ છે, વિદ્વાન કાઉન્સેલ દ્વારા એવું રજૂ કરવામાં આવે છે કે આ લોનની જુબાની ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૨૧૧–૧૨૧૨ તરીકે ચિહ્નિત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે જોકે બેંકે રૂ. ૫૦ લાખ મંજૂર કર્યા હતા, તેણે માત્ર રૂ. ૨૮ લાખની રકમ જારી કરી હતી અને મુદ્દલ રકમ અને વ્યાજ પેઢી દ્વારા પાછું ચૂકવવામાં આવ્યું નથી. આવક સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૫ ના પાના ૧૨૩૪ પર અને ખર્ચ સાથે કામ પાર પાડતી વખતે વોલ્યુમ ૬ ના પાના ૧૪૧૬ પર ટ્રાયલ કોર્ટ દ્વારા આ લોનની ચર્ચા કરવામાં આવી છે. તેથી, શ્રી આચાર્યએ રજૂઆત કરી, આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટે આ મથાળા હેઠળ રૂ. ૫૦ લાખની રકમ લઈ શકતી નથી.

૪૧. શશિકલા દ્વારા રૂપિયા ૨૫,૦૦,૦૦૦/– ની લોન અંગે, જે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૨૪ ના એનેક્ષર–૩ ના આંક પી–૨૩૨૯ (આવક યાદી) માં આઇટમ નં. ૧ તરીકે અને વોલ્યુમ ૬ ના પેજ ૧૩૯૭ ના એનેક્ષર–૪ ના આંક પી–૨૩૩૦ (જાવક યાદી) માં આઇટમ નં. ૨ તરીકે દર્શાવેલ છે, વિદ્વાન વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ રકમ અંગે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા જુબાની આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૨૬૦ તરીકે નિશાની કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે આ ખાતા હેઠળ બાકી રહેતી મુદ્દલ રકમ રૂપિયા ૧૩,૫૫,૦૨૩ હતી અને નીચલી કોર્ટે આવક અંગે ચર્ચા કરતી વખતે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૩૪ પર અને જાવક અંગે ચર્ચા કરતી વખતે

વોલ્યુમ ૬ ના પેજ ૧૪૧૬ પર આ લોન અંગે ચર્ચા કરી છે. તેથી, શ્રી આચાર્યએ રજૂઆત કરી કે આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટ આ મથાળા હેઠળ રૂપિયા ૨૫ લાખની રકમ લઈ શકે નહીં.

૪૨. સુધાકરણ (એ૩) દ્વારા રૂપિયા ૧,૫૭,૦૦,૦૦૦/– ની લોન અંગે, જે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૨૪ ના એનેક્ષર–૩ ના આંક પી–૨૩૨૯ (આવક યાદી) માં આઇટમ નં. ૭ તરીકે અને વોલ્યુમ ૬ ના પેજ ૧૩૯૭ ના એનેક્ષર–૪ ના આંક પી–૨૩૩૦ (જાવક યાદી) માં આઇટમ નં. ૮ તરીકે દર્શાવેલ છે, શ્રી આચાર્ય દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ લોન લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ લિ. દ્વારા લેવામાં આવી છે અને સુધાકરણ દ્વારા નહીં. આ અંગે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા જુબાની આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૩૩૦ તરીકે નિશાની કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે આ ખાતા હેઠળ બાકી રહેતી મુદ્દલ રકમ રૂપિયા ૮૩,૦૦,૦૦૦ હતી અને નીચલી કોર્ટે આવક અંગે ચર્ચા કરતી વખતે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૩૪ પર અને જાવક અંગે ચર્ચા કરતી વખતે વોલ્યુમ ૬ ના પેજ ૧૪૧૮ પર આ લોન અંગે ચર્ચા કરી છે. તેથી, શ્રી આચાર્યએ રજૂઆત કરી કે, આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટ આ મથાળા હેઠળ રૂપિયા ૧.૫૭ લાખની રકમ લઈ શકે નહીં.

૪૩. રામરાજ એગ્રો મિલ્સ લિ. દ્વારા રૂપિયા ૧,૬૫,૦૦,૦૦૦/– ની લોન અંગે, વિદ્વાન વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ લોન વોલ્યુમ ૫ ના પેજ ૧૨૨૪ ના એનેક્ષર–૩ ના આંક પી–૨૩૨૯ (આવક યાદી) માં આઇટમ તરીકે કે વોલ્યુમ ૬ ના પેજ ૧૩૯૭ ના એનેક્ષર–૪ ના આંક પી–૨૩૩૦ (જાવક યાદી) માં આઇટમ તરીકે દર્શાવેલ નથી. આ અંગે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા જુબાની આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૩૪૯ થી ૧૩૫૪ તરીકે નિશાની કરવામાં આવી છે. આંક ૧૩૫૪ એ રામરાજ એગ્રો મિલ્સ લિ. ના ઓસીસી–૧૯ ના ખાતાનું સ્ટેટમેન્ટ છે. વોલ્યુમ ૧૧ ના પેજ ૧૪૫ પર ફરિયાદપક્ષના સાક્ષી–૨૩૫ એ રૂપિયા ૧.૬૫ કરોડ મંજૂર થયા

વિશેની તેમની જાણકારી અંગે જણાવ્યું છે. જો કે, આ લોનની રકમની ચુકવણી અંગે કોઈ પુરાવો નથી. શ્રી આચાર્યએ રજૂઆત કરી કે આ ખાતા પર બેંકને ચૂકવવાપાત્ર રકમ રૂપિયા ૩૯,૧૦,૭૮૧/– હતી, તેથી, હાઇકોર્ટ આ મથાળા હેઠળ રૂપિયા ૧.૬૫ કરોડની રકમ લઈ શકે નહીં.

૪૪. મહાલક્ષ્મી કલ્યાણમંડપમ દ્વારા રૂપિયા ૧૭,૮૫,૨૭૪/– ની લોન અંગે, જે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૨૪ ના એનેક્ષર–૩ ના આંક પી–૨૩૨૯ (આવક યાદી) માં આઇટમ નં. ૬ તરીકે અને વોલ્યુમ ૬ ના પેજ ૧૩૯૭ ના એનેક્ષર–૪ ના આંક પી–૨૩૩૦ (જાવક યાદી) માં આઇટમ નં. ૭ તરીકે દર્શાવેલ છે, શ્રી આચાર્ય દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે આ અંગે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ દ્વારા જુબાની આપવામાં આવી છે અને તેમના દ્વારા આંક પી–૧૩૫૭ તરીકે નિશાની કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે આ ખાતામાં બાકી રકમ રૂપિયા ૧૯,૮૧,૮૦૨ હતી અને નીચલી કોર્ટે આવક અંગે ચર્ચા કરતી વખતે વોલ્યુમ ૫ ના પેજ ૧૨૩૪ પર અને જાવક અંગે ચર્ચા કરતી વખતે વોલ્યુમ ૬ ના પેજ ૧૪૧૭ પર આ લોન અંગે ચર્ચા કરી છે. તેથી, શ્રી આચાર્યએ રજૂઆત કરી કે આ આવકને યોગ્ય રીતે ધ્યાનમાં લેવામાં આવી છે અને હાઇકોર્ટ આ મથાળા હેઠળ રૂપિયા ૧૭.૮૫ લાખની રકમ લઈ શકે નહીં.

૪૫. આથી શ્રી આચાર્યએ રજૂઆત કરી કે અગાઉના ફકરાઓમાં થયેલી વિગતવાર ચર્ચા સ્પષ્ટપણે દર્શાવશે કે હાઇકોર્ટે રેકોર્ડ પરના પુરાવાઓ વિરુદ્ધ આ ૧૦ આઇટમોને ધ્યાનમાં લીધી હતી અને રૂપિયા ૨૪,૧૭,૩૧,૨૭૪/– ની કુલ રકમમાંથી રૂપિયા ૫,૯૯,૮૫,૨૭૪/– બાદ કર્યા પછી રૂપિયા ૧૮,૧૭,૪૬,૦૦૦/– આવે છે જેને રદ કરવાપાત્ર છે. તેમણે વધુમાં એવી દલીલ કરી હતી કે આરોપીઓએ સીઆર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળના તેમના લેખિત નિવેદનમાં, તેમના મેમોરેન્ડમ ઓફ અપીલમાં અથવા નીચલી કોર્ટ અને હાઇકોર્ટ સમક્ષ તેમની લેખિત દલીલોમાં, આવક અને જાવકની ગણતરી કરતી વખતે અને અનુક્રમે રૂપિયા ૯,૩૪,૨૬,૦૫૪/– (પેજ ૧૨૨૪, વોલ્યુમ ૫) અને રૂપિયા ૧૧,૫૬,૫૬,૮૩૩/– (પેજ ૧૩૯૭, વોલ્યુમ ૬) નું મૂલ્ય નક્કી

કરતી વખતે રાષ્ટ્રીયકૃત બેંકોની કોઈપણ લોન ધ્યાનમાં લીધા વગર બાકાત રાખવામાં આવી હોવાનો બચાવ લીધો નથી. તેથી, તેમણે એવી દલીલ કરી હતી કે હાઇકોર્ટ દ્વારા પેજ ૯૩૯ પર લેવામાં આવેલ રૂપિયા ૨૪,૧૭,૩૧,૨૭૪/– ની કિંમતની ૧૦ આઇટમોને સંપૂર્ણપણે બાકાત રાખવી પડશે કારણ કે તે ડબલ ક્રેડિટ સિવાય બીજું કંઈ જ નથી. જો આ ભૂલ સુધારવામાં આવે, તો તેમના મતે, આવકમાં રૂપિયા ૧૮,૧૭,૪૬,૦૦૦/– નો ઘટાડો થવો જોઈએ. તેથી, હાઇકોર્ટની રૂપિયા ૩૪,૭૬,૬૫,૬૫૪/– ની કુલ આવકના તારણમાંથી, રૂપિયા ૧૮,૧૭,૪૬,૦૦૦/– ની રકમ બાદ કરવાપાત્ર છે અને કુલ આવક માત્ર રૂપિયા ૧૬,૫૯,૧૯,૬૫૪/– થશે, નહીં કે રૂપિયા ૩૪,૭૬,૬૫,૬૫૪/–. તેમણે વધુમાં એવી દલીલ કરી હતી કે આ રકમમાંથી, જો આપણે તેને આવક માનીને કબૂલાત અને ભેટના આધારે આવક બાદ કરીએ, તો આવક રૂપિયા ૧૬,૫૯,૧૯,૬૫૪/– – રૂપિયા ૨,૮૪,૦૫,૧૫૧/– (કબૂલ કરેલી રકમ) + રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦/– (ભેટો) = રૂપિયા ૧૨,૨૫,૧૪,૫૦૩/– થશે.

૪૬. શ્રી આચાર્યએ વધુમાં એવી દલીલ કરી કે નોંધપાત્ર રીતે આરોપીઓ કેસ અપીલીય કોર્ટ (હાઇકોર્ટ) ને રિમાન્ડ કરવા માટે દબાણ કરી રહ્યા નથી. પરિણામે, આરોપીઓ હાઇકોર્ટના તમામ તારણો સ્વીકારે છે. અલબત્ત, આ કોર્ટે ગણતરીની ભૂલો અથવા અંકગણિતની ભૂલો અને રેકોર્ડના દર્શનીય ભાગ પરની સ્પષ્ટ ભૂલોને સુધારવી પડશે. હાઇકોર્ટના કોઈપણ તારણ પર સવાલ ઉઠાવવાનું ટાળીને, નીચલી કોર્ટ દ્વારા કરવામાં આવેલી ભૂલો પર જ પ્રહાર કરીને તેમના નિર્દોષ છુટકારાને જાળવી રાખવાના સામાવાળાઓના ચતુર પ્રયાસ પર પ્રતિક્રિયા આપતા, વિદ્વાન પબ્લિક પ્રોસિક્યુટરે ભારપૂર્વક જણાવ્યું કે સામાવાળાઓ સમક્ષ બે વિકલ્પો હતા:–

> (૧) આ કોર્ટ ગણતરી/ગાણિતિક ભૂલો સુધારીને તેમાં ફેરફાર કરે તેમજ આરોપીઓની કબૂલાત ધ્યાનમાં લે અને અપીલકર્તાઓ દ્વારા ચાર્ટ નં. ૬ (પેજ ૧૮ થી ૨૦) માં ધ્યાન દોરવામાં આવ્યા મુજબ ગેરકાયદેસર આવક બાકાત કરે તેના આધીન, તમામ મિલકતોને એકસાથે એક યુનિટ તરીકે

ગણવી અને તેને કાયમ રાખવી, જેના પરિણામે અપ્રમાણસર મિલકતોનો આંકડો રૂપિયા ૩૫.૦૦ કરોડથી ઉપર જાય છે; અથવા

(૨) હાઇકોર્ટના તારણો પર પ્રહાર કરવો અને કર્ણાટક રાજ્યની હાજરીમાં, જે એકમાત્ર પ્રોસિક્યુટિંગ એજન્સી છે, તેઓ દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલો સાંભળવા માટે હાઇકોર્ટને કેસ રિમાન્ડ કરવા વિનંતી કરવી.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ઉપરોક્ત બેમાંથી એક વિકલ્પને અનુસર્યા વિના, આરોપી માત્ર નીચલી કોર્ટના હુકમમાં કેટલીક ખામીઓ દર્શાવીને અને રેકોર્ડ પરના પુરાવાના યોગ્ય વિશ્લેષણ વિના નિર્દોષ છુટકારાની પુષ્ટિનો દાવો કરી શકે નહીં.

૪૭. ફરિયાદપક્ષનો વધુ કેસ એવો છે કે આરોપી નં. ૧ થી ૪ એ કાવતરું ઘડ્યું હતું અને તેના અનુસંધાને, લોકસેવક એવા આરોપી નં. ૧ (એ૧) ના કબજામાં ચેક પિરિયડ (૧૯૯૧–૧૯૯૬) દરમિયાન આવકના જાણીતા સ્ત્રોતોના પ્રમાણમાં રૂપિયા ૬૬.૬૫ કરોડ જેટલી અપ્રમાણસર મિલકતો આવી હતી. અપીલકર્તાઓનો વધુ કેસ એવો છે કે એ૨ થી એ૪ એ ગુનો આચરવામાં એ૧ ને મદદગારી કરી છે.

૪૮. અપીલકર્તાઓનો એવો કેસ છે કે જ્યારે એ૨ થી એ૪ એ એ૧ ના ઘરમાં રહેવાનું શરૂ કર્યું હતું, ત્યારે તેમના નામે કોઈ નોંધપાત્ર મિલકત/સંપત્તિ ન હતી. તેમની પાસે આવકનો કોઈ સ્વતંત્ર સ્ત્રોત ન હતો. નવી રચાયેલી કે સંપાદિત કરાયેલી બત્રીસ પેઢીઓ/કંપનીઓ અને બે અસ્તિત્વ ધરાવતી પેઢીઓ, એટલે કે, જયા પબ્લિકેશન્સ અને શશી એન્ટરપ્રાઇઝિસ, જેમાં એ૧ અને એ૨ ભાગીદાર હતા, તેના નામે મિલકતો સંપાદિત કરવામાં આવી હતી. આ એકમો પૈકી, માત્ર અમુક જ કંપનીઝ એક્ટ, ૧૯૫૬ હેઠળ કંપની તરીકે નોંધાયેલા હતા અને અન્ય તમામ પેઢીઓ છે. સદર પેઢીઓ કે કંપનીઓમાં એ૨ કે એ૩ કે એ૪ અથવા તેઓ બધા ભાગીદાર કે ડિરેક્ટર છે. સદર મિલકતો ચેક

પિરિયડ દરમિયાન સંપાદિત કરવામાં આવી હતી તેમાં કોઈ વિવાદ નથી. વધુમાં એવી રજૂઆત કરવામાં આવેલ છે કે તે રેકોર્ડ પર છે કે એક જ દિવસે, એટલે કે, ૨૫.૦૧.૧૯૯૪ ના રોજ છ પેઢીઓની નોંધણી કરવામાં આવી હતી, જેમાં એ૨, એ૩ અને એ૪ ભાગીદાર હતા અને બીજા એક જ દિવસે, એટલે કે, ૦૬.૦૨.૧૯૯૫ ના રોજ અન્ય દસ પેઢીઓની નોંધણી કરવામાં આવી હતી, જેમાં એ૨, એ૩ અને એ૪ ભાગીદાર હતા અને લેક્સ પ્રોપર્ટી ડેવલપમેન્ટ (પી) લિ. માં એ૩ અને એ૪ ડિરેક્ટર હતા, જે ફરિયાદપક્ષના સાક્ષી–૩ (ડી. થંગવેલુ, વોલ્યુમ ૨, પેજ ૧૧–૨૩) ની જુબાની પરથી સ્પષ્ટ થાય છે. આગળ એવું ધ્યાન દોરવામાં આવ્યું કે ઇન્ડિયન બેંકની અબિરામપુરમ શાખામાં અને કેનેરા બેંકની માયલાપુર શાખામાં આરોપીઓ અને પેઢીઓ/કંપનીઓના નામે આશરે ૫૦ બેંક ખાતા ખોલવામાં આવ્યા હતા, જે ફરિયાદપક્ષના સાક્ષી–૧૮૨ (એ.આર. અરુણાચલમ, વોલ્યુમ ૮ – પેજ ૯૦–૧૮૨) અને ફરિયાદપક્ષના સાક્ષી–૨૦૧ (સી.કે.આર.કે. વિદ્યાસાગર, વોલ્યુમ ૯ – પેજ ૮૦–૨૩૧) ની જુબાની પરથી સ્પષ્ટ થાય છે. એ પણ રજૂઆત કરવામાં આવી છે કે આરોપીઓના કોમન ઓડિટર, આર્કિટેક્ટ અને એકાઉન્ટન્ટ હતા.

૪૯. મદદગારી અને કાવતરાના પ્રશ્ન પર, શ્રી આચાર્યએ વોલ્યુમ ૭ અને ૮ ના પેજ નં. ૧૮૩૮ થી ૨૦૨૮ પર આવેલા નીચલી કોર્ટના ચુકાદા અને હુકમના ફકરા નં. ૮૮ થી ૯૯ તરફ ધ્યાન દોર્યું અને રજૂઆત કરી કે એ૨ થી એ૪ ની આવકનો કોઈ સ્ત્રોત ન હતો અને વધુમાં એ૨ થી એ૪ નો એ૧ સાથે કોઈ સંબંધ ન હતો. તદુપરાંત, એ૨ થી એ૪ એ એ૧ સાથે રહેતા હતા.

૫૦. રજૂઆત કરવામાં આવી છે કે એ૩ ના નામે રહેલી મિલકતો; એ૨ થી એ૪ ના નામે મોટી સંખ્યામાં પેઢીઓની રચના; ૫૦ બેંક ખાતાઓ ખોલવા અને એક ખાતામાંથી બીજા ખાતામાં ફંડ ટ્રાન્સફર કરવું અને બેંકોમાં રોકડ જમા કરવી એ દર્શાવે છે કે આ સંસાધનોની ઉત્પત્તિ એ૧ માંથી થઈ છે. ફરિયાદપક્ષના જણાવ્યા અનુસાર, અન્ય સંજોગો જે કાવતરા અને મદદગારીને જાહેર કરે છે તે નીચેની હકીકતો પરથી સ્પષ્ટ થશે:–

(૧) એ૧ દ્વારા એ૨ ને જનરલ પાવર ઓફ એટર્ની આપવામાં આવી હતી;

(૨) વિવિધ પેઢીઓની સ્થાપના;

(૩) એ૧ ના નિવાસસ્થાનેથી પેઢીઓનું સંચાલન;

(૪) એ૧ ના મકાનમાં એ૨ થી એ૪ નું સ્થાયી થવું;

(૫) શશી એન્ટરપ્રાઇઝિસમાં થયેલા મૂડી રોકાણો અંગે એ૧ ને જાણ હતી;

(૬) એક ખાતામાંથી બીજા ખાતામાં પૈસાનું ટ્રાન્સફર;

(૭) સબ–રજીસ્ટ્રારોને એ૧ ના નિવાસસ્થાને બોલાવવા અને મિલકતોની નોંધણી કરવામાં આવી.

૫૧. આ તમામ કૃત્યો એ૧ સાથે એ૨ થી એ૪ વચ્ચેના કાવતરા અને મદદગારીના દાયરામાં આવશે. શ્રી આચાર્યએ રજૂઆત કરી કે ઉપર દર્શાવેલા તમામ સંજોગો મદદગારી અને કાવતરાને સાબિત કરે છે. સદર દલીલના સમર્થનમાં, અમારી સમક્ષ નીચેના ચુકાદાઓ ટાંકવામાં આવ્યા હતા:–

૧. સાજુ વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરાલા – (૨૦૦૧) ૧ એસ.સી.સી. ૩૭૮

૨. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર અને અન્ય વિરુદ્ધ સોમનાથ થાપા અને અન્ય – એ.આઇ.આર. ૧૯૯૬ સુપ્રિમ કોર્ટ ૧૭૪૪ = (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૬૫૯

૩.

કેહર સિંઘ અને અન્ય વિરુદ્ધ સ્ટેટ (દિલ્હી એડમિનિસ્ટ્રેશન) – (૧૯૮૮) ૩ એસ.સી.સી. ૬૦૯

૪. રામ નારાયણ પોપલી વિરુદ્ધ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન – (૨૦૦૩) ૩ એસ.સી.સી. ૬૪૧

૫. નૂર મોહમ્મદ મોહમ્મદ યુસુફ મોમિન વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૬૯૬

૬. એમ.જી. અગ્રવાલ વિરુદ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર – એ.આઇ.આર. ૧૯૬૩ સુપ્રિમ કોર્ટ ૨૦૦ = (૧૯૬૩) ૨ એસ.સી.આર. ૪૦૫

૭. ફિરોઝુદ્દીન બશીરુદ્દીન અને અન્ય વિરુદ્ધ સ્ટેટ ઓફ કેરાલા – (૨૦૦૧) ૭ એસ.સી.સી. ૫૯૬

૫૨. તેમણે વધુમાં રજૂઆત કરી કે કાવતરું સાબિત કરવા માટે પ્રત્યક્ષ પુરાવા હોવા શક્ય નથી. સાબિત થયેલા સંજોગો પરથી અનુમાન કાઢીને તેને સાબિત કરવાનું હોય છે. તે મૂળભૂત છે કે તમામ સંજોગોની એકત્રિત અસરને એકસાથે ધ્યાનમાં લઈને અંતિમ નિર્ણય લેવાનો હોય છે. તેમણે એમ પણ રજૂઆત કરી કે કાવતરાખોરોના કિસ્સામાં, દરેક વ્યક્તિ એકબીજાના એજન્ટ બની ગયા હતા અને અન્યની ક્રિયાઓથી બંધાયેલા છે. જ્યાં સુધી એ૧ અને એ૨ નો પ્રશ્ન છે, ત્યાં સુધી એકબીજાના એજન્ટ ત્રણ રીતે છે –

(૧) બે પેઢીઓના ભાગીદારો તરીકે,

(૨) પાવર ઓફ એટર્નીની રૂએ,

(૩) કાવતરાખોર તરીકેની હેસિયત.

તેમની દલીલના સમર્થનમાં, તેમણે રજૂઆત કરી કે:

– એ૧ એ એ૨ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવાની ચોક્કસ સૂચના આપી હતી (ફરિયાદપક્ષના સાક્ષી–૧૯૮ – એમ. જયરામન, વોલ્યુમ ૯ – પેજ ૨૮ થી ૫૮ @ ૨૯).

– નંબર ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ ખાતેથી ઉદ્ભવતી રોકડ રકમમાંથી આ બે ખાતાઓમાં મોટી બેહિસાબી રોકડ જમા કરવામાં આવી છે.

– એ૨ એ કયા ખાતામાં મોટી રોકડ જમા કરવાની છે તે અંગે સૂચના આપી છે (ફરિયાદપક્ષના સાક્ષી–૧૯૮ – એમ. જયરામન, વોલ્યુમ ૯ – પેજ ૨૮ થી ૫૮).

– અસંખ્ય ઈન્ટર–એકાઉન્ટ ટ્રાન્સફર છે જે દર્શાવે છે કે તમામ ખાતાઓને એકસાથે એક ખાતા તરીકે ગણવામાં આવતા હતા.

– તિરુનેલવેલી, ઉથુકડુ, ઉથુકોટ્ટાઈ અને અન્ય સ્થળો જેવા વિવિધ સ્થળોએ જમીનો શોધવા અને ખરીદવા માટે અધિકારીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ફરિયાદપક્ષના સાક્ષી ૪૭ – કે. મુથિયન	**વોલ્યુમ ૨ – પાના ૨૩૭–૨૪૫**
ફરિયાદપક્ષના સાક્ષી ૭૧ – એસ. રાધાકૃષ્ણન	વોલ્યુમ ૩ – પાના ૧૧૦–૧૭૦
ફરિયાદપક્ષના સાક્ષી ૧૫૯ – રાજગોપાલન	વોલ્યુમ ૭ – પાના ૧૯–૧૨૪

. ખેતીલાયક તેમજ શહેરી જમીનો બંને જેવી સ્થાવર મિલકતોનું સંપાદન ૧૪૬ નોંધાયેલ વેચાણ દસ્તાવેજો મુજબ છે, જે રજૂ કરવામાં આવેલ છે. તેઓ વ્યક્તિઓ/પેઢીઓ અથવા કંપનીઓના નામે સંપાદિત કરવામાં આવી હતી. સંપાદિત કરવામાં આવેલ ખેતીલાયક જમીનો આશરે ૩૦૦૦ એકર ફળદ્રુપ જમીન હતી, જેમાંથી આશરે ૯૦૦ એકરમાં ચાનો બગીચો હતો (આઇટમ નં. ૧૬૬ – એનેક્ષર ૨, પાના ૧૫૮૮ વોલ્યુમ ૬). આ મિલકતો આશરે રૂ. ૨૦ કરોડના ખર્ચે ખરીદવામાં આવી હતી.

. મોટાભાગના વેચાણના સંદર્ભમાં એ૨ જ હતા જેમણે વેચાણ કઈ પેઢી/વ્યક્તિના નામે નોંધવાનું હતું તે અંગેની સૂચનાઓ આપી હતી (ફરિયાદપક્ષના સાક્ષી ૧૫૯ – રાજગોપાલન વોલ્યુમ ૭ માં – પાના ૧૯–૧૨૪).

. આરોપી/પેઢીઓ/કંપનીઓના વિવિધ ખાતાઓમાંથી અને રોકડમાં રકમો ચૂકવવામાં આવી હતી.

. મોટાભાગના વેચાણના વ્યવહારો માર્ગદર્શિકા મૂલ્ય કરતાં નીચે થયા છે.

ફરિયાદપક્ષના સાક્ષી ૧૫૯ – રાજગોપાલન	**વોલ્યુમ ૭ – પાના ૧૯–૧૨૪**
ફરિયાદપક્ષના સાક્ષી ૨૨૧ – આર. કેશવ રામાનુજમ	વોલ્યુમ ૧૦ પાના ૧૬૨–૨૪૯ @ ૧૭૨

. ઘણા વ્યવહારોમાં, વેચનારને ખરીદનાર વિશે માહિતગાર રાખવામાં આવ્યા ન હતા અને એ૧ ના નિવાસસ્થાને રજિસ્ટ્રારો મારફતે નોંધણીઓ થઈ હતી. તેવી જ રીતે વેચનારાઓને તેમની મિલકતો વેચવા માટે દબાણ હેઠળ મૂકવામાં આવ્યા હતા. અધિકારીઓને પણ દબાણ હેઠળ મૂકવાના દાખલા ઉપલબ્ધ હતા. પુરાવાઓ દ્વારા જાણવા મળ્યું કે એ૧ વ્યવહારોથી વાકેફ હતા.

. વધારાના અથવા નવા બાંધકામો પણ કરવામાં આવ્યા હતા અને જૂના મકાનોનું પણ ભારે ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું હતું.

૫૩. શ્રી આચાર્યએ રજૂઆત કરી કે ટ્રાયલ કોર્ટે વોલ્યુમ ૬ માં પાના ૧૫૪૩ પર અસ્કયામતોનું વર્ગીકરણ કર્યું છે. તેમણે અમને નીચે મુજબનો ચાર્ટ પૂરો પાડ્યો:–

ચાર્ટ નં. ૧૦–એ						
કેસમાં						

સંકળાયેલા મુદ્દાઓની અનુકૂળ ચર્ચા માટે, આ અસ્કયામતોને ટ્રાયલ કોર્ટ દ્વારા નીચેના મથાળાઓ હેઠળ વર્ગીકૃત કરવામાં આવી છે. [પાના ૧૫૪૩ વોલ્યુમ ૬]						
	અસ્કયામતોનું સ્વરૂપ	આઇટમ નં.	ફરિયાદપક્ષ મુજબ મૂલ્ય (રૂ. માં) પાના ૧૫૪૩ વોલ્યુમ ૬	ટ્રાયલ કોર્ટ મુજબ મૂલ્ય (રૂ. માં) પાના ૧૮૩૭ અને ૧૮૩૮ વોલ્યુમ ૭	હાઇકોર્ટ મુજબ મૂલ્ય (રૂ. માં) પાના ૯૬૬–૯૭૯ વોલ્યુમ ૪	આરોપી મુજબ તેમની લેખિત રજૂઆતોમાં પાના ૨૩૫૦ વોલ્યુમ ૯

૧	સ્થાવર મિલકતો (અવેજ, નોંધણી નો ખર્ચ)	૧ થી ૧૭૩, ૧૭૫, ૨૯૨, ૨૯૭, ૩૦૧, ૩૦૨(૧), ૩૦૫ (આઇટમ નં. ૨૪, ૩૧, ૩૩, ૬૪, ૬૬, ૧૨૭, ૧૪૫, ૧૫૦, ૧૫૯ સિવાય)	૧૯,૭૭,૧૮,૧૬૪.૭૦/- પાના ૧૫૯૦ વોલ્યુમ ૬	૨૦,૦૭,૮૦,૨૪૬	૬,૨૪,૦૯,૧૨૦ પાના: ૯૭૮ વોલ્યુમ ૪ માત્ર ૯૭ વેચાણ દસ્તાવેજો ધ્યાને લીધા.	૧૬,૧૯,૦૩,૩૦૧/-
૨	અવેજ ઉપરાંત ચૂકવેલ રોકડ	૨૪, ૩૧, ૩૩, ૬૪, ૬૬, ૧૨૭, ૧૪૫, ૧૫૦, ૧૫૯	૨,૫૩,૮૦,૬૧૯.૦૦	૧,૫૮,૩૦,૬૧૯	-શૂન્ય- પાના: ૯૭૮ વોલ્યુમ ૪	શૂન્ય
૩	નવા અથવા વધારાના બાંધકામ	૧૭૪, ૧૭૬-૧૯૨, ૩૦૧,	૨૮,૧૭,૪૦,૪૩૦.૦૦	૨૨,૫૩,૯૨,૩૪૪	૫,૧૦,૫૪,૦૬૦ પાના: ૮૬૬-	૮,૬૦,૫૯,૨૬૧/-

	વાળા મકાનો	૩૦૨(૨)			૮૮૯, ૯૭૯ વોલ્યુમ ૪	
૪	સોના અને હીરાના દાગીના	૨૮૪–૨૯૦, ૨૯૫	૫,૫૩,૦૨,૩૩૪.૭૫	૨,૫૧,૫૯,૧૪૪	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	શૂન્ય
૫	ચાંદીના વાસણો	૨૯૧	૪૮,૮૦,૮૦૦	૨૦,૮૦,૦૦૦	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	શૂન્ય
૬	ફિક્સ ડિપોઝિટ અને શેરો	૨૫૮–૨૭૭, ૨૯૮, ૩૦૩, ૩૦૬	૩,૪૨,૬૨,૭૨૮.૦	૩,૪૨,૬૨,૭૨૮	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	૨,૩૦,૦૦,૦૦૦/–
૭	બેંક ખાતાના દાગીના માં રોકડ સિલક	૧૯૩–૨૨૯, ૨૯૬, ૩૦૦, ૩૦૪	૯૭,૪૭,૭૫૧.૩૨	૯૭,૪૭,૭૫૧.૩૨	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	૯૭,૪૭,૭૫૧.૩૨/–
૮	વાહનો	૨૩૦–૨૫૭, ૨૯૯	૧,૨૯,૯૪,૦૩૩.૦	૧,૨૯,૯૪,૦૩૩.૦	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	૮૧,૩૫,૧૦૬/–
૯	મશીનરી	૨૯૩, ૨૯૪	૨,૨૪,૧૧,૦૦	૨,૨૪,૧૧,૦૦	ફરિયાદપક્ષ મુજબ	૯૪,૨૫,૮૩૫/

			૦.૦	૦.૦	૯૭૯ વોલ્યુમ ૪	–
૧૦	પગરખાં	૨૭૮	૨,૦૦,૯૦૨.૪૫	શૂન્ય	–શૂન્ય– પાના ૯૬૬ વોલ્યુમ ૪	શૂન્ય
૧૧	સાડીઓ	૨૭૯–૨૮૧	૯૨,૪૪,૨૯૦.૦૦	શૂન્ય	–શૂન્ય– પાના ૯૬૭ વોલ્યુમ ૪	શૂન્ય
૧૨	કાંડા ઘડિયાળો	૨૮૨–૨૮૩	૧૫,૯૦,૩૫૦.૦૦	૧૫,૯૦,૩૫૦.૦૦	ફરિયાદપક્ષ મુજબ ૯૭૯ વોલ્યુમ ૪	શૂન્ય
	કુલ		૬૪,૪૨,૮૯,૬૧	૫૫,૦૨,૪૮,૨૧૫	૨૫,૪૬,૫૨,૧૭૭	૨૯,૮૨,૭૧,૨૫૪.૩૨

ચાર્ટ ૧૦–બી			
સ્થાવર મિલકતનું મૂલ્ય			
ફરિયાદપક્ષ	ટ્રાયલ કોર્ટ	હાઇકોર્ટ	આરોપી મુજબ
૧૯,૭૭,૧૮,૧૬૪.૭૦/– પાના ૧૫૪૩ વોલ્યુમ ૬	૨૦,૦૭,૮૦,૨૪૬/– પાના ૧૮૩૭ વોલ્યુમ ૭	૬,૨૪,૦૯,૧૨૦/– પાના ૯૭૮ વોલ્યુમ ૪	૧૬,૧૯,૦૩,૩૦૧/– પાના ૨૩૫૦ વોલ્યુમ ૯

મિલકતની ખરીદી વિશે બોલનાર કેટલાક મહત્વના સાક્ષીઓ છે:

વેચનારાઓ	સબ–રજિસ્ટ્રારો		
ફરિયાદપક્ષના સાક્ષી–૪૦ ગંગાઈ અમરન (ખરીદનારાઓના નામ ખાલી છોડવા બાબતે)	–પાના ૧૬૩૯ –વોલ્યુમ ૭	ફરિયાદપક્ષના સાક્ષી ૨૨૧ કેશવ રામાનુજમ	ખરીદનારનું નામ પાછળથી દાખલ કરવામાં આવ્યું – મુખ્ય તપાસના પાના ૧૭–૧૮. આંક પી ૧૦૫–૧૧૦
ફરિયાદપક્ષના સાક્ષી – ૫૬ રાજારામ (૫૦૦ એકર)	–પાના ૧૬૪૩ – વોલ્યુમ ૭	ફરિયાદપક્ષના સાક્ષી ૧૫૯ તિરુ રાજગોપાલન	પોએસ ગાર્ડન જઈને વિવિધ નોંધણીઓ કરવા બાબતે.
ફરિયાદપક્ષના સાક્ષી–૮૯ પીટર ગ્રેગ જોન્સ (કોડનાડુર ચાનો બગીચો – ૯૦૦ એકર)			

૫૪. તેમણે આ વેચાણની વિગતો તરફ પણ અમારું ધ્યાન દોર્યું, જે અમારી સમક્ષ રજૂ કરવામાં આવી હતી. આ વેચાણ દસ્તાવેજો હેઠળની કુલ વેચાણ કિંમત રૂ. ૧૯,૭૭,૧૮,૧૬૪/– થાય છે જોકે ટ્રાયલ કોર્ટના જણાવ્યા મુજબ તે રૂ. ૨૦,૦૭,૮૦,૨૪૬/– છે. તફાવત નજીવો છે અને એવું માની શકાય કે તપાસના સમયગાળા દરમિયાન આશરે રૂ. ૨૦ (વીસ) કરોડની સ્થાવર મિલકતો સંપાદિત કરવામાં આવી છે. તેમણે રજૂઆત કરી કે આ વેચાણ સાબિત કરવા માટે, ફરિયાદપક્ષે આશરે ૬૦ વેચનારાઓ અને આશરે ૨૦ સબ–રજિસ્ટ્રારોની તપાસ કરી છે.

૫૫. તેમણે વધુમાં દલીલ કરી કે જોકે ડીવીએસી (DVAC) મુજબ ૨૧ આઇટમો હતી, ટ્રાયલ કોર્ટે તેમાંથી માત્ર ૧૮ જ લીધી છે અને હાઇકોર્ટે તેમાંથી માત્ર ૧૭ જ લીધી છે. તેથી તેમણે રજૂઆત કરી કે હાઇકોર્ટે ૧૭ આઇટમોના બાંધકામના ક્ષેત્રફળની ખોટી ગણતરી ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સ એટલે કે ૨,૧૭,૪૬૯ ચો. ફૂટના બદલે ૧૬૬૮.૩૯ સ્ક્વેર્સ એટલે કે ૧,૬૬,૮૩૯ ચો. ફૂટ તરીકે કરી છે, જે વેલ્યુએશન રિપોર્ટ્સ મુજબના વાસ્તવિક ક્ષેત્રફળ કરતાં લગભગ ૫૦૬.૩ સ્ક્વેર્સ એટલે કે ૫૦,૬૩૦ ચો. ફૂટ ઓછું છે. આવી દલીલના સમર્થનમાં, તેમણે એક ચાર્ટ દાખલ કર્યો, જે નીચે મુજબ આપવામાં આવેલ છે:

ચાર્ટ ૧૦–એફ						
તમામ ૨૧ મિલકતોનું વેલ્યુએશન						
નીચેનો ચાર્ટ નમૂનારૂપ ૩ મિલકતો સહિત ૨૧ મિલકતો અંગે છે.						
ક્રમ નં.	એનેક્ષર–૨ પાના–૨૩૨૮ મુજબના આઇટમ નં.	મિલકતનું વર્ણન	ફરિયાદપક્ષના સાક્ષીઓ	આંક નં.	**ચો. મીટરમાં કુલ બાંધકામ**	વેલ્યુએશન
૧.	૧૯૨	**મેસર્સ રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ લિમિટેડન**	૮૭	૫૧૯	૧૭૧.૦૦	૭,૦૮,૧૬૦/–

		ી વીઓસી જિલ્લાના ચેરનકુલમ ગામ ખાતેના સર્વે નં. ૪૬૬, ૪૬૧/૧ અને ૪૬૭/૨ પર આવેલ ઇલેક્ટ્રિક મોટર્સ સાથેના બોરવેલ અને પ અલગ વીજ જોડાણો અને પમ્પો સાથેનું મકાન				
૨.	૧૮૬	ચેન્નઈના અન્ના નગર ખાતે નં. એલ/૬૬ પર આવેલ રહેણાંક મકાનમાં નવું/વધારાનું બાંધકામ.	૯૮	૬૪૧	૨૮૯.૮૪	૨૪,૮૩, ૭૫૯/–
૩.	૧૮૭	ટી. નગર, ચેન્નઈ– ૧૭, મુરુગેસન સ્ટ્રીટ ખાતેના	૯૮	૬૪૨	૨૦૩	૧૦,૯૨, ૮૨૮/–

		ડોર નં. ૫ પર આવેલ મકાનમાં નવું/વધારાનું બાંધકામ				
૪.	૧૭૮	ચેન્નઈના ડી. નં. ૩/૧૭૮ સી વેત્તુવનકેની ખાતેના રહેણાંક મકાનમાં નવું/વધારાનું બાંધકામ	૯૮	૬૪૩	૨૨૫૦.૪૧	૧,૫૨,૫૯,૦૭૬/-
૫.	૧૮૯	અક્કરાઈ, ચેન્નઈ ખાતેના નં. ૧, મર્ફી સ્ટ્રીટ પર આવેલ રહેણાંક મકાનમાં નવું/વધારાનું બાંધકામ	૯૮	૬૪૪	૨૭૧.૮	૨૦,૩૮,૯૫૯/-
૬.	૧૭૯	આંધ્રપ્રદેશમાં જીદી મેથ અને પેટપેશરા બાદ ગામોની હદમાં ગ્રેપ ગાર્ડન ફાર્મ	૯૮	૬૪૫	૧૦૦૯.૯	૬,૪૦,૩૩,૯૦૧/-

		હાઉસ ખાતેના મકાનમાં નવું/વધારાનું બાંધકામ.				
૭.	૧૮૦	ચેંગાઈ એમજીઆર જિલ્લામાં સિરુથાવુર ખાતેના પોશ બંગલામાં નવું/વધારાનું બાંધકામ	૧૦૭	૬૬૧	૧૯૧૧	૫,૪૦,૫૨,૨૯૮/-
૮.	૧૭૬	ચેંગાઈ અન્ના જિલ્લામાં પયન્નુરીન ખાતેના ફાર્મ હાઉસ બંગલાઓમાં નવું/વધારાનું બાંધકામ	૧૦૭	૬૬૨	૧૩૬૯.૦૯	૧,૨૫,૯૦,૨૬૧/-
૯.	૧૭૭	ડોર નં. ૪૮, જવાહરલાલ નેહરુ રોડ, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગિન્ડી, એક્કાતુથંગલ,	૧૦૭	૬૬૩	૧૯૮૬.૧૨	૨,૧૩,૬૩,૪૫૭/-

		ચેન્નઈ ખાતે નવા/વધ ારાના બાંધકામવ ાળું મકાન (મેસર્સ આંજનેય પ્રિન્ટર્સ (પ્રા.) લિ., પ્રિન્ટર્સ)				
૧૦.	૧૮૫	ટી. નગર, ચેન્નઈ– ૧૭, પદ્મનાભ સ્ટ્રીટ, ડોર નં. ૨૧ ખાતેના રહેણાંક મકાનમાં નવું/વધા રાનું બાંધકામ	૧૧૬	૬૬૬	૩૪૪.૮૭	૨૦,૪૩, ૦૦૦/–
૧૧.	૧૮૨	ટીટીકે રોડ, ચેન્નઈ– ૧૮ ના ૧૪૯, ૧૫૦ ખાતેના મકાનમાં નવું/વધા રાનું બાંધકામ	૧૧૬	૬૬૭	૧૧૪૩.૬ ૩	૨૯,૫૯, ૦૦૦/–
૧૨.	૧૮૮	ન્યૂ મહાબલિપુ	૧૧૬	૬૬૮	૧૯૮૫.૨ ૪	૫૩,૧૧, ૦૦૦/–

		રમ રોડમાં એન્જામ્બક્કમ ખાતે નં. ૧/૨૪૦ પર કેમ્પસમાં રહેણાંક મકાનોમાં (૪ નંગ) નવું/વધારાનું બાંધકામ. એ૧				
૧૩.	૧૮૩	સી શેલ એવન્યુ નં. ૨/૧-બી-૩ એપાર્ટમેન્ટ શોલિંગનલ્લોર સાઈદાપેટ, તાલુકા ખાતેના મકાનમાં નવું/વધારાનું બાંધકામ	૧૧૬	૬૬૯	૧૩૧૧.૩૯	૮૦,૩૬,૮૬૮/-
૧૪.	૧૮૪	માયલાપોર, ચેન્નઈ, પટ્ટમ્મલ સ્ટ્રીટ ખાતેના ડોર નં. ૧૯ પર આવેલ મકાનમાં	૧૧૬	૬૭૦	૧૦૭.૭૫	૮,૦૦,૦૦૦/-

		નવું/વધારાનું બાંધકામ				
૧૫.	૧૮૧	ડી. નં. ૩૬, પોએસ ગાર્ડન, ચેન્નઈ–૮૬ ખાતેના રહેણાંક મકાનમાં નવું/વધારાનું બાંધકામ.	૧૧૬	૬૭૧	૩૫૨૭.૫	૭,૨૪,૯૮,૦૦૦/–
૧૬.	૧૭૪	પ બી અને સી ઈસ્ટ કોસ્ટ રોડ, ડોર નં. ૪/૧૩૦ રાજા નગર, નીલનકરાઈ, ચેન્નઈ–૪૧ ખાતેના મકાનમાં નવું/વધારાનું બાંધકામ (સંદર્ભ દસ્તાવેજ નં. ૪૭૫૨/૯૩ એસ.આર.ઓ. અડયાર)	૧૧૭	૬૭૩	૧૩૩૩.૮૩	૮૦,૭૫,૦૦૦/–

		વેલ્યુએશન રિપોર્ટ				
૧૭.	૧૯૧	એમએફ–૯, ગિન્ડી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ચેન્નઈ–૩૨ ખાતે વર્ક શેડ માટે છાપરું બદલવું અને મકાનોમાં નવું/વધારાનું બાંધકામ	૧૧૭	૬૭૪	૨૭૪.૬૯	(૧૪,૧૭,૫૩૮) ૧૫,૪૫,૦૦૦/–
૧૮.	૧૯૦	એસ. નં. ૩૨/૨–૪, પ્લોટ નં. એસ–૭, ગણપતિ કોલોની, તિરુ. વી–કા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગિન્ડી, ચેન્નઈ–૩૨ ખાતેના મકાનમાં નવું/વધારાનું બાંધકામ	૧૧૭	૬૭૭	૮૮૩.૫૫	૩૯,૩૪,૦૦૦/–
૧૯.	૩૦૧	ટીએમટી. એન.	૧૪૪	૭૮૨	૧૦૯.૯૯	૬,૮૩,૩૨૫/–

		શશિકલા ની માલિકીના પ્લોટ નં. ૧૦૨, આઇટીઆઇ ક્રોસ રોડ, પોન નગર, ત્રિચી ખાતેના મકાનના જૂન ૧૯૯૨ અને ૧૯૯૩ ની વચ્ચે નવીનીકરણ અને વધારાના બાંધકામનો ખર્ચ (એસ.આર.ઓ.ટી.ઓ.આર.બી., ત્રિચીના તા. ૩–૫–૯૦ ના દસ્તાવેજ નં. ૨૨૫૬/૯૦ હેઠળ આવરી લેવાયેલ)				
૨૦.	૧૪૭	રામરાજ મિલ્સ કેમ્પસમાં કમ્પાઉન્ડ વોલ, ટ્વીન	૧૫૩	૮૨૨	૨૫૬૦.૮૬	૮૩,૪૧,૦૦૦/–

		હાઉસ, ૮ નંગ સ્ટાફ ક્વાર્ટર્સ અને એમડી બંગલાના બાંધકામનો ખર્ચ				
૨૧.	૧૪૬	વંદમપલાઈ ખાતે રામરાજ એગ્રો મિલ્સ કેમ્પસમાં ગ્રાઉન્ડ ફ્લોર પર મજૂરો માટેના ક્વાર્ટર્સ (૫) અને ફર્સ્ટ ફ્લોર પર (૫), ગ્રાઉન્ડ ફ્લોર પર ૧૦ નંગ અને ફર્સ્ટ ફ્લોર પર ૧૦ નંગના બાંધકામનો ખર્ચ, અસ્તિત્વમાં રહેલા ગ્રાઉન્ડ ફ્લોર પર ગેસ્ટ હાઉસ માટે ફર્સ્ટ ફ્લોરનું બાંધકામ અને	૨૦૫	૧૯૬૪ ૮૬ ૧૯૬૫	૩૧.૩૮	૫૭,૧૯, ૮૦૦/-

		પ્લેટફોર્મનું બાંધકામ.				
		કુલ			૨૩,૦૭૬.૮૪	૨૯,૩૫,૬૮,૯૮૨/-
૨૩૦૭૬.૮૪ ચો. મીટર = ૨૪૮૩.૯૭ સ્ક્વેર્સ. જોકે હાઇકોર્ટે ૨૧ ના બદલે ૧૭ આઇટમો ધ્યાને લીધી છે. તેથી ૪ આઇટમો એટલે કે આઇટમ નં. ૧૪૬, ૧૪૭, ૧૯૨ અને ૩૦૧ ના બાંધકામનું ક્ષેત્રફળ આથી બાદ કરવામાં આવે છે અને ૧૭ આઇટમોનું કુલ ક્ષેત્રફળ ૨૦,૨૦૩ ચો. મીટર બરાબર છે જે = ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સ એટલે કે ૨,૧૭,૪૬૯ ચો. ફૂટ છે. હાઇકોર્ટે ૧૭ આઇટમોના બાંધકામના ક્ષેત્રફળની ખોટી ગણતરી ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સ એટલે કે ૨,૧૭,૪૬૯ ચો. ફૂટના બદલે ૧૬૬૮.૩૯ સ્ક્વેર્સ એટલે કે ૧,૬૬,૮૩૯ ચો. ફૂટ તરીકે કરી છે, જે વેલ્યુએશન રિપોર્ટ્સ મુજબના વાસ્તવિક ક્ષેત્રફળ કરતાં લગભગ ૫૦૬.૩ સ્ક્વેર્સ એટલે કે ૫૦,૬૩૦ ચો. ફૂટ ઓછું છે.						

૫૬. તેમણે વધુમાં રજૂઆત કરી કે બાંધકામોનું વેલ્યુએશન લાયકાત ધરાવતા પીડબ્લ્યુડી ઇજનેરો દ્વારા કરવામાં આવ્યું છે. બચાવપક્ષે પણ એક નિવૃત્ત ઇજનેર (બચાવપક્ષના સાક્ષી–૯૫) ની તપાસ કરી છે. વિગતવાર વેલ્યુએશન રિપોર્ટ્સ રજૂ કરવામાં આવ્યા છે અને નિરીક્ષણ કર્યા પછી મકાનોનું મૂલ્યાંકન કરનાર તમામ ઇજનેરોની તપાસ કરવામાં આવી છે. બચાવપક્ષની એ દલીલ કે ટ્રાયલ કોર્ટે આ પુરાવાને નકારી કાઢ્યા છે તે સાચી નથી. હકીકતમાં ટ્રાયલ કોર્ટે પુરાવા સ્વીકાર્યા છે. પરંતુ એ હકીકતને ધ્યાનમાં રાખીને કે બાંધકામોના વેલ્યુએશનમાં અસંખ્ય અનિશ્ચિતતાઓ રહેલી હોય છે અને નજીવી ભૂલની સંભાવનાને ધ્યાનમાં લેતા, ટ્રાયલ કોર્ટે ૨૦% નું વળતર આપ્યું છે જે સંજોગોમાં વાજબી છે. વેલ્યુએશન રિપોર્ટ્સમાં વર્ણવ્યા મુજબ ઉપયોગમાં લેવાયેલ ઉચ્ચ ગુણવત્તાના આરસ અને ગ્રેનાઇટને ધ્યાનમાં રાખીને અને વિવિધ વિશેષ આઇટમોના મૂલ્યને ધ્યાનમાં રાખીને, ટ્રાયલ કોર્ટનો આખરી નિષ્કર્ષ વાજબી છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

૫૭. તેમણે વધુમાં રજૂઆત કરી કે આરોપીઓએ પણ આંજનેય પ્રિન્ટર્સના એક મકાન સિવાય મકાનોનું વેલ્યુએશન રૂ. ૮,૬૦,૫૯,૨૬૧/– હોવાનું સ્વીકાર્યું છે. જો આ બાંધકામનું મૂલ્ય રૂ. ૨,૧૩,૬૩,૪૫૭/– આ

રકમમાં ઉમેરવામાં આવે, તો કુલ રકમ રૂ. ૧૦,૭૪,૨૨,૭૧૮/– થશે. ઉપર દર્શાવ્યા મુજબના ચાર્ટ ૧૦ પરથી જોઈ શકાય છે તેમ, અસ્કયામતોની અન્ય આઇટમો ૪ થી ૧૨ હેઠળ, ટ્રાયલ કોર્ટે સાડીઓ અને પગરખાંના મૂલ્યને સંપૂર્ણપણે બાકાત રાખ્યું છે. સોના અને હીરાના દાગીના અંગે પણ પાના ૧૭૫૬ થી ૧૭૮૫ પરની વિગતવાર ચર્ચા પછી, ટ્રાયલ કોર્ટે તેનું મૂલ્ય રૂ. ૫,૫૩,૦૨,૩૩૪/– થી ઘટાડીને રૂ. ૨,૫૧,૫૯,૧૪૪/– અને ચાંદીના વાસણોનું મૂલ્ય રૂ. ૪૮,૮૦,૮૦૦/– થી ઘટાડીને રૂ. ૨૦,૮૦,૦૦૦/– કર્યું છે. અન્ય આઇટમો જેવી કે ફિક્સ ડિપોઝિટ અને બેંક ખાતામાં રોકડ સિલક અંગે કોઈ વિવાદ હોઈ શકે નહીં. તેથી, રેકોર્ડ પરના પુરાવા મુજબ અન્ય અસ્કયામતોના મૂલ્ય અંગેનો ટ્રાયલ કોર્ટનો નિષ્કર્ષ સંપૂર્ણપણે વાજબી છે, એમ તેમણે દલીલ કરી હતી.

૫૮. જ્યાં સુધી ખર્ચનો સવાલ છે ત્યાં સુધી, હાઇકોર્ટે લગ્ન સિંવાયની તમામ આઇટમોના સ દર્ભમાં ડીવીએસી (DVAC) દ્વારા નક્કી કરાયેલ ખર્ચની રકમ સ્વીકારી છે. હાઇકોર્ટે લગ્નનો ખર્ચ રૂ. ૬,૪૫,૦૪,૨૨૨/– (ફરિયાદપક્ષ મુજબ) થી ઘટાડીને રૂ. ૨૮,૬૮,૦૦૦/– કર્યો છે, એટલે કે રૂ. ૬,૧૬,૩૬,૨૨૨ નો ઘટાડો. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, કુલ ખર્ચ રૂ. ૧૧,૫૬,૫૬,૮૩૩/– છે.

૫૯. તેમણે રજૂઆત કરી કે ખર્ચના શીર્ષક હેઠળ મુખ્ય વિવાદ લગ્ન અંગેનો છે. ફરિયાદપક્ષના કેસના સમર્થનમાં ચાર્ટમાં વિગતવાર જણાવ્યા મુજબ ૨૧ જેટલા સાક્ષીઓની તપાસ કરવામાં આવી છે. જો કે ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ લગ્ન માટે થયેલ ખર્ચ રૂ. ૬,૪૫,૦૪,૨૨૨/– છે, ટ્રાયલ કોર્ટે વિગતવાર વિચારણા કર્યા પછી તેને રૂ. ૩ કરોડ નક્કી કર્યો છે. તેથી એવી દલીલ કરવી સંપૂર્ણપણે ભૂલભરેલી છે કે ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષના સાક્ષીઓના પુરાવાઓને નકારી કાઢ્યા છે, એવી તેમણે દલીલ કરી હતી. હકીકતમાં ટ્રાયલ કોર્ટે માત્ર ફરિયાદપક્ષના પુરાવાની જ નહીં પરંતુ ૨૩ બચાવપક્ષના સાક્ષીઓના પુરાવાની પણ વિચારણા કરીને, ખર્ચની રકમ રૂ. ૩ કરોડ સુધી યોગ્ય રીતે નક્કી કરી છે.

એ પણ કબૂલ કરવામાં આવ્યું છે કે લગ્ન માટે કુલ રૂ. ૨ થી ૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. તેમના મતે, ટ્રાયલ કોર્ટે બચાવપક્ષના સાક્ષીઓના પુરાવાઓ પર યોગ્ય રીતે અવિશ્વાસ કર્યો છે જેમણે દાવો કર્યો હતો કે પક્ષના કાર્યકરોએ ભંડોળ એકત્ર કર્યું છે અને અગ્રભાગ (ફસાડ), શણગાર, ભોજન વગેરે જેવા ખર્ચ માટે ખર્ચ કર્યો છે. તે માની શકાય તેમ નથી કે એ૧ ના કદની વ્યક્તિ, તેણીના પક્ષના કાર્યકરોને તેના પાલક પુત્રના લગ્ન પર ખર્ચ કરવા દે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે જોકે એ૧ એ ઇન્કમ ટેક્સ વિભાગની નોટિસના તેણીના જવાબમાં એવો દાવો કર્યો છે કે એ૨ એ અલગ અલગ હેડ હેઠળ રકમ ખર્ચી છે, એ૨ તેનો હિસાબ આપવામાં નિષ્ફળ રહી છે.

૬૦. શ્રી આચાર્યએ રજૂઆત કરી કે ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ આરોપીની કુલ આવક રૂ. ૯,૩૪,૨૬,૦૫૪/– છે અને ટ્રાયલ કોર્ટના જણાવ્યા મુજબ, કુલ આવક રૂ. ૯,૯૧,૦૫,૦૯૪.૭૫/– છે. જો કે, હાઇકોર્ટના જણાવ્યા મુજબ, કુલ આવક રૂ. ૩૪,૭૬,૬૫,૬૫૪/– છે. આ તારણ પર આવતા, હાઇકોર્ટે આવકમાં સાત વસ્તુઓ ઉમેરી જેમ કે :

અનુક્રમ નંબર	વિગત	રકમ
૧.	આવક તરીકે લોન	૧૮,૧૭,૪૬,૦૦૦
૨.	દ્રાક્ષના બગીચામાંથી આવક	૪૬,૭૧,૬૦૦
૩.	ભેટ	૧,૫૦,૦૦,૦૦૦
૪.	શશી એન્ટરપ્રાઈઝીસ	૨૫,૦૦,૦૦૦
૫.	જયા પબ્લિકેશન્સ અને નમધુ એમજીઆર	૪,૦૦,૦૦,૦૦૦
૬.	સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૧,૦૦,૦૦,૦૦૦/–
૭.	ભાડાની આવક	૩,૨૨,૦૦૦/–

શ્રી આચાર્યના જણાવ્યા મુજબ, જ્યાં સુધી ભેટનો સંબંધ છે ત્યાં સુધી કોઈ કાયદેસરનો સ્ત્રોત નથી. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે દાવાને નામંજૂર કર્યો છે. હાઇકોર્ટે વિલંબથી ફાઇલ કરવામાં આવેલ ઇન્કમ ટેક્સ રિટર્નના આધારે તેને ભૂલથી રૂ. ૪ કરોડ નક્કી કરી છે, જે જો સ્વીકારવામાં આવે તો પણ માત્ર રૂ. ૧.૧૫ કરોડ થાય છે.

૬૧. તેથી, તેમણે રજૂઆત કરી હતી કે જો ઉપરોક્ત સ્થિતિ સાચી છે, તો ટ્રાયલ કોર્ટનું તારણ સંપૂર્ણપણે વાજબી છે. તેમના મતે, ટ્રાયલ કોર્ટે આરોપીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી દરેક દલીલ પર વિચાર કર્યો છે અને જો કેટલીક દલીલો ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં ન આવી હોય, તો પ્રતિવાદી આ કોર્ટ સમક્ષ તે અંગે વિચારણા ન કરવા વિશે ફરિયાદ કરી શકે નહીં.

૬૨. તેમણે વધુમાં દલીલ કરી હતી કે જો અપીલકર્તાઓની એવી દલીલ કે અપ્રમાણસર અસ્કયામતોની ગણતરીમાં, તમામ આરોપીઓની અસ્કયામતો, ખર્ચ અને આવકનું મૂલ્ય પેઢીઓ અને કંપનીઓ (સંખ્યામાં ૩૪) સાથે સંયુક્ત રીતે ધ્યાનમાં લેવું જોઈએ, જેમ કે નીચેની બંને કોર્ટો દ્વારા કરવામાં આવ્યું છે, તો એ૧ ના વ્યક્તિગત ચાર્ટમાં આપવામાં આવેલ ખુલાસો અને એ૨ થી એ૪ દ્વારા આપવામાં આવેલ સંયુક્ત ચાર્ટની કોઈ અસર થશે નહીં અને તેની નોંધ લેવા લાયક નથી. આરોપીઓએ ઈરાદાપૂર્વક તેમના ખુલાસાઓ અલગથી આપ્યા છે કારણ કે જો અસ્કયામતો સંયુક્ત રીતે લેવામાં આવે તો તેઓ કોઈ સંતોષકારક ખુલાસો આપી શકતા નથી.

૬૩. ખંડનમાં, એ૧ માટે હાજર રહેલા વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી કે ટ્રાયલ કોર્ટે સ્ટેટ ઓફ બિહાર વિ. લાલુ પ્રસાદ એન્ડ અનધર, (૨૦૦૮) સીઆરએલ.એલ.જે. ૨૪૩૩ માં પટના હાઇકોર્ટના ચુકાદા પર આધાર રાખીને આરોપીની તરફેણમાં ઇન્કમ ટેક્સ આકારણી હુકમોને વિચારણામાંથી ખોટી રીતે બાકાત રાખ્યા, જે, તેમના મતે, સ્પષ્ટપણે લાગુ પડતું નથી કારણ કે

પટના હાઇકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ વચગાળાના હુકમની પ્રકૃતિનો હતો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે "વધારાનું બાંધકામ" શીર્ષક હેઠળ એ૧ ની અસ્કયામતો સાથે કામ પાર પાડતી વખતે, ટ્રાયલ કોર્ટે મનસ્વી પદ્ધતિ દ્વારા બાંધકામના એકંદર ખર્ચમાંથી ૨૦% કાપી લીધા હતા. તેવી જ રીતે, લગ્નના ખર્ચના સંબંધમાં, ટ્રાયલ કોર્ટે છાપરાવાળા મંડપના બાંધકામના ખર્ચનો ખોટી રીતે અંદાજ લગાવ્યો હતો અને મનસ્વી રીતે એવા તારણ પર આવી કે લગ્નનો ખર્ચ રૂ. ૩ કરોડ હતો, જેના માટે કોઈ આધાર આપવામાં આવ્યો નથી, તેમના મતે. તેમણે વધુમાં દલીલ કરી હતી કે સોના અને દાગીનાના કબજા અંગે, જોકે ટ્રાયલ કોર્ટે સ્વીકાર્યું હતું કે એ૧ પાસે ૧૯૮૭–૧૯૮૮ માં ૭૦૪૦ ગ્રામ સોનું હતું, જેમ કે વેલ્થ ટેક્સ આકારણી હુકમમાં દર્શાવેલ છે, તે પછીના વર્ષોના અન્ય વેલ્થ ટેક્સ આકારણી હુકમોને નજરઅંદાજ કરે છે જેના દ્વારા એ૧ ની સંપત્તિમાં રૂ. ૨,૫૧,૫૯,૧૪૪/– નો વધારો થયો હતો, જે પણ રેકોર્ડ પરના પુરાવાથી વિપરીત છે. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે ટ્રાયલ કોર્ટ અને ફરિયાદપક્ષ દ્રાક્ષના બગીચાની આવક, વ્યાજની આવક, ભાડાની એડવાન્સ, ભાડાની આવક, વેલ્થ ટેક્સ રિફંડ, ભેટની આવક, જયા પબ્લિકેશન્સમાંથી એ૧ ના ભાગીદારના ઉપાડ અને નમધુ એમજીઆર યોજનાની આવક વગેરેને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ ગયા છે.

૬૪. વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી કે ટ્રાયલ કોર્ટે, સ્થપાયેલા કાયદાથી વિપરીત, એ૨ થી એ૪ અને કંપનીઓના નામે રહેલી મિલકતો એ૧ ના સંસાધનોમાંથી પ્રાપ્ત કરવામાં આવી હતી અથવા એ૧ થી એ૨ થી એ૪ તરફ ભંડોળનો કોઈ પ્રવાહ હતો તેવું દર્શાવવા માટે કોઈપણ પાયાના આધાર અથવા કોઈપણ પુરાવા વિના એ૨ થી એ૪ અને કંપનીઓ દ્વારા ધરાવવામાં આવતી મિલકતો અંગે જાહેર સેવકને ખુલાસો આપવા માટે જણાવ્યું છે. ટ્રાયલ કોર્ટે માત્ર એ૧ થી એ૪ એક જ ઘરમાં એક સમાન છત નીચે રહેતા હતા તેવા આધાર પર એ૧ અને એ૨ થી એ૪ વચ્ચે ગુનાહિત કાવતરાને આભારી કરવાનો પ્રયાસ કર્યો છે.

૬૫. તેમણે વધુમાં દલીલ કરી હતી કે અપ્રમાણસર અસ્કયામતોના કેસમાં, ફરિયાદપક્ષે આરોપીની અસ્કયામતો આવકના જાણીતા સ્ત્રોતો કરતા અપ્રમાણસર હતી તે સાબિત કરવાની પ્રારંભિક જવાબદારી નિભાવવી પડે છે. ફરિયાદપક્ષે વાજબી શંકાની બહાર સાબિત કરવું જોઈએ કે, આરોપીના કબજામાં રહેલી અસ્કયામતોનું મૂલ્ય અને તેની પર એ દર્શાવવાની વધુ જવાબદારી છે કે એ૨ થી એ૪ અને કંપનીઓ જેવા તૃતીય પક્ષોના નામે રહેલી મિલકતો જાહેર સેવક માટે બેનામી રાખવામાં આવી હતી. એકવાર ફરિયાદપક્ષ વાજબી શંકાની બહાર આ પ્રારંભિક જવાબદારી નિભાવે છે, ત્યારબાદ આવી આવકના સ્ત્રોતનો સંતોષકારક હિસાબ આપવાની જવાબદારી આરોપી પર જાય છે. તેમણે વધુમાં દલીલ કરી હતી કે આરોપી માટે, સાબિતીનું ધોરણ સંભાવનાઓની પ્રબળતા પર આધારિત છે અને આરોપી માટે એવો બુદ્ધિગમ્ય ખુલાસો આપવો પૂરતો છે જે કોર્ટને સંતોષકારક હોય. તેમની દલીલના સમર્થનમાં, વિદ્વાન સિનિયર કાઉન્સેલે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો:

. વી.ડી. ઝીંગાન વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ – (૧૯૬૬) ૩ એસ.સી.આર. ૭૩૬

. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. વાસુદેવ રામચંદ્ર કૈદલવાર – (૧૯૮૧) ૩ એસ.સી.સી. ૧૯૯

. એમ. કૃષ્ણા રેડ્ડી વિ. સ્ટેટ, ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, હૈદરાબાદ – (૧૯૯૨) ૪ એસ.સી.સી. ૪૫

. અંબાલાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા – (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૯૩૩

. કે. વીરાસ્વામી વિ. યુનિયન ઓફ ઈન્ડિયા એન્ડ ઓઆરએસ. – (૧૯૯૧) ૩ એસ.સી.સી. ૬૫૫

. પૃથીપાલ સિંઘ એન્ડ ઓઆરએસ. વિ. સ્ટેટ ઓફ પંજાબ એન્ડ અનધર – (૨૦૧૨) ૧ એસ.સી.સી. ૧૦

૬૬. તેમણે વધુમાં દલીલ કરી હતી કે કથિત બેનામીદાર અને જાહેર સેવક વચ્ચેની કડી સ્થાપિત કરવામાં, જરૂરી સાબિતીનું ધોરણ પ્રત્યક્ષ પુરાવા અથવા નિર્ણાયક પ્રકૃતિના સંજોગોજન્ય પુરાવા છે, જે નિશ્ચિત પાત્રના કાનૂની પુરાવા રજૂ કરીને ચુસ્તપણે નિભાવવા પડે છે. તેમણે જયદયાલ પોદ્દાર (મૃતક) એલ.આર. મારફતે એન્ડ અનધર વિ. મસ્ત. બીબી હઝારા, (૧૯૭૪) ૧ એસ.સી.સી. ૩, કૃષ્ણાનંદ અગ્નિહોત્રી (સુપ્રા), વલ્લીઅમ્મલ (મૃતક) એલ.આર. મારફતે વિ. સુબ્રમણ્યમ એન્ડ ઓઆરએસ., (૨૦૦૪) ૭ એસ.સી.સી. ૨૩૩, અને વ્રજલાલ જે. ગણાત્રાના વારસદારો વિ. પરષોત્તમ એસ. શાહના વારસદારો, (૧૯૯૬) ૪ એસ.સી.સી. ૪૯૦ માં આ કોર્ટના નિર્ણયો પર વધુ આધાર રાખ્યો હતો.

૬૭. વિદ્વાન સિનિયર કાઉન્સેલે ત્યારબાદ "કોઈપણ કાયદેસરના સ્ત્રોતમાંથી પ્રાપ્ત આવક" ના હેતુ પર ધ્યાન આપ્યું અને ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) તરફ અમારું ધ્યાન દોર્યું, જે નીચે મુજબ વંચાય છે:

૧૩. જાહેર સેવક દ્વારા ગુનાહિત ગેરવર્તણૂક – (૧) જાહેર સેવક ગુનાહિત ગેરવર્તણૂકનો ગુનો કરે છે તેમ કહેવાય છે,–

xxx xxx xxx xxx

(ઈ) જો તે અથવા તેના વતી કોઈ વ્યક્તિ, તેના હોદ્દાના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે, તેની આવકના જાણીતા સ્ત્રોતો કરતા અપ્રમાણસર નાણાકીય સંસાધનો અથવા મિલકત કબજામાં ધરાવતો હોય અથવા ધરાવેલી હોય, જેનો જાહેર સેવક સંતોષકારક હિસાબ આપી શકતો નથી.

સમજૂતી.– આ કલમના હેતુઓ માટે, "આવકના જાણીતા સ્ત્રોતો" નો અર્થ છે કોઈપણ કાયદેસરના સ્ત્રોતમાંથી પ્રાપ્ત થયેલ આવક અને આવી પહોંચની જાણ તે સમયે જાહેર સેવકને લાગુ પડતા કોઈપણ કાયદા, નિયમો અથવા હુકમોની જોગવાઈઓ મુજબ કરવામાં આવી હોય."

૬૮. તેમણે વધુમાં દલીલ કરી હતી કે કલમ ૧૩(૧)(ઈ) માં ઉપયોગમાં લેવાયેલ શબ્દ "આવક" માં તમામ કમાણીનો સમાવેશ થશે, જેના સ્ત્રોતો કાયદા દ્વારા પ્રતિબંધિત નથી અને તે આવકના તે અન્ય સ્ત્રોતો સાબિત કરવા માટે આરોપી માટે હંમેશા ખુલ્લું છે જે ધ્યાનમાં લેવામાં આવ્યા નથી અથવા ફરિયાદપક્ષ દ્વારા પુરાવામાં લાવવામાં આવ્યા નથી. તેમના મતે, "આવક" શબ્દમાં "ભેટ" અને "લોન" ના રૂપમાં મળતી રકમનો પણ સમાવેશ થશે જે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓને જાહેર કરવામાં આવી છે અને તેમના દ્વારા સ્વીકારવામાં આવી છે. તેમણે વધુમાં ધ્યાન દોર્યું કે 'આવકના જાણીતા સ્ત્રોતો' નો ખ્યાલ માત્ર ફરિયાદપક્ષને જ્ઞાત સ્ત્રોત પૂરતો સીમિત નથી પરંતુ આવકનો દરેક અન્ય સ્ત્રોત જે આરોપી ટ્રાયલ દરમિયાન સ્થાપિત કરવામાં સક્ષમ છે. સદર દલીલના સમર્થનમાં, તેમણે આ કોર્ટના નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો:

. સી.એસ.ડી. સ્વામી વિ. ધ સ્ટેટ – (૧૯૬૦) ૧ એસ.સી.આર. ૪૬૧

. પી. નલ્લમ્મલ એન્ડ અનધર વિ. સ્ટેટ – (૧૯૯૯) ૬ એસ.સી.સી. ૫૫૯

. કૃષ્ણાનંદ અગ્નિહોત્રી (સુપ્રા)

. એમ. કૃષ્ણા રેડ્ડી (સુપ્રા)

૬૯. વિદ્વાન સિનિયર કાઉન્સેલના જણાવ્યા મુજબ, ઇન્કમ ટેક્સ/વેલ્થ ટેક્સ રિટર્ન અને આકારણી હુકમો, જાહેર દસ્તાવેજો હોવાથી, પુરાવામાં સ્વીકાર્ય છે. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે આ કોર્ટે ૧૯૮૮ ના અધિનિયમ હેઠળના

કેસો નક્કી કરતી વખતે ઇન્કમ ટેક્સ હુકમો પણ સ્વીકાર્યા છે. આ કોર્ટે નીચેના નિર્ણયો પર આધાર રાખ્યો છે:

. મોહમ્મદ મુમતાઝ વિ. નંદિની સતપથી (II) – (૧૯૮૭) ૧ એસ.સી.સી. ૨૭૯

. સ્ટેટ ઓફ એમ.પી. વિ. મોહનલાલ સોની – (૨૦૦૦) ૬ એસ.સી.સી. ૩૩૮

. આનંદા બેઝબરુઆહ વિ. યુઓઆઇ – (૧૯૯૪) સીઆરએલ.એલ.જે. ૧૨, પેરા ૮–૧૪

. એમ. કૃષ્ણા રેડ્ડી (સુપ્રા)

. સ્ટેટ ઓફ એ.પી. વિ. જે. સત્યનારાયણ , જેટી ૨૦૦૦ (૧૦) એસસી ૪૩૦

. ડીએસપી, ચેન્નાઇ વિ. કે. ઇનબાસાગરન, (૨૦૦૬) ૧ એસ.સી.સી. ૪૨૦

. કેદારી લાલ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ એન્ડ ઓઆરએસ., (૨૦૧૫) ૧૪ એસ.સી.સી. ૫૦૫

૭૦. ઉપરોક્તના આધારે, વિદ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરી હતી કે ૧૯૮૮ ના અધિનિયમ હેઠળ આરોપી પરનો બોજો સિવિલ કેસની જેમ સંભાવનાઓની પ્રબળતા દ્વારા સાબિત થાય છે અને તે જ સ્તરની સાબિતી ઇન્કમ ટેક્સ એક્ટ હેઠળ પણ જરૂરી છે. તેથી, જ્યાં આકારણી પાત્ર વ્યક્તિએ ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ સમક્ષ આવક અને ખર્ચની હદ સ્થાપિત કરી હોય, ત્યાં ૧૯૮૮ ના અધિનિયમ હેઠળના કેસમાં તેની હેઠળનો ન્યાયિક નિર્ણય

ફરિયાદપક્ષ પર બંધનકર્તા રહેશે. આથી, તેમણે રજૂઆત કરી હતી કે આ પ્રશ્ન પર ટ્રાયલ કોર્ટનો ચુકાદો ખોટો છે.

૭૧. ફરિયાદપક્ષ દ્વારા આધાર રાખવામાં આવેલા વિવિધ મૂલ્યાંકનોના સંબંધમાં, જેમ તેમણે ઉલ્લેખ કર્યો છે કે કાયદામાં, એવિડન્સ એક્ટની કલમ ૪૬ હેઠળ સાંભળેલી વાતના નિયમમાં નિષ્ણાત પુરાવા એ અપવાદ છે. નિષ્ણાત એ હકીકતનો સાક્ષી નથી. તેથી તેના પુરાવા ચકાસી શકાય તેવા અને વિશ્વસનીય ડેટા પર આધારિત હોવા જોઈએ અને નિષ્ણાત સાક્ષીએ નિશ્ચિતતા સાથે અભિપ્રાય આપવો પડે છે. તેમણે સ્ટેટ ઓફ એચ.પી. વિ. જય લાલ, (૧૯૯૯) ૭ એસ.સી.સી. ૨૮૦ માં આ કોર્ટના ચુકાદા અને અન્ય નિર્ણયો પર આધાર રાખ્યો. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે પક્ષપલટો કરતા સાક્ષીઓના પુરાવાકીય મૂલ્યને નકારી કાઢવું જોઈએ. તેમણે સૂરજ માલ વિ. સ્ટેટ (૧૯૭૯) ૪ એસ.સી.સી. ૭૨૫ ના કેસ પર આધાર રાખ્યો હતો.

૭૨. વિદ્વાન સિનિયર વકીલે વધુમાં રજૂઆત કરી હતી કે કોર્ટ ત્રીજો કેસ ઊભો કરી શકે નહીં જે ફરિયાદપક્ષના કેસનો અથવા આરોપીના કેસનો આધાર નથી. તેમણે વધુમાં દલીલ કરી હતી કે કંપનીને આરોપી બનાવ્યા વિના, તેની મિલકત જપ્ત કરી શકાય નહીં. તેમણે વધુમાં દલીલ કરી હતી કે તપાસ સમયગાળાના તમામ પાંચ વર્ષ માટે આવકવેરા સત્તાવાળાઓ દ્વારા એ૧ ની આવક અને ખર્ચ સ્વીકારવામાં આવ્યા છે. આકારણીના કોઈપણ વર્ષમાં સમજાવ્યા વગરના સ્ત્રોતમાંથી કોઈ આવકનું મૂલ્યાંકન કરવામાં આવતું નથી. જયા પબ્લિકેશન અને એ૨ માટે પણ સમાન સ્થિતિ છે, અને તે હુકમો પુરાવામાં આંક તરીકે રજૂ કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે એ૧ પાસે કોઈ અપ્રમાણસર સંપત્તિ નહોતી પરંતુ તેની સંભવિત બચત રૂ. ૬૭,૭૨,૧૨૮.૫૪ ની હદ સુધી હતી. ફરિયાદપક્ષે એ૧ થી એ૪ ની અને ૩૨ પેઢીઓ/કંપનીઓની તમામ સંપત્તિઓનું મૂલ્યાંકન રૂ. ૬૬,૬૫,૨૦,૩૯૫/- ની રકમમાં કર્યું છે. તપાસ સમયગાળા પહેલા તેમની પાસે રહેલી સંપત્તિનું મૂલ્ય રૂ. ૨,૦૧,૮૩,૯૫૭/- આકારવામાં આવ્યું હતું. તપાસ સમયગાળા દરમિયાન

હસ્તગત કરવામાં આવેલી સંપત્તિ રૂ. ૬૪,૪૨,૮૯,૬૧૬/– છે. ડીવીએસી મુજબ એકલા એ૧ દ્વારા હસ્તગત કરાયેલ સંપત્તિનું મૂલ્ય રૂ. ૨૪,૨૯,૪૦,૪૯૦/– છે.

ન્યૂ મહાબલીપુરમ રોડમાં નં. ૧/૨૪૦ ઇંજમ્બાક્કમ ખાતે કેમ્પસમાં	મૂલ્યાંકન અહેવાલ મુજબ	મેસર્સ જે. ફાર્મ હાઉસીસ માન્ય રાખેલ મૂલ્ય રૂ. ૨૯,૮૨,૩૯	૫૩,૧૧,૦૦૦	૨	૧૮૮ (બાકાત રાખવાનું મૂલ્ય રૂ. ૨૩,૨૮,૬૦૮/– છે)

રહેણાંક મકાનમાં (૪ નં.) નવું વધારાનું બાંધકામ – સમજાવ્યા મુજબ		૨/– છે			
		કુલ	૧,૪૨,૮૪,૦૭૯		
જેજે લીઝીંગ એન્ડ મેઇન્ટેનન્સ					
મિલકતની વિગત	દસ્તાવેજનો સંદર્ભ	જેના નામે છે	મિલકતનું મૂલ્ય ૩.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
૨૭–૧–૯૪ ના રોજ ના નામે ખોલવામાં આવેલ ૧બી અબિરામપુર મના સીએ ૧૦૫૯ માં ૩૦/૪/૯૬ ના રોજ રોકડ સિલક	૩૦–૪–૧૯૯૬	મેસર્સ જે.જે. લીઝીંગ એન્ડ મેઇન્ટેનન્સ આંક–પી–૧૧૩૬ – ઇન્ડિયન બેંકનો સીએ નં. ૧૦૫૯	૧,૮૩૮	૨	૨૧૭
		કુલ	૧,૮૩૮		
જય રિયલ એસ્ટેટ					
મિલકતનું વર્ણન	**દસ્તાવેજનો સંદર્ભ**	**ના નામે છે**	**મિલકતનું મૂલ્ય ૩.**	**એનેક્ષર નં.**	**એનેક્ષર ૨ માં આઇટમ નં.**
ટી નગર	19–07–	M/s. Jay	૩૩,૪૪,૦	૨	૮૪

ગામના સર્વે નં. ૫૨૦૨ માં ૪૮૦૦ ચો.ફૂટ. જમીન અને ભોંયતળિયે તથા પહેલા માળે મકાન, જે હવે મુરુગેસા મુદલી સ્ટ્રીટ તરીકે જાણીતી છે – ફરિયાદપક્ષના સાક્ષી ૬ (શ્રી ગોપાલસામી)	1994 Sale deed	Real Estate Ex-P-29- Sale deed Ex-P-1160 - CA No.1050 of Indian Bank	૪૦		
ચેન્નાઇ ૧૭ માં ટી નગરના મુરુગેસન સ્ટ્રીટના ડોર નં. ૫ ના મકાનમાં નવું વધારાનું બાંધકામ	મૂલ્યાંકન અહેવાલ મુજબ	મેસર્સ જય રિયલ એસ્ટેટ સ્વીકારેલ મૂલ્ય રૂ. ૫,૪૭,૧૦૨/– છે	૧૦,૯૨,૮૨૮	૨	૧૮૭ (બાકાત રાખવાનું મૂલ્ય રૂ. ૫,૪૫,૭૨૬/– છે)

Cash Balance as on 30/4/96 CA 1050 of IB Abirampram opened on 27/1/94	૩૦-૪-૧૯૯૬	મેસર્સ જય રિયલ એસ્ટેટ આંક- પી- ૧૧૬૦- ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૫૦	૧૬૮	૨	૨૧૫
		કુલ	૪૪,૩૭,૦૩૬		
જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ					
Land and Building in Plot No.40 and 41 with a built up area of 900 sq.ft. both in the Ground and first Floors (Land extent 5 grounds) of Soling	10-8-94 Sale deed	મેસર્સ જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ આંક- પી- ૧૧૭૦ - ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૬૨	૯,૯૫,૬૭૦	૨	૮૫

anaIllur Village in S.No.1/1c5 which is now known as No.1. Murphy street , Akkari Village - PW-26 - Kama! Batcha - to read					
માયલાપોર ના। લુઝ એવન્યુના। સર્વે નં. ૩૩૩૪ માં ૫ ગ્રાઉન્ડ અને ૧૧૩૩ ચો.ફૂટ જમીનમાં છઠ્ઠો અવિભાજિત હિસ્સો	21–3–1995 Sale deed	મેસર્સ જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ આંક– પી– ૧૧૭૦ – ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૬૨	૧૦,૮૭,૧૯૬	૨	૧૫૬
New/ additional construction in residential Building	Evaluation Report Sale deed	મેસર્સ જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ સ્વીકારેલ	૨૦,૩૮,૯૫૯	૨	૧૮૯ (બાકાત રાખવાનું મૂલ્ય રૂ. ૭,૦૭,૭૭

at No. I Murphy Street , Akkarai Chennai		મૂલ્ય રૂ. ૧૩,૩૧,૧૮૫/– છે			૪/– છે)
Cash Balance as on 30/04/96 in CA 1062 of IB Abiramapuram in	૩૦–૪–૧૯૯૬	મેસર્સ જે એસ હાઉસિંગ કોર્પોરેશન આંક– પી– ૧૧૭૦– ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૬૨	૧૩,૬૭૨	૨	૨૧૮
		કુલ	૪૧,૩૫,૪૯૭		
જયા કન્સ્ટ્રક્શન (કોન્ટ્રાક્ટર્સ એન્ડ બિલ્ડર્સ)					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
I/6th undivided shares of land in 5	21–3–1995 Sale deed	મેસર્સ જયા કોન્ટ્રાક્ટર્સ એન્ડ	૧૦,૮૭,૧૯૬	૨	૧૫૮

grounds and 1133 sq.ft. in S.No.333 4/1a of Luz Avenue		બિલ્ડર્સ આંક– પી–૧૧૦ – વેચાણ દસ્તાવેજ આંક– પી– ૧૦૪૯– ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૪૯			
Cash Balance as on 30/4/96 in CA 1049 of IB Abiramapuram Opened on 27/1/94	૩૦–૪–૧૯૯૬	મેસર્સ જયા કોન્ટ્રાક્ટર્સ એન્ડ બિલ્ડર્સ આંક– પી– ૧૦૪૯ – ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૦૪૯	૧૦,૮૯૧	૨	૨૨૦
		કુલ	૧૦,૯૮,૦૮૭		
કોડનાડ ટી એસ્ટેટ – ખરીદી					
Kodanad tea estate and tea factory extent two	05–05–1995 Reconstituti on deed	ટીએમટી. એન. શશિકલા, ટીએમટી. જે.	૭,૬૦,૦૦,૦૦૦	૨	૧૬૬

acres at kthogiri, Nilgris district acquired on an unregistered reconstitution of partnership deed dt. 5/6/1995 payment through six cheques dated 5/5/1995 - PW 177 (Indian Bank - Mr .Shanmugasundaram)		ઈલાવરાસી, અને વી.એન. સુધાકરન આંક–પી–૫૨૦ અને પી–૫૨૩			
		કુલ	૭,૬૦,૦૦,૦૦૦		
શક્તિ કન્સ્ટ્રક્શન્સ					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
Cash Balance as on 30/4/96 in CA 1149 of 1B Abiramapuram opened on 23/3/	૩૦/૪/૧૯૯૬	મેસર્સ શક્તિ કન્સ્ટ્રક્શન્સ આંક–પી–૨૦૧૬ – ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૧૪૯	૧,૦૨,૪૯૦	૨	૨૨૨

93					
		કુલ	૧,૦૨,૪૯૦		
મેસર્સ લક્ષ્મી કન્સ્ટ્રક્શન					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
cash Balance as on 30/4/96 in CA 1140 of IB Abirampuram Opened on 23/3/95	૩૦-૪-૧૯૯૬	મેસર્સ લક્ષ્મી કન્સ્ટ્રક્શન્સ આંક-પી-૧૯૮૦ - ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૧૪૯	૧,૦૨,૪૯૦	૨	૨૨૪
		કુલ	૧,૦૨,૪૯૦		
ગોપાલ પ્રમોટર્સ					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
cash Balance as on 30/4/96 in CA 1146 opened on 23/3/95	૩૦-૪-૧૯૯૬	મેસર્સ ગોપાલ પ્રમોટર્સ આંક-પી-૧૯૭૪ - ઇન્ડિયન બેંકનું સીએ નં. ૧૧૪૬	૧,૦૨,૪૯૦	૨	૨૨૩
		કુલ	૧,૦૨,૪૯૦		

	ગ્રાન્ડ ટોટલ	૨૩,૦૩,૫૯,૪૧૦			
ટીઆર. વી.એન. સુધાકરન – આરોપી નં. ૩					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
11 acres 83 cents in S.No.345/38. 3A, 2 5B, 5F , 5d, 5f , 5c, 344/1, 2.402/4, 401/1, 355/1, in Siruthavoor Village	02-08-1994 Sale deed	ટીઆર. વી.એન. સુધાકરન	૨,૩૩,૭૭૦	૨	૬૦
10 acres 86 cents in S.No,392/1, 391,392, 380,381/3,393,409/3,398, 406,399, 400,406 in Siruthavoor Village	02-08-1994 Sale deed	ટીઆર. વી.એન. સુધાકરન	૨,૧૧,૩૨૫	૨	૬૨
7 Acres 44 cents in	02-05-1994 Sale	ટીઆર. વી.એન.	૧,૪૫,૮૯૧	૨	૬૫

S.No.339/1a, 341/1,342/3a,2a, 281,282,338/1a,3, 342/3b,4a, 235/3,4,2, 234/1,2 in Siruthavur Village	deed	સુધાકરન			
Amount Paid over and above the cost in document No.43/94 dated 5/2/94 , S R North Madras to the seller Tr. Gopinath	02-05-1994 Sale deed	ટીઆર. વી.એન. સુધાકરન	૪,૮૫,૦૦૦	૨	૬૬
3.30 Acres in S.No.403/3 , 401/2 in Siruthavur Village	24-5-1994 Sale deed	ટીઆર. વી.એન. સુધાકરન	૯૩,૪૭૫	૨	૭૯
One sixth undivided share of land in 5 ground and 1133 sq.ft. in S.No.3334/	21-3-1995 Sale deed	ટીઆર. વી.એન. સુધાકરન	૧૦,૮૭,૧૯૬	૨	૧૫૩

a of Luz Avenue					
કડલોર ખાતે ઇન્ડો–ડોહો કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સંપાદન પાછળનો ખર્ચ (૧) ટીઆર. અય્યાદુરાઇ ઇન્ડો–ડોહો ફાર્માસ્યુટિકલ્સના પ્રમોટર રૂ. ૩૫,૪૫,૦૦૦/– (૨) ટુ ઇન્ટરફેસ કેપિટલ માર્કેટ શેર્સ ૨૪,૦૫,૦૦૦/– (૩) ટુ ઇન્ડ બેંક– ૨૨,૪૧,૦૦૦/–		ટીઆર. વી.એન. સુધાકરન	૮૬,૯૧,૦૦૦	૨	૧૭૩
Cash Balance as on 30–4–96 in CA 1068 of IB Abiramapuram opened on 30–3–1994	૩૦–૪–૧૯૯૬	ટીઆર. વી.એન. સુધાકરન	૧,૩૨,૨૨૧	૨	૧૯૭
Cash	૩૦–૪–	ટીઆર.	૪૭,૪૫૩	૨	૨૦૬

Balance as on 30-04-96 in Cb, Mylapore CA 2220 Opened on 7-4-1993 in the name of	૧૯૯૬	વી.એન. સુધાકરન			
Cash Balance as on 30-04-96 in CB Mylapore SB 24621 opened on 25-2-92	૩૦-૪-૧૯૯૬	ટીઆર. વી.એન. સુધાકરન	૬૧,૪૩૦	૨	૨૦૮
ટીએન ૦૯ ઇ ૯૦૨૭ (અશોક લેલેન્ડ કાર્ગો વાહન)	૧૯-૧૨-૧૯૯૪	ટીઆર. વી.એન. સુધાકરન	૫,૦૫,૦૦૯	૨	૨૪૮
TN 01 09 f 3744 (Tarx Jeep)	૨૯-૦૫-૧૯૯૫	ટીઆર. વી.એન. સુધાકરન	૨,૯૬,૧૯૧	૨	૨૪૯
		કુલ	૧,૧૯,૮૯,૯૬૧		
ટીએમટી. જે. ઇલાવરાસી – આરોપી નં. ૪					
મિલકતનું	દસ્તાવેજનો	ના નામે છે	મિલકતનું	એનેક્ષર નં.	એનેક્ષર ૨

વર્ણન	સંદર્ભ		મૂલ્ય રૂ.		માં આઇટમ નં.
અન્ના નગર, ચેન્નાઇ – ૪૦ ના પ્લોટ નં. એલ–૬૬ (જૂનો નં. ૫૨૪ એન) ની ફાળવણી પેટે ટીએનએચબીને ચૂકવેલી રકમ	09–02–1992 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૨,૩૫,૮૧૩	૨	૨૪
Land and Building to the extent of 4802 sq.ft. together with a building with ground and first floor in S.No.94, Plot No. 7 of Nellankarai Village	31–12–1993 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૯,૬૦,૫૨૦	૨	૫૦
10 Acres and 41 cents in R.S.No.346/1B, 346/1c,348/2a2a, 348/2a2b, 348/2a2c,3	31–1–1994 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૨,૩૩,૭૭૦	૨	૫૭

46/2, 344/1A, 347/2c,342/18c,342/184,342/185, 345/1.346/1k,349/2B, 351/183, 348/3a, 348/3c,380,345/1, 345/1a, 346/11,349/2a,349/4c3,350/2a1, 351/282, 344/1,346/1d,346/1e, 346/2,379/2,346/2a,350/2a 2, 344/1B, 348/3B, 348/2B					
11 acres and 28 cents S.No.42/2 in Karungullpallam and S.No.383 to 386 and 393 in Siruthavoor Village	02-08-1994 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૨,૨૭,૦૨૬	૨	૬૧

10.78 Acres in S.No.379.381, 382, 342, in Sriuthavoor Village	02-08-1994 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૨,૦૨,૨૫૧	૨	૬૩
Amount paid towards the cost of acquisition of 10.78 acres over and above the document value doc No. 42/94 dated 8/2/1994 of SRO North Madras	08-02-1994 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૪,૬૫,૦૦૦	૨	૬૪
one sixth undivided shares of land in five grounds and 1133 sq.ft. in S.No. 3334/1a in Mylapore Luz Avenue (Chennai -4)	21-3-1995 Sale deed	ટીએમટી. જે. ઇલાવરાસી	૧૦,૮૭,૧૯૬	૨	૧૫૪
ચેંગઈ એમજીઆર જિલ્લાના સિરુથાવુરમ	મૂલ્યાંકન અહેવાલ	ટીએમટી. જે. ઇલાવરાસી	૫,૪૦,૫૨,૨૯૮	૨	૧૮૦

ાં પોશ બંગલામાં નવું વધારાનું બાંધકામ					
નં. ૧/૬૬ અન્ના નગર ચેન્નાઇ ખાતે રહેણાંક મકાનમાં નવું વધારાનું બાંધકામ	મૂલ્યાંકન અહેવાલ	ટીએમટી. જે. ઇલાવરાસી	૨૪,૮૩,૭૫૯	૨	૧૮૬
Cash Balance as on 30/4/1996 in Ca 1171 of indian Bank Abiramapuram opened in 28/3/95	૩૦-૪-૧૯૯૬	ટીએમટી. જે. ઇલાવરાસી	૩,૪૦,૫૨૭	૨	૧૯૯
Cash Balance as on 30-4-96 In CB Mylapore in CA 2219 opened on 7-4-93	૩૦-૪-૧૯૯૬	ટીએમટી. જે. ઇલાવરાસી	૧,૧૮,૧૯૮	૨	૨૧૦
Cash Balance as on 30/4/96 in CB Mylapore SB 25389 opened on 23/1/	૩૦-૪-૧૯૯૬	ટીએમટી. જે. ઇલાવરાસી	૮૯૪	૨	૨૧૧

93					
		કુલ	૬,૦૪,૦૭,૨૫૨		
જે. વિવેક માઇનોર – આરોપી નં. ૪ ના પુત્ર અને પુત્રી					
1.50 Acres in S.No.392/1.2 in Sirthavur village	21–09–2014 Sale deed	પી. વિવેક (માઇનોર) તેમની માતા અને કુદરતી વાલી ટીએમટી. જે. ઇલાવરાસી દ્વારા રજૂ, નં. ૭ ઇસ્ટ બીચ રોડ, નીલંકરાઈ, ચેન્નાઈ ૪૧	૪૪,૨૧૦	૨	૫૬
3 acres 51 cents in S.No.43/2 in Karunkuzhi pallam village	15–09–2014 Sale deed	જે. વિવેક (માઇનોર) તેમની માતા અને કુદરતી વાલી ટીએમટી. જે. ઇલાવરાસી દ્વારા રજૂ, નં. ૭ ઇસ્ટ બીચ રોડ, નીલંકરાઈ, ચેન્નાઈ ૪૧	૧,૫૮,૩૧૦	૨	૮૭
4 Acres 52 cents in S.No.46	15–09–2014 Sale	J. Vivek (minor) Represente	૨,૦૩,૫૧૦	૨	૮૮

in Karunku zhipallam Village	deed	d by his mother and natural guardian Tmt. J. Elavarasi No.7 East beach Road, Neelankarai , Chennai 41			
4 Acres 15 cents in S.No.45 in Karunku zhipallam Village	15-09-2014 Sale deed	જે. વિવેક (માઇનોર) તેમની માતા અને કુદરતી વાલી ટીએમટી. જે. ઇલાવરાસી દ્વારા રજૂ, નં. ૭ ઇસ્ટ બીચ રોડ, નીલંકરાઈ, ચેન્નાઈ ૪૧	૧,૮૬,૩૫૬	૨	૮૯
4 Acres 15 cents in Karunku zhipallam Village	15-09-2014 Sale deed	જે. વિવેક (માઇનોર) તેમની માતા અને કુદરતી વાલી ટીએમટી. જે. ઇલાવરાસી દ્વારા રજૂ, નં. ૭ ઇસ્ટ બીચ રોડ, નીલંકરાઈ, ચેન્નાઈ ૪૧	૧,૮૬,૨૨૬	૨	૯૦
cash	30-04-	J. Vivek (	૨,૪૨,૨૧૧	૨	૧૯૩

Balance as on 30/4/96 in the SB 4110 of Indian Bank Abiramapuram opened on 12/9/94 in the name of Master J. Vivek, s/o. J. Elavarasi	1996	minor) Represented by his mother and natural guardian Tmt. J. Elavarasi No.7 East Beach Road, Neelankarai, Chennai 41			
		કુલ	૧૦,૨૦,૮૨૩		
જે ઈલાવરાસીન ા પુત્ર અને પુત્રી					
Amount deposited in the name of Master Vivek Selvi Snakila and Selvi Krishnapriya son and daughter of Tmt. J. Elavarasi during October 1993 in Indian Bank (On receipts of terminal benefits of	બેંક રેકોર્ડ્સ	ટીએમટી. જે. ઈલાવરાસીન ા પુત્ર અને પુત્રી	૩૮,૪૨૧	૨	૩૦૬

their father Tr. Jayaraman)					
		કુલ	૩૮,૪૨૧		
મહા સુબ્બુલક્ષ્મી કલ્યાણ મંડપમ					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતનું મૂલ્ય રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
મહા સુબ્બુલક્ષ્મી કલ્યાણ મંડપમ, ચેન્નાઇ ૧૦૬ ના સંપાદનનો ખર્ચ	૧૯-૭-૧૯૯૩	મહા સુબ્બુલક્ષ્મી કલ્યાણ મંડપમ	૩૮,૫૧,૦૦૦	૨	૩૧
3197 Sq. ft / ts No. 115/P, 117/P in Arumbakkam Village	31-10-1994 and 04-04-1995 Sale deed	મહા સુબ્બુલક્ષ્મી કલ્યાણ મંડપમ	૮,૫૫,૧૫૦	૨	૧૦૩
3197 Sq. ft / ts No. 115/P, 117/P in Arumbakkam Village	31.10.1994 and 04-04-1995 Sale deed	મહા સુબ્બુલક્ષ્મી કલ્યાણ મંડપમ	૮,૫૫,૧૫૦	૨	૧૬૨
કેનેરા બેંક, અન્ના	Account opened on 1-12-	મહા સુબ્બુલક્ષ્મી	૩,૧૭,૪૭૬	૨	૨૦૭

નગરના સીએ નં. ૧૬૮૯ માં ૩૦.૪.૧૯૯૬ ના રોજની રોકડ સિલક	1993	કલ્યાણ મંડપમ			
		કુલ	૫૮,૭૮,૭૭૬		
ગ્રાન્ડ ટોટલ ૬,૭૩,૪૫,૨૭૨					
મેસર્સ જયા ફાઇનાન્સ પી લિમિટેડ					
ઇન્ડિયન બેંક અભીરામપુર મના તારીખ ૫/૫/૯૫ ના રોજ ખોલવામાં આવેલ સીએ ૧૧૭૯ માં તારીખ ૩૦–૪–૯૬ ના રોજની રોકડ સિલક	૩૦–૪–૧૯૯૬	મેસર્સ જયા ફાઇનાન્સ (પી) લિમિટેડ	૧,૭૬૦		૨૦૯
		કુલ			
		ગ્રાન્ડ ટોટલ	૪,૬૦,૨૪,૪૩૯		
એનેક્ષર – ૨ ડીવીએસી મુજબ ચકાસણી સમયગાળા ના અંતે અંજનેય					

પ્રિન્ટર્સ (પી) લિમિટેડ દ્વારા સંપાદિત મિલકતો					
૨૧, પદ્મનાભન સ્ટ્રીટમ ટી નગર નવો ટી એસ નં. ૮૦૨૫/૧ બ્લોક નં. ૧૦૭ માં એસ.નં. ૩૦૧, ૪૭૨૫/૧૬ માં સુપર સ્ટ્રક્ચર સાથે ૧ ગ્રાઉન્ડ અને ૧૦૮૬ ચો.ફૂટ નો ૧/૫ મો ભાગ	૧૭-૧-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૩,૧૯,૨૩૦	૨	૫૧
૨૧, પદ્મનાભન સ્ટ્રીટમ ટી નગર નવો ટી એસ નં. ૮૦૨૫/૧ બ્લોક નં. ૧૦૭ માં એસ.નં. ૩૦૧, ૪૭૨૫/૧૬ માં સુપર સ્ટ્રક્ચર સાથે ૧ ગ્રાઉન્ડ અને ૧૦૮૬	૧૭-૧-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૩,૧૯,૨૩૦	૨	૫૨

ચો.ફૂટ નો ૧/૫ મો ભાગ					
૨૧, પદ્મનાભન સ્ટ્રીટમ ટી નગર નવો ટી એસ નં. ૮૦૨૫/૧ બ્લોક નં. ૧૦૭ માં એસ.નં. ૩૦૧, ૪૭૨૫/૧૬ માં સુપર સ્ટ્રક્ચર સાથે ૧ ગ્રાઉન્ડ અને ૧૦૮૬ ચો.ફૂટ નો ૧/૫ મો ભાગ	૧૭-૧-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૩,૧૯,૨૩૦	૨	૫૩
૨૧, પદ્મનાભન સ્ટ્રીટમ ટી નગર નવો ટી એસ નં. ૮૦૨૫/૧ બ્લોક નં. ૧૦૭ માં એસ.નં. ૩૦૧, ૪૭૨૫/૧૬ માં સુપર સ્ટ્રક્ચર સાથે ૧ ગ્રાઉન્ડ અને ૧૦૮૬ ચો.ફૂટ નો ૧/૫ મો	૧૭-૧-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૩,૧૯,૨૩૦	૨	૫૪

ભાગ					
૨૧, પદ્મનાભન સ્ટ્રીટમ ટી નગર નવો ટી એસ નં. ૮૦૨૫/૧ બ્લોક નં. ૧૦૭ માં એસ.નં. ૩૦૧, ૪૭૨૫/૧૬ માં સુપર સ્ટ્રક્ચર સાથે ૧ ગ્રાઉન્ડ અને ૧૦૮૬ ચો.ફૂટ નો ૧/૫ મો ભાગ	૧૭-૧-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૩૧૯,૨૩૦	૨	૫૫
એસ.નં. ૬૭૯૪ માં મકાન (૨૦૦૦ ચો.ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર ૨૬૦૦ ચો.ફૂટ ફર્સ્ટ ફ્લોર) સાથે ૪૨૯૩ ચો.ફૂટ જેને નં. ૬૮, હબીબુલ્લાહ રોડ, ટી.નગર એમ.એસ. ૧૭ કહેવામાં આવે છે	૩૦-૧૨-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૪૩,૫૬,૧૪૨	૨	૧૨૨
સર્વે નં,	૩૦-૧૨-	મેસર્સ	૫૯,૯૬,૩૪	૨	૧૨૩

૬૭૯૪ માં મકાન ૩૦૦૦ ચો.ફૂટ ગ્રાઉન્ડ ફ્લોર ૩૭૦૦ ચો.ફૂટ ફર્સ્ટ ફ્લોર સાથે ૩૪૭૨ ચો.ફૂટ જેને ૬૯, હબીબુલ્લાહ રોડ ટી નગર એમ.એસ. ૧૭ કહેવામાં આવે છે	૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૬		
લુઝ એવન્યુના એસ.નં. ૩૩૩૪/૧ એ માં ૫ ગ્રાઉન્ડ અને ૧૧૩૩ ચો.ફૂટ માં જમીનના ૧/૬ અવિભાજિત ભાગ	૨૧-૩-૧૯૯૫ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૧૦,૮૭,૧૯૬	૨	૧૫૭
ડોર નં. ૪૮ જવાહરલાલ નેહરુ રોડ, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ગીન્ડી એકકુથંગલ ચેન્નાઈ ખાતે નવું/વધારાનું બાંધકામ	ઇવેલ્યુએશન રિપોર્ટ મુજબ**	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૨,૧૩,૬૩,૪૫૭	૨	૧૭૭

મકાન					
ડોર નં. ૨૧ પદ્મનાભ સ્ટ્રીટ ટી નગર ચેન્નાઈ – ૧૭ ખાતે રહેણાંક મકાનમાં નવું વધારાનું બાંધકામ	ઈવેલ્યુએશન રિપોર્ટ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ	૨૦,૪૩,૦૦૦	૨	૧૮૫
તારીખ ૨૯–૦૭–૯૩ ના રોજ ખોલવામાં આવેલ સીબી. માયલાપોર ના સીએ ૨૨૫૦ માં તારીખ ૩૦–૦૪–૯૬ ના રોજની રોકડ સિલક	૩૦–૪–૧૯૯૬	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૧૦,૭૫,૩૩૬	૨	૨૧૩
ટીએન ૦૯ એચ ૩૫૯૫ (સ્વરાજ મઝદા વાન)	૨૬–૦૩–૧૯૯૬	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૫,૫૬,૯૯૯	૨	૨૫૧
ટીએન ૦૯ એચ ૩૫૪૧ (સ્વરાજ મઝદા વાન)	૨૬–૦૩–૧૯૯૬	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૫,૫૬,૯૯૯	૨	૨૫૨
ટીએન ૦૯ એચ ૩૫૮૬ (સ્વરાજ મઝદા વાન)	૨૫–૩–૧૯૯૬	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૫,૫૬,૯૯૯	૨	૨૫૫
મેસર્સ માટે	ઈવેલ્યુએશન	મેસર્સ	૨,૧૬,૪૨,	૨	૨૯૪

ત્યારબાદ ખરીદવામાં આવેલ મશીનરી.	રિપોર્ટ મુજબ **	અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૦૦૦		
ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ થિરુમુઝીમાં મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડના નામે તારીખ ૨૦/૪/૧૯૯૪ ના રોજ રૂ. ૮૧૯૦૦૦/- ની કિંમતે ૧.૧૨ એકર વિસ્તારનો નં. ૬ ધરાવતો વિકસિત પ્લોટ અને સિડકો દ્વારા તારીખ ની રસીદ નં. ૧૨૦૧૨૮ દ્વારા એકત્રિત કરવામાં આવેલ રૂ. ૪૦૯૫૦ ના સર્વિસ ચાર્જીસ	૦૫-૦૬-૧૯૯૪ વેચાણ દસ્તાવેજ	મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ પી લિમિટેડ	૮,૬૦,૯૫૦	૨	૨૯૭
		કુલ	૬,૧૬,૯૧,૫૭૪		

સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ					
મિલકતનું વર્ણન	દસ્તાવેજનો સંદર્ભ	ના નામે છે	મિલકતની કિંમત રૂ.	એનેક્ષર નં.	એનેક્ષર ૨ માં આઇટમ નં.
આઇબી અભીરામપુર મ ખાતે તારીખ ૨૫/૧/૯૫ ના રોજ ખોલવામાં આવેલ સીએ ૧૧૫૨ માં તારીખ ૩૦.૦૪–૯૬ ના રોજની રોકડ સિલક	૩૦–૪–૧૯૯૬	મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૫,૪૬,૫૭૭	૨	૨૧૬
આઇબી, અભીરામપુર મમાં ના નામે ફિક્સ્ડ ડિપોઝિટ	૨૦–૦૪–૧૯૯૫	મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૫,૦૦.૦૦૦	૨	૨૬૦
આઇબી, અભીરામપુર મમાં ના નામે ફિક્સ્ડ ડિપોઝિટ	૨૫–૩–૧૯૯૫	મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૫,૦૦,૦૦૦	૨	૨૬૨
આઇબી, અભીરામપુર મમાં ના નામે ફિક્સ્ડ ડિપોઝિટ	૨૫–૩–૧૯૯૫	મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૫,૦૦,૦૦૦	૨	૨૬૩
આઇબી,	૨૫–૩–	મેસર્સ સુપર	૫,૦૦,૦૦૦	૨	૨૬૪

અભીરામપુર મમાં ના નામે ફિક્સ્ડ ડિપોઝિટ	૧૯૯૫	ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ			
ઇલેક્ટ્રોનિક્સ કોમ્પ્લેક્સ, ગીન્ડીમાં સિડકો દ્વારા તારીખ ૧૫/૪/૧૯૯૫ ના રોજ તરફેણમાં ફાળવવામાં આવેલ શેડ	૧૫-૦૪-૧૯૯૫	મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઇવેટ લિમિટેડ	૧૫,૭૫,૮૦૦	૨	૨૯૨
		કુલ	૪૧,૨૨,૩૭૭		
ગ્રાન્ડ ટોટલ			**૩૭,૫૫,૧૦,૩૫૪**		

૯૮. શ્રી નાફડેએ રજૂઆત કરી કે ૩૦૬ આઇટમો છે, જે એનેક્ષર ૨ માં દેખાશે, જેમાંથી ૧૭૫ આઇટમો આરોપી નં. ૧ થી ૪, જયા પબ્લિકેશન્સ અને શશિ એન્ટરપ્રાઇઝીસની મિલકતોને લગતી છે. ફરિયાદપક્ષ દ્વારા દાખલ કરવામાં આવેલ ચાર્જશીટમાં જે ૩૨ એન્ટિટીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાંથી, ૧૭ પાસે મિલકતો હોવાનો આક્ષેપ છે, સદર ૧૭ કંપનીઓ અને/અથવા પેઢીઓમાંથી ૪ પાસે માત્ર રોકડ સિલક છે અને ૨ એન્ટિટી, જેનો ૩૨ એન્ટિટીમાં સમાવેશ થતો નથી, તે (૧) મહાસુબુલક્ષ્મી કલ્યાણ મંડપમ અને (૨) જયા ફાઇનાન્સ છે. ૩૨ એન્ટિટીઓમાંથી, ૧૫ ની એનેક્ષર ૨ માં કોઈ સંપત્તિ દર્શાવવામાં આવી નથી. એ૨ પોતાની, જયા પબ્લિકેશન્સ, શશિ એન્ટરપ્રાઇઝીસ તેમજ અંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ, ગ્રીન ફાર્મ હાઉસ, જે ફાર્મ હાઉસ, જેય રિયલ એસ્ટેટ, જયા કોન્ટ્રાક્ટર્સ એન્ડ બિલ્ડર્સ, જે.એસ. હાઉસિંગ ડેવલપમેન્ટ, જે.જે. લીઝિંગ એન્ડ મેન્ટેનન્સ, લક્ષ્મી કન્સ્ટ્રક્શન્સ,

ગોપાલ પ્રમોટર્સ, શક્તિ કન્સ્ટ્રક્શન્સ, કોડનાડ ટી એસ્ટેટ અને જયા ફાઇનાન્સ પ્રાઇવેટ લિમિટેડના સંબંધમાં દર્શાવેલ મિલકતો સાથે સંબંધિત છે. એ૩ પોતાના તેમજ સુપર ડુપર ટીવી (પી) લિમિટેડના સંબંધમાં દર્શાવેલ મિલકતો સાથે સંબંધિત છે. એ૪ પોતાની, જે.વિવેક સગીર પુત્ર, એ૪ ના પુત્રી અને પુત્ર અને મહાસુબુલક્ષ્મી કલ્યાણ મંડપમના સંબંધમાં દર્શાવેલ મિલકતો સાથે સંબંધિત છે.

કુલ ૧૦ આઇટમો, જે ફરિયાદપક્ષ દ્વારા એનેક્ષર ૨ માં જણાવવામાં આવી છે તે બાકાત રાખવાપાત્ર છે કારણ કે ખરીદી ચકાસણી સમયગાળા પહેલા કરવામાં આવી છે. તેથી એનેક્ષર ૨ માંથી રૂ. ૨૮,૫૭,૨૭૯/– ની રકમ બાકાત રાખવાની જરૂર છે.

૯૯. શ્રી નાફડેએ વધુમાં આઇટમ નં. ૩૧– મહાસુભલક્ષ્મી કલ્યાણ મંડપમ, ચેન્નાઈના સંપાદનની કિંમત રૂ. ૩૮,૫૧,૦૦૦/– ના સંબંધમાં રજૂઆત કરી કે તે એક ભાગીદારી પેઢી છે જેના મૂળ ભાગીદારો એક સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યો હતા, જેઓ કોર્ટ સમક્ષ ફરિયાદપક્ષના સાક્ષી–૧૦ તરીકે હાજર થયા હતા અને તેમણે જુબાની આપી હતી કે બાંધકામના હેતુ માટે, સદર પેઢીએ સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા પાસેથી રૂ. ૧૯ લાખની લોન લીધી હતી અને આવી લોન સદર મંડપમની આવકમાંથી યોગ્ય રીતે ચૂકવવામાં આવી હતી. એ૩ એ વર્ષ ૧૯૯૩ માં તેમનો સંપર્ક કર્યો અને એવું સંમત થયું હતું કે મૂળ ભાગીદારો નિવૃત્ત થશે અને એ૩, એ૪ અને એક શ્રીથલાદેવીને ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવશે. તેમણે જણાવ્યું છે કે એ૩ એ ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા રૂ. ૩૮,૫૧,૦૦૦/– ની રકમ ચૂકવી. તેમણે તારીખ ૧૨.૧૧.૧૯૯૬ ના બેંકના પત્ર પર આધાર રાખ્યો, જે કોર્ટ સમક્ષ આંક પી–૪૦ તરીકે ચિહ્નિત કરવામાં આવ્યો હતો.

૧૦૦. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે પત્ર એ દર્શાવતો નથી કે એ૩, એ૪ અથવા સદર શ્રીથલાદેવી દ્વારા કોઈ રકમ ચૂકવવામાં આવી છે.

ફરિયાદપક્ષે સ્પષ્ટપણે એ દર્શાવવા માટે પુરાવા સાથે છેડછાડ કરવાનો પ્રયાસ કર્યો છે કે એ૩, એ૪ અને શ્રીથલાદેવીએ રૂ. ૩૮,૫૧,૦૦૦/– ની રકમ ચૂકવી. રૂ. ૩૮,૫૧,૦૦૦/– ની કોઈ ચૂકવણીના કોઈપણ પુરાવાની ગેરહાજરીમાં ફરિયાદપક્ષના કેસને નકારી કાઢવો જોઈએ. જોકે, બચાવપક્ષે બચાવપક્ષના સાક્ષી–૮૮ મારફતે પુરાવા રજૂ કર્યા અને ભાગીદારી ખત (આંક ડી–૩૭૯) સાબિત કર્યું છે જે મૂળ ભાગીદારોની નિવૃત્તિ અને એ૩, એ૪ અને શ્રીથલાદેવીને ભાગીદાર તરીકે સામેલ કરવામાં આવ્યા હોવાનું દર્શાવે છે. સદર ખત પરથી એ સ્પષ્ટ થશે કે બહાર જતા ભાગીદારોને માત્ર રૂ. ૧૦ લાખની રકમ ચૂકવવામાં આવી છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે ટ્રાયલ કોર્ટે રૂ. ૩૮,૫૧,૦૦૦/– ની સંપૂર્ણ રકમને આરોપીની સંપત્તિ તરીકે ઉમેરી છે. જોકે એ૩ આ આઇટમ હેઠળ માત્ર રૂ. ૧૦ લાખની રકમ કબૂલે છે, પરંતુ બાકીના રૂ. ૨૮,૫૧,૦૦૦/– બાકાત રાખવાપાત્ર છે. ૧૦૧. તેમણે વધુમાં ધ્યાન દોર્યું કે તારીખ ૦૧.૦૯.૧૯૯૩ ના રોજ નં. ૪૮, ઈનર રિંગ રોડ, એકડ્ડથંગલ ખાતે મેસર્સ અંજનેય પ્રિન્ટર્સ (પી) લિમિટેડ દ્વારા તમામ શેર સામે રૂ. ૬૪,૦૫,૦૦૦/– ની ચૂકવણી કરીને શેર અને શ્રી નરેશ શ્રોફ પાસેથી રૂ. ૨૦,૧૬,૦૦૦/– ની મશીનરી સંપાદિત કરવામાં આવી હતી અને આ રીતે કુલ રૂ. ૮૪,૨૧,૦૦૦/– થાય છે. શ્રી નાફડે મુજબ, ફરિયાદપક્ષની રજૂઆત એ ધારણા પર આગળ વધે છે કે આરોપીઓએ માત્ર શાસ્ત્રી નટ્સના શેર જ સંપાદિત કર્યા નથી પરંતુ શાસ્ત્રી નટ્સની સંપત્તિ પણ સંપાદિત કરી છે અને તે આધારે ફરિયાદપક્ષે મશીનરીનું મૂલ્ય રૂ. ૨૦,૧૬,૦૦૦/– આંક્યું છે. ફરિયાદપક્ષના સાક્ષી–૧૫ ના પુરાવા સ્પષ્ટપણે દર્શાવે છે કે એ૨ એ ફરિયાદપક્ષના સાક્ષી–૧૫ અને તેમના પરિવારના સભ્યો પાસેથી શાસ્ત્રી નટ્સના શેર સંપાદિત કર્યા. શ્રી નાફડેએ જણાવ્યું કે તારીખ ૦૧.૦૯.૧૯૯૩ ના રોજના એમઓયુ માત્ર શેરનું મૂલ્ય દર્શાવશે, એટલે કે, રૂ. ૬૪,૦૫,૦૦૦/– ચૂકવવામાં આવ્યા છે અને વધુમાં આરોપીઓએ શાસ્ત્રી નટ્સની સંપત્તિ ખરીદી નથી. શ્રી નાફડે મુજબ, રૂ. ૨૦,૧૬,૦૦૦/– ની રકમ બાકાત રાખવાપાત્ર છે.

૧૦૨. શ્રી નાફડેએ વધુમાં ધ્યાન દોર્યું કે એનેક્ષર–૨ ની આઇટમ નં. ૬૪ એ વિવાદિત આઇટમ છે. તેમના જણાવ્યા મુજબ, તારીખ ૧૯.૧.૧૯૯૪ ના વેચાણ દસ્તાવેજ આંક ડી–૧૩૯ માં દર્શાવેલ કિંમતની ઉપર અને તેનાથી વધુ, સિરુથાવુર ગામમાં ૧૦.૭૮ એકર જમીનના સંપાદન પેટે આ આઇટમના સંબંધમાં દર્શાવેલ રોકડ ચૂકવણી, અને આક્ષેપિત રોકડ ચૂકવણીનો ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો ન હતો જે વોલ્યુમ ૭ ના પેરા ૭૭.૪ માં પેજ ૧૬૭– ૧૬૯ પર દેખાશે. ટ્રાયલ કોર્ટે પેજ ૧૬૭–૧૬૯ પર તેના સંબંધમાં બચાવપક્ષના કેસનો સ્વીકાર કર્યો. તેમણે વધુમાં રજૂઆત કરી કે વેચનારને તારીખ ૫ મી ફેબ્રુઆરી, ૧૯૯૪ ના દસ્તાવેજ નં. ૪૩/૯૪ માં કિંમતની ઉપર અને તેનાથી વધુ ચૂકવેલ રકમના સંબંધમાં દર્શાવેલ રોકડ ચૂકવણી પણ કાઢી નાખવી જોઈએ કારણ કે ટ્રાયલ કોર્ટે બચાવપક્ષના કેસનો સ્વીકાર કર્યો છે.

એનેક્ષર–૨ માં દર્શાવેલ વિવાદિત આઇટમ્સ અનુક્રમ નં. ૭૦, ૭૨ અને ૭૪ ના સંબંધમાં, એ રજૂઆત કરવામાં આવે છે કે જોકે ટ્રાયલ કોર્ટે બચાવપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલ દલીલનો સ્વીકાર કર્યો હતો, પરંતુ તેણે તમામ ત્રણ આઇટમ્સના સંબંધમાં પૂરો લાભ આપ્યો ન હતો પરંતુ માત્ર આઇટમ નં. ૭૨ ના સંબંધમાં આક્ષેપ મુજબ રોકડ ચૂકવણી હોવાને કારણે રૂ. ૩,૩૫,૦૦૦/– ની રકમમાં રાહત મંજૂર કરી હતી. જોકે, શ્રી નાફડેએ રજૂઆત કરી કે આઇટમ નં. ૭૦ અને ૭૪ ના સંબંધમાં, રૂ. ૬,૭૦,૦૦૦/– ની વધુ રકમ પણ બાકાત રાખવાપાત્ર છે.

૧૦૩. તેમણે વધુમાં ધ્યાન દોર્યું કે રૂ. ૨,૬૫,૦૦૦/– અને રૂ. ૩,૧૦,૦૦૦/– સંબંધિત એનેક્ષર–૨ ની અનુક્રમ નં. ૯૧ અને ૯૨ હોવાથી વિવાદિત આઇટમ્સ, રૂ. ૩,૨૫,૦૦૫/– ની રકમ બાકાત રાખવી પડશે. એ જ રીતે, ગાંધી અને અન્ય પાસેથી એ૨, એ૩ અને એ૪ ને શેર દીઠ રૂ. ૩/– ના દરે વેંદમ્પલય ખાતે મેસર્સ રામરાજ એગ્રોના ૬,૧૪,૦૦૦ શેરના ટ્રાન્સફરની કિંમત સંબંધિત એનેક્ષર–૨ ની વિવાદિત આઇટમ નં. ૧૨૭ ના સંબંધમાં, એ રજૂઆત કરવામાં આવે છે કે ડીવીએસીના આક્ષેપ મુજબ એ૨, એ૩ અને એ૪ પાસે રૂ.

૧૮,૪૨,૦૦૦/– ની કિંમતના શેર નહોતા. ટ્રાયલ કોર્ટે બચાવપક્ષના કેસને ધ્યાનમાં લીધા વિના યાંત્રિક રીતે ફરિયાદપક્ષના કેસનો સ્વીકાર કર્યો. તેથી, તેમણે રજૂઆત કરી કે એ૨ થી એ૪ ની આક્ષેપિત સંપત્તિમાંથી રૂ. ૭,૬૨,૦૦૦/– ની રકમ ઘટાડવાની રહે છે.

૧૦૪. લુઝ એવન્યુ મિલકતના સંપાદનની કિંમત સંબંધિત એનેક્ષર–૨ ની અનુક્રમ નં. ૧૫૯ પરની વિવાદિત આઇટમ અંગે, શ્રી નાફડે દ્વારા રજૂઆત કરવામાં આવે છે કે ફરિયાદપક્ષ દ્વારા આક્ષેપ કર્યા મુજબ, દસ્તાવેજમાં વર્ણવેલ વેચાણ અવેજની ઉપર અને તેનાથી વધુ રૂ. ૭૬,૦૦,૦૦૦/– ની ચૂકવણી રોકડ દ્વારા કરવામાં આવી હતી. બચાવપક્ષ મુજબ, વેચાણ દસ્તાવેજમાં વર્ણવેલ અવેજની રકમ સિવાય અન્ય કોઈ રકમ ચૂકવવામાં આવી ન હતી. તેમણે વધુમાં ધ્યાન દોર્યું કે ટ્રાયલ કોર્ટે એનેક્ષર–૨ ની અનુક્રમ નં. ૧૬૮ અને ૧૬૯ પરની વિવાદિત આઇટમ્સના સંબંધમાં ફરિયાદપક્ષના કેસને માન્ય રાખ્યો ન હતો. એવી રજૂઆત કરવામાં આવે છે કે એ૨ એ ડીવીએસી મુજબ ચકાસણી સમયગાળા દરમિયાન રૂ. ૩,૪૯,૬૮૩/– માં એનેક્ષર–૨ ની અનુક્રમ નં. ૩૪ થી ૪૮ પરની આઇટમ્સ ખરીદી હતી અને સમાન આઇટમ્સ એ૨ દ્વારા મેડો એગ્રો પ્રાઇવેટ લિમિટેડને રૂ. ૨,૯૦,૦૦૦/– માં વેચવામાં આવી હતી અને તેને ફરીથી એનેક્ષર–૨ ની આઇટમ નં. ૧૬૮ અને ૧૬૯ તરીકે દર્શાવવામાં આવી છે. તેથી, ડુપ્લિકેશનને કારણે આ કાઢી નાખવી જોઈએ.

૧૦૫. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૭૩ નો વિવાદિત મુદ્દો, જે કડલુર ખાતે ઇન્ડો–દોહા કેમિકલ્સ એન્ડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના સંપાદન તરફના ખર્ચ સંબંધિત છે, તે અંગે ફરિયાદપક્ષનો કેસ એવો છે કે શેરની ખરીદી માટે અવેજ તરીકે રૂ. ૩૦,૪૫,૦૦૦/– ની રકમ ઉપરાંત રૂ. ૫ લાખની રકમ રોકડમાં ચૂકવવામાં આવી છે અને ફરિયાદપક્ષે આંક પી–૫૧૦ (પેજ ૨૫ વોલ્યુમ ૩૧) રજૂ કર્યો છે, જે એક કરાર છે જેના દ્વારા એ૩ એ શ્રી અય્યાદુરાઈ (ફરિયાદપક્ષના સાક્ષી–૮૪), એમ. ખાદર મોહમ્મદ અને કે. સમુદ્ર પાંડિયન પાસેથી શેર ખરીદ્યા હતા. આ અંગે, એવી રજૂઆત કરવામાં આવી છે કે કરાર વેચાણ અવેજનો ઉલ્લેખ

કરતો નથી. ફરિયાદપક્ષના સાક્ષી–૮૪ એ તેની જુબાનીમાં જણાવ્યું હતું કે એ૩ એ પાંચ ચેક દ્વારા રૂ. ૩૦,૪૫,૦૦૦/– ચૂકવ્યા હતા અને વધુ રૂ. ૫ લાખની રકમ તેમને રોકડમાં ચૂકવવામાં આવી હતી અને ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષના સાક્ષી–૮૪ ના પુરાવા પર કાર્ય કરીને ફરિયાદપક્ષનો કેસ ખોટી રીતે સ્વીકાર્યો છે.

૧૦૬. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૭૪ ના વિવાદિત મુદ્દા અંગે, જે ૫–એબી અને સી ઈસ્ટ કોસ્ટ રોડ, ડોર નં. ૪/૧૩૦, રાજા નગર, નીલનકરાઈ, ચેન્નાઇ ખાતે બિલ્ડિંગમાં નવા/વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ડીવીએસી એ આ અસ્કયામતનું મૂલ્ય રૂ. ૮૦,૭૫,૦૦૦/– આંક્યું હતું જેનો ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. જો કે, એવું જણાવવામાં આવ્યું છે કે ચેક સમયગાળા દરમિયાન સદર બાંધકામ હાથ ધરવામાં આવ્યું ન હતું અને વધુમાં સદર મૂલ્યાંકન અવૈજ્ઞાનિક અને અસ્વીકાર્ય છે. શ્રી નફાડેએ રજૂઆત કરી કે ફરિયાદપક્ષના સાક્ષી દ્વારા જુબાની આપવામાં આવ્યા મુજબ આરસપહાણ (માર્બલ) અને ગ્રેનાઈટનું મૂલ્યાંકન વધુ પડતું હતું. તેમના મતે, બચાવપક્ષના સાક્ષી–૯૫ એ આ મિલકતનું મૂલ્યાંકન રૂ. ૪૦,૩૫,૯૮૧/– (આંક ડી–૩૦૬, પેજ ૧૨૨ પેજ ૧૬૩ પર વોલ્યુમ ૧૫૭) ની રકમ માટે કર્યું હતું. તેમના મતે, ટ્રાયલ કોર્ટ મૂલ્યાંકનને કોઈ શ્રેય આપવામાં નિષ્ફળ રહી, પરંતુ કુલ બાંધકામના મૂલ્ય પર ૨૦% નો એકંદર ઘટાડો માન્ય રાખ્યો અને તેથી, તેમણે રજૂઆત કરી કે બાકીની રકમને બાકાત રાખવી જોઈએ. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૭૬ ના વિવાદિત મુદ્દા અંગે, જે ચિંગલપટ્ટુ અન્ના જિલ્લાના પય્યાનુર ખાતે ફાર્મ હાઉસ બંગલામાં નવા/વધારાના બાંધકામ સંબંધિત છે, ડીવીએસી દ્વારા આક્ષેપ કર્યા મુજબ, એ૨ દ્વારા ફાર્મ હાઉસ બંગલામાં વધારાના બાંધકામ દ્વારા રૂ. ૧,૨૫,૯૦,૨૬૧/– ની રકમનું રોકાણ કરવામાં આવ્યું હતું. વિદ્વાન સિનિયર કાઉન્સેલના જણાવ્યા મુજબ, વધારાના બાંધકામ માટે કોઈ રકમનું રોકાણ કરવામાં આવ્યું ન હતું, કારણ કે તે આરોપીનો નિશ્ચિત કેસ છે કે ખરીદી પછી કોઈ સુધારો અથવા વધારાનું બાંધકામ કરવામાં આવ્યું ન હતું. જો

કે, ફરિયાદપક્ષે ફરિયાદપક્ષના સાક્ષી–૪૦, ફરિયાદપક્ષના સાક્ષી–૧૦૭ અને ફરિયાદપક્ષના સાક્ષી–૨૨૦ ના મૌખિક પુરાવા અને આંક પી–૯૬ થી આંક પી–૧૦૩ જે વેચાણ દસ્તાવેજો છે તેના પર આધાર રાખ્યો હતો અને આંક પી–૬૬૨ એ ફરિયાદપક્ષના સાક્ષી–૧૦૭ નો મૂલ્યાંકન અહેવાલ છે. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે ઉપરોક્ત દલીલના સમર્થનમાં, બચાવપક્ષે આંક ડી–૨૫૧ થી આંક ડી–૨૫૭ પર આધાર રાખ્યો હતો અને તેમના મતે, સદર ઇમારત વેચાણ પહેલા પણ અસ્તિત્વમાં હતી. તેમના મતે, ચેક સમયગાળા દરમિયાન વધારાના બાંધકામ અથવા તેના મૂલ્યને સાબિત કરવા માટે ફરિયાદપક્ષ દ્વારા કોઈ હકારાત્મક પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. ટ્રાયલ કોર્ટે હજુ પણ સદર બાંધકામના કથિત મૂલ્યના ૮૦% સ્વીકાર્યા જે છોડી દેવા જોઈતા હતા.

૧૦૭. તેવી જ રીતે, રૂ. ૨,૧૩,૬૩,૪૫૭/– ના ખર્ચે, ડોર નં. ૪૮, જવાહરલાલ નેહરુ રોડ, ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગીંડી એકત્તુથંગલ, ચેન્નાઇ (શાસ્ત્રી નટ્સ પ્લેટ્સ) ખાતે બિલ્ડિંગના નવા/વધારાના બાંધકામના સંબંધમાં, જે એનેક્ષર–૨ નો અનુક્રમ નં. ૧૭૭ નો મુદ્દો છે, શ્રી નકાડેએ રજૂઆત કરી કે ડીવીએસી અને ટ્રાયલ કોર્ટે ધારી લીધું છે કે સદર વધારાનું બાંધકામ આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું જ્યાં એ૨ અને એ૩ ડિરેક્ટર છે. બચાવપક્ષના જણાવ્યા મુજબ, આ બાંધકામ આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવ્યું નથી અને તે શાસ્ત્રી નટ્સ પ્લેટ્સ મેન્યુફેક્ચરર્સ પ્રાઇવેટ લિમિટેડનું છે અને આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ માત્ર એક ભાડૂત છે. એવું વધુમાં રજૂઆત કરવામાં આવે છે કે ફરિયાદપક્ષના સાક્ષી–૧૫ ના પુરાવા અને આંક પી–૪૧ સિવાય, બીજો કોઈ પુરાવો નથી જે દર્શાવે કે કોઈપણ આરોપીએ શાસ્ત્રી નટ્સ પ્લેટ્સની અસ્કયામતો ખરીદી હતી. તેમના મતે, જોકે ટ્રાયલ કોર્ટ આરોપીની એ દલીલ સાથે સહમત છે કે ફરિયાદપક્ષે બાંધકામનો ખર્ચ સાબિત કર્યો નથી, તેણે છતાં એકંદર ખર્ચમાં ૨૦% ઘટાડો મંજૂર કર્યો છે. આથી, આવા એકંદર ખર્ચને તેની સંપૂર્ણતામાં બાકાત રાખવો જોઈએ.

૧૦૮. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૭૮ ના વિવાદિત મુદ્દા અંગે, જે ડી.નં. ૩/૧/૮સી – વેટ્ટુવનકેની, ચેન્નાઇ ખાતે રહેણાંક મકાનમાં નવા/વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ડીવીએસી અને ટ્રાયલ કોર્ટને જાણવા મળ્યું કે આ નવા વધારાના બાંધકામનું મૂલ્ય રૂ. ૧,૫૨,૫૯,૦૭૬/– હતું. તેમણે રજૂઆત કરી હતી કે સદર બાંધકામ ચેક સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું હતું તે દર્શાવવા માટે કોઈ પુરાવો ઉપલબ્ધ નથી. એવી વધુ રજૂઆત કરવામાં આવે છે કે ફરિયાદપક્ષના સાક્ષી–૯૮ ના પુરાવા સિવાય, બાંધકામ ચેક સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું હતું તે દર્શાવવા માટે કોર્ટ સમક્ષ કોઈ અન્ય પુરાવો રજૂ કરવામાં આવ્યો ન હતો. તદનુસાર, સદર રકમને સંપૂર્ણપણે બાકાત રાખવા પાત્ર છે.

૧૦૯. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૦ ના વિવાદિત મુદ્દા વિશે, જે ચિંગલપટ્ટુ એમજીઆર જિલ્લામાં સિરુથાવુર ગામ ખાતે પોશ બંગલામાં નવા વધારાના બાંધકામ સંબંધિત છે, જે ચેક સમયગાળા દરમિયાન બાંધકામના ખર્ચ તરીકે એજ ને રૂ. ૫,૪૦,૫૨,૨૯૮/– ની રકમ આભારી છે અને તે અહેવાલ પર આધારિત છે જે આંક પી–૬૬૧ તરીકે પ્રદર્શિત કરવામાં આવ્યો હતો, જે ફરિયાદપક્ષના સાક્ષી–૧૦૭ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો જેઓ મૂલ્યાંકનકાર હોવાનો દાવો કરે છે, શ્રી નફાડેએ રજૂઆત કરી હતી કે સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળની તપાસમાં તેમના પુરાવા એજ સમક્ષ મૂકવામાં આવ્યા ન હોવાથી, તેથી, આ મૂલ્યાંકન સ્વીકારી શકાય નહીં. આથી, સદર બાંધકામનો ખર્ચ ટ્રાયલ કોર્ટ દ્વારા નકારી કાઢવો જોઈતો હતો.

૧૧૦. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૩ ના વિવાદિત મુદ્દા અંગે, જે સી શેલ એવન્યુ, નં. ૨/૧–બી–૩ એપાર્ટમેન્ટ શોલિંગનલ્લુર સાયદાપેટ તાલુકા ખાતે બિલ્ડિંગમાં નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ડીવીએસી ને જાણવા મળ્યું કે આ નવું બાંધકામ રૂ. ૮૦,૩૬,૮૬૮/– ના ખર્ચે ઊભું કરવામાં આવ્યું હતું અને ટ્રાયલ કોર્ટે મૂલ્યાંકનકાર ફરિયાદપક્ષના સાક્ષી–૧૧૬ ની તપાસ કરી હતી અને મૂલ્યાંકન

અહેવાલને આંક પી–૬૬૯ તરીકે નિશાનીબદ્ધ કર્યો હતો. શ્રી નફાડેના જણાવ્યા મુજબ, સદર મૂલ્યાંકન અહેવાલ સ્વીકારી શકાય નહીં કારણ કે તેમના મતે, વિશેષ વસ્તુઓના મૂલ્યો વધુ પડતા હતા.

૧૧૧. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૪ ના વિવાદિત મુદ્દા અંગે, જે ડોર નં. ૧૯, પલ્લમ્મલ સ્ટ્રીટ, માયલાપોર, ચેન્નાઇ – જયા પબ્લિકેશન ખાતે બિલ્ડિંગમાં નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ફરિયાદપક્ષના સાક્ષી–૧૧૬ એ જણાવ્યું હતું કે આ બાંધકામ માટે મૂલ્ય રૂ. ૮,૦૦,૦૦૦/– હોવાનો અંદાજ હતો. જો કે, તેને સ્વીકારવામાં આવ્યું ન હતું કારણ કે ૩૧.૦૩.૧૯૯૬ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે જયા પબ્લિકેશન્સની બેલેન્સ શીટ મુજબ તેનું મૂલ્ય રૂ. ૬,૪૨,૨૯૦/– દર્શાવેલ છે. આથી, બાકીની રકમને બાકાત રાખવા પાત્ર છે.

૧૧૨. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૫ ના વિવાદિત મુદ્દા અંગે, જે ડોર નં. ૨૧, પદ્મનાભ સ્ટ્રીટ, ટી. નગર, ચેન્નાઇ ખાતે રહેણાંક મકાનમાં નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ મેસર્સ આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા રૂ. ૨૦,૪૩,૦૦૦/– ની હદ સુધી સદર બાંધકામ હાથ ધરવામાં આવ્યું હતું અને ફરિયાદપક્ષે ફરિયાદપક્ષના સાક્ષી–૧૧૬ ના પુરાવા અને આંક પી–૬૬૬ તરીકે તૈયાર કરવામાં આવેલ અહેવાલ પર આધાર રાખ્યો હતો અને શ્રી નફાડેના જણાવ્યા મુજબ, બાંધકામ ચેક સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવ્યું હતું તે સાબિત કરવા માટે કોઈ હકારાત્મક પુરાવો નથી. શ્રી નફાડેના જણાવ્યા મુજબ, બચાવપક્ષના સાક્ષી–૮૮ દ્વારા આવા ખર્ચના સંબંધમાં માત્ર રૂ. ૧૯,૦૫,૫૬૮/– ની રકમ સાબિત કરવામાં આવી હતી અને તેથી, બાકીની રકમને બાકાત રાખવા પાત્ર છે.

૧૧૩. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૬ ના વિવાદિત મુદ્દા અંગે, જે નં. ૧/૬૬, અન્ના નગર, ચેન્નાઇ ખાતે રહેણાંક મકાનમાં રૂ. ૨૪,૮૩,૭૫૯/– ના

ખર્ચે નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ફરિયાદપક્ષે આંક પી–૬૪૧ પર આધાર રાખ્યો હતો જે ફરિયાદપક્ષના સાક્ષી–૯૮ (પેજ ૧૪૮ થી ૧૭૯, વોલ્યુમ ૪) દ્વારા સાબિત કરાયેલ મૂલ્યાંકનનો અહેવાલ છે. શ્રી નફાડેના જણાવ્યા મુજબ, સદર પુરાવાને બિલકુલ ધ્યાનમાં લઈ શકાય નહીં કારણ કે તે સી.આર.પી.સી. ની કલમ ૩૧૩ હેઠળની તપાસમાં મિલકતની માલિક – એ૪ સમક્ષ મૂકવામાં આવ્યા નથી. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે ફરિયાદપક્ષના સાક્ષી–૯૮ ના પુરાવા પ્રદર્શિત કરી શકાય નહીં કારણ કે તેઓ સિવિલ એન્જિનિયર હોવાથી, ઇલેક્ટ્રિકલ વસ્તુઓનું મૂલ્યાંકન આપવા માટે સક્ષમ નથી.

૧૧૪. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૭ ના વિવાદિત મુદ્દા અંગે, જે ડોર નં. ૫, મુરુગેસન સ્ટ્રીટ, ટી. નગર, ચેન્નાઈ–૧૭ માં બિલ્ડિંગમાં રૂ. ૧૦,૯૨,૮૨૮/– ના ખર્ચે નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ફરિયાદપક્ષના સાક્ષી–૯૮ એ સદર બાંધકામના સંબંધમાં જુબાની આપી હતી. જો કે, શ્રી નફાડેએ રજૂઆત કરી હતી કે બચાવપક્ષના સાક્ષી–૯૫ મુજબ સદર બાંધકામનો ખર્ચ રૂ. ૫,૪૭,૧૦૩/– થશે. આથી, તેમણે રજૂઆત કે બાકીની રકમને રદ કરવી જોઈએ.

૧૧૫. એનેક્ષર–૨ ના અનુક્રમ નં. ૧૮૮ ના વિવાદિત મુદ્દા અંગે, જે ન્યૂ મહાબલીપુરમ રોડ પર નં. ૧/૨૪૦ ખાતેના કેમ્પસમાં રહેણાંક મકાનમાં (૪ નંબરો) રૂ. ૫૩,૧૧,૦૦૦/– ના ખર્ચે નવા વધારાના બાંધકામ સંબંધિત છે, એવી રજૂઆત કરવામાં આવી છે કે ડીવીએસી એ આક્ષેપ કર્યો હતો અને ટ્રાયલ કોર્ટને જાણવા મળ્યું હતું કે સદર નવું વધારાનું બાંધકામ ઊભું કરવામાં આવ્યું હતું પરંતુ એ સાબિત થયું નથી કે સદર બાંધકામ ચેક સમયગાળા દરમિયાન કરવામાં આવ્યું હતું કારણ કે આ અંગે કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા. બચાવપક્ષે એ દર્શાવવા માટે બચાવપક્ષના સાક્ષી–૯૫ ની પણ તપાસ કરી હતી કે વિશેષ વસ્તુઓનું મૂલ્ય વધુ પડતું હતું અને તેમના મતે બાંધકામનો ખર્ચ રૂ.

૨૯,૮૨,૩૯૨/– થશે. આથી, બાકીના રૂ. ૫,૪૫,૭૨૫/– ને બાકાત રાખવા પાત્ર છે.

૧૧૬. અનુક્રમ નં. ૧૮૯, ૧૯૦, ૧૯૧, ૨૪૨, ૨૪૯, ૨૫૪, ૨૫૬, ૨૫૭, ૨૫૯, ૨૬૧, ૨૮૫, ૨૮૭, ૨૯૩, ૨૯૪ અને ૩૦૧ પર રહેલા વિવાદિત મુદ્દાઓ અંગે, શ્રી નફાડેએ રજૂઆત કરી કે જોકે મૂલ્યાંકન અહેવાલો અને રકમો, જેને નિશાનીબદ્ધ કરીને કોર્ટ સમક્ષ પ્રદર્શિત કરવામાં આવી છે, તે ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી છે, તેમના મતે તે મૂલ્યો વધુ પડતા છે અને મોટાભાગની રકમો ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવાયેલી રકમો કરતા ઘણી ઓછી હોવી જોઈએ. આથી, તેમણે રજૂઆત કરી કે ટ્રાયલ કોર્ટે તેની સમક્ષ મૂકવામાં આવેલા પુરાવાઓ અને દસ્તાવેજોનું યોગ્ય રીતે મૂલ્યાંકન કર્યું નથી અને તેમના મતે રકમોનો વધુ પડતો ભાગ રદ કરવો જોઈતો હતો.

૧૧૭. શ્રી નફાડેએ વધુમાં દલીલ કરી હતી કે ચેક સમયગાળા દરમિયાન એર દ્વારા ૧૯૯૨–૧૯૯૩ ના આકારણી વર્ષમાં દર્શાવેલ આવક, વિદેશી નાણાં મોકલવા (ફોરેન રેમિટન્સ) સહિત, ફરિયાદપક્ષ દ્વારા ધ્યાનમાં લેવામાં આવી નથી અને ટ્રાયલ કોર્ટે આને એર ની આવકમાં સામેલ કરવી જોઈતી હતી. તેમણે વધુમાં દલીલ કરી હતી કે આકારણી વર્ષ ૧૯૯૨–૧૯૯૩ માટે એર માટે ખેતીની કામગીરીમાંથી અને ભેટ તરીકે મળેલ આવકને એર ની આવકમાં સામેલ કરવામાં આવી નથી અને ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓએ તેને સ્વીકારી હોવાથી, ડીવીએસી અને ટ્રાયલ કોર્ટે ભૂલથી આવી આવકને એર ની આવકમાં સામેલ કરવાનું છોડી દીધું છે. આકારણી વર્ષ ૧૯૯૩–૧૯૯૪ માં દર્શાવેલ એર ની રૂ. ૧૦,૦૦,૦૦૦/– ની આવક ડીવીએસી અને ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી નથી. તેવી જ રીતે, ડીવીએસી અને ટ્રાયલ કોર્ટે એર ના આકારણી વર્ષ ૧૯૯૪–૧૯૯૫ માં દર્શાવેલ આવકને યોગ્ય શ્રેય આપ્યો ન હતો જે રૂ. ૨૪,૯૯,૦૦૫/– ની હદ સુધી હતી. એવી વધુ દલીલ કરવામાં આવે છે કે ૧૦.૧.૧૯૯૬ ના રોજ ચેન્નાઈની હાઉસિંગ એન્ડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી અને અનુક્રમે ૬.૧.૧૯૯૬ અને ૫.૩.૧૯૯૬ ના રોજ

ચેન્નાઇની હાઉસિંગ, રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી, પોતાની જાત માટે અને તેની માલિકીની પેઢી મેટલ કિંગ માટે એ૨ દ્વારા લેવામાં આવેલ ૩. ૧૫,૦૦,૦૦૦/– અને ૩. ૭૫,૦૦,૦૦૦/– ની બે લોન માટે ડીવીએસી અને ટ્રાયલ કોર્ટ દ્વારા યોગ્ય શ્રેય આપવામાં આવ્યો ન હતો. તેથી તેમણે રજૂઆત કરી હતી કે આ લોનની રકમોને એ૨ ની આવકમાં સામેલ કરવી જોઈતી હતી.

૧૧૮. વધુમાં વિદ્વાન સિનિયર કાઉન્સેલે દલીલ કરી હતી કે ટ્રાયલ કોર્ટ ૩. ૨૨,૦૦,૦૦૦/– ની રકમને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ રહી જે એ૨ ને ભરાણી બીચ રિસોર્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ તરફથી એડવાન્સ તરીકે મળી હતી, જે સદર કંપની દ્વારા ચેકથી ચૂકવવામાં આવી હતી. શ્રી નફાડેના જણાવ્યા મુજબ તે રકમને એ૨ ની આવકમાં સામેલ કરવી જોઈતી હતી. જો કે, તપાસ દરમિયાન જપ્ત કરવામાં આવ્યા હોવા છતાં અને કોર્ટમાં ફાઇલ કરવામાં આવ્યા હોવા છતાં અન્ય ઘણા દસ્તાવેજો સાથે આ દસ્તાવેજો પ્રદર્શિત કરવામાં આવ્યા ન હતા અને નિશાની વગરના દસ્તાવેજો તરીકે રાખવામાં આવ્યા હતા.

૧૧૯. એ૨ એ ૧૮.૨.૧૯૯૫ ના રોજ મેસર્સ રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ (પી) લિ. પાસેથી વધુમાં ૩. ૫૨,૦૦,૦૦૦/– નો એડવાન્સ મેળવ્યો હતો જે ૩૧.૩.૧૯૯૬ ના રોજ પૂરા થતા વર્ષ માટે સદર કંપનીની બેલેન્સ–શીટમાં (આંક ડી–૧૯૨) પ્રતિબિંબિત થયો હતો અને એવું રજૂ કરવામાં આવે છે કે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા મેસર્સ રિવરવેને નોટિસ જારી કરવામાં આવી હતી અને ૩૦.૩.૨૦૦૦ ના રોજ એક ઓર્ડર પસાર કરવામાં આવ્યો હતો જેમાં એવું જણાવવામાં આવ્યું છે કે મેસર્સ રિવરવેને જુદી–જુદી વ્યક્તિઓ પાસેથી શેર અરજીના નાણાં મળ્યા છે જેમની પાસે આવા યોગદાન આપવા માટે જરૂરી સ્રોત છે. પરંતુ ટ્રાયલ કોર્ટે આ રકમને એવા કારણોસર નામંજૂર કરી હતી કે સદર વ્યવહાર ઇન્કમ ટેક્સ એક્ટની કલમ ૨૬૯–એસએસ થી પ્રભાવિત હતો. આથી, તેમણે રજૂઆત કરી કે સદર રકમના સંદર્ભમાં ટ્રાયલ કોર્ટ દ્વારા ક્રેડિટ મંજૂર કરવી જોઈતી હતી.

૧૨૦. તેમણે વધુમાં રજૂઆત કરી કે એ૨ દ્વારા ચેક મારફતે મેસર્સ મેડો એગ્રો ફાર્મ્સ (પી) લિ. પાસેથી મેળવેલ એડવાન્સ સદર કંપની પાસેથી લોન હતી પરંતુ ટ્રાયલ કોર્ટે સદર રકમને એવા કારણોસર સ્વીકારી ન હતી કે તે ઇન્કમ ટેક્સ એક્ટની કલમ ૨૬૯–એસએસ થી પ્રભાવિત હતી. તેમણે વધુમાં નિર્દેશ કર્યો કે જુદી–જુદી પેઢીઓના (૯ નંબરો) ભાગીદાર તરીકે, એ૨ ને વિઘ્નેશ્વરા બિલ્ડર્સ સિવાયના દરેક સંસ્થાનોમાંથી રૂ. ૨૫ લાખ મળીને કુલ રૂ. ૨,૨૦,૦૦,૦૦૦/– ની રકમ મળી, જેના કિસ્સામાં તે રૂ. ૨૦ લાખ હતી, જે કુલ મળીને રૂ. ૨,૨૦,૦૦,૦૦૦/– થતી હતી. આ ચૂકવણીઓ એ૨ અને સંબંધિત સંસ્થાનો બંનેના બેંક ખાતાઓમાં પ્રતિબિંબિત થાય છે. કોઈપણ વ્યાજબીપણા વિના, તે રકમ એ૨ ની આવક તરીકે ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી ન હતી.

૧૨૧. આંક પી–૯૧૦ અને પી–૯૧૧ મુજબ, એ૨ એ ચેક પિરિયડ દરમિયાન તેની મિલકતો મેસર્સ મેડો એગ્રો ફાર્મ્સને વેચી હતી અને તેના દ્વારા વેચાણ અવેજ તરીકે રૂ. ૨,૯૦,૦૦૦/– ની રકમ મેળવવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે સદર રકમને એ૨ ની આવક તરીકે કોઈ ક્રેડિટ આપી ન હતી. વધુમાં એવું રજૂ કરવામાં આવે છે કે એ૨ પાસે રોકડ રકમ રૂ. ૪,૩૫,૬૨૨/– હોવાને પણ ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવી ન હતી.

વિદ્વાન કાઉન્સેલ દ્વારા વધુમાં એવું રજૂ કરવામાં આવે છે કે શશી એન્ટરપ્રાઇઝિસે ૨૦.૨.૧૯૯૬ ના રોજ હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિ. પાસેથી રૂ. ૧૦ લાખની લોન લીધી હતી. બેંક સ્ટેટમેન્ટ અને ચેક દ્વારા કરવામાં આવેલી ચૂકવણીને ધ્યાનમાં લીધા વિના ટ્રાયલ કોર્ટ, સદર હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિ. કંપની પાસેથી લોન લેવાના પુરાવામાં આરોપીઓએ કોઈ સ્વીકાર્ય પુરાવા રજૂ કર્યા નથી તેવા કારણોસર સદર લોન વ્યવહાર સ્વીકારવામાં નિષ્ફળ ગઈ. શશી એન્ટરપ્રાઇઝિસે ૧૮.૧૦.૧૯૯૫ ના રોજ મેસર્સ લેક્સ પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિ. પાસેથી રૂ. ૨ લાખની વધુ લોન લીધી હતી જે શશી એન્ટરપ્રાઇઝિસના બેંક સ્ટેટમેન્ટ આંક

પી–૧૨૫૫ દ્વારા સમર્થિત છે. આ રકમને ડીવીએસી અને ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવી નથી.

૧૨૨. શશી એન્ટરપ્રાઇઝિસે ૨૯.૯.૧૯૯૨ ના રોજ એ૧ પાસેથી રૂ. ૭૫ લાખનું યોગદાન મેળવ્યું હતું જે તેણે કેનફિન હોમ્સ લિ. પાસેથી રૂ. ૧ કરોડની એફડી સામે લોન તરીકે લીધું હતું. તેથી, ચેક પિરિયડ દરમિયાન એ૧ દ્વારા મૂડી યોગદાન તરીકે શશી એન્ટરપ્રાઇઝિસની આવક રૂ. ૭૫ લાખ હતી જેને ડીવીએસી અને ટ્રાયલ કોર્ટ દ્વારા કોઈ વ્યાજબીપણા વિના અવગણવામાં આવી છે અને નજરઅંદાજ કરવામાં આવી છે. વિદ્વાન કાઉન્સેલે રજૂઆત કરી કે આ રકમને પણ ચેક પિરિયડ દરમિયાન પેઢીની આવક તરીકે સમાવવામાં આવશે. શ્રી નાફડેએ વધુમાં રજૂઆત કરી કે પ્રશ્નગત વ્યવહારને મંજૂર કર્યા વિના ટ્રાયલ કોર્ટે ષડયંત્રનું અનુમાન લગાવવા સંજોગ ઠેરવ્યો હતો. તેમણે વધુમાં નિર્દેશ કર્યો કે ૧૯૯૨–૧૯૯૩ દરમિયાન, એમ. રામચંદ્રન, નાગમ્મલ અને સુબ્રમણ્યમ દ્વારા શશી એન્ટરપ્રાઇઝિસને રૂ. ૧૬,૯૧,૦૦૦/– ની રકમો ચૂકવવાની બાકી હતી જે ૧૯૯૨–૧૯૯૩ દરમિયાન યોગ્ય રીતે શશી એન્ટરપ્રાઇઝિસની તિજોરીમાં આવી હતી, પરંતુ આ રકમ ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી ન હતી. આમ, શ્રી નાફડેના જણાવ્યા મુજબ, સદર રકમને સદર પેઢીની આવકમાં ઉમેરવી પડશે.

૧૨૩. વધુમાં એવું રજૂ કરવામાં આવે છે કે શશી એન્ટરપ્રાઇઝિસ પાસે આકારણી વર્ષ ૧૯૯૨–૧૯૯૩ થી ૧૯૯૬–૧૯૯૭ દરમિયાન ભાડાની આવક હતી. આ ભાડાની આવક ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓને તેમના રિટર્નમાં જાહેર કરવામાં આવી છે જે તેમના દ્વારા યોગ્ય રીતે સ્વીકારવામાં આવી હતી. આમ શશી એન્ટરપ્રાઇઝિસ પાસે પાંચ વર્ષના ચેક પિરિયડ દરમિયાન રૂ. ૧૬,૪૭,૮૦૦/– ની ભાડાની આવક હતી જેને ટ્રાયલ કોર્ટ દ્વારા અવગણવામાં આવી હતી. એવું પણ રજૂ કરવામાં આવે છે કે શશી એન્ટરપ્રાઇઝિસ પાસે સદર આકારણી વર્ષો દરમિયાન કૃષિ આવક પણ હતી, જે રૂ. ૯,૭૨,૫૫૦/– હતી જેને ટ્રાયલ કોર્ટ દ્વારા એવા કારણોસર ધ્યાનમાં લેવામાં આવી ન હતી કે શશી

એન્ટરપ્રાઇઝિસ દ્વારા કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા નથી. આકારણી વર્ષ ૧૯૯૪–૧૯૯૫ દરમિયાન, શશી એન્ટરપ્રાઇઝિસે કેટલીક મૂડી સંપત્તિ રૂ. ૧૦,૨૦,૦૦૦/– માં વેચી હતી જેને ટ્રાયલ કોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવી હતી. તેવી જ રીતે, બિઝનેસ ઓપરેશનમાંથી શશી એન્ટરપ્રાઇઝિસની રૂ. ૨,૩૯,૭૦૧/– ની આવક ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવી ન હતી. રૂ. ૬ લાખના બિલ્ડીંગ મટીરીયલ્સના વેચાણને પણ ટ્રાયલ કોર્ટ દ્વારા શશી એન્ટરપ્રાઇઝિસની આવક તરીકે સ્વીકારવામાં આવ્યું ન હતું. એવું પણ જણાવવામાં આવ્યું છે કે આકારણી વર્ષ ૧૯૯૫–૧૯૯૬ દરમિયાન, શશી એન્ટરપ્રાઇઝિસે નીલંકરાઈ ખાતેની તેની મિલકતના વેચાણ પેટે રૂ. ૨૩,૮૦,૦૦૦/– નો એડવાન્સ મેળવ્યો હતો જેને ટ્રાયલ કોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યો ન હતો.

૧૨૪. શ્રી નાફડેએ વધુમાં ભારપૂર્વક જણાવ્યું કે મેસર્સ જયા પબ્લિકેશન્સે આકારણી વર્ષ ૧૯૯૨–૧૯૯૩ થી ૧૯૯૬–૧૯૯૭ દરમિયાન, ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા સ્વીકારવામાં આવેલા ઇન્કમ ટેક્સ રિટર્ન્સ દ્વારા સમર્થિત છે તેમ રૂ. ૧,૧૫,૯૪,૮૪૯/– નો નફો કર્યો હતો. તેમના મતે, સદર રકમને જયા પબ્લિકેશન્સની આવકમાં ઉમેરવી જોઈતી હતી, પરંતુ ટ્રાયલ કોર્ટે તેને મુખ્યત્વે એવા કારણોસર નકારી કાઢી કે આધાર રાખવામાં આવેલા સહાયક દસ્તાવેજો ઇન્કમ ટેક્સ કાર્યવાહીના હતા.

૧૨૫. તેમણે રેખાંકિત કર્યું કે જયા પબ્લિકેશન્સ 'નમધૂ એમજીઆર' નામનું અખબાર પ્રકાશિત કરતું હતું અને સદર અખબાર ચલાવવા માટે અલગ ખાતું જાળવવામાં આવ્યું હતું. 'નમધૂ એમજીઆર' ના સબ્સ્ક્રિપ્શનને વેગ આપવા માટે, ગ્રાહકો પાસેથી ડિપોઝિટ મેળવવામાં આવતી હતી. આ યોજનામાં, ચેક પિરિયડ દરમિયાન ૧.૭.૧૯૯૧ થી ૩૦.૪.૧૯૯૬ સુધી જયા પબ્લિકેશન્સ દ્વારા રૂ. ૧૪,૧૦,૩૫,૦૦૦/– ની કુલ રકમ મેળવવામાં આવી હતી. શ્રી નાફડેના જણાવ્યા મુજબ, સદર રકમ જયા પબ્લિકેશન્સની આવકમાં ઉમેરવી જોઈતી હતી કારણ કે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા વિગતવાર

ચકાસણી પછી તેને સ્વીકારવામાં આવી હતી. પરંતુ ડીવીએસી અને ટ્રાયલ કોર્ટે સદર આવકને કોઈ ક્રેડિટ આપી ન હતી.

૧૨૬. મેસર્સ જે. ફાર્મ હાઉસ જેમાં એ૨, એ૩ અને એ૪ ભાગીદારો હતા, તેના માટે એવું રજૂ કરવામાં આવે છે કે તેણે નાણાકીય વર્ષ ૧૯૯૫–૧૯૯૬ દરમિયાન મેસર્સ હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિ. પાસેથી રૂ. ૨૫ લાખની લોન લીધી હતી જે સદર કંપની દ્વારા સ્વીકારવામાં આવી હતી. આ રકમ ચેક પિરિયડ દરમિયાન સદર કંપનીની આવક તરીકે ઉપલબ્ધ હતી. ટ્રાયલ કોર્ટ દ્વારા તેને કોઈ ક્રેડિટ આપવામાં આવી નથી. શ્રી નાફડેએ રજૂઆત કરી કે આ રકમને કંપનીની આવક તરીકે સામેલ કરવી જોઈતી હતી. તેવી જ રીતે, મેસર્સ ગ્રીન ફાર્મ હાઉસ જેમાં એ૨, એ૩ અને એ૪ ભાગીદારો હતા, તેણે નાણાકીય વર્ષ ૧૯૯૫–૧૯૯૬ દરમિયાન ૨૦.૧૦.૧૯૯૫ ના રોજ મેસર્સ હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિ. પાસેથી રૂ. ૨૫ લાખની લોન લીધી હતી. એવું રજૂ કરવામાં આવે છે કે આ રકમ ચેક પિરિયડ દરમિયાન સદર મેસર્સ ગ્રીન ફાર્મ હાઉસની આવક તરીકે ઉપલબ્ધ હતી પરંતુ તેના સંદર્ભમાં કોઈ ક્રેડિટ આપવામાં આવી નથી અને ટ્રાયલ કોર્ટે આ હકીકતની સંપૂર્ણ અવગણના કરી હતી. આમ, શ્રી નાફડેના જણાવ્યા મુજબ, આ રકમ કંપનીની આવકમાં સામેલ થવી જોઈએ.

૧૨૭. એવું રજૂ કરવામાં આવે છે કે મેસર્સ સુપર ડુપર ટીવી પ્રાઈવેટ લિ. ના ઈનકોર્પોરેશન અગાઉ, વ્યવસાય મેસર્સ સુપર ડુપર ટીવી નામે પ્રોપરાઈટર તરીકે એ૩ દ્વારા ચલાવવામાં આવતો હતો અને ત્યારબાદ તે કંપની તરીકે નોંધવામાં આવી હતી અને તેની રચના પછી પણ માલિકીની પેઢીનો વ્યવસાય ચાલુ રહ્યો હતો. તે ઈન્ડિયન બેંક, અભિરામપુરમ બ્રાન્ચમાં ચાલુ ખાતું ધરાવતી હતી. તપાસ દરમિયાન, ૧૨.૮.૧૯૯૪ થી ૨૩.૮.૧૯૯૫ ના સમયગાળા માટે સદર ખાતાના સ્ટેટમેન્ટની ઝેરોક્ષ કોપી જપ્ત કરવામાં આવી હતી પરંતુ તેને આંક તરીકે ચિહ્નિત કરવામાં આવી ન હતી, કારણ કે તેમાં બેન્કર્સ બુક્સ એવિડન્સ એક્ટ, ૧૮૯૧ હેઠળ જરૂરી સહી ન હતી. શ્રી નાફડેએ રજૂઆત કરી કે સદર

માલિકીની પેઢીને જુદી–જુદી કંપનીઓ પાસેથી અમુક રકમો મળી હતી જે ધ્યાનમાં લેવાવી જોઈતી હતી પરંતુ ટ્રાયલ કોર્ટ દ્વારા તેને નામંજૂર કરવામાં આવી છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે એવી અમુક અન્ય રકમો છે જે ડીવીએસી દ્વારા ધ્યાનમાં લેવામાં આવી નથી. તેમના મતે, એ૨ થી એ૪, સંબંધિત પેઢીઓ અને કંપનીઓ દ્વારા જનરેટ કરવામાં આવેલી કુલ આવકમાંથી, ભાગીદારોને વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી જેને તેમના માટે ઉપલબ્ધ રકમમાંથી બાદ કરવાની જરૂર છે. આથી, તેમના મતે, ડબલ એન્ટ્રી ટાળવા માટે ટ્રાયલ કોર્ટ દ્વારા રૂ. ૪,૩૦,૧૪,૪૬૯/– ની રકમને બાકાત રાખવી જોઈતી હતી. તેમણે વધુમાં રજૂઆત કરી કે એ૨ થી એ૪, તેમની પેઢીઓ અને કંપનીઓ સાથે સંબંધિત એનેક્ષર-IV માંથી વિવાદિત બાબતો કાઢી નાખવી જોઈતી હતી.

૧૨૮. શ્રી નાફડેએ રજૂઆત કરી કે ડીવીએસી મુજબ સદર બેંક પાસેથી મેળવેલ લોનના સંદર્ભમાં ઈન્ડિયન બેંકને ચૂકવવાપાત્ર વ્યાજ પેટે જયા પબ્લિકેશન્સ દ્વારા રૂ. ૫૦,૯૩,૯૨૧/– નો ખર્ચ કરવામાં આવ્યો હતો. તેમના મતે આ બાબતને એનેક્ષર-IV માં ખર્ચના કોલમમાં વધારાની બાબત તરીકે લઈ શકાય નહીં. તેમના મતે ફરિયાદપક્ષ કોર્ટને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યો છે કારણ કે એક તરફ, તે એવું દર્શાવતું નથી કે વ્યાજની રકમ ડેબિટ કર્યા પછી જયા પબ્લિકેશન્સનો ચોખ્ખો નફો મેળવવામાં આવ્યો છે અને બીજી તરફ, તે વ્યાજની ચૂકવણીને ખર્ચની બાબત તરીકે દર્શાવી રહ્યો છે, જેનાથી આરોપીને ડબલ જિયોપાર્ડી હેઠળ આધીન કરવામાં આવે છે.

૧૨૯. તેવી જ રીતે, તેમણે રૂ. ૧૧,૮૧,૪૨૫.૧૬ ના ખર્ચને સમજાવવાનો પ્રયાસ કર્યો જે સદર બેંક પાસેથી મેળવેલ લોનના સંદર્ભમાં ઈન્ડિયન બેંકને ચૂકવવાપાત્ર વ્યાજ પેટે આંજનેય પ્રિન્ટર્સ દ્વારા કરવામાં આવ્યો હતો. બચાવપક્ષનો કેસ એવો છે કે રૂ. ૧૧,૮૧,૪૨૫.૧૬ ની સદર રકમને ખર્ચના કોલમમાં વધારાની બાબત તરીકે લઈ શકાય નહીં. તેમના મતે, ફરિયાદપક્ષ વ્યાજની ચૂકવણી પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ ગયો છે. ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા એવું દર્શાવતા નથી કે ચેક પિરિયડ

દરમિયાન સદર રકમ બેંકને ચૂકવવામાં આવી હતી. બચાવપક્ષે રજૂઆત કરી કે ૧૯૯૩–૧૯૯૪ થી ૧૯૯૫–૧૯૯૬ દરમિયાન, ઉપરોક્ત ત્રણ વર્ષમાં ચૂકવવામાં આવેલ કુલ વ્યાજ, રૂ. ૨૪,૨૫,૬૮૫/– થતું હતું અને સદર સમયગાળા માટે ચોખ્ખો નફો રૂ. ૫૩,૫૦,૨૧૫/– આવ્યો હતો. તેમના મતે, ટ્રાયલ કોર્ટે બચાવપક્ષના પુરાવાઓની સંપૂર્ણ અવગણના કરી છે અને તેના નિષ્કર્ષ પર આવી છે. તેમણે આગ્રહ કર્યો છે કે ટ્રાયલ કોર્ટે ખોટી રીતે બચાવપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાને કોઈ વજન આપ્યું નથી અને આરોપીની તરફેણમાં ક્રેડિટ આપવામાં નિષ્ફળ ગઈ છે. તેમણે વધુમાં રજૂઆત કરી કે ટ્રાયલ કોર્ટ સંપૂર્ણપણે ખોટી છે અને આરોપી નં. ૨ થી ૪ વતી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલા પુરાવાઓને અવગણીને નિષ્કર્ષ પર આવી છે.

૧૩૦. હકીકતલક્ષી અને આંકડાકીય વિપુલતાના વિશાળ ફલકની પૃષ્ઠભૂમિમાં, મૌખિક અને દસ્તાવેજી રજૂ કરાયેલા પુરાવાઓની ચકાસણી અને ટ્રાયલ કોર્ટ તથા હાઇકોર્ટ દ્વારા તેની પ્રશંસાની ચકાસણી શરૂ કરતા પહેલાં, તેના પર આધારિત સ્પર્ધાત્મક કાનૂની ધારણાઓના આવશ્યક હાર્દને પુનરાવર્તનના ભોગે પણ અમુક અંશે પુનરાવર્તિત કરવું યોગ્ય રહેશે.

૧૩૧. કર્ણાટક રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી દુષ્યંત દવેએ ભારપૂર્વક રજૂઆત કરી છે કે વાદગ્રસ્ત નિર્ણય રેકોર્ડ પર સ્પષ્ટ દેખાતી અસંખ્ય ભૂલોથી પીડિત છે જે તેને કાયદા અને હકીકતોના આધારે અસમર્થનક્ષમ બનાવે છે. તેમના મતે, હાઇકોર્ટે ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા નિષ્કર્ષોના ઓડિટના અવકાશ અને પ્રકૃતિ અંગે સંપૂર્ણ ગેરસમજ કરી હતી અને આ પ્રક્રિયામાં પોતે જ મૂળભૂત સિદ્ધાંતો પર ભૂલ કરવા માટે સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરાઈ હતી, આમ તેના નિષ્કર્ષોને મૂળથી દૂષિત કર્યા છે. જ્યારે ટ્રાયલ કોર્ટનો અભિગમ મૌખિક અને દસ્તાવેજી પુરાવાના વિશ્લેષણમાં નોંધપાત્ર રીતે વ્યાપક અને દ્વિભાષી હતો, ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ દોષસિદ્ધિને ઉલટાવવામાં હાઇકોર્ટે તેને ન્યાયી ઠેરવવા માટે કોઈ ખાતરીજનક નિષ્કર્ષ નોંધ્યો ન હતો, આમ તેના નિર્ણયને સ્વીકૃતિ માટે અયોગ્ય બનાવ્યો હતો. હાઇકોર્ટે

રેકોર્ડ પર રહેલી સામગ્રીની સંપૂર્ણપણે કથિત અને સુપરફિસિયલ સારવાર પર અને લાગુ કાયદાના સ્પષ્ટ ખોટા અર્થઘટન પર દોષસિદ્ધિને ઉલટાવી દીધી. શ્રી દવે હાઇકોર્ટની આકરી ટીકા કરતા હતા જેમાં તેમના મતે વિવિધ સાક્ષીઓ દ્વારા બહાર લાવવામાં આવેલા વિવિધ તથ્યાત્મક પાસાઓ અને ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોના કોઈપણ ઉપયોગ વિના પુરાવાનું માત્ર એક મૌખિક મૂલ્યાંકન હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે હાઇકોર્ટનો દૃષ્ટિકોણ સમગ્ર રીતે કૃષ્ણાનંદ અગ્નિહોત્રી, (ઉપર મુજબ) ના નિર્ણયનો લાભ પ્રતિવાદી–આરોપીઓને આપવા માટે દેખાતો હતો. વિદ્વાન વરિષ્ઠ વકીલે રજૂઆત કરી કે હાઇકોર્ટે માત્ર બાંધકામનો ખર્ચ અને લગ્નનો ખર્ચ ખોટી રીતે ઘટાડ્યો જ નથી, તેણે લોનમાંથી મેળવેલી આવકનો સરવાળો પણ ખોટી રીતે કર્યો અને તે દ્વારા અપ્રમાણસર અસ્કયામતોની ટકાવારી કાઢવાના ફોર્મ્યુલાના સ્પષ્ટ ખોટા ઉપયોગથી, કૃષ્ણાનંદ અગ્નિહોત્રી (ઉપર મુજબ) નો લાભ પ્રતિવાદીઓને આપ્યો અને તેઓને આરોપોમાંથી નિર્દોષ મુક્ત કર્યા. હાઇકોર્ટે ફરિયાદપક્ષ દ્વારા ટાંકવામાં આવેલ અસ્કયામતોના મૂલ્ય તરીકે રૂ. ૬૬,૯૯,૭૩,૫૭૩/– સ્વીકાર્યા હોવા છતાં, તેમાંથી લગ્નના ખર્ચની કપાત કરી શકી ન હોત, જે વૈચારિક રીતે અસ્વીકાર્ય છે, તે હકીકત સિવાય, તેમણે દલીલ કરી કે જો અસ્કયામતોના મૂલ્ય અને લગ્નના ખર્ચમાં બિનજરૂરી ઘટાડો કરવામાં ન આવ્યો હોત, તો અપ્રમાણસર અસ્કયામતોની ટકાવારી અંદાજે ૭૬.૭૫% ની આસપાસ હોત. આવક, અસ્કયામતો અને ખર્ચના મૂલ્યાંકનને લગતા પુરાવાઓના કથિત વિશ્લેષણ અંગે શ્રી દવે ખાસ કરીને કઠોર હતા અને દલીલ કરી હતી કે તેના આધારે પહોંચેલા નિષ્કર્ષો સ્પષ્ટપણે વિકૃત હોવાથી તેને બાજુ પર રાખવા પાત્ર છે. રેકોર્ડ પરની સામગ્રીએ સ્પષ્ટપણે દર્શાવ્યું હતું કે તપાસના સમયગાળા દરમિયાન પ્રતિવાદીઓ દ્વારા મેળવેલી અસ્કયામતો તેમની આવકના જાણીતા સ્ત્રોતના પ્રમાણમાં અત્યંત અપ્રમાણસર હતી, તેનો સંતોષકારક હિસાબ આપવાની જવાબદારી, મુખ્યત્વે સંબંધિત સમયે જાહેર સેવક હોવાને કારણે એ૧ ની હતી, વધુ ખાસ કરીને ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઇ) સાથે કલમ ૧૦૯ અને ૧૨૦બી આઇપીસી હેઠળના આરોપના સંદર્ભમાં. શ્રી દવેએ

દલીલ કરી હતી કે રેકોર્ડ પર ઉપલબ્ધ પુરાવાઓને ધ્યાનમાં લેતાં, એ સ્પષ્ટ છે કે સંબંધિત સમયે જાહેર સેવક હોવાને કારણે એ૧ તેમાં સામેલ અસ્કયામતો પોતાની હોવાનું જાહેર કરી શકી ન હોત અને તેથી એ૨, એ૩ અને એ૪ સાથે મળીને કામ કર્યું હતું અને તેમના કાવતરા અને મદદના આધારે તેને પોતાની વચ્ચે તેમજ પેઢીઓ/કંપનીઓ કે જેમાં તેઓ ભાગીદારો અથવા ડિરેક્ટર્સ હતા તેમાં વહેંચી દીધી હતી. ૧૯૮૮ ના અધિનિયમની કલમ ૧૩(૧)(ઇ) માં વિચારવામાં આવેલ "આવકના સ્ત્રોતો" એટલે "આવકના કાયદેસર સ્ત્રોતો" થાય છે અને ફરિયાદપક્ષને જાણ છે તેમ, કેસની હકીકતોમાં પ્રતિવાદી–આરોપીઓની જવાબદારી હતી કે તેઓ પાસે રહેલી સ્પષ્ટ અપ્રમાણસર અસ્કયામતોનો સંતોષકારક હિસાબ આપે અને તેઓ તેમ કરવામાં ખરાબ રીતે નિષ્ફળ ગયા હોવાથી, હાઇકોર્ટે તેઓની નિર્દોષ મુક્તિ નોંધવામાં ગંભીર ભૂલ કરી છે, એમ તેમણે જાળવી રાખ્યું. તેમ કરવામાં, હાઇકોર્ટ મોટાભાગે વિલંબિત ઇન્કમ ટેક્સ રિટર્ન અને તેમાં પસાર કરાયેલા આદેશો પર ભારે આધાર રાખતી વખતે તેના અભિગમમાં ગંભીર રીતે ખામીયુક્ત હતી, અને તે દ્વારા આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલ વિપરીત કાયદાની ખુલ્લેઆમ અવગણના પણ કરી, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું. શ્રી દવેએ રજૂઆત કરી કે માત્ર વિલંબિત ઇન્કમ ટેક્સ રિટર્ન જ નહીં, જે પુરાવા તરીકે જાહેર થયા હતા, તે પ્રતિવાદીઓ માટે સ્વ–સેવા પ્રકૃતિના હતા અને તે પણ લગાવેલા આરોપોના સંદર્ભમાં જરૂરી સાબિતી મૂલ્ય વિનાના હતા, તે અન્યથા પણ ટ્રાયલ કોર્ટ પર બંધનકર્તા ન હતા અને તેથી હાઇકોર્ટ દ્વારા તેના પરના અણનમ વિશ્વાસે તેના ન્યાયનિર્ણયને અસાધ્ય રીતે દોષપૂર્ણ બનાવ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે રેકોર્ડ પરના પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં હાઇકોર્ટે ૧૯૮૮ ના અધિનિયમના અક્ષર અને ભાવના તેમજ તેના સંબંધમાં લાંબા સમયથી ચાલી આવતી પૂર્વવર્તી રજૂઆતોનું સંપૂર્ણ ખોટું અર્થઘટન કર્યું છે, આમ તેના નિષ્કર્ષોને અફર રીતે ગેરકાયદેસર અને બચાવ વગરના બનાવ્યા છે. શ્રી દવેના જણાવ્યા મુજબ, રેકોર્ડ પરની સામગ્રીના મહેનતુ અને શ્રમયુક્ત મૂલ્યાંકનને અનુસરીને ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલા નિષ્કર્ષો ગુણવત્તા અને સામગ્રીમાં અકાટ્ય છે અને તેથી હાઇકોર્ટ દ્વારા તેની

કેઝ્યુઅલ અને કથિત સમીક્ષાનો આશરો લઈને તેને ઉલટાવી દેવાનું કોઈ જ વ્યાજબી કારણ ન હતું. વિદ્વાન વરિષ્ઠ વકીલે ભારપૂર્વક જણાવ્યું છે કે ભ્રષ્ટાચાર પરના કાયદાની કડક આગાહી અને પ્રતિવાદીઓ સામેના આરોપોની સાબિતી વાજબી શંકાની પેલે પાર હોવાને ધ્યાનમાં લેતા, ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવેલ તેમની દોષસિદ્ધિ સંપૂર્ણપણે પુનઃસ્થાપિત થવી જોઈએ.

ગઈ હતી તેવી લીઝ ત્યારબાદ લંબાવવામાં આવી હતી. વધુમાં, ૨૫.૧૦.૨૦૦૧ નું પ્રમાણપત્ર કોઈ સ્થાનિક પૂછપરછ અથવા સંબંધિત લીઝ ડીડની ચકાસણીના કોઈ પુરાવા વિનાનું હતું, જેનાથી સદર દસ્તાવેજ શંકાસ્પદ બનતો હતો. નીચલી કોર્ટના મતે, આવકવેરા રિટર્ન, નફા અને નુકસાન ખાતા અને બેલેન્સ શીટ તેમજ આવકવેરા સત્તાધિકારીઓના હુકમો તે અસર માટે સ્વતંત્ર અને ખાતરીપૂર્વકના પુરાવાના અભાવમાં બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ આવકના દાવાને સાબિત કરતા નથી. પેઢીના ભાડૂત તરીકે દર્શાવેલ હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ભાડા પેટે તેને રૂ. ૧૦ લાખની રકમ ચૂકવી હોવાની દલીલના સમર્થનમાં રજૂ કરવામાં આવેલ પત્રને પણ ફગાવી દેવામાં આવ્યો હતો, કારણ કે દસ્તાવેજ સાદા કાગળ પર હતો અને તેમાં જારી કર્યાની કોઈ તારીખ ન હતી. આ દાવાને અપ્રમાણિક માનીને ફગાવી દેવા માટે પેઢીના નામમાં રહેલી વિસંગતતા પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. હાઉસિંગ એન્ડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા પૂરા પાડવામાં આવેલ ખાતાઓની પુષ્ટિના અંશ તરીકે બચાવપક્ષ દ્વારા રજૂ કરાયેલ આંક ડી–૨૭૪ ને પણ નીચલી કોર્ટની મંજૂરી મળી ન હતી, તેને તેના લેખક દ્વારા સાબિત કરવામાં આવ્યો ન હતો અને તેને સંબંધિત વ્યવહારની જરૂરી વિગતોના અભાવમાં હતો. આમ નીચલી કોર્ટે તપાસ સમયગાળા દરમિયાન શશી એન્ટરપ્રાઇઝિસના રૂ. ૯૫,૯૨,૭૭૬/– ની આવકની વધારાની રકમના દાવાને સંપૂર્ણપણે ફગાવી દીધો હતો.

૨૯૮. હાઇકોર્ટે અહીં ઉપર દર્શાવ્યા મુજબ બચાવપક્ષ દ્વારા રજૂ કરાયેલા દસ્તાવેજોને સંપૂર્ણપણે સ્વીકારી લીધા અને તેની સામગ્રી પર કાર્યવાહી કરી. જોકે એ નોંધવું નોંધનીય છે કે તે સંબંધિત વર્ણન, તેના દ્વારા પ્રસ્તાવિત હકીકતોના પુરાવાની સ્વીકૃતિની કસોટી પર તેના સાબિતીના મૂલ્યને માપવા માટે કોઈ વિશ્લેષણાત્મક અભિગમ છતો કરતું નથી. મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓનું તેમના આંતરિક મૂલ્ય નક્કી કરવા માટે આવકવેરા રિટર્ન, નફા–નુકસાન ખાતા અને બેલેન્સ શીટથી સ્વતંત્ર રીતે પરીક્ષણ કરવામાં આવ્યું નથી.

નિષ્કર્ષ પર, જોકે, રૂ. ૯૫,૯૨,૭૭૬/– ના દાવા સામે, હાઇકોર્ટે શશી એન્ટરપ્રાઇઝિસની આવક રૂ. ૨૫,૦૦,૦૦૦/– હોવાનું આકલન કર્યું. આ ગણતરી માટે કોઈ સ્વીકાર્ય આધાર પણ જાહેર કરવામાં આવ્યો નથી.

૨૯૯. અમે ઉપર જણાવ્યા મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની જરૂરી હદ સુધી તપાસ કરી છે. હકીકત એ છે કે સંબંધિત આકારણી વર્ષો માટે આવકવેરા રિટર્ન, નફા અને નુકસાન ખાતા અને બેલેન્સ શીટની સામગ્રી તેમજ તેના આધારે આવકવેરા સત્તાધિકારીઓ દ્વારા કરવામાં આવેલ નિર્ધારણ અંતિમ નથી અને ફોજદારી કોર્ટ પર બંધનકર્તા નથી તે સિવાય, નીચલી કોર્ટનો તપાસનો અભિગમ સ્પષ્ટપણે અપેક્ષા મુજબ રજૂ કરાયેલા પુરાવાના દરેક ભાગ અંગે તુલનાત્મક રીતે વ્યાપક અને શોધખોળભર્યો રહ્યો છે. જોકે વિચારણા હેઠળના મુદ્દાના વિવિધ પાસાઓ પર આવકવેરા સત્તાધિકારીઓના હુકમો, તેમાંથી માત્ર કરપાત્ર આવકની ગણતરીના મર્યાદિત પરિપ્રેક્ષ્યમાં સંબંધિત ગણાતી સામગ્રીની તપાસ છતી કરે છે, અમે એ છાપ સાથે રહી ગયા છીએ કે હાઇકોર્ટે પોતાના તારણો પર પહોંચવા માટે આવકવેરા આકારણીને લગતા દસ્તાવેજો/રેકોર્ડ્સ અને કર સત્તાધિકારીઓના નિર્ણયથી સ્વતંત્ર રીતે ઉપલબ્ધ પુરાવાઓનું મૂલ્યાંકન કરવાનો કોઈ પ્રયાસ કર્યો નથી. પુનરાવર્તન કરવા માટે આવકવેરા રિટર્ન અને તેના પરિશિષ્ટો તેમજ આવકવેરા સત્તાધિકારીઓના હુકમો ફોજદારી કોર્ટ પર નિર્ણાયક કે બંધનકર્તા નથી અને તેમાં વર્ણવેલ હકીકતો, જો ફોજદારી કાર્યવાહીમાં ચકાસણી માટે આવે, તો કેસ મુજબ તેને સાબિત કરવા અથવા રદિયો આપવા માટે આવશ્યકપણે પુરાવા રજૂ કરીને તેનો ઉકેલ લાવવો જોઈએ. અનુરૂપ, કોર્ટ કાનૂની રીતે તેના પરથી તેના તારણને નોંધવા માટે તેની જાતે તેનું ઝીણવટભર્યું નિરીક્ષણ હાથ ધરવા માટે બંધાયેલ રહેશે.

૩૦૦. ડીવીએસી દ્વારા પ્રમાણિત કરાયેલ રૂ. ૬,૧૫,૯૦૦/– ની સામે પ્રતિવાદીઓએ રૂ. ૯૫,૯૨,૭૭૬/– ની આવકનો દાવો કર્યો હોવાથી, તેને સાબિત કરવાની જવાબદારી તેમના પર હતી. સંભાવનાઓના સંતુલનના બેન્ચ માર્ક દ્વારા પણ નિર્ણય લેવામાં આવે તો પણ, અમારા મતે, હાઇકોર્ટે નીચલી

કોર્ટના નિર્ધારણને ઉલટાવવા માટે, સમાન પુરાવાઓના આધારે આ પરિપ્રેક્ષ્યમાં પુરાવાઓની તપાસ અને આકારણી કરવા માટે પોતાની જાતે લાગુ પડવું જોઈતું હતું. ૩૦૧. હાઇકોર્ટે, અમારા મતે, તેના અભિગમને ધ્યાનમાં રાખીને અપીલ ફોરમ તરીકે અને તથ્યોની ઉચ્ચ કોર્ટ તરીકે સાચા કાનૂની સંદર્ભમાં પુરાવાઓની પ્રશંસા કરવામાં નિષ્ફળ ગઈ છે. હાઇકોર્ટનું તારણ, આ મુદ્દે, આમ, ટકાવી શકાય તેમ નથી.

એ૧ ની ભાડાની આવક

૩૦૨. જ્યારે ડીવીએસી દ્વારા આવકના મથાળાની આઇટમ નં. ૫૩ અને ૫૪ સામે દર્શાવ્યા મુજબ આ મથાળા હેઠળની આવક રૂ. ૪૦,૦૧,૧૨૭/– ટાંકવામાં આવી હતી, ત્યારે બચાવપક્ષના જણાવ્યા મુજબ, તે રૂ. ૪૩,૭૫,૧૩૨/– હોવી જોઈતી હતી. નીચલી કોર્ટે ફરિયાદપક્ષના સાક્ષી ૧૦૨ રાઘવનના મૌખિક પુરાવાને ધ્યાનમાં લીધા, જેઓ સંબંધિત સમયે, પ્લાન્ટ કન્સ્ટ્રક્શન પ્રાઇવેટ લિમિટેડ પેઢીના મેનેજર (એડમિનિસ્ટ્રેશન) હતા, જેણે લીઝ ડીડ આંક પીકપ૧ મારફતે, તેમાં દર્શાવેલ અને મેસર્સ જયા પબ્લિકેશન્સની માલિકીનું મકાન મેસર્સ જયા પબ્લિકેશન્સ પાસેથી રૂ. ૧,૦૫,૦૦૦/– ના માસિક ભાડા પર લીધું હતું. આ સાક્ષીએ તે કરારો પણ સાબિત કર્યા જેના દ્વારા ત્યારબાદ ભાડામાં વધારા પર ભાડૂઆત સમયાંતરે લંબાવવામાં આવી હતી.

૩૦૩. આ સાક્ષીએ લીઝ ડીડ આંક પીકપપ મારફતે મેસર્સ જયા પબ્લિકેશન્સની માલિકીના બીજા મકાનના ભાડાપટ્ટા અંગે પણ જુબાની આપી હતી જે શરૂઆતમાં રૂ. ૧૦,૦૦૦/– ના માસિક ભાડા પર હતી, જે ભાડૂઆત/લીઝના નવીનીકરણ પર ત્યારબાદ વધારવામાં આવી હતી. આ સાક્ષીના જણાવ્યા મુજબ, ભાડું ચેક દ્વારા ચૂકવવામાં આવ્યું હતું અને જાન્યુઆરી, ૧૯૯૩ થી એપ્રિલ, ૧૯૯૬ ના સમયગાળા માટે કુલ મળીને રૂ.

૪૩,૭૫,૧૩૨/– ની રકમ આ હેતુ માટે મેસર્સ જયા પબ્લિકેશન્સને ચૂકવવામાં આવી હતી.

૩૦૪. એ૧ વતી એવી દલીલ કરવામાં આવી છે કે તેણે માસિક એડવાન્સ તરીકે રૂ. ૯૦૦૦૦/– અને તપાસ સમયગાળા દરમિયાન ભાડાની આવક તરીકે રૂ. ૨,૩૨,૦૦૦/– મેળવ્યા હતા. આંક પી–૯૩૬ (એ૧ નું સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયાનું સ્ટેટમેન્ટ), પી–૨૩૩૪ અને પી–૨૩૩૬ જે સંબંધિત સમયગાળા દરમિયાન તેમના ખાતાના સ્ટેટમેન્ટ છે તેના પર આધાર રાખવામાં આવ્યો છે. બચાવપક્ષના સાક્ષી ૬૪ એસ–ષણમુગમના પુરાવા, જેમણે તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવાનો દાવો કર્યો હતો, તેનો પણ સંદર્ભ આપવામાં આવ્યો છે.

૩૦૫. વિદ્વાન નીચલી કોર્ટે આ પુરાવા સ્વીકાર્યા અને નોંધ્યું કે જોકે ચૂકવવામાં આવેલ કુલ ભાડું રૂ. ૪૩,૭૫,૧૩૨/– થતું હતું, ફરિયાદપક્ષે આ આંકડો રૂ. ૪૦,૦૧,૧૨૭/– લીધો હતો. જોકે તેણે એ આધાર પર દખલ કરવાનો ઇનકાર કર્યો હતો કે ભાડાની આવક ઇન્કમ ટેક્સ એક્ટ હેઠળ કરપાત્ર હતી. બીજી તરફ, હાઇકોર્ટે, પુરાવાની કોઈપણ ચર્ચા વિના ભાડાની આવકમાં રૂ. ૩,૨૨,૦૦૦/– નો ઉમેરો કર્યો હતો કારણ કે ફરિયાદપક્ષ તેમ કરવામાં નિષ્ફળ રહ્યું હતું.

૩૦૬. અમારા મતે, બચાવપક્ષ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓએ પ્રસ્થાપિત કર્યું હતું કે પ્રશ્ન હેઠળના બે પરિસર માટે ભાડા તરીકે રૂ. ૪૩,૭૫,૧૩૨/– ચૂકવવામાં આવ્યા હતા, જે ડીવીએસી દ્વારા પૂરી પાડવામાં આવેલી આવકની યાદીમાં આઇટમ નં. ૫૩ અને ૫૪ હેઠળ ઓળખાયા છે, હાઇકોર્ટ રૂ. ૩,૨૨,૦૦૦/– ઉમેરવામાં વાજબી હતી.

જયા પબ્લિકેશન્સ અને નમધુ એમજીઆરની આવક:

૩૦૭. અપીલકર્તા–રાજ્યે ડીવીએસી દ્વારા ટાંકવામાં આવેલા આંકડા ઉપરાંત જયા પબ્લિકેશન્સ અને નમધુ એમજીઆરની આવક પેટે હાઇકોર્ટ દ્વારા રૂ. ૪ કરોડની રકમ ઉમેરવા સામે પણ વાંધો ઉઠાવ્યો છે.

૩૦૮. જયા પબ્લિકેશન્સ એક પ્રોપરાઇટરશીપ પેઢી છે જેના, સંબંધિત સમયે, એ૧ અને એ૨ ભાગીદારો હતા. ભાગીદારી ખત મુજબ, તે તમામ પ્રકારના પ્રિન્ટીંગ અને અખબારો/મેગેઝીન/સામયિકો વગેરેના પ્રકાશનનો અને ભાગીદારો વચ્ચે પરસ્પર સંમતિથી નક્કી કરવામાં આવનાર અન્ય વ્યવસાય અથવા વ્યવસાયોનો કારોબાર કરતી હતી. તેણે, રેકોર્ડ મુજબ, ફેક્ટરી બિલ્ડિંગ સાથે ફેક્ટરી શેડની ખરીદી કરી હતી અને ત્યાં પ્રિન્ટીંગ પ્રેસ સ્થાપિત કર્યું હતું અને જાહેર જનતા અને અન્ય વિવિધ એજન્સીઓમાં પ્રસારણ માટે એઆઈએડીએમકે પાર્ટીના ન્યૂઝ લેટર અર્થાત્ "નમાધુ એમજીઆર" ના પ્રિન્ટીંગ અને પ્રકાશનનો વ્યવસાય શરૂ કર્યો હતો.

૩૦૯. બચાવપક્ષ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે વાર્ષિક રૂ. ૧૨,૦૦૦, રૂ. ૧૫,૦૦૦, રૂ. ૧૮,૦૦૦ ની થાપણો સામે ન્યૂઝલેટરની મફત નકલો પૂરી પાડવા માટે વર્ષ ૧૯૯૦ માં વ્યાજમુક્ત ડિપોઝિટ સ્કીમ શરૂ કરવામાં આવી હતી, જેના માટે ગ્રાહકોને અનુક્રમે દરરોજ આવા ન્યૂઝલેટરની ૪, ૫ અથવા ૬ નકલો મળી શકતી હતી. પૂર્વ નોટિસ આપીને ડિપોઝિટ રિફંડ કરવાની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

૩૧૦. બચાવપક્ષે બચાવપક્ષના સાક્ષી–૮૮ કે. સૌંદરવલનની તપાસ કરી હતી, જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે અને દાવો કરે છે કે તેણે જયા પબ્લિકેશન્સ અને શશી એન્ટરપ્રાઇઝિસના હિસાબો સંભાળ્યા હતા અને વર્ષ ૧૯૯૨ થી ૧૯૯૬ ના સમયગાળા દરમિયાન ઉક્ત પેઢીઓના હિસાબ આખરી કરવામાં સામેલ હતા. તેમણે ઉપરોક્ત યોજના અને લવાજમના દરોનો પણ સંદર્ભ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે જયા પબ્લિકેશન્સ વર્ષ ૧૯૯૧ થી ઇન્કમટેક્સની આકારણીદાર હતી. તેમના જણાવ્યા મુજબ, તેમણે આકારણી વર્ષ ૧૯૯૪–૯૫

માટે વિશેષ ઓડિટરો સમક્ષ આકારણીદારના હિસાબના ચોપડા જાતે રજૂ કર્યા હતા જે યોગ્ય રીતે જાળવવામાં આવ્યા હોવાનું પ્રમાણિત કરવામાં આવ્યું હતું. તેમણે ૬.૧૧.૧૯૮૮ ના રોજ સબમિટ કરેલ આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ થી ૧૯૯૩–૯૪ એટલે કે આંક ડી–૨૧૮, ડી–૨૧૯, ડી–૨૨૦ માટે પેઢીના ઇન્કમટેક્સ રિટર્નને ઓળખી બતાવ્યા હતા. તેમણે ૧૭.૩.૧૯૯૮ ના રોજ સબમિટ કરેલ આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ થી ૧૯૯૬–૯૭ એટલે કે આંક ડી–૨૨૧ અને ૧૭.૩.૧૯૯૯ ના રોજ સબમિટ કરેલ ડી–૨૨૨, ડી–૨૨૩ માટે જયા પબ્લિકેશન્સના ઇન્કમટેક્સ રિટર્નને પણ ઓળખી બતાવ્યા હતા. તેમણે જુબાની આપી હતી કે રિટર્નની સાથે સંબંધિત વર્ષોના આવકવેરાના સ્ટેટમેન્ટ, બેલેન્સ શીટ્સ, નફા અને નુકસાન ખાતા રજૂ કરવામાં આવ્યા હતા. જો કે, તેમણે સ્વીકાર્યું હતું કે આવકવેરા વિભાગ દ્વારા કોર્ટમાં રજૂ કરાયેલા રેકોર્ડમાં આકારણી વર્ષ ૧૯૯૪–૯૫, ૧૯૯૫–૯૬, ૧૯૯૬–૯૭ ના બેલેન્સ શીટ્સ ઉપલબ્ધ ન હતા અને તેમણે અનુક્રમે ૩૧.૩.૧૯૯૪, ૩૧.૩.૧૯૯૫ અને ૩૧.૩.૧૯૯૬ ના રોજ પૂરા થતા વર્ષો માટે આકારણીદારના બેલેન્સ શીટ્સ અને નફા અને નુકસાન ખાતાની પ્રમાણિત નકલો એટલે કે આંક ડી–૨૨૪, ડી–૨૨૫ અને ડી–૨૨૬ રજૂ કરી હતી. તેમણે વર્ષ ૧૯૯૨–૯૩ એટલે કે આંક ડી–૨૨૮ માટે ડિપોઝિટ સ્કીમના સબ્સ્ક્રાઇબર્સની યાદીનો પણ ઉલ્લેખ કર્યો હતો અને આવકવેરા સત્તાવાળાઓ દ્વારા વર્ષ ૧૯૯૧ થી ૧૯૯૬ ના હિસાબની ચકાસણી વિશે પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આકારણી અધિકારીએ આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ માટે તેમના તારીખ ૨૬.૩.૨૦૦૧ ના હુકમ દ્વારા સ્કીમ ડિપોઝિટના દાવાને સ્વીકાર્યો ન હતો. પરંતુ સંબંધિત સી.આઈ.ટી. (અપીલ્સ) એ, આકારણીદાર દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલમાં, સ્કીમ ડિપોઝિટ લવાજમના દાવાને સ્વીકાર્યો હતો.

તેવી જ રીતે, સીઆઈટી (અપીલ્સ) એ આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ અને ૧૯૯૩–૧૯૯૪ માટે આકારણીદારના દાવાને માન્ય રાખ્યો હતો.

૩૧૧. આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ થી ૧૯૯૬–૯૭ ની બાબતમાં, આ સાક્ષીના જણાવ્યા મુજબ, આકારણી અધિકારીએ અંશતઃ દાવાને મંજૂરી આપી હતી જે સીઆઈટી (અપીલ્સ) દ્વારા અપીલોમાં માન્ય રાખવામાં આવી હતી. અંતે, ઇન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ, બી બેન્ચે એક સમાન હુકમ દ્વારા, ૪૧ થાપણદારો સિવાય કે જેમણે આવી થાપણો કરી હોવાનો ઇનકાર કર્યો હતો, ડિપોઝિટ સ્કીમ અંગેના આકારણીદારના દાવાને સ્વીકાર્યો હતો. સાક્ષીએ જાહેર કર્યું હતું કે આકારણીદારને આ ૪૧ થાપણદારોની ઉલટતપાસ કરવાની તક આપવાના નિર્દેશ સાથે આ બાબતને આકારણી અધિકારીને પાછી મોકલવામાં આવી હતી. સાક્ષીએ સ્વીકાર્યું હતું કે આવી તપાસ પડતર હતી. જોકે, તેમણે જુબાની આપી હતી કે ડિપોઝિટ સ્કીમ હેઠળ, જયા પબ્લિકેશનસે છ વર્ષના સમયગાળા દરમિયાન રૂ. ૧૪,૨૩,૮૯,૦૦૦/– ની રકમ એકત્ર કરી હતી.

૩૧૨. સાક્ષીએ જાહેર કર્યું હતું કે જયા પબ્લિકેશન્સની આવકનો મુખ્ય સ્ત્રોત અખબારોનું વેચાણ, જાહેરાતો અને જોબ વર્કના આધારે પ્રિન્ટીંગ હતો અને તેના નફા અને નુકસાનના સ્ટેટમેન્ટ મુજબ, આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ દરમિયાન ઉપરોક્ત સ્ત્રોતોમાંથી તેના દ્વારા પ્રાપ્ત થયેલ ચોખ્ખો નફો રૂ. ૧,૧૫,૯૪,૮૪૮.૬૦/– હતો. તેમણે સપ્તગિરી ફાર્મ્સના નામે જયા પબ્લિકેશન્સ દ્વારા હાથ ધરવામાં આવતી કૃષિ કામગીરી વિશે પણ ઉલ્લેખ કર્યો હતો જેનાથી કૃષિ આવક પ્રાપ્ત થતી હતી.

૩૧૩. ટ્રાયલ કોર્ટે, આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ માટે બચાવપક્ષ દ્વારા દાવો કરવામાં આવેલ જયા પબ્લિકેશન્સની આવકની વિગતો ધ્યાનમાં લીધી હતી, જે બચાવપક્ષના સાક્ષી ૮૮ ના મૌખિક પુરાવા અને વિવિધ દસ્તાવેજો આંક ડી–૨૧૭ થી ડી–૨૩૫ દ્વારા સાબિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો હતો. પેઢી દ્વારા પૂરી પાડવામાં આવેલી વિવિધ સ્ત્રોતોમાંથી આવકની વિગતો દર્શાવે છે કે ઉપરોક્ત સમયગાળા દરમિયાન સ્કીમ ડિપોઝિટ દ્વારા તેની આવક રૂ. ૧૪,૧૦,૩૫,૦૦૦/– હતી અને વેચાણ, જોબ વર્ક, જાહેરાતો, વ્યાજ, કૃષિ આવક, ભાડાં વગેરે સહિત અન્ય સ્ત્રોતોમાંથી રૂ.

૧,૧૫,૯૪,૮૪૮/– હતી. ટ્રાયલ કોર્ટ એ હકીકતથી વાકેફ હતી કે બચાવપક્ષે ઉપરોક્ત આવકના તેમના દાવાના સમર્થનમાં ૩૧ સાક્ષીઓની જુબાનીને પુરાવા તરીકે રજૂ કરી હતી, જેમણે બચાવપક્ષના સાક્ષી ૮૮ ઉપરાંત, યોજના હેઠળ તેમના દ્વારા કરવામાં આવેલી થાપણો વિશે વાત કરી હતી અને આવકવેરા સત્તાવાળાઓ દ્વારા મેળવવામાં આવેલ વિશેષ ઓડિટ રિપોર્ટ, આંક પી–૨૧૭, કમિશનર ઓફ ઇન્કમટેક્સ (અપીલ્સ) ના હુકમો આંક ડી–૨૩૧ થી ડી–૨૩૪ તેમજ રિટર્ન સાથે દાખલ કરવામાં આવેલ બેલેન્સ શીટ્સ આંક ડી–૨૧૮ થી ડી–૨૨૨ પર વધુ આધાર રાખવામાં આવ્યો હતો.

૩૧૪. ટ્રાયલ કોર્ટે યોગ્ય રીતે નોંધ્યું હતું કે આકારણી વર્ષ ૧૯૯૧–૯૨, ૧૯૯૨–૯૩, ૧૯૯૩–૯૪ ના રિટર્ન ૬.૧૧.૧૯૯૮ ના રોજ ખૂબ જ વિલંબથી દાખલ કરવામાં આવ્યા હતા અને આ રિટર્નમાં પેઢીના વ્યવસાયની પ્રકૃતિ "પ્રિન્ટીંગ, પ્રકાશન અને મિલકતોનો કારોબાર" તરીકે દર્શાવવામાં આવી હતી. તેણે એ પણ નોંધ્યું હતું કે ૧૯૯૧–૯૨ ના વર્ષના રિટર્ન સાથે બિડાણ કરેલ બેલેન્સ શીટમાં જવાબદારી કોલમમાં રૂ. ૧૩,૫૪,૦૦૦/– ની રકમ દર્શાવવામાં આવી હતી. આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ અને ૧૯૯૩–૯૪ ના રિટર્ન સાથે બિડાણ કરેલ બેલેન્સ શીટમાં જવાબદારી કોલમમાં સ્કીમ ડિપોઝિટ હોવાથી રૂ. ૮૨,૧૪,૦૦૦/– અને રૂ. ૩,૦૫,૪૦,૦૦૦/– ની રકમ પણ દર્શાવવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ માટેનું રિટર્ન આંક ડી–૨૨૧ ફક્ત ૧૭.૩.૧૯૯૮ ના રોજ જ દાખલ કરવામાં આવ્યું હતું અને તેની સાથે જોડાયેલ બેલેન્સ શીટમાં જવાબદારી કોલમમાં રૂ. ૫૧,૩૧,૫૦,૦૦/– ની સ્કીમ ડિપોઝિટ દર્શાવવામાં આવી હતી. આકારણી વર્ષ ૧૯૯૫–૯૬ નું રિટર્ન પણ ૧૭.૩.૧૯૯૯ ના રોજ ખૂબ જ વિલંબથી દાખલ કરવામાં આવ્યું હતું, તે પણ નોંધવામાં આવ્યું હતું. ટ્રાયલ કોર્ટે ઉલ્લેખ કર્યો હતો અને યોગ્ય રીતે કે આ રિટર્ન તેમજ આકારણી વર્ષ ૧૯૯૬–૯૭ ના રિટર્ન એટલે કે આંક ડી–૨૨૨ અને ડી–૨૨૩ માં સ્કીમ ડિપોઝિટ વિશે ઉલ્લેખ નથી. બચાવપક્ષે જોકે આંક ડી–૨૨૪, ડી–૨૨૫ અને ડી–૨૨૬ દ્વારા

૩૧.૩.૧૯૯૪, ૩૧.૩.૧૯૯૫ અને ૩૧.૩.૧૯૯૬ ના રોજ પૂરા થતા વર્ષોના નફા અને નુકસાન ખાતાને અલગથી ચિહ્નિત કરાવ્યા હતા, જેની નોંધ લેવામાં આવી હતી. જોકે, ટ્રાયલ કોર્ટે આ દસ્તાવેજો એટલે કે ઉપર જણાવેલ નફા અને નુકસાન ખાતાને ધ્યાનમાં લેવાનું છોડી દીધું હતું, પહેલું કારણ એ હતું કે તે માત્ર પ્રમાણિત નકલો જ હતી અને બીજું, કારણ કે તેઓ આવકવેરા સત્તાવાળાઓ સમક્ષ અનુરૂપ રિટર્ન સાથે દાખલ કરવામાં આવ્યા હોવાનું અથવા કોઈપણ સમયે તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યા હોવાનું કોઈ પણ રીતે દર્શાવતા ન હતા.

૩૧૫. તેમના દ્વારા રૂ. ૧૨૦૦૦/– થી રૂ. ૧૮૦૦૦/– સુધીની વિવિધ રકમની કરવામાં આવેલી થાપણોના સંદર્ભમાં ૩૧ સાક્ષીઓના પુરાવા લગભગ એક જ સમાન મોડેલના છે અને એઆઈએડીએમકે પાર્ટી પ્રત્યેની વફાદારીને આભારી છે. તેમાંથી કેટલાક લોકોએ સબ્સ્ક્રાઇબર બનવા માટેની તેમની અરજી પણ સાબિત કરી હતી પરંતુ જો કે તેઓએ જણાવ્યું હતું કે કરેલી થાપણો માટે રસીદો આપવામાં આવી છે, કોઈએ તે રજૂ કરી ન હતી.

૩૧૬. ટ્રાયલ કોર્ટે રેકોર્ડ પરના પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ થી શરૂ કરીને આ ગણતરી પર આવકવેરા સત્તાવાળાઓ સમક્ષની કાર્યવાહીને શોધી કાઢી હતી. આકારણી અધિકારી દ્વારા સ્કીમ ડિપોઝિટના દાવાને કેવી રીતે ફગાવી દેવામાં આવ્યો હતો તે તેણે ચિહ્નિત કર્યું હતું કારણ કે જપ્ત કરાયેલા હિસાબના ચોપડા તે દર્શાવતા ન હતા, ત્યારબાદ પુનઃમૂલ્યાંકનની કાર્યવાહીને અનુસરીને, કમિશનર ઓફ ઇન્કમટેક્સ (અપીલ્સ) એ તેને માન્ય રાખ્યો હતો. આકારણીદાર દ્વારા આકારણી અધિકારી સમક્ષ સ્કીમ ડિપોઝિટના સમર્થનમાં જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં શરૂઆતી નિષ્ફળતા અને ૬.૧૧.૧૯૯૮ ના રોજ જ આકારણી વર્ષ ૧૯૯૧–૯૨ થી ૧૯૯૩–૯૪ ના ઇન્કમટેક્સ રિટર્ન સબમિટ કરવામાં બિનખુલાસાવાર વિલંબની પૃષ્ઠભૂમિમાં, ટ્રાયલ કોર્ટનું માનવું હતું કે બચાવપક્ષે માત્ર વર્ષ ૧૯૯૮ માં જ સ્કીમ ડિપોઝિટની વાર્તા ઉપજાવી કાઢી હતી અને તેના અનુસંધાનમાં આવા રિટર્ન સાથે જોડાયેલા નફા અને નુકસાન ખાતાના સ્ટેટમેન્ટમાં તેનો ઉલ્લેખ કર્યો હતો. ટ્રાયલ કોર્ટ જોકે,

તે તારણ પર સંતોષ માની શકી ન હતી પરંતુ રેકોર્ડ પર લાવવામાં આવેલી સબ્સ્ક્રાઇબર્સની અરજીઓની પણ ચકાસણી કરી હતી. જોકે, તેણે આવા અરજી ફોર્મ, રસીદોના કાઉન્ટર ફોઇલ વગેરે ગુમ થઈ ગયા છે અને તેના સંબંધમાં ફરિયાદ નોંધવામાં આવી છે તેવા કારણસર આવકવેરા સત્તાવાળાઓ સમક્ષ તે રજૂ ન કરવા માટે આકારણીદાર દ્વારા આપવામાં આવેલ ખુલાસાની નોંધ લીધી હતી. આ રીતે ટ્રાયલ કોર્ટે બચાવપક્ષના તે સ્ટેન્ડની વિશ્વસનીયતા પર પ્રકાશ પાડ્યો હતો કે આવા અરજીપત્રકો આવકવેરા વિભાગ પાસેથી મેળવવામાં આવ્યા હતા. જોકે, એવું જણાય છે કે બચાવપક્ષના સાક્ષી–૮૮ એ અરજીઓ ધરાવતી ફાઈલોનો ઉલ્લેખ કર્યો હતો. આ બાબતના કોઈપણ દૃષ્ટિકોણથી, આંક ડી–૨૩૦ હેઠળની આ અરજીઓ ટ્રાયલ સમયે બચાવપક્ષ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

૩૧૭. ટ્રાયલ કોર્ટે નોંધ્યું હતું કે બચાવપક્ષના સાક્ષી–૮૮ એ સ્વીકાર્યું હતું કે આવકવેરા સત્તાવાળાઓને સંબોધવામાં આવેલ જયા પબ્લિકેશન્સના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના અહેવાલ આંક ડી–૨૧૭ માં એવો કોઈ ઉલ્લેખ ન હતો કે આકારણીદારના હિસાબના ચોપડા વિશેષ ઓડિટરો સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. વધુમાં, અહેવાલ આંક ડી–૨૧૭ માં એવું નોંધવામાં આવ્યું હતું કે રોકડ દ્વારા કરવામાં આવેલી તમામ ચુકવણીઓ કોઈપણ બહારના દસ્તાવેજ અથવા પુરાવા દ્વારા સમર્થિત નથી અને તે માત્ર યોગ્ય પ્રાપ્તકર્તાઓની સહીઓ સાથેના આંતરિક રીતે બનાવેલા વાઉચરો દ્વારા સમર્થિત હતી. ટ્રાયલ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે બચાવપક્ષના સાક્ષી–૮૮ એ સ્વીકાર્યું હતું કે ૩૧.૩.૧૯૯૪, ૩૧.૩.૧૯૯૫, ૩૧.૩.૧૯૯૬ ના રોજ આકારણીદારના નફા અને નુકસાન ખાતા/બેલેન્સ શીટ્સ એટલે કે આંક ડી–૨૨૪ થી ડી–૨૨૬ માં આવકવેરા સત્તાવાળાઓની તારીખ, સિક્કો અને સહીઓ ન હતી. વધુમાં સબ્સ્ક્રાઇબર્સની દાવો કરાયેલી યાદી આંક ડી–૨૨૮ માં પણ જયા પબ્લિકેશન્સનો સિક્કો અને સહીઓ ન હતી. આંક ડી–૨૩૦(૧) થી આંક ૨૩૦(૧૭) માં સમાવિષ્ટ અસલ સબ્સ્ક્રિપ્શન અરજીઓ આવકવેરા સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવી ન

હતી પરંતુ માત્ર તેમની ઝેરોક્ષ નકલો જ રજૂ કરવામાં આવી હતી, તેની પણ નોંધ લેવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટ એ હકીકત રેકોર્ડ પર લાવવામાં સ્પષ્ટ હતી કે ૧૫.૯.૧૯૯૮ ના રોજ આકારણીદારના સ્કીમ ડિપોઝિટના દાવાને ફગાવી દેતા આકારણી આદેશ એટલે કે ૩.૩.૧૯૮૮ ના આદેશને સીઆઈટી (અપીલ્સ) દ્વારા રદ કરવામાં આવ્યો ત્યાર બાદ જ જયા પબ્લિકેશનસે ૬.૧૧.૧૯૯૮ ના રોજ આકારણી વર્ષ ૧૯૯૧–૯૨, ૧૯૯૨–૯૩, ૧૯૯૩–૯૪ ના તેના રિટર્ન દાખલ કર્યા હતા, જેમાં પ્રથમ વખત આવી થાપણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ચકાસણી દરમિયાન, આકારણી અધિકારી દ્વારા જારી કરાયેલી નોટિસના જવાબમાં, જયા પબ્લિકેશનસે અરજીઓની અસલ નકલો અને થાપણોના કાઉન્ટર–ફોઈલ રજૂ કર્યા ન હતા પરંતુ માત્ર નકલો જ રજૂ કરી હતી, તેની નોંધ લેવામાં આવી હતી.

૩૧૮. ટ્રાયલ કોર્ટે કેનેરા બેન્ક, માયલાપોર બ્રાન્ચના અધિકારી ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧ સી.કે.આર.કે. વિદ્યા સાગરના પુરાવાનું પણ પૃથ્થકરણ કર્યું હતું, જેમાં જયા પબ્લિકેશન્સ, નમાધુ એમજીઆર, શશી એન્ટરપ્રાઇઝિસ, મેટલ કિંગ કંપની કે જેના પ્રોપરાઇટર એ૨ હતા અને વિનોદ વિડીયો વિઝનના ખાતાઓ વચ્ચે થયેલા ભારે રકમના વ્યવહારો જાહેર કરવામાં આવ્યા હતા, જે તેમના મતે, એવી વિવિધ પેઢીઓ અને કંપનીઓના નામે વણહિસાબી અને અઘોષિત ભંડોળના પરિભ્રમણને દર્શાવે છે જેના એ૧ થી એ૪ સંબંધિત સમયે ડિરેક્ટર અથવા ભાગીદાર હતા. જયા પબ્લિકેશન્સના ખાતામાં ફરિયાદપક્ષના સાક્ષી–૨૦૧ દ્વારા જણાવેલ રકમોનો ઉલ્લેખ કરતાં, ટ્રાયલ કોર્ટે બચાવપક્ષ દ્વારા દાવો કરવામાં આવેલ ડિપોઝિટ સ્કીમ હેઠળ લવાજમમાંથી ઉઘરાણી તરીકે રૂ. ૧૪,૧૦,૩૫,૦૦૦/– ની ડિપોઝિટ ક્રેડિટની દલીલ પર અવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

૩૧૯. ટ્રાયલ કોર્ટે પુરાવાઓના એકંદર મૂલ્યાંકન પરથી નિષ્કર્ષ કાઢ્યો કે સ્કીમ ડિપોઝિટની વાર્તા ૪.૧૦.૧૯૯૭ ના રોજ ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યા પછી એટલે કે વર્ષ ૧૯૯૮ માં દાખલ કરાયેલા ઇન્કમટેક્સ રિટર્ન દ્વારા જ

બચાવપક્ષ દ્વારા રજૂ કરવામાં આવી હતી. વર્ષ ૧૯૯૦ માં આ સ્કીમ શરૂ કરવામાં આવી હતી તે દર્શાવવા માટે કોર્ટ સમક્ષ કોઈ પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા તે નોંધવામાં આવ્યું હતું. બચાવપક્ષ દ્વારા આવકના આ મથાળા હેઠળના દાવાને નકારી કાઢતી વખતે, ટ્રાયલ કોર્ટે એ હકીકતમાંથી સમર્થન મેળવવાનો પ્રયાસ કર્યો કે કરદાતાએ સ્પેશિયલ ઓડિટર અથવા આકારણી અધિકારીઓ સમક્ષ પ્રાથમિક દસ્તાવેજો રજૂ કર્યા ન હતા અને આંક ડી–૨૩૦ સિરીઝની અરજીઓને ઉપજાવી કાઢેલી ગણીને નકારી કાઢી હતી. ગ્રાહકોની જુબાનીઓને એ કારણસર પણ રદ કરવામાં આવી હતી કે તેઓ કટ્ટર પક્ષના કાર્યકરો હતા.

૩૨૦. હાઇકોર્ટે, જોકે ઉપરોક્ત હકીકતોને ઓછી વિગતવાર આવરી લીધી હતી, મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ સાથે કામ પાર પાડ્યું હતું અને નોંધ્યું હતું કે સંબંધિત સીઆઈટી (અપીલ્સ) દ્વારા સ્વીકારાયેલ રૂ. ૧૩,૮૯,૧૯,૪૭૫/– ની સ્કીમ ડિપોઝિટનો બચાવપક્ષનો દાવો હાઇકોર્ટ, મદ્રાસ સમક્ષ ન્યાયવિચારાધીન હતો. હાઇકોર્ટે એ પણ પુનરોચ્ચાર કર્યો કે સંબંધિત આકારણી વર્ષો માટેના ઇન્કમટેક્સ રિટર્ન ખૂબ જ વિલંબથી દાખલ કરવામાં આવ્યા હતા અને તેના માટે કોઈ સ્વીકાર્ય ખુલાસો આપવામાં આવ્યો ન હતો. એ નોંધવામાં આવ્યું હતું કે એ૧ કે એ૨ બંનેમાંથી કોઈએ પોતાની જાતની તપાસ કરી ન હતી. હાઇકોર્ટે એ હકીકતને પણ ધ્યાનમાં લીધી હતી કે એક સમયે, કરદાતાએ ફરિયાદ કરી હતી કે ગ્રાહકો દ્વારા આપવામાં આવેલી અરજીઓ ગાયબ હતી અને તે અંગેની ફરિયાદ નોંધાવવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ ઇન્કમટેક્સ વિભાગ સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનું કહેવાતી તે અરજીઓ કોર્ટમાં આંક તરીકે રજૂ કરવામાં આવી હતી. હાઇકોર્ટે સ્પષ્ટપણે ઠેરવેલ કે ઇન્કમટેક્સ રિટર્ન વિલંબથી અને કોઈ ખુલાસા વિના રજૂ કરવાથી તેની વાસ્તવિકતા અંગે શંકા ઊભી થાય છે. આમ છતાં, હાઇકોર્ટે ન્યૂઝલેટર માટે પોતાને થાપણદારો/ગ્રાહકો હોવાનો દાવો કરતા ૩૧ સાક્ષીઓના મૌખિક પુરાવાને જ ધ્યાનમાં રાખીને, એવો નિષ્કર્ષ આપ્યો કે કરદાતાના સમગ્ર દાવાને માત્ર ઇન્કમટેક્સ રિટર્ન દાખલ કરવામાં વિલંબના કારણોસર જ નકારી શકાય

નહીં. માત્ર આ બાબતને ધ્યાનમાં રાખીને કામ કરતાં, હાઇકોર્ટે, આ રીતે જયા પબ્લિકેશન્સની આવક તરીકે રૂ. ૪ કરોડની રકમ ઉમેરવાની મંજૂરી આપી.

૩૨૧. અમારા મતે, અહીં ઉપર સંદર્ભિત કર્યા મુજબ માત્ર એટલું જ નહીં, ટ્રાયલ કોર્ટ આ મુદ્દા પર અસર કરતા સંબંધિત દસ્તાવેજો વિશે સજાગ રહી હતી અને તેની વિસ્તૃત ચકાસણી પર તેના નિષ્કર્ષોનો આધાર રાખ્યો હતો, બચાવપક્ષ દ્વારા તેની એવી ટીકા કે તેણે અન્ય લોકોની સાથે, ફરિયાદપક્ષના સાક્ષીઓ ૨૦૧, ફરિયાદપક્ષના સાક્ષી–૨૩૦ અને બચાવપક્ષના સાક્ષી ૨ થી બચાવપક્ષના સાક્ષી ૬૭ અને બચાવપક્ષના સાક્ષી ૮૮ ના મૌખિક પુરાવાઓને ધ્યાનમાં લીધા નથી તે સ્વીકાર્ય નથી. જયા પબ્લિકેશન્સની બાબતો અંગે ડીવીએસીના ઇન્ટરનલ ઓડિટરનો રિપોર્ટ અને ફરિયાદપક્ષના સાક્ષી ૨૫૯ દ્વારા તેમની જુબાનીમાં દર્શાવ્યા મુજબ નમથુ એમજીઆર ના હિસાબો રજૂ ન કરવા અંગેની ફરિયાદ પણ કોઈ નિર્ણાયક સુસંગતતા ધરાવતી નથી. રિપોર્ટની ગેરહાજરી માત્ર બચાવપક્ષની દલીલને સાબિત કરતી નથી એટલું જ નહીં, નોંધપાત્ર રીતે, પ્રતિવાદીઓ તરફથી સદર રિપોર્ટ મંગાવવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો. ફરિયાદપક્ષ તરફથી ઇન્ટરનલ ઓડિટરની તપાસ કરવામાં અને તેમનો રિપોર્ટ રજૂ કરવામાં થયેલી ચૂક ફરિયાદપક્ષ સામે પ્રતિકૂળ અનુમાનને યોગ્ય ઠેરવે છે તેવો તર્ક સ્વીકારવા માટે યોગ્ય નથી. આવું વિશેષ કરીને એટલા માટે છે કે ફરિયાદપક્ષે નમથુ એમજીઆર સ્કીમ હેઠળની થાપણને આવકનો કાયદેસર સ્ત્રોત માનવાનો ઇનકાર કર્યો હતો. પરિણામે પ્રતિવાદીઓએ તેને કાયદેસર સાબિત કરવા માટે, તેને સંતોષકારક રીતે સાબિત કરવાની તેમની જવાબદારી નિભાવવી જોઈતી હતી અને તે માટે, જો આવા રિપોર્ટને અત્યંત આવશ્યક ગણવામાં આવતો હોય તો, જરૂરી પગલાં લેવા જોઈતા હતા.

૩૨૨. સંબંધિત આકારણી વર્ષો માટેના બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતાના સંદર્ભમાં, જેને ટ્રાયલ કોર્ટ દ્વારા નકારી કાઢવામાં આવ્યા હતા, એટલું નોંધવું પૂરતું છે કે ફરિયાદપક્ષ તરફથી કોઈ વાંધા વિના દસ્તાવેજોને માત્ર આંક તરીકે રજૂ કરવાથી, કાયદામાં તે દસ્તાવેજોના સમાવિષ્ટ ભાગનું પ્રમાણીકરણ કે

સાબિતી બની જતું નથી અને તેનાથી વિપરીત દલીલ, આમ ટકી શકે નહીં. વધુમાં, ઇન્કમટેક્સ એક્ટ, ૧૯૬૧ ની કલમ ૧૩૯(૯) હેઠળના ખુલાસાના ખંડ (ડી) પર આધારિત અનુમાન પર એવું સૂચવવા માટે આધાર રાખવો કે બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતાઓ સંબંધિત ઇન્કમટેક્સ રિટર્ન સાથે દાખલ કરવામાં આવ્યા હોવા જોઈએ અને ઇન્કમટેક્સ વિભાગ તરફથી તેને રજૂ કરવામાં થયેલી નિષ્ફળતા, રિટર્ન સાથે આવા બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતાઓ રજૂ કરવાના બચાવપક્ષના દાવાને નષ્ટ કરતી નથી, તે અમારા અંદાજ મુજબ, ઇન્કમટેક્સ રિટર્ન સાથે ફરજિયાતપણે રજૂ કરવાના થતા બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતાઓ વાસ્તવમાં તેની સાથે દાખલ કરવામાં આવ્યા હતા તે વધુ સારા પુરાવા દ્વારા સાબિત કરવામાં પ્રતિવાદીઓ તરફથી થયેલી નિષ્ક્રિયતાનો કોઈ જવાબ નથી, વિશેષ કરીને આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ માટેના બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતામાં દેખીતી વિસંગતતાઓને ધ્યાનમાં રાખીને, જે સુનાવણી વખતે સાબિત થઈ હતી.

૩૨૩. ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧ ના પુરાવા કે જેના પર પ્રતિવાદીઓ દ્વારા ઘણો ભાર મૂકવામાં આવ્યો છે, તે શરૂઆતથી જ, નમથુ એમજીઆર નું ચાલુ ખાતું ખોલવાની તારીખ પર વિરોધાભાસી છે. જોકે આ સાક્ષી દ્વારા નમથુ એમજીઆર ના ચાલુ ખાતા નં. ૧૯૫૨ ના સંદર્ભમાં ૧૮.૧૨.૧૯૯૧ થી તેમાં કરવામાં આવેલી થાપણો વિશે સંદર્ભ આપવામાં આવ્યો છે, છતાં તેમની જુબાની પરથી એ નોંધપાત્ર રીતે સ્પષ્ટ થાય છે કે તેમાંથી મોટી રકમ તપાસ સમયગાળા દરમિયાન વિવિધ તારીખોએ એ૧, એ૨, એ૩ અને એ૪, જયા પબ્લિકેશન્સ, શશિ એન્ટરપ્રાઇઝિસ, આંજનેય પ્રિન્ટર્સ પ્રા. લિ., મેટલ કિંગ, ગ્રીન ફાર્મહાઉસ, મેડો એગ્રો ફાર્મ્સ અને ફેક્સ યુનિવર્સલ (શશિ એન્ટરપ્રાઇઝિસનું એકમ) ના ખાતાઓમાં ટ્રાન્સફર કરવામાં આવી છે.

૩૨૪. બચાવપક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યા મુજબ, સ્કીમ ડિપોઝિટ અને નમથુ એમજીઆર ના ખાતામાંથી પ્રતિવાદીઓ અને તેમની પેઢીઓને ભંડોળના મુક્ત પ્રવાહના સંદર્ભમાં એકંદર પુરાવાને ધ્યાનમાં રાખીને, આવકના

આ સ્ત્રોત સામે ટ્રાયલ કોર્ટ અને હાઇકોર્ટના સમાન નિષ્કર્ષો અસાધારણ હોવાનું જણાય છે.

૩૨૫. નોંધપાત્ર રીતે, જોકે હાઇકોર્ટે સંબંધિત વર્ષોના ઇન્કમટેક્સ રિટર્નના ખુલાસા વગરના વિલંબિત સબમિશનને ધ્યાનમાં લઈને અને ટ્રાયલ કોર્ટની સરખામણીમાં ઓછા વિસ્તૃત રીતે રેકોર્ડ પરની સામગ્રીની ચકાસણી પર આવકના આ સ્ત્રોતને પણ નકારી કાઢ્યો હતો, છતાં સદર નિષ્કર્ષ પ્રતિવાદીઓ દ્વારા પડકાર વિનાનો રહ્યો છે.

૩૨૬. પુનરાવર્તનના ભોગે, આ મુદ્દાને લગતી હકીકતોના સારાંશને ધ્યાનમાં રાખીને, ટ્રાયલ કોર્ટ તેના અધિકારક્ષેત્રમાં હતી અને કાયદા દ્વારા બંધાયેલી હોવાથી, જયા પબ્લિકેશન્સ દ્વારા કરવામાં આવેલ સ્કીમ ડિપોઝિટના દાવાની વાસ્તવિકતા કે અન્યથા મૂલ્યાંકન કરવા માટે સ્વતંત્ર રીતે પુરાવાની યોગ્ય રીતે ચકાસણી કરી હતી. ઇન્કમટેક્સ સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રક્રિયાના વિવિધ તબક્કાઓ, આવી સ્કીમ ડિપોઝિટના સમર્થનમાં ઓડિટર્સ અને ઇન્કમટેક્સ સત્તાવાળાઓ સમક્ષ અસલ સ્વરૂપમાં પ્રાથમિક દસ્તાવેજો રજૂ કરવામાં કરદાતાની નિષ્ફળતા અને ખાસ કરીને ચાર્જશીટ રજૂ કર્યા પછી ઇન્કમટેક્સ રિટર્ન રજૂ કરવામાં થયેલ અતિશય વિલંબ, તેમજ ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવાયેલા અન્ય સંલગ્ન સંજોગોને ધ્યાનમાં લેતા, અમારું માનવું છે કે હાઇકોર્ટ માત્ર ૩૧ સાક્ષીઓના મૌખિક પુરાવાના આધારે સ્કીમ ડિપોઝિટને કારણે જયા પબ્લિકેશન્સની આવક તરીકે રૂ. ૪ કરોડની વધારાની રકમ ઉમેરવાની મંજૂરી આપવામાં ન્યાયી ન હતી. આવું વિશેષ કરીને ત્યારે છે જ્યારે તે રેકોર્ડ પરના પુરાવાની ચકાસણી પર અન્યથા સહમત હતી કે સ્કીમ ડિપોઝિટનો સમાવેશ કરતા ઇન્કમટેક્સ રિટર્ન, ખાસ કરીને સંબંધિત આકારણી વર્ષો માટે, તેને રજૂ કરવામાં થયેલા ખુલાસા વગરના વિલંબને ધ્યાનમાં રાખીને શંકાસ્પદ હતા. બીજા શબ્દોમાં કહીએ તો, જોકે હાઇકોર્ટ પોતે જ સ્કીમ ડિપોઝિટના દાવાની સ્વીકૃતિ વિશે મોટે ભાગે વિલંબિત ઇન્કમટેક્સ રિટર્નને કારણે અસહમત રહી હતી, તેણે કરદાતાને માત્ર ૩૧ સાક્ષીઓની મૌખિક જુબાનીના આધારે રૂ. ૪

કરોડની આવક ઉદારતાથી આપી હતી, જેઓ ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધ્યા મુજબ, એઆઈએડીએમકે (AIADMK) પક્ષ પ્રત્યે અખૂટ વફાદારી ધરાવતા હતા અને તેને સમર્થન આપવા માટે કોઈ કાયદેસર રીતે સ્વીકાર્ય દસ્તાવેજી પુરાવા ન હતા. તેના સંદર્ભમાં પુરાવાની સ્થિતિને ધ્યાનમાં રાખીને જયા પબ્લિકેશન્સની આવક તરીકે રૂ. ૪ કરોડની આ વધારાની રકમના ઉમેરાને સમર્થન આપી શકાય નહીં.

બેંક થાપણો પર વ્યાજ સ્વરૂપે એ૧ ની આવક:

૩૨૭. બેંક થાપણો પર વ્યાજ સ્વરૂપે તેમની આવક તરીકે સામાવાળા ૧/એ૧ વતી રૂ. ૧૮,૪૯,૨૧૦/– ની વધારાની રકમનો દાવો કરવામાં આવ્યો છે. જોકે આવકની સંબંધિત આઇટમો સામે ફરિયાદપક્ષે રૂ. ૫૮,૯૦,૯૨૫/– ની રકમ સ્વીકારી છે, સામાવાળા ૧/એ૧ ના જણાવ્યા મુજબ, તે રૂ. ૭૭,૪૦,૧૩૫/– હોવી જોઈતી હતી. આમ રૂ. ૧૮,૪૯,૨૧૦/– ની વધારાની રકમનો દાવો કરવામાં આવ્યો છે. આ દાવાને સમર્થન આપવા માટે, આ સામાવાળાએ આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ માટેના ઇન્કમટેક્સ રિટર્ન/હુકમો પર સંપૂર્ણપણે આધાર રાખ્યો છે, જ્યાં વિવિધ રકમો "અન્ય સ્ત્રોતોમાંથી આવક" ના મથાળા હેઠળ દર્શાવવામાં આવી હતી.

૩૨૮. ટ્રાયલ કોર્ટે આ આઇટમો સાથે વિગતવાર કામ પાર પાડ્યું હતું. તેણે ખાતાઓના સમકાલીન સ્ટેટમેન્ટની નકલોના સંદર્ભમાં સંબંધિત બેંકોના અધિકારીઓ, ફરિયાદપક્ષના સાક્ષીઓ ૧૬૪, ૧૭૩, ૨૦૧ અને ૨૦૨ ના પુરાવાઓની તપાસ કરી હતી અને તેના હેઠળ ઉપલબ્ધ આંકડા સ્વીકાર્યા હતા. જોકે, તેણે સદર સામાવાળા વતી તેમની વ્યાજ સ્વરૂપે આવક તરીકે રૂ. ૭૭,૪૦,૧૩૫/– ના વધારવામાં આવેલા દાવાના સમર્થનમાં રજૂ કરવામાં આવેલ નફા અને નુકસાન ખાતાના સ્ટેટમેન્ટને તે માટેના અન્ય કોઈ આધારભૂત પુરાવાના અભાવમાં સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. એમ માની લઈએ કે આ સામાવાળા વતી એવો તર્ક હતો કે નફા અને નુકસાન ખાતાઓ ખરેખર સંબંધિત ઇન્કમટેક્સ રિટર્નનો ભાગ હતા અને કોઈપણ સંજોગોમાં, સુનાવણી વખતે

અલગથી રજૂ કરવામાં આવ્યા હતા અને પુરાવા તરીકે તેને આંક આપવામાં આવ્યો હતો, તો પણ કાયદામાં તે તેના સમાવિષ્ટ ભાગના સંભવિત મૂલ્યનું અકાટ્ય પ્રમાણીકરણ ન હતું, એટલું બધું કે ટ્રાયલ કોર્ટના અભિગમને સુધારી ન શકાય તેવો ભૂલભરેલો કહીને નકારી શકાય. વધુમાં હાઇકોર્ટે આ મુદ્દા પર ચુકાદો આપવાનું છોડી દીધું હોય તેવું લાગે છે.

૩૨૯. પુનરાવર્તન કરવા માટે, ૧૯૮૮ ના અધિનિયમ હેઠળના આરોપ પરની સુનાવણીમાં રેકોર્ડ પરના પુરાવાની ચકાસણી, કાવતરા અને દુષ્પ્રેરણના આક્ષેપ સાથે સંકળાયેલા ગુનાઓના ઘટકોને અનુરૂપ પરિપ્રેક્ષ્યમાં આવશ્યકપણે હોવી જોઈએ અને તેનાથી અલગ ન હોવી જોઈએ, ઇન્કમટેક્સ રિટર્નમાં આવકના ખુલાસાઓ અને તેના પર ઇન્કમટેક્સ સત્તાવાળાઓ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમો પર શરત વિનાનો આધાર રાખવો એ કાયદા સાથે સુસંગત અભિગમ ન કહેવાય. ઇન્કમટેક્સ રિટર્ન/હુકમોની સ્વીકૃતિ અથવા તેને સાબિત કરવાની પદ્ધતિ સામે વાંધો ઉઠાવવામાં ફરિયાદપક્ષ તરફથી થયેલી ચૂક, માત્ર તે જ કારણસર તેના સમાવિષ્ટ ભાગને સંભવિત અસરકારકતા પ્રદાન કરશે નહીં. આ પાસા પર આર.વી.ઈ. વેંકટાચલા ગ્રાઉન્ડર વિ. અરુલમિગુ વિશ્વેશ્વરસ્વામી અને વી.પી. ટેમ્પલ અને અન્ય (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૭૫૨ ના આ કોર્ટના નિર્ણય પર આધાર રાખવો આમ પ્રતિવાદીઓ માટે કોઈ કામનો નથી.

૩૩૦. આ નિર્ણય દસ્તાવેજોની સ્વીકૃતિ અંગેના વાંધાઓના સ્વરૂપ પર ધ્યાન કેન્દ્રિત કરે છે દા.ત. વાંધો કે તે પોતે જ પુરાવા તરીકે અસ્વીકાર્ય છે અથવા તેને સાબિત કરવાની પદ્ધતિ અનિયમિત અથવા અપૂરતી હોવાનો આક્ષેપ કરે છે. તે એ પ્રસ્તાવ પર કોઈ સત્તાધિકાર નથી કે જો આમાંનો કોઈ પણ વાંધો લેવામાં ન આવે, તો આ રીતે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજના સમાવિષ્ટ ભાગને, તેના દ્વારા પહોંચાડવામાં આવેલી હકીકતોના અકાટ્ય પુરાવા તરીકે આપમેળે સ્વીકારવો પડશે.

સુપર ડુપર ટી.વી. પ્રા. લિ.ની આવક – રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/–.

૩૩૧. જ્યારે ટ્રાયલ કોર્ટે આ દાવાને નકારી કાઢ્યો છે, હાઇકોર્ટે તેને મંજૂરી આપી છે. આવકના આ સ્ત્રોતને ડીવીએસી દ્વારા તેની યાદીમાં સામેલ કરવામાં આવ્યો ન હતો અને બચાવપક્ષની એવી દલીલ રહી છે કે તેને ખોટી અને ઇરાદાપૂર્વક રીતે બાકાત રાખવામાં આવ્યો હતો. આ રકમ શરૂઆતમાં સુપર ડુપર ટી.વી. ના માલિક તરીકે હાથ ધરવામાં આવેલા અને બાદમાં સુપર ડુપર ટી.વી. પ્રાઇવેટ લિમિટેડ તરીકે સમાવિષ્ટ તેમના વ્યવસાયમાંથી એ૩ ની કાયદેસર આવક હોવાનો દાવો કરવામાં આવે છે. ટ્રાયલ કોર્ટે તપાસ અધિકારી, ફરિયાદપક્ષના સાક્ષી ૨૫૯ ના પુરાવાનો ઉલ્લેખ કર્યો હતો, જેમણે જુબાની આપી હતી કે જપ્ત કરાયેલા દસ્તાવેજોમાં પેઢી દ્વારા જાળવવામાં આવેલ ૨૨ ફી રસીદ બુકો સામેલ છે, દરેકમાં ૧૦૦ પાના છે અને કાઉન્ટર-ફોઇલ્સ દર્શાવે છે કે દરેકમાં રૂ. ૫,૦૦૦/- ની પ્રાપ્તિ થઈ છે. જોકે, સાક્ષીએ ઇનકાર કર્યો હતો કે અન્યથા કુલ રૂ. ૧,૧૦,૦૦,૦૦૦/- ની રકમ સુપર ડુપર ટી.વી. ની આવક હતી અને આ રકમનો એ૩ ની આવક તરીકે સમાવેશ કરવામાં આવ્યો ન હતો કારણ કે તેનો ઉપયોગ કંપની ચલાવવાના ખર્ચમાં કરવામાં આવ્યો હતો.

૩૩૨. બચાવપક્ષ દ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યા મુજબ, વિદ્વાન ટ્રાયલ કોર્ટે ચેક પિરિયડ દરમિયાન કંપનીમાં તેમના દ્વારા કરવામાં આવેલી થાપણો વિશે બચાવપક્ષના સાક્ષી ૬૫ થી બચાવપક્ષના સાક્ષી ૭૩ ના સાક્ષીઓની જુબાનીની નોંધ લીધી હતી. કંપનીના મેનેજર, બચાવપક્ષના સાક્ષી ૮૫ દ્વારા રૂ. ૧.૧૦ કરોડની પ્રાપ્તિ સાબિત કરવા માટે રજૂ કરાયેલા દસ્તાવેજોને પણ ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ટ્રાયલ કોર્ટે નોંધ્યું કે આ કંપની ચેક પિરિયડ દરમિયાન એ૨, એ૩ અને એ૪ દ્વારા શરૂ કરવામાં આવેલી કંપનીઓ પૈકીની એક હતી અને તેણે એક ડિપોઝીટ સ્કીમ રજૂ કરી હતી જે હેઠળ કેબલ ઓપરેટરોએ રૂ. ૫,૦૦૦/- અથવા તેના ગુણાંકમાં રોકડ જમા કરાવી હતી અને તે પ્રક્રિયામાં કંપનીને રૂ. ૧,૦૬,૧૦,૧૦૦/- ની ડિપોઝીટ મળી હતી. તે ઉપરાંત, ટ્રાયલ કોર્ટે એમ પણ નોંધ્યું કે કંપનીને ભાડે આપવામાં આવેલા અન્ય સાધનોમાંથી દર મહિને રૂ. ૧,૫૦૦/- નું સમયાંતરે ભાડું મળ્યું હતું. આ માટેના લીઝ કરારો પણ

ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. કંપનીએ તમિલનાડુ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડને સાધનો પૂરા પાડ્યા હોવાના દાવાની નોંધ લેવામાં આવી હતી. પ્રદર્શિત આકારણી હુકમોની નકલોની તપાસ કરવામાં આવી હતી અને ટ્રાયલ કોર્ટે નિષ્કર્ષ આપ્યો હતો કે સુપર ડુપર ટી.વી. પ્રાઇવેટ લિમિટેડના નામે એ૨ અને એ૩ દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યવસાયિક વ્યવહારો પર શંકા કરવાનું કોઈ કારણ નથી. જોકે, તેણે બચાવપક્ષ દ્વારા આધાર રાખેલ આકારણી હુકમો એટલે કે આંક ડી.–૧૮૨, ડી.–૧૮૩ અને ડી.–૧૮૪ ના સંદર્ભમાં નોંધ્યું હતું કે તે ૦૪.૧૦.૧૯૯૭ ના રોજ ચાર્જશીટ દાખલ થયા પછી વિલંબથી સબમિટ કરવામાં આવ્યા હતા.

૩૩૩. બચાવપક્ષના દાવાના સંદર્ભમાં કે વ્યવસાયિક આવક તરીકે રૂ. ૧,૦૬,૧૦,૧૦૦/– ની રકમ અન્ય આવક ઉપરાંત એ૨ અને એ૩ પાસે ઉપલબ્ધ હતી, ટ્રાયલ કોર્ટે નોંધ્યું, અન્ય બાબતોની સાથે, કેબલ ટેલિવિઝન નેટવર્ક રૂલ્સ, ૧૯૯૪ મુજબ, જે ૨૯.૦૪.૧૯૯૪ થી અમલમાં આવ્યા હતા, ફક્ત રિફંડેબલ સિક્યોરીટી ડિપોઝીટ જ માન્ય હતી અને જોકે રસીદ બુકો અને પેચી–ઇન–સ્લિપ્સના કાઉન્ટર–ફોઇલ્સ દર્શાવે છે કે મોટી સંખ્યામાં ગ્રાહકો પાસેથી એકત્રિત કરવામાં આવેલ દરેકમાં રૂ. ૫,૦૦૦/– ની રકમ ખાતા નં. ૧૧૫૨ માં જમા કરવામાં આવી હતી, રેકોર્ડ પર એવું દર્શાવવા માટે કંઈ નહોતું કે કંપની દ્વારા વિવિધ ગ્રાહકોને સપ્લાય કરવામાં આવ્યા હોવાનો દાવો કરવામાં આવતા સાધનોની ખરીદી માટે રોકાણ કેવી રીતે કરવામાં આવ્યું હતું અને કોઈ પણ સંજોગોમાં, દાવા મુજબ સ્થાવર મિલકતોની ખરીદી માટે આવકના સ્થિર કોર્પસ તરીકે આ રકમ એ૩ પાસે ઉપલબ્ધ ન હોઈ શકે. બચાવપક્ષના સાક્ષી ૮૫, ફરિયાદપક્ષના સાક્ષી ૧૮૨ અને ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧ ના પુરાવાનો વિગતવાર સંદર્ભ આપતા, ટ્રાયલ કોર્ટે કંપનીના ખાતામાં અને તેમાંથી રોકડના વિશાળ પ્રવાહની નોંધ લીધી. નોંધનીય રીતે, આવી થાપણો અને ઉપાડ, એ૧ થી એ૪ અને તેમના દ્વારા ચેક પિરિયડ દરમિયાન શરૂ કરવામાં આવેલી કંપનીઓ અને પેઢીઓ કે જેના તેઓ ભાગીદારો/ડિરેક્ટરો હતા, જે પણ કિસ્સો

હોય, તેમાં સંડોવાયેલા કેટલાક ખાતાઓ સામે હતા. આ બધું ખાતાઓ અને વ્યક્તિગત વ્યવહારોનો સંદર્ભ આપીને નોંધવામાં આવ્યું હતું. પ્રતિવાદીઓ અને તેમની પેઢીઓ/કંપનીઓ વચ્ચેના બેંક વ્યવહારોની વિશાળતાને ધ્યાનમાં રાખીને ટ્રાયલ કોર્ટે એડ ના એ દાવાને સમર્થન આપવાનો ઇનકાર કર્યો હતો કે તેમની પાસે આવકનો સ્વતંત્ર સ્ત્રોત હતો અને તે તેમના નામે મિલકતો મેળવવા માટે તેમની અને એચ પાસે ઉપલબ્ધ હતો.

૩૩૪. આની સામે, હાઇકોર્ટે મુખ્યત્વે બચાવપક્ષના સાક્ષી ૮૫ ના પુરાવા પર આધાર રાખ્યો હતો, જેમણે ૧૯૯૫–૯૬ દરમિયાન કંપનીના મેનેજર/એડમિનિસ્ટ્રેટર તરીકે પોતાનો પરિચય આપ્યો હતો અને સભ્ય દીઠ રૂ. ૫,૦૦૦/– ની નોન–રિફંડેબલ એન્ટ્રન્સ ફી તરીકે દાવો કરેલ ડિપોઝીટ સંબંધિત ફી રસીદ બુકો અને કાઉન્ટર–ફોઇલ્સ રજૂ કર્યા હતા.

૩૩૫. વધુમાં, તેણે દાખલ કરાયેલ વ્યવસાયિક વ્યવહારોના સંબંધમાં તમિલનાડુ ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને અન્ય જાહેર/જાહેર ક્ષેત્રના ઉપક્રમો સહિત કંપની દ્વારા પ્રાપ્ત થયેલ ચૂકવણી સંબંધિત ટ્રાયલ વખતે પ્રદર્શિત રોકાણો/દસ્તાવેજો સ્વીકાર્યા હતા. તે દરમિયાન, તેણે આવકવેરા સત્તાવાળાઓ દ્વારા કંપનીના રિટર્નનું આકારણી નોંધ્યું અને તેને રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/– હોવાનું આકાર્યું.

૩૩૬. અમારા મતે, હાઇકોર્ટે રજૂ કરાયેલા પુરાવાને સમજવામાં પ્રતિવાદીઓ સામે મુકવામાં આવેલા આરોપોના પાસાઓ ચૂકી ગઈ છે અને પોતાને મોટે ભાગે દાવો કરાયેલા થાપણદારોના નિવેદનો અને તેની સાથે જોડાયેલી ડિપોઝીટ બુકો અને કાઉન્ટર–ફોઇલ્સ પૂરતી જ સીમિત રાખી છે. તેનાથી વિપરીત ટ્રાયલ કોર્ટે માત્ર પક્ષકારો દ્વારા રજૂ કરવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું યોગ્ય વિગતોમાં વિશ્લેષણ કર્યું ન હતું, પરંતુ કંપની દ્વારા દાવો કરવામાં આવેલી આવક અને તેના સંભવિત રોકાણોની તપાસ કરવાની તસ્દી લીધી હતી. તેણે પેઢીઓ/કંપનીઓ કે જેના પ્રતિવાદીઓ ચેક

પિરિયડ દરમિયાન ભાગીદારો/ડિરેક્ટરો હતા તેના ખાતાઓમાં રોકડના વિશાળ પ્રવાહ અને જાવકની પણ નોંધ લીધી હતી જેથી આ મથાળા હેઠળ એ૩ દ્વારા દાવો કરવામાં આવેલી આવક તેની સ્વતંત્ર ઓળખ જાળવી રાખવાનું બંધ કરી દે જેથી એક અલગ સંસ્થા તરીકે તેની વ્યવસાયિક પ્રવૃત્તિઓ ચલાવવા માટે કંપનીની નોંધપાત્ર કમાણી તરીકે સ્વીકારવામાં આવે. બેંક વ્યવહારો સંબંધિત ખુલાસો એ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પરથી એકત્ર કરી શકાય તેવો રેકોર્ડનો વિષય છે અને, અમારા અંદાજ મુજબ, પ્રતિવાદીઓ સામે મૂકવામાં આવેલા કાવતરા અને મદદગારીના આરોપની પૃષ્ઠભૂમિમાં ખૂબ મહત્વ ધરાવે છે. હાઈકોર્ટ દ્વારા આ મુદ્દા પરના પુરાવાની સારાંશપૂર્ણ સારવારમાં, અમારી સમજ મુજબ, ઈચ્છિત અભિગમ અને અંતર્દ્રષ્ટિનો અભાવ છે અને તેથી, તેને ટકાવી શકાય નહીં. આમ, સુપર ડુપર ટી.વી. પ્રાઈવેટ લિમિટેડની રૂ. ૧,૦૦,૦૦,૦૦૦/– ની આવકના ઉમેરાને સમર્થન આપી શકાય નહીં.

એ૧ ને વેલ્થ ટેક્સનું રિફંડ:

૩૩૭. પ્રતિવાદી નં. ૧/એ૧ એ ૨૨.૦૪.૧૯૯૩ ના રોજ વેલ્થ ટેક્સ રિફંડના રૂપમાં રૂ. ૧,૩૫,૬૩૧/– ની વધુ રકમ ઉમેરવા વિનંતી કરી છે અને આ દાવાને સમર્થન આપવા માટે, ૩૧.૦૩.૧૯૯૪ ના રોજની તેમની સ્ટેટમેન્ટ ઓફ અફેર્સ હોવાને કારણે આંક પી.–૨૩૩૬ અને પી.–૧૩૮૨ અને કેનેરા બેંક, માયલાપોર, મદ્રાસ ના ૦૧.૦૪.૧૯૯૩ થી ૩૦.૦૪.૧૯૯૩ ના સમયગાળાના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટમાં સદર રકમની પ્રાપ્તિ/થાપણ દર્શાવવા પર આધાર રાખ્યો છે. બચાવપક્ષના સાક્ષી ૬૪ ની જુબાનીનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

૩૩૮. વેલ્થ ટેક્સની વિભાવના અને સંપત્તિ અને ચોખ્ખી સંપત્તિને આકર્ષતા આવા લેવીને ધ્યાનમાં રાખીને, આ રિફંડ, જોકે વેલ્થ ટેક્સ એક્ટ, ૧૯૫૭ દ્વારા વિચારવામાં આવ્યું છે, તે જ રીતે સંપત્તિની કાયદેસરતાને પ્રમાણિત કરતું નથી જેના પર શરૂઆતમાં ટેક્સ વસૂલવામાં આવ્યો હતો અને

બાદમાં રિફંડ કરવામાં આવ્યો હતો. રિફંડને લગતી સંપત્તિના કાયદેસર મૂળ અને સ્થિતિને સંતોષકારક રીતે સાબિત કરવા માટે અન્ય કોઈ પુરાવાની ગેરહાજરીમાં, અમારા મતે, તેને સદર અધિનિયમની કલમ ૧૩(૧)(ઈ) માં કલ્પના મુજબ કાયદેસર સ્ત્રોતમાંથી આવક તરીકે સ્વીકારી શકાય નહીં. વધુમાં, ટ્રાયલ કોર્ટ અથવા હાઈકોર્ટ દ્વારા પ્રતિવાદી ૧/એ૧ ના આવકના આ દાવાની કોઈ ચર્ચા કે વિશ્લેષણ જણાયું નથી.

મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસમાંથી એ૧ ની આવક:

૩૩૯. આગળનો ઉમેરો મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસમાંથી આવક મારફતે માંગવામાં આવ્યો છે. આ દાવાને સમર્થન આપવા માટે, આંક ડી.–૨૬૭ પર આધાર રાખવામાં આવ્યો છે, જે ૩૧.૦૩.૧૯૯૩ ના રોજ શશી એન્ટરપ્રાઇઝિસની બેલેન્સ શીટ છે જે ૩૧એ, પોયસ ગાર્ડન માટે રૂ. ૨,૮૬,૫૬૯/– ની રજીસ્ટ્રેશન ચાર્જની ચુકવણી દર્શાવે છે અને આંક પી.–૨૩૩૪, આકારણી વર્ષ ૧૯૯૬–૯૭ માટે એ૧ નું એકાઉન્ટ સ્ટેટમેન્ટ છે જે તેમના કરંટ એકાઉન્ટ નં. ૨૦૧૮ માં મેસર્સ ફેક્સ યુનિવર્સલમાંથી રૂ. ૩,૪૨,૦૦૦/– ની રકમની પ્રાપ્તિ દર્શાવે છે. આ પરિસરમાં, એ૧ એ ભારપૂર્વક જણાવ્યું કે આ મથાળા હેઠળ, તેણીની શશી એન્ટરપ્રાઇઝિસમાંથી રૂ. ૬,૨૮,૫૬૯/– ની આવક હતી, મેસર્સ ફેક્સ યુનિવર્સલ સદર પેઢીનું એક એકમ છે. આકસ્મિક રીતે અને નિઃશંકપણે, સંબંધિત સમયે, એ૧ અને એ૨ શશી એન્ટરપ્રાઇઝિસના ભાગીદારો હતા અને એ૨ મેસર્સ ફેક્સ યુનિવર્સલના પણ ભાગીદારોમાંના એક હતા. તેથી અહીં દર્શાવેલ અનામતોની આપલે તમામ વ્યવહારુ હેતુઓ માટે એ૧ અને એ૨ વચ્ચે છે. સંજોગોને જોતા ઉપરોક્ત રકમને કાયદેસર આવક તરીકે સ્વીકારવાના બચાવપક્ષના દાવામાં મનામણીનો અભાવ છે.

એ૨ પાસેથી એ૧ દ્વારા લોન:

૩૪૦. એ૨ અને તેમની માલિકીની પેઢીઓ પાસેથી રૂ. ૧,૫૩,૦૩,૦૦૦/– ની લોનની રકમ એ૧ વતી દાવો કરવામાં આવેલી આવકનો આગળનો ક્રમ છે. ફરિયાદપક્ષના સાક્ષી ૨૦૧, મેનેજર, કેનેરા બેંક, માયલાપોર બ્રાન્ચની મૌખિક જુબાની અને આંક પી.–૨૩૩૨, ૨૩૩૪, ૨૩૩૫, ૨૩૩૬, આકારણી વર્ષ ૧૯૯૬–૯૭ માટે એ૧ નું સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ, પી.–૧૩૮૨, પી.–૧૧૧૭ નો સંદર્ભ એ૨, ફ્રેશ મશરૂમ લિમિટેડ અને વિનોદ વીડિયો વિઝનમાંથી વિવિધ રકમોની પ્રાપ્તિ/થાપણો દર્શાવવા માટે આપવામાં આવ્યો છે.

૩૪૧. સ્વીકૃતપણે, સંબંધિત સમયે એ૨ ફ્રેશ મશરૂમ અને વિનોદ વીડિયો વિઝન બંનેના એકમાત્ર માલિક હતા અને આથી થાપણો, જોકે વિશેષરૂપે બેંક વ્યવહારો દ્વારા સાબિત થાય છે, તે સ્પષ્ટપણે, એ૧ અને એ૨ અને તેની પેઢીઓ વચ્ચે છે. કાવતરા અને મદદગારીના આરોપની પૃષ્ઠભૂમિમાં તેમની સાચી પુરાવાકીય કિંમત નક્કી કરવા માટે આ આવકોનું અનિવાર્યપણે પરીક્ષણ થવું જોઈએ.

૩૪૨. અત્રે ઉપર ઉલ્લેખ કર્યો છે તેમ, આ કોર્ટે કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ વિરુદ્ધ પી. મોહનકલા (ઉપર મુજબ) માં, બેંક વ્યવહારો દ્વારા દર્શાવવામાં આવેલી વિદેશી ભેટો મારફતે મળેલી રકમ અંગે એસેસિંગ ઓફિસર દ્વારા કરવામાં આવેલા ઉમેરાના પડકારની તપાસ કરતી વખતે, રેકોર્ડ પરની સામગ્રીના મૂલ્યાંકન પર ઠેરવેલ કે ભેટના વ્યવહારો સ્પષ્ટ હોવા છતાં સાચા ન હતા અને એવો નિષ્કર્ષ આપ્યો કે બેંક ચેક દ્વારા પૈસા આવ્યા હતા અને બેંકિંગ વ્યવહારની પ્રક્રિયા મારફતે ચૂકવવામાં આવ્યા હતા તે હકીકત પોતે પ્રમાણભૂતતાનું કોઈ પ્રમાણપત્ર નહોતું. એ સમજતી વખતે કે વ્યવહાર સ્પષ્ટ હોવા છતાં વાસ્તવિક ન પણ હોઈ શકે, જેવું કે તેની સાથે સંકળાયેલા સમકાલીન પરિબળો દ્વારા દર્શાવી શકાય છે, એસેસિંગ ઓફિસર દ્વારા ભેટની વાસ્તવિકતાના અસ્વીકારને સમર્થન આપવામાં આવ્યું હતું.

૩૪૩. ઉપર ઉલ્લેખિત વ્યવહારોમાં સામેલ વ્યક્તિઓ અને સંસ્થાઓના મિશ્રણને ધ્યાનમાં રાખીને, અમે અન્ય ખાતરીજનક પુરાવાઓની ગેરહાજરીમાં, સદર રિસિપ્ટ્સ/થાપણોને સદર અધિનિયમની કલમ ૧૩(૧)(ઇ) માં કલ્પના મુજબ કાયદેસર આવક તરીકે સ્વીકારવા તૈયાર નથી.

જયા પબ્લિકેશન્સ, કેનફીન હોમ્સ અને નમધુ એમજીઆર માંથી એ૧ ની આવક:

૩૪૪. પ્રતિવાદીઓ અનુસાર એ૧ ની આવકનો આગળનો એકમ ત્રણ સ્ત્રોતો એટલે કે જયા પબ્લિકેશન્સમાંથી ઉપાડ, કેનફીન હોમ્સમાંથી લોન જેની જયા પબ્લિકેશન્સ દ્વારા એ૧ વતી ચુકવણી કરવામાં આવી હતી અને નમધુ એમજીઆર માંથી ઉપાડ તરીકે જયા પબ્લિકેશન્સમાંથી ભાગીદાર તરીકેની રસીદો છે. ઉપરોક્ત પ્રથમ ઘટકના સંદર્ભમાં, એ૧ વતી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના આધારે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જે મોટે ભાગે એ૧ ની તરફેણમાં તેમાંથી વિવિધ રકમ ઉપાડીને જયા પબ્લિકેશન્સના કરંટ એકાઉન્ટ નં. ૨૦૪૭ માં એન્ટ્રીઓ રચે છે. આવા ટ્રાન્સફર કે જે એ૧ ના સંબંધિત સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટ અને જયા પબ્લિકેશન્સના ઉપરોક્ત કરંટ એકાઉન્ટમાંની એન્ટ્રીઓ દર્શાવે છે તે ૦૫.૦૮.૧૯૯૧, ૧૨.૦૮.૧૯૯૧, ૨૧.૧૦.૧૯૯૨, ૨૧.૦૩.૧૯૯૫, ૧૭.૦૭.૧૯૯૫, ૦૭.૧૧.૧૯૯૫ ના રોજ છે, જે દરેકમાં રૂ. ૨ લાખથી રૂ. ૫ લાખ સુધીની રકમ છે. આ નોંધાયેલી હકીકતોની પૃષ્ઠભૂમિમાં નોંધપાત્ર છે કે આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ માટે જયા પબ્લિકેશન્સના આવકવેરા રિટર્નમાં દર્શાવ્યા મુજબ, સદર સમયગાળા દરમિયાન તેની ચોખ્ખી આવક રૂ. ૧,૧૫,૯૪,૮૪૮/– હતી. એ૧ ના જણાવ્યા મુજબ, આ મથાળા હેઠળ, જયા પબ્લિકેશન્સના કરંટ એકાઉન્ટ નં. ૨૦૪૭ માંથી રૂ. ૧,૦૧,૪૯,૯૦૦/– ની રકમ ઉપાડવામાં આવી હતી.

૩૪૫. ઉપરોક્ત ઉપરાંત, એ૧ વતી એવો દાવો કરવામાં આવ્યો છે કે તેણીએ ૨૯.૯.૧૯૯૨ ના રોજ કેનફિન હોમ્સ પાસેથી રૂ. ૭૫ લાખની લોન લીધી હતી જે ૨૭.૩.૧૯૯૫ ના રોજ જયા પબ્લિકેશન્સ દ્વારા ચૂકવવામાં આવી હતી. તેણી દ્વારા એવું ભારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે આ રકમ તેણી દ્વારા જયા પબ્લિકેશન્સને પાછી ચૂકવવામાં આવી ન હતી અને તેને સદર પેઢીના ભાગીદાર તરીકે તેના ઉપાડ તરીકે ગણવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, ચેક પિરિયડ દરમિયાન, જયા પબ્લિકેશન્સે, એ૧ ની તરફેણમાં રૂ. ૧,૦૧,૪૯,૯૦૦/– ની વહેંચણી કરવા ઉપરાંત તેની રૂ. ૭૫ લાખની લોનની પણ ચૂકવણી કરી હતી. નોંધનીય રીતે, ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું છે તેમ, એ૧ દ્વારા કેનફિન હોમ્સ પાસેથી લેવામાં આવેલી લોનના પાસાની ચર્ચા કરતી વખતે, આવી લોન પહેલાં, તેણીએ ૬.૩.૧૯૯૨ ના રોજ સદર નાણાકીય સંસ્થા પાસે ફિક્સ ડિપોઝિટમાં રૂ. ૧ કરોડ જમા કરાવ્યા હતા. આ, જેવું ટ્રાયલ કોર્ટે રેકોર્ડ પર લીધું છે તે ફરિયાદપક્ષના સાક્ષી–૯૫ વીરપ્પન, પ્રાદેશિક પ્રબંધક, કેનફિન હોમ્સની જુબાની દ્વારા છે. આ સાક્ષીએ વધુમાં ખુલાસો કર્યો છે કે લોનની ઉપરોક્ત રકમ આ ફિક્સ ડિપોઝિટ પર લેવામાં આવી હતી. તેમણે જણાવ્યું કે ૨૫.૮.૧૯૯૫ ના રોજ, એ૧ એ આ ફિક્સ ડિપોઝિટ પર ફરીથી રૂ. ૭૫ લાખની લોન લીધી, જોકે અલગ લોન ખાતા માટે.

૩૪૬. ત્રીજા મથાળા અંગે, કબૂલાત મુજબ નમધૂ એમજીઆર એ માત્ર જયા પબ્લિકેશન્સનું પ્રકાશન છે પરંતુ તેનું અલગ બેંક ખાતું છે. નમધૂ એમજીઆર પાસેથી રૂ. ૯૪,૩૩,૦૦૦/– નો ઉપાડ કર્યો હોવાનો એ૧ નો દાવો દેખીતી રીતે જયા પબ્લિકેશન્સના ભાગીદાર તરીકેની હેસિયતમાં પણ છે.

૩૪૭. બેંક ખાતાઓમાં જુદી–જુદી એન્ટ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવતી થાપણો અને ઉપાડ સમાન કોર્પસમાંથી ઉદ્ભવતા વ્યવહારોના ગુણાકાર સૂચવે છે. જુદા–જુદા સંયોજનો સામેલ કરતો ટુકડાઓમાં નાણાકીય વિનિમયનો ગૂંચવાડો પ્રતિવાદીઓની વ્યક્તિગત અને સામૂહિક આવક વધારવાના પ્રયાસનો સંકેત આપે છે. તેની વાસ્તવિકતાની ઘોષણા કરવા માટે જેનો આશરો લેવામાં

આવ્યો છે તેવા બેંકિંગ વ્યવહારો, એકંદર હકીકતલક્ષી ચિત્રને ધ્યાનમાં લેતા વાસ્તવિક જણાતા નથી. તેથી જયા પબ્લિકેશન્સમાંથી રસીદો દ્વારા એ૧ ની રૂ. ૨,૭૦,૮૨,૯૦૦/– ની આવકનો દાવો અવિશ્વસનીય છે. બીજા શબ્દોમાં કહીએ તો, અમારા અંદાજ મુજબ એ૧, આવકના આ ઘટકને સંતોષકારક રીતે સાબિત કરવામાં નિષ્ફળ ગઈ છે.

એ૨ થી એ૪ દ્વારા દાવો કરવામાં આવેલી વધારાની આવક:

૩૪૮. એ૨ થી એ૪ ના સંદર્ભમાં, તેમનો વિવાદ એ છે કે ફરિયાદપક્ષે તેમની વાસ્તવિક આવક ધ્યાનમાં લેવામાં ચૂક કરી હતી અને તેને કુલ રૂ. ૬,૭૨,૪૧,૬૪૦/– સુધી મર્યાદિત કરી હતી. તેઓ એવો દાવો કરે છે કે ફરિયાદપક્ષે રૂ. ૨૬,૫૦,૫૭,૪૭૮/– ધ્યાનમાં લીધા નથી જે તેમની વ્યક્તિગત આવક તેમજ તેમની પેઢીઓ/કંપનીઓ શશી એન્ટરપ્રાઇઝિસ, જયા પબ્લિકેશન્સ, જય ફાર્મ હાઉસ, ગ્રીન ફાર્મ હાઉસ, સુપર ડુપર ટી.વી., આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડ, જે.જય ટી.વી. પ્રાઇવેટ લિમિટેડ અને સુપર ડુપર ટી.વી. પ્રાઇવેટ લિમિટેડની આવક છે. ચાર્ટના રૂપમાં જુદા–જુદા મથાળા હેઠળ આવકનું બ્રેકઅપ આપવામાં આવ્યું છે અને ફરિયાદપક્ષ દ્વારા સમાવિષ્ટ રકમની કપાત અને બહારના વ્યક્તિઓ/ભાગીદારોને કરવામાં આવેલી ચૂકવણીની અસર પછી, તેઓ ભારપૂર્વક જણાવે છે કે ચેક પિરિયડ દરમિયાન તેમની કુલ આવક રૂ. ૬,૭૨,૪૧,૬૪૦/– ને બદલે રૂ. ૨૮,૨૩,૧૬,૬૫૬/– તરીકે નોંધવી જોઈતી હતી.

૩૪૯. ઉપરોક્ત દાવાના સમર્થનમાં સંબંધિત હકીકતો અને આંકડાઓનું સંકલન આવકની જુદી–જુદી બાબતોના સમર્થનમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા સૂચવે છે, જે તેમના મત મુજબ ટ્રાયલ કોર્ટ દ્વારા બિલકુલ ધ્યાનમાં લેવામાં આવ્યા નથી પરંતુ હાઇકોર્ટ દ્વારા તેની પર વિચાર કરવામાં આવ્યો હતો તેમજ જેની ટ્રાયલ કોર્ટ દ્વારા તપાસ કરવામાં આવી હતી પરંતુ તેના દ્વારા સ્વીકારવામાં આવ્યા ન હતા. અમુક બાબતો માટે, તે સ્પષ્ટ નથી કે શું ટ્રાયલ

કોર્ટ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી કે નહીં. આવકના ઘટકોના દાખલા પણ છે, જેની ટ્રાયલ કોર્ટ દ્વારા ચકાસણી કરવામાં આવી હતી પરંતુ હાઇકોર્ટ દ્વારા તેનો જવાબ આપવામાં આવ્યો ન હતો. એ૨ થી એ૪ દ્વારા ઉલ્લેખિત આવકના ઘટકોમાં સંબંધિત આકારણી વર્ષો દરમિયાન એ૨ ના ઇન્કમ ટેક્સ રિટર્ન્સમાં નોંધાયેલ ઘટકો, ભાગીદાર તરીકેની હેસિયતમાં અને અન્યથા સંબંધિત પેઢીઓ પાસેથી તેના દ્વારા ચૂકવવાપાત્ર/મેળવેલ/મળેલ લોન, આવી પેઢીઓ દ્વારા બેંક અને સહયોગી પેઢીઓ પાસેથી મેળવેલ લોન, ભાડાનું એડવાન્સ, શશી એન્ટરપ્રાઇઝિસની કૃષિ આવક, ભાડાની આવક, મૂડી સંપત્તિનું વેચાણ, જયા પબ્લિકેશન્સનો ચોખ્ખો નફો અને નમધૂ એમજીઆર ની સ્કીમ ડિપોઝિટનો સમાવેશ થાય છે.

૩૫૦. અન્ય બાબતોની સાથે સાથે સુપર ડુપર ટી.વી.માંથી અને સહયોગી પેઢીઓ પાસેથી મેળવેલ લોનમાંથી તેની માલિકીની પેઢી મારફતે એ૩ ની વધારાની આવક અને સંબંધિત પેઢીઓ પાસેથી લોન, ભાડાની રસીદો વગેરે મારફતે એ૪ ની આવક ટાંકવામાં આવી છે. આંજનેય પ્રિન્ટર્સ પ્રાઇવેટ લિમિટેડની કમાણી અને પેઢી દ્વારા મળેલા ભાડાના એડવાન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. જે. જય ટી.વી. પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ઇન્ડિયન બેંક પાસેથી મેળવેલ લોન, સુપર ડુપર ટી.વી. પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ગ્રાહકો પાસેથી મેળવેલ નોન–રિફંડેબલ ડિપોઝિટને પણ દાવો કરેલી આવકની ગણતરી કરવા માટે ધ્યાનમાં લેવામાં આવી છે.

૩૫૧. એ૨ થી એ૪ ની આવક તરીકે રૂ. ૨૬,૫૦,૫૭,૪૭૮/– ની રકમ ઉમેરવી જોઈએ તેવી દલીલના સમર્થનમાં, કમાણી/રસીદોના જુદા–જુદા મથાળા માટે આંકડાઓનો કોલાજ સેવામાં મૂકવામાં આવ્યો હતો. ચકાસણીમાં અનુકૂળતા ખાતર, સમાન જૂથોમાં તેમની સાથે કામ પાર પાડવાનો પ્રસ્તાવ છે.

૩૫૨. બાબત નંબરો ૧ થી ૨૧ ના સંદર્ભમાં, પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ, હાઇકોર્ટે ચુકાદામાં તેની સાથે કામ પાર પાડ્યું હતું પરંતુ બાબત નંબર ૮

સિવાય, તેમના મતે, ટ્રાયલ કોર્ટે તેના સંબંધિત પુરાવા પર વિચાર પણ કર્યો ન હતો. બાબત નંબરો ૧ થી ૫ સામે આવકના સ્રોતો આકારણી વર્ષ ૧૯૯૨–૯૩, ૧૯૯૩–૯૪ અને ૧૯૯૪–૯૫ માટે એ૨ ના ઇન્કમ ટેક્સ રિટર્ન્સમાં શોધી શકાય છે. આવક અન્ય બાબતોની સાથે સાથે એ૨ ના રૂ. ૫૧,૪૭,૯૫૫/– ના ફોરેન રેમિટન્સ અને રૂ. ૩૫,૦૦૦/– ની કૃષિ આવક સંબંધિત છે. ઇન્કમ ટેક્સ રિટર્ન્સ અને ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓના ઓર્ડર મારફતે ખાસ કરીને દસ્તાવેજી પુરાવા પર આધાર રાખવામાં આવ્યો છે. બચાવપક્ષના સાક્ષી–૮૮ ની મૌખિક જુબાનીનો પણ સંદર્ભ લેવામાં આવ્યો છે.

૩૫૩. તેનાથી વિપરીત, ફરિયાદપક્ષ વતી એવી રજૂઆત કરવામાં આવી છે કે માત્ર ઇન્કમ ટેક્સ રિટર્ન્સ અને તેના સંબંધમાં પસાર કરવામાં આવેલા ઓર્ડર તેમાં ઉલ્લેખિત આવકની કાયદેસરતા માટે નિર્ણાયક નથી, સંકળાયેલા આકારણી વર્ષો માટે રિટર્ન મોડા સબમિટ કરવા બદલ એ૧ અને એ૨ ની સાથે મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસ સામે કાર્યવાહી કરવામાં આવી હતી તે હકીકતને તેના પર આધારિત બચાવની વિશ્વસનીયતાનો નિર્ણય કરતી વખતે નજરઅંદાજ કરી શકાય નહીં. એવો પણ આગ્રહ કરવામાં આવ્યો છે કે એ૨ દ્વારા ફોરેન રેમિટન્સની આવી વિશાળ રકમ મેળવવી ખાસ કરીને તેને ન્યાયી ઠેરવતા તેના દ્વારા કોઈપણ ખુલાસાની ગેરહાજરીમાં સ્પષ્ટપણે અસ્વીકાર્ય છે. આમ ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, માત્ર આ રસીદનો સંતોષકારક હિસાબ આપવામાં આવ્યો નથી, તે એ૨ ના નામે એ૧ ની તરફેણમાં રેમિટન્સનું મજબૂત સૂચન કરે છે જે તે અસર માટે ધારણાને આકર્ષે છે. ફરિયાદપક્ષે દલીલ કરી છે કે પ્રતિવાદીઓ સામે લગાવવામાં આવેલા દુષ્પ્રેરણ અને ષડયંત્રના આરોપને જોતાં આવી સંભાવના સ્પષ્ટ છે.

૩૫૪. જોકે ફરિયાદપક્ષ સામે કરદાતા વતી એવો બચાવ લેવાની માંગ કરવામાં આવી હતી કે મેસર્સ શશી એન્ટરપ્રાઇઝિસ પેઢીના ખાતાઓ ફાઇનલ કરવામાં આવ્યા ન હોવાથી અને તેથી કોઈ રિટર્ન દાખલ કરવામાં આવ્યું ન હોવાથી અને સંબંધિત રિટર્નની આકારણીએ અંતિમ સ્વરૂપ પ્રાપ્ત કર્યું ન

હોવાથી, દોષારોપણ અકાળ હતું, રજૂઆતો નકારી કાઢવામાં આવી હતી. શશી એન્ટરપ્રાઇઝિસ વિ. આસિસ્ટન્ટ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ, (૨૦૧૪) ૫ એસ.સી.સી. ૧૩૯ માં આ કોર્ટ દ્વારા એવું ઠેરવવામાં આવ્યું હતું કે અપીલ સંબંધિત ઇન્કમ ટેક્સની કાર્યવાહી પડતર હોવી એ કલમ ૨૭૬સીસી હેઠળ કાર્યવાહી શરૂ ન કરવા માટેનું સંબંધિત પરિબળ નથી જેમાં રિટર્ન ફાઈલ ન કરવા બદલ ગુનો કરવામાં આવ્યો હોય. એવું પણ નોંધવામાં આવ્યું હતું કે ભાગીદારોના વ્યક્તિગત રિટર્નમાં માત્ર એટલો ઉલ્લેખ કરવો, કે તેમની પેઢીનું ખાતું ફાઇનલ કરવામાં આવ્યું નથી અને તેથી કોઈ રિટર્ન સબમિટ કરી શકાયું નથી તે નિયત સમયગાળામાં રિટર્ન ફાઇલ કરવાની ઇન્કમ ટેક્સ એક્ટ હેઠળની તેની જવાબદારીમાંથી પેઢીને મુક્ત કરવા માટે સ્વીકાર્ય દલીલ ન હતી.

૩૫૫. નોંધનીય રીતે, બચાવપક્ષ દ્વારા પૂરા પાડવામાં આવેલ સંકલન મુજબ, હાઇકોર્ટે એ૨ થી એ૪ ની આવકના બાબત નંબરો ૧ થી ૨૧ સાથે કામ પાર પાડ્યું હતું. ચુકાદાના તે ભાગના વર્ણનનું સામાન્ય અવલોકન દર્શાવે છે કે હાઇકોર્ટે તેમાં વિશેષરૂપે પ્રતિવાદીઓની આવક તરીકે રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી લીધેલી લોન સાથે કામ પાર પાડ્યું હતું. જોકે તેમાં ઉલ્લેખિત જુદી–જુદી પેઢીઓ પાસેથી પ્રતિવાદીઓ દ્વારા મેળવેલી લોનનો સંદર્ભ આપવામાં આવ્યો છે, હાઇકોર્ટે તેને ધ્યાનમાં લીધી ન હતી અને પોતાને માત્ર પ્રતિવાદીઓ દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકો પાસેથી મેળવેલી લોન સુધી સીમિત રાખી હતી. તે બાબતને જોતાં, ચકાસણી હેઠળના આવકના ઘટકોને પણ હાઇકોર્ટ દ્વારા વિચારણામાંથી બાકાત રાખવામાં આવ્યા હતા. આમ પ્રતિવાદીઓની એ ફરિયાદ કે આવકના આ ઘટકો અંગેના પુરાવાઓ ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા ન હતા, તે નિર્ણાયક મહત્વ ધરાવતું નથી, ખાસ કરીને આ અંગે હાઇકોર્ટની ચૂકને તેમના દ્વારા કરવામાં આવેલા કોઇપણ પડકારની ગેરહાજરીમાં.

૩૫૬. દલીલો દરમિયાન, આ કોર્ટનું ધ્યાન રેમિટન્સ ઓફ ફોરેન એક્સચેન્જ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ ઇન ફોરેન એક્સચેન્જ બોન્ડ્સ (ઇમ્યુનિટીઝ એન્ડ એક્ઝેમ્પશન્સ) એક્ટ, ૧૯૯૧ તરફ દોરવામાં આવ્યું હતું. ફોરેન

એક્સચેન્જમાં રેમિટન્સ મેળવનાર વ્યક્તિઓ અને ફોરેન એક્સચેન્જ બોન્ડ ધરાવતી વ્યક્તિઓને કેટલીક મુક્તિઓ પૂરી પાડવા અને આવા રેમિટન્સ અને બોન્ડ્સ સંબંધિત ડાયરેક્ટ ટેક્સ માટે અમુક છૂટછાટો અને તેની સાથે જોડાયેલી અથવા આકસ્મિક બાબતો માટે આ એક કાયદો છે. સદર અધિનિયમની કલમ ૩, જે મુક્તિઓ સાથે કામ પાર પાડે છે, જોકે તે પેટા કલમ (૨) માં સ્પષ્ટ કરે છે કે આવી મુક્તિ ઇન્ડિયન પીનલ કોડ, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટેન્સીસ ૧૯૮૫, ધ ટેરરિસ્ટ્સ એન્ડ ડિસરપ્ટિવ એક્ટિવિટીઝ, (પ્રિવેન્શન) એક્ટ ૧૯૮૭, ધ પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ ૧૯૮૮ ના પ્રકરણ IX અથવા પ્રકરણ XVIII હેઠળ શિક્ષાપાત્ર કોઈપણ ગુના માટે કાર્યવાહીના સંબંધમાં અથવા કોઈપણ સિવિલ જવાબદારીના અમલના હેતુ માટે લાગુ પડશે નહીં.

૩૫૭. બાબત નં. ૬ અને ૭ અંગે પ્રતિવાદીઓની રજૂઆત એ૨ દ્વારા પોતાના માટે અને તેની પેઢી મેટલ કિંગના વ્યવસાયના હેતુઓ માટે, હાઉસિંગ એન્ડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ, ચેન્નાઈ પાસેથી બે વ્યવહારો દ્વારા મેળવેલી લોનનો સંદર્ભ આપે છે જે કુલ ૩. ૬૦,૦૦,૦૦૦/– થાય છે. આ રસીદ દર્શાવવા માટે, અન્ય બાબતોની સાથે સાથે બચાવપક્ષના સાક્ષી–૮૮ ની મૌખિક જુબાની, મેસર્સ મેટલ કિંગના અને લોન આપનાર હાઉસિંગ એન્ડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડના ખાતાના સ્ટેટમેન્ટ પર આધાર રાખવામાં આવ્યો છે.

૩૫૮. ફરિયાદપક્ષે આ દાવો નકારી કાઢ્યો છે અને રજૂઆત કરી છે કે જોકે ક્લિયરન્સ મારફતે ક્રેડિટ એન્ટ્રીઓ રેકોર્ડ પર લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, લોનના વ્યવહારોને ખાતરીપૂર્વક સાબિત કરવા માટે કોઈ સંતોષકારક પુરાવા નથી. એવું દલીલ કરવામાં આવે છે કે લોન આપનાર વતી કોઈની તપાસ કરવામાં આવી નથી અને પ્રતિવાદીઓ દ્વારા જેની પર આધાર રાખવામાં આવ્યો છે તે દસ્તાવેજો પોતે આ રસીદનો સંતોષકારક હિસાબ આપવા માટે પૂરતા નથી. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, પ્રતિંવાદીઓ દ્વારા આધાર રાખવામા આવેલા

દસ્તાવેજો સાબિત થયા નથી અને સંદર્ભિત વ્યવહારો પ્રતિવાદીઓની આવકને કોઈપણ રીતે વધારવા માટે કહેવાતા લોન આપનારની મદદથી રજૂ કરવામાં આવ્યા છે.

૩૫૯. નોંધનીય રીતે, હાઇકોર્ટે, પુનરાવર્તન કરવા માટે, આને ખાનગી લોન તરીકે ઉલ્લેખ કરીને આવકના આ ઘટકો પણ સ્વીકાર્યા ન હતા. પ્રતિવાદીઓની એ ફરિયાદ કે ટ્રાયલ કોર્ટે તેના પર ધ્યાન આપ્યું ન હતું અને આ અંગે હાઇકોર્ટની ચૂક બાબતે તેમના તરફથી કોઈ વિવાદ ન હોવાને કારણે આ મહત્વ ધારણ કરે છે.

૩૬૦. પ્રતિવાદીઓ દ્વારા દાવો કરવામાં આવેલ આવકનો આગામી સમૂહ એ૨ દ્વારા ભરાણી બીચ રિસોર્ટ્સ, રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ (પી) લિમિટેડ અને મેસર્સ મીડો એગ્રો ફાર્મ્સ (પી) લિમિટેડ પાસેથી અનુક્રમે રૂ. ૨૨ લાખ, રૂ. ૫૨ લાખ અને રૂ. ૩૨,૯૦,૦૦૦/– ની રકમના ચેક દ્વારા મેળવેલ એડવાન્સનો બનેલો છે. સંડોવાયેલી કંપનીઓની બેલેન્સ શીટ, સંબંધિત વર્ષો માટેના ઇન્કમ ટેક્સ રિટર્ન અને સંબંધિત આકારણી હુકમો સહિતના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પર આધાર રાખવામાં આવ્યો છે. એવી પણ દલીલ કરવામાં આવી છે કે ટ્રાયલ કોર્ટે ખોટી રીતે રજૂ કરાયેલા પુરાવાઓને વિચારણામાંથી બાકાત રાખ્યા હતા. એવી દલીલ કરવામાં આવી છે કે ટ્રાયલ કોર્ટે ઇન્કમ ટેક્સ એક્ટની કલમો ૨૬૯એસએસ અને ૨૭૬ડીડી નો ઉલ્લેખ કરીને વ્યવહારોને નકારી કાઢવામાં ભૂલ કરી હતી. પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ, વ્યવહારો ચેક દ્વારા કરવામાં આવ્યા હોવાથી, સદર અધિનિયમની કલમ ૨૬૯એસએસ નો કોઈ અમલ ન હતો અને વધુમાં ડાયરેક્ટ ટેક્સ લોઝ (એમેન્ડમેન્ટ) એક્ટ ૧૯૮૭ દ્વારા ૧.૪.૧૯૮૯ થી કલમ ૨૭૬ડીડી કાઢી નાખવામાં આવી હોવાથી, તેનો ઉલ્લેખ, ત્યારબાદ હાથ ધરવામાં આવેલા વ્યવહારો હોવાથી, સંપૂર્ણપણે અસ્થાને હતો.

૩૬૧. તેનાથી વિપરીત, ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, મિલકતના વેચાણ માટેનો કરાર આંક ડી–૩૦૦ જેની સામે, એવો દાવો કરવામાં આવે છે કે

ભરાણી બીચ રિસોર્ટ્સ તરફથી એડવાન્સ તરીકે રૂ. ૨૨ લાખની રકમ પ્રાપ્ત થઈ હતી, તે કાયદામાં સાબિત થઈ નથી. બચાવપક્ષના સાક્ષી–૮૮ દસ્તાવેજના અમલકર્તા (એક્ઝીક્યુટન્ટ) કે સાક્ષી ન હોવાથી, ફરિયાદપક્ષે દલીલ કરી છે કે, તે આ દસ્તાવેજને સાબિત કરી શક્યા ન હોત. રિવરવે એગ્રો પ્રોડક્ટ્સ (પી) લિમિટેડ અને મેસર્સ મીડો એગ્રો ફાર્મ્સ (પી) લિમિટેડ પાસેથી એ૨ દ્વારા મેળવેલા હોવાનું કહેવાતા એડવાન્સનો ઉલ્લેખ કરતા, ફરિયાદપક્ષે ભારપૂર્વક જણાવ્યું છે કે એ૩ અને એ૪ આ બંને કંપનીઓના ડિરેક્ટર છે અને રજૂ કરાયેલા વ્યવહારો ખરેખર એક ખાતામાંથી બીજા ખાતામાં થાપણોનું ટ્રાન્સફર છે. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, ખાતાઓ વચ્ચે પરસ્પર થાપણો અને ઉપાડ એ પ્રચ્છન્ન આદાનપ્રદાન છે જેમાં એ૧ ના નાણાંનું પરિભ્રમણ સામેલ છે અને તેને મદદગારી અને કાવતરાના ચાર્જની પૃષ્ઠભૂમિમાં કાયદેસરના સ્ત્રોતમાંથી આવક કહી શકાય નહીં.

૩૬૨. જ્યારે કે, હાઇકોર્ટે એ૨ ની આ રસીદો (પહોંચો/મળેલ રકમ) ધ્યાનમાં લીધી ન હતી, ટ્રાયલ કોર્ટે, એવો મત ધરાવવા ઉપરાંત કે ઇન્કમ ટેક્સ એક્ટની કલમ ૨૬૯એસએસ અને કંપનીઝ એક્ટની જોગવાઈઓની સામે કાયદેસરના વ્યવહારો દ્વારા ભંડોળના આવા ટ્રાન્સફરની નોંધ લઈ શકાય નહીં, આને એવા કારણસર પણ નકારી કાઢી કે પ્રતિવાદીઓ આ બે કંપનીઓની આટલી મોટી રકમો એડવાન્સમાં આપવા માટેના સંસાધનો અંગે સ્વીકાર્ય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા.

૩૬૩. આ કોર્ટના મતે, ઇન્કમ ટેક્સ એક્ટની કલમો ૨૬૯એસએસ અને ૨૭૬ડીડી ના સંદર્ભ વિના પણ, એવી દલીલ કે આંક ડી–૩૦૦ એટલે કે મિલકતના વેચાણ માટેનો કરાર જેની સામે ભરાણી બીચ રિસોર્ટ્સે એ૨ ને રૂ. ૨૨ લાખ એડવાન્સ આપ્યા હતા, તે સાબિત થયું નથી, તેને હળવાશથી ફગાવી શકાય નહીં. તેમ છતાં, મળેલા એડવાન્સના સમર્થનમાં પ્રતિવાદીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ રેકોર્ડ પરના અન્ય પુરાવાઓના સંબંધમાં, હાઇકોર્ટ દ્વારા તેનું મૂલ્યાંકન ન થવાની સ્થિતિમાં, ટ્રાયલ કોર્ટ દ્વારા આવકના આ મુદ્દાને નકારી

કાઢવાની સામે, આ કોર્ટ પ્રતિવાદીઓના દાવાને કાયમ રાખવા માટે અનિચ્છા ધરાવે છે.

૩૬૪. એ૨ થી એ૪ વતી ટાંકવામાં આવેલ આવકનો આગામી મુદ્દો, અનેક પેઢીઓના ભાગીદાર તરીકે રૂ. ૨.૨ કરોડની હદ સુધીની એ૨ ની કમાણીના માર્ગે છે. પ્રતિવાદીઓના જણાવ્યા મુજબ, આ તમામ ચૂકવણીઓ એક દ્વારા કરવામાં આવી છે અને સંબંધિત વ્યવહારો એ૨ અને તેમાં સામેલ સંસ્થાઓના સંબંધિત બેંક ખાતાઓમાં પ્રતિબિંબિત થાય છે. ખાસ કરીને બેંક ખાતા અને ફરિયાદપક્ષના સાક્ષી–૨૦૯ ની મૌખિક જુબાની પર આવકના આ સ્ત્રોતના સમર્થનમાં આધાર રાખવામાં આવ્યો છે.

૩૬૫. આની સામે, ફરિયાદપક્ષે આગ્રહ કર્યો છે કે પેઢીઓની જરૂરી આવક સ્થાપિત કરવા માટે કોઈ પુરાવાના અભાવે, જે પેઢીઓએ પ્રત્યેક રૂ. ૨૦ થી ૨૫ લાખ સુધીની રકમ એડવાન્સમાં આપી હોવાનું મનાય છે, આ વ્યવહારો ખરેખર નકલી (sham) છે અને બચાવના હેતુ માટે બનાવટી છે. એવો દાવો કરવામાં આવ્યો છે કે આવી ચૂકવણીઓ શક્ય બનાવવા માટે તેમના વ્યવસાય અને કમાણીની હદને પ્રમાણિત કરવા માટે આ પેઢીઓના કોઈ ટેક્સ રિટર્ન (આવક/વાણિજ્યિક/વેચાણ) રેકોર્ડ પર લાવવામાં આવ્યા ન હતા. વધુમાં, રજૂ કરાયેલા ખાતાના સ્ટેટમેન્ટ દર્શાવે છે કે આ તમામ ખાતા એક જ દિવસે એટલે કે ૨૦.૩.૧૯૯૫ ના રોજ રૂ. ૫૦૧ ની રોકડ થાપણ સાથે ખોલવામાં આવ્યા હતા અને રૂ. ૨૦,૯૯,૯૮૦/– ની જમા (ક્રેડિટ) એન્ટ્રી અને ૨૦.૮.૧૯૯૫ ના રોજ એ૨ ની તરફેણમાં ઉધાર (ડેબિટ) એન્ટ્રી હતી. આ તમામ નવ ખાતાઓમાં આ સામાન્ય લક્ષણ ઉપરાંત, સંબંધિત સમયે, એ૨ થી એ૪ અને લેક્સ પ્રોપર્ટી ડેવલપર્સ (પી) લિમિટેડ તેના ભાગીદારો હતા. એવી પણ વિનંતી કરવામાં આવી છે કે એ૩ અને એ૪ લેક્સ પ્રોપર્ટી ડેવલપર્સ (પી) લિમિટેડના ડિરેક્ટર હતા અને તમામ નવ પેઢીઓ નં. ૨૧, વેલિંગ્ટન પ્લાઝાના સમાન સરનામા સાથે એક જ દિવસે એટલે કે ૧૫.૨.૧૯૯૫ ના રોજ નોંધાયેલી હતી.

૩૬૬. નોંધાયેલી હકીકતોને ધ્યાનમાં રાખીને ફરિયાદપક્ષ દ્વારા નોંધવામાં આવેલ વિરોધ જે નવ પેઢીઓની સમાનતા અને તેમના બંધારણના અસામાન્ય આકર્ષક લક્ષણોને દર્શાવે છે તેને માત્ર સંયોગ માનીને કોઈપણ રીતે હળવાશથી નકારી શકાય નહીં.

૩૬૭. પુનરોચ્ચાર કરવા માટે, જ્યારે પ્રતિવાદીઓનો વિરોધ એ છે કે ટ્રાયલ કોર્ટે આવકના આ સ્ત્રોતના સમર્થનમાં પુરાવાને વિચારણામાંથી બાકાત રાખ્યા હતા, ત્યારે હાઇકોર્ટે પણ તેનો ઉલ્લેખ કર્યો ન હતો.

૩૬૮. મીડો એગ્રો ફાર્મ્સ (પી.) લિમિટેડને તેણીની મિલકતોના વેચાણમાંથી એ૨ દ્વારા રૂ. ૨,૯૦,૦૦૦/– ની આવકના સંબંધમાં, પ્રતિવાદીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ સંકલન (કમ્પાઈલેશન) મુજબ, હાઇકોર્ટે પણ તેનો હિસાબ આપ્યો ન હતો. આ કોર્ટ સમક્ષ હાઇકોર્ટની આવી ચૂક અંગેના કોઈપણ વાંધા (ડેમુરલ) ની ગેરહાજરીમાં, અમે પ્રથમ દૃષ્ટિની કોર્ટ તરીકે હકીકતોનું મૂલ્યાંકન કરવા તૈયાર નથી. ૧.૭.૧૯૯૧ ના રોજ એ૨ પાસે ઉપલબ્ધ રોકડ બેલેન્સ તરીકે રૂ. ૪, ૩૫,૬૨૨/– ના દાવા અંગે, તેણીના પોતાના દર્શાવ્યા મુજબ, આંક પી–૨૧૯૧ મુજબ, આ રકમ ૩૧.૩.૧૯૯૧ ના રોજ જમા હતી. વધુ સારા પુરાવાના અભાવે, એ સ્વીકારવું શક્ય નથી કે ચેક સમયગાળાની શરૂઆતની તારીખ ૧.૭.૧૯૯૧ ના રોજ પણ સમાન રકમ તેના નિકાલ (ડિસ્પોઝલ) પર ઉપલબ્ધ હતી.

૩૬૯. એ૨ થી એ૪ દ્વારા ઓફર કરવામાં આવેલ સંકલનના મુદ્દા નંબરો ૪૬ અને ૪૭ ના સંબંધમાં, એવો દાવો કે નાણાકીય વર્ષ ૧૯૯૫–૯૬ દરમિયાન જે. ફાર્મ હાઉસ અને ગ્રીન ફાર્મ હાઉસ દ્વારા હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિમિટેડ પાસેથી પ્રત્યેક રૂ. ૨૫ લાખ લેખે કુલ રૂ. ૫૦ લાખની રકમ મેળવવામાં આવી હતી, આ વ્યવહારોને ધિરાણકર્તાના બેંક સ્ટેટમેન્ટ અને તે અસરના તેના લેખિત સ્વીકારના આધારે સાબિંત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે. ફરિયાદપક્ષ દ્વારા એવો દાવો કરીને

આ વ્યવહારોની વાસ્તવિકતાનું ખંડન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે કે તેના સમર્થનમાં કોઈ સંતોષકારક પુરાવા નથી અને માત્ર તેને સાબિત કરવા માટે ધિરાણકર્તા વતી કોઈની તપાસ કરવામાં આવી નથી તેવું જ નહીં, રજૂ કરાયેલા દસ્તાવેજો પણ આવકના આ સ્ત્રોતને ખાતરીપૂર્વક પ્રમાણિત કરતા નથી. નોંધપાત્ર રીતે, જોકે પ્રતિવાદીઓની ફરિયાદ છે કે ટ્રાયલ કોર્ટે આ પુરાવાને બિલકુલ ધ્યાનમાં લીધા નથી, હાઇકોર્ટે પણ તેની સાથે કામ પાર પાડ્યું નથી.

૩૭૦. એ૨ થી એ૪ વતી આગળ ઉલ્લેખ કરવામાં આવેલ મુદ્દા નંબરો ૫૦ અને ૫૧ એ ભરાણી બીચ રિસોર્ટ્સ અને વિઘ્નેશ્વરા બિલ્ડર્સ દ્વારા અનુક્રમે ૧૮.૩.૧૯૯૫ અને ૨૯.૪.૧૯૯૫ ના રોજ એ૩ ની તરફેણમાં આપવામાં આવેલી લોન રજૂ કરે છે, જે કુલ રૂ. ૨૭ લાખ થાય છે. ફરિયાદપક્ષે આ કામગીરીને લોનના આવરણ હેઠળ એક ખાતામાંથી બીજા ખાતામાં નાણાંના માત્ર ટ્રાન્સફર તરીકે બ્રાન્ડ કરી છે જે અન્યથા કાયદામાં સાબિત થઈ નથી.

૩૭૧. ચેક સમયગાળા દરમિયાન લોન ખાતાઓ સિવાય ૫૦ થી વધુ ખાતાઓ ખોલવાના વ્યાપક પાસાં સાથે કામ પાર પાડતી વખતે ટ્રાયલ કોર્ટે ભરાણી બીચ રિસોર્ટ્સના બેંક ખાતા એટલે કે સીએ–૯૦૦૬ નો ઉલ્લેખ કર્યો હતો. તેણે એ નોંધ્યું હતું કે ચેક સમયગાળાની શરૂઆતમાં, એ૧ અને એ૨ ના નામે ભાગ્યે જ ૧૦ થી ૧૨ બેંક ખાતા હતા. તેણે ચેક સમયગાળા દરમિયાન એ૧, એ૨, એ૩ અને એ૪ જેના ભાગીદારો/ડિરેક્ટરો હતા તેવી પેઢીઓ/કંપનીઓના નામે ખોલવામાં આવેલા કુલ ૫૨ ખાતાઓની વિગતો નિશાનીબદ્ધ કરી હતી જે ઉલ્લેખિત ટેબલ પરથી દેખાશે. ભરાણી બીચ રિસોર્ટ્સનું બેંક ખાતું એટલે કે સી.એ. ૯૦૦૬ ૬.૨.૧૯૯૫ ના રોજ ખોલવામાં આવ્યું હતું અને નોંધપાત્ર રીતે, એ૨ થી એ૪ દ્વારા દાવો કર્યા મુજબ, આધાર રાખવામાં આવેલ સંકલન મુજબ, સદર પેઢી દ્વારા ૧૮.૩.૧૯૯૫ ના રોજ એ૩ ને લોન આપવામાં આવી હતી. પુનરોચ્ચાર કરવા માટે, આ અંગે એ૨ થી એ૪ દ્વારા આધાર રાખવામાં આવનાર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ પર હાઇકોર્ટે બિલકુલ ધ્યાન આપ્યું ન હતું.

૩૭૨. મુદ્દા નંબરો ૫૨ થી ૫૪ ના સંબંધમાં, જે નાણાકીય વર્ષ ૧૯૯૫–૯૬ દરમિયાન અય્યપ્પા પ્રોપર્ટી ડેવલપમેન્ટ, ભરાણી બીચ રિસોર્ટ્સ (પી) લિમિટેડ અને હાઉસિંગ એન્ડ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ (પી) લિમિટેડ પાસેથી એ૪ દ્વારા મેળવવામાં આવેલી રૂ. ૬૨ લાખની હદ સુધીની લોન છે, એ૨ થી એ૪ દ્વારા આધાર રાખવામાં આવનાર મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓના જવાબમાં ફરિયાદપક્ષે, લોન વ્યવહારોનો રંગ આપીને એ૨ થી એ૪ અને તેમની પેઢીઓના ખાતાઓ વચ્ચે માત્ર ભંડોળના આદાનપ્રદાન તરીકે આ વ્યવહારોને કાઢી નાખવાનો પ્રયાસ કર્યો છે. વાદગ્રસ્ત નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે તેમ આ વસ્તુઓને પણ હાઈકોર્ટ દ્વારા વિચારણામાંથી બાકાત રાખવામાં આવી છે.

૩૭૩. સંકલનના અનુક્રમ નંબર ૫૫ પર ભાડાના શુલ્ક (હાયર ચાર્જીસ) દ્વારા આવકના મુદ્દા અંગે, એ જણાવવું પૂરતું છે કે ડીવીએસી ની આવકના શીર્ષકોના મુદ્દા નંબરો ૪૫ અને ૪૮ સાથે કામ પાર પાડતી વખતે ટ્રાયલ કોર્ટે રૂ. ૬,૬૦,૦૬૪/– ની તફાવતની રકમ એનાયત કરી હતી અને તેથી આ અંગે પ્રતિવાદીઓએ કોઈ વાંધો લેવો જોઈએ નહીં.

૩૭૪. મુદ્દા નંબર ૫૬ ના સંબંધમાં, એ૪ દાવો કરે છે કે જોકે તેણીને ગ્રેચ્યુઈટી મારફતે રૂ. ૧,૧૧,૨૩૧/– ની રકમ મળી હતી, ફરિયાદપક્ષે આ રસીદ રૂ. ૧,૦૧,૨૩૧/– ની નોંધી છે. ટ્રાયલ કોર્ટે, ફરિયાદપક્ષની આવકના શીર્ષકોના અનુક્રમ નંબર ૬૩ પર આવકના આ મુદ્દા સાથે કામ પાર પાડતી વખતે, નોંધ્યું છે કે સર્વિસ રજીસ્ટરની શરતોમાં, એ૪ ના પતિ ટી.વી. જયરામનના કાનૂની વારસદારોને રૂ. ૪૦,૦૦૦/– મંજૂર કરવામાં આવ્યા હતા. કોઈપણ દૃષ્ટિકોણથી, એ૪ દ્વારા દાવો કરાયેલ તફાવતની રકમ નાની હોવાથી, આના પર વધુ કંઈ નિર્ભર રહેશે નહીં.

૩૭૫. એ૨ થી એ૪ દ્વારા સામેલ કરવાનો પ્રયાસ કરવામાં આવેલ આવકનો આગામી મુદ્દો મહાસુભાલક્ષ્મી કલ્યાણ મંડપમના ભાડા મારફતે છે. એવો દાવો કરવામાં આવે છે કે આ શીર્ષક હેઠળ મળેલી વાસ્તવિક રકમ રૂ.

૧૭,૮૫,૦૨૩/– હતી પરંતુ ફરિયાદપક્ષે તેનું પરિમાણ રૂ. ૧૪,૫૦,૦૯૭/– નક્કી કર્યું હતું અને આ રીતે એ૪ ની આવકમાં રૂ. ૩,૩૪,૯૨૬/– ની વધુ રકમ ઉમેરવી જોઈએ. બચાવપક્ષના સાક્ષી–૯૦ ની જુબાની દ્વારા મૌખિક પુરાવા અને દસ્તાવેજી પુરાવા પર આધાર રાખવામાં આવ્યો છે. ટ્રાયલ કોર્ટ અને હાઈકોર્ટ બંનેએ આવકના આ શીર્ષક અથવા તેને લગતા પુરાવાનો સંદર્ભ આપ્યો નથી.

૩૭૬. આઈટમ નંબરો ૫૮ અને ૫૯ ના સંદર્ભમાં, જે ૩૧.૩.૧૯૯૪, ૩૧.૩.૧૯૯૫ અને ૩૧.૩.૧૯૯૬ ના રોજ પૂરા થતા વર્ષો માટે આંજનેય પ્રિન્ટર્સ પ્રાઈવેટ લિમિટેડની ચોખ્ખી આવક અને ચેક પિરિયડ દરમિયાન આ પેઢી દ્વારા પ્રાપ્ત થયેલ કુલ રૂ. ૫૫,૦૭,૭૧૫/– ની ભાડાની એડવાન્સ રકમ દર્શાવે છે, તેના સમર્થનમાં હાઈકોર્ટ દ્વારા મૌખિક અને દસ્તાવેજી પુરાવાની કોઈ વિચારણા કરવામાં આવી હોય તેવું જણાતું નથી. જોકે, ટ્રાયલ કોર્ટે ૧૪.૭.૧૯૯૩ ના રોજ એ૨ અને એ૩ ને તેના ડિરેક્ટરો તરીકે રાખીને તેના ઈન્કોર્પોરેશનથી આંજનેય પ્રિન્ટર્સ પ્રાઈવેટ લિમિટેડની વ્યાપારી પ્રવૃત્તિઓ અંગેના તમામ સંબંધિત પાસાઓની વિસ્તૃત તપાસ કરી. તેણે નોંધ્યું કે કંપનીએ ૧.૪.૧૯૮૬ થી ૨૪.૯.૧૯૯૬ ના બ્લોક પિરિયડ માટે રૂ. ૧૦,૮૧,૪૭૮/– ની અઘોષિત આવક જાહેર કરતા ૨૯.૮.૧૯૯૭ ના રોજ તેનું ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કર્યું હતું. તેણે આકારણી વર્ષ ૧૯૯૪–૧૯૯૫ ને લગતા આંક ડી–૨૭૮ નો સંદર્ભ આપ્યો કે વ્યાપારી કામગીરીમાંથી આવક તરીકે રૂ. ૭૪૭/– ની રકમ જાહેર કરવામાં આવી હતી પરંતુ હિસાબી વર્ષ દરમિયાન, ૨૯.૯.૧૯૯૩, ૨૩.૧.૧૯૯૪ અને ૨૩.૨.૧૯૯૪ ના રોજ ત્રણ હપ્તામાં જયા પબ્લિકેશન્સ પાસેથી પ્રાપ્ત થયેલ શેર અરજીના નાણાં તરીકે કુલ રૂ. ૩૦ લાખ જમા કરવામાં આવ્યા હતા. મેસર્સ જયા પબ્લિકેશન્સે સંબંધિત વર્ષો માટે ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કર્યા ન હોવાની હકીકત નોંધવા ઉપરાંત, ટ્રાયલ કોર્ટે એ પણ નોંધ્યું કે કન્ફર્મેશન લેટર આંક ડી–૨૭૮ માં, આંજનેય પ્રિન્ટર્સને આવા એડવાન્સિસ આપવા માટે જયા પબ્લિકેશન્સ પાસે ઉપલબ્ધ ભંડોળના સ્ત્રોતો જાહેર કરવામાં આવ્યા ન હતા. આ દસ્તાવેજનો વધુ સંદર્ભ આપતા, ટ્રાયલ કોર્ટે નોંધ્યું કે

આંજનેય પ્રિન્ટર્સના પરિસરની સર્ચ ઓપરેશન દરમિયાન, કોઈ નિયમિત હિસાબી ચોપડા મળ્યા ન હતા અને પરિણામે આકારણી સત્તાધિકારીએ ઠેરવેલ કે આકારણીધારક કંપનીના અધિકૃત પ્રતિનિધિ દ્વારા રજૂ કરાયેલ હિસાબોની કોમ્પ્યુટરાઈઝ્ડ નકલ સામાન્ય વ્યાપાર ક્રમમાં લખાયેલ નથી તેવું માનવું પડશે. આ પૃષ્ઠભૂમિમાં ટ્રાયલ કોર્ટે આ કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો હતો તે મુજબ તેની વ્યાપારી કામગીરી અંગે શંકા વ્યક્ત કરી હતી જેથી આ આઇટમો હેઠળ આવકના તેના દાવાને કાયદામાં અસ્વીકાર્ય ગણી શકાય. પુનરોચ્ચાર કરીએ તો, હાઇકોર્ટે આ સંદર્ભમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવા સાથે કોઈ કામગીરી કરી ન હતી.

૩૭૭. જ્યાં સુધી આઇટમ નંબર ૬૦ નો સંબંધ છે, જે એ૨ થી એ૪ ના જણાવ્યા મુજબ મેસર્સ જે. જય ટીવી પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ઇન્ડિયન બેંકમાંથી લોન તરીકે મેળવેલ રૂ. ૧ કરોડની આવક છે, આ પેઢીના બેંક સ્ટેટમેન્ટ પર આધાર રાખવામાં આવ્યો છે. ફરિયાદપક્ષ મુજબ, આ પેઢી આ કેસમાં સામેલ છે તેવી પેઢીઓમાંથી એક નથી અને તેથી તેના વ્યવહારોને તપાસના દાયરામાંથી બાકાત રાખવામાં આવ્યા છે જેનો અંત ચાર્જમાં આવ્યો છે. જ્યારે હાઇકોર્ટે આ આઇટમ પર કોઈ વિચારણા કરી નથી, ત્યારે તે સંભવ છે કે ફરિયાદપક્ષ દ્વારા ટાંકવામાં આવેલા કારણોસર, ટ્રાયલ કોર્ટના નિર્ણયમાં પણ આ લોનનો કોઈ સંદર્ભ નથી.

૩૭૮. સામાવાળાની મુખ્ય ફરિયાદ એ છે કે આવા પુરાવા રેકોર્ડ પર ઉપલબ્ધ હોવા છતાં, ટ્રાયલ કોર્ટે તેના પર ધ્યાન આપ્યું ન હતું, તેથી સામાવાળાએ કાયદામાં વિચાર્યા મુજબની રીતે આ કોર્ટ સમક્ષ હાઇકોર્ટ તરફથી થયેલી ચૂક પર પ્રહાર કરવો જોઈતો હતો. દલીલોમાં પણ, આ સંદર્ભમાં કોઈ અનામત વ્યક્ત કરવામાં આવી ન હતી.

૩૭૯. એ૨ થી એ૪ વતી રજૂ કરવામાં આવેલ સંકલનના અનુક્રમ નંબર ૨૨ પરની આવકની આઇટમ, જયા પબ્લિકેશન્સ દ્વારા ઇન્ડિયન બેંક,

અભયરામપુરમ શાખામાંથી મેળવવામાં આવેલી લોન સાથે સંબંધિત છે. એ સ્વીકૃત હકીકત છે કે રૂ. ૧.૫ કરોડની આ લોનની રકમ ચૂકવવામાં આવી હતી. હાઇકોર્ટે આવકના આ મથાળાને મંજૂરી આપી છે અને આ સંદર્ભમાં જરૂરી વિશ્લેષણ કરવામાં આવ્યું હોવાથી, પુનરાવર્તન ટાળવામાં આવે છે.

૩૮૦. સામાવાળાઓના જણાવ્યા મુજબ, શશી એન્ટરપ્રાઇઝીસે હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિમિટેડ પાસેથી રૂ. ૧૦ લાખ અને લેક્સ પ્રોપર્ટીઝ પાસેથી ૧૮.૧૦.૧૯૯૫ ના રોજ રૂ. ૨ લાખની લોન બંને ચેક દ્વારા મેળવી હતી. અન્ય બાબતોની સાથે બેંક સ્ટેટમેન્ટના આધારે સામાવાળાઓ દ્વારા આ વ્યવહારોને પ્રમાણિત કરવાનો પ્રયાસ કરવામા આવ્યો છે, તેમની ફરિયાદ એવી છે કે ટ્રાયલ કોર્ટે તે અસરના પુરાવાને અવગણીને ભૂલથી આ રકમોને બાકાત રાખી હતી.

૩૮૧. સામાવાળાઓ દ્વારા આધાર રાખવામાં આવેલ બેંક સ્ટેટમેન્ટ્સ અને સંબંધિત ધિરાણકર્તાઓના કન્ફર્મેશન લેટર્સ જાતે જ લોન સાબિત કરતા નથી તેવી દલીલ કરીને ફરિયાદપક્ષે લોનના આ વ્યવહારોની વાસ્તવિકતાનું ખંડન કર્યું છે.

૩૮૨. જોકે ટ્રાયલ કોર્ટે સામાવાળાઓ દ્વારા આધાર રાખવામાં આવેલા દસ્તાવેજોનો સંદર્ભ લીધો હતો, તેમ છતાં તેણે અવિશ્વસનીય ગણીને તેને ફગાવી દીધા હતા. આમ કરવા માટે, તેણે ખાસ કરીને હાઉસિંગ રિયલ એસ્ટેટ એન્ડ ડેવલપમેન્ટ (પી) લિ. ના કન્ફર્મેશન લેટરનો સંદર્ભ આપ્યો હતો.

૩૮૩. બીજી તરફ, હાઇકોર્ટે આ સંદર્ભે સામાવાળાઓ દ્વારા પુરાવામાં રજૂ કરાયેલા દસ્તાવેજોનો પસાર થતા સંદર્ભ આપીને આ વ્યવહારો સ્વીકાર્યા હતા. હાઇકોર્ટે મેસર્સ હાઉસિંગ રિયલ એસ્ટેટ ડેવલપમેન્ટ (પી) લિમિટેડ દ્વારા જારી કરાયેલા એકાઉન્ટ્સના કન્ફર્મેશન લેટર પર અને શશી એન્ટરપ્રાઇઝીસની બેલેન્સ શીટ પર તરત જ કામગીરી કરી હતી જેમાં દર્શાવેલ હતું કે લેક્સ પ્રોપર્ટીઝ ડેવલપમેન્ટ પ્રાઇવેટ લિમિટેડ પાસેથી અસુરક્ષિત લોન તરીકે રૂ. ૨ લાખની રકમ

પ્રાપ્ત થઈ હતી. મૂકવામાં આવેલા આરોપોના સંદર્ભમાં દસ્તાવેજોની વિશ્વસનીયતા તપાસવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો.

૩૮૪. સામાવાળાઓએ આગળ ૨૯.૯.૧૯૯૨ ના રોજ એ૧ દ્વારા શશી એન્ટરપ્રાઇઝીસમાં મૂડીના રોકાણ તરીકે રૂ. ૭૫ લાખની આવકનો દાવો કર્યો છે. તેમના મતે, આ રકમ એ૧ દ્વારા મૂડી તરીકે આપવામાં આવી હતી જે તેણીએ કેનફિન હોમ્સ લિમિટેડમાંથી રૂ. ૧ કરોડની પોતાની ફિક્સ ડિપોઝિટ સામે લોન તરીકે મેળવી હતી. ચેક પિરિયડ દરમિયાન તેના ભાગીદાર તરીકે એ૧ દ્વારા મૂડીના ફાળા તરીકે રૂ. ૭૫ લાખની રસીદ દર્શાવતા શશી એન્ટરપ્રાઇઝીસના બેંક ખાતા પર આધાર રાખવામાં આવ્યો હતો.

૩૮૫. ફરિયાદપક્ષે શશી એન્ટરપ્રાઇઝીસના ભાગીદાર એ૧ અને સદર પેઢીના ખાતાઓ વચ્ચેના આંતરિક ટ્રાન્સફર તરીકે આ વ્યવહારને ફગાવી દીધો છે, એટલી હદે કે તેને સાચી આવક તરીકે અર્થઘટન કરી શકાય નહીં. હાઇકોર્ટે આ અસરના મૌખિક અને દસ્તાવેજી પુરાવા સાથે વિગતોમાં કોઈ કામગીરી કરી ન હતી. જોકે ટ્રાયલ કોર્ટનો મત એવો હતો કે શશી એન્ટરપ્રાઇઝીસ દ્વારા આ પ્રાપ્તિ વાસ્તવમાં એ૧ ની અસ્પષ્ટ સંપત્તિને તેના ખાતામાં વાળવા સમાન હતી.

૩૮૬. એ૨ થી એ૪ દ્વારા દાવા કરાયેલી આવકની કતારમાં આગળ ૧૯૯૨–૯૩ દરમિયાન એમ. રામચંદ્રન નાગમ્મલ અને સુબ્રમણ્યમ દ્વારા શશી એન્ટરપ્રાઇઝીસને ચૂકવવામાં આવેલ બાકી લેણાં છે. આ દાવાના સમર્થનમાં ૩૧.૩.૧૯૯૧ અને ૩૧.૩.૧૯૯૨ ના રોજની શશી એન્ટરપ્રાઇઝીસની બેલેન્સ શીટ્સની સાથે ઇન્કમ ટેક્સ કમિશનર (અપીલ્સ) ના સંબંધિત હુકમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ૨ થી એ૪ ના જણાવ્યા મુજબ, આ મથાળા હેઠળ શશી એન્ટરપ્રાઇઝીસ દ્વારા આ વ્યક્તિઓને આપેલા એડવાન્સિસની ચુકવણી તરીકે રૂ. ૬૧,૯૧,૦૦૦/– ની રકમ પ્રાપ્ત થઈ છે. પ્રશ્નવાળા વર્ષોની બેલેન્સ શીટ્સ આ દલીલ ઊભી કરવા માટે વિલંબથી તૈયાર કરવામાં આવી છે

અને તેથી તેના પર આધાર રાખી શકાય નહીં તેવી દલીલ કરીને ફરિયાદપક્ષે આ દાવાને રદિયો આપ્યો છે.

૩૮૭. ટ્રાયલ કોર્ટે ખરેખર આ દસ્તાવેજ સાથે કામગીરી કરી હતી અને એ હકીકતની પણ નોંધ લીધી હતી કે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા લોનની ચુકવણીનો દાવો સ્વીકારવામાં આવ્યો હતો. જોકે તેણે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવેલ નફા અને નુકસાનના ખાતાનું નિવેદન અને તેનો પુરાવો વિશ્વસનીય અને અધિકૃત નથી તેવું મુખ્યત્વે ઠેરવીને લોનના વ્યવહાર અને શશી એન્ટરપ્રાઇઝીસને તેની ચુકવણી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો. ટ્રાયલ કોર્ટના જણાવ્યા મુજબ આ વધુ એટલા માટે છે કારણ કે ન તો પેઢીના લોન લેનારની તપાસ કરવામાં આવી હતી કે ન તો કેસની નોંધણી પહેલાં કોઈપણ સમયે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ સમક્ષ આ વ્યવહારો જાહેર કરવામાં આવ્યા હતા તે દર્શાવવા માટે કોઈ અન્ય સામગ્રી હતી.

૩૮૮. જોકે હાઇકોર્ટે, ટ્રાયલ કોર્ટના નિષ્કર્ષની વિરુદ્ધમાં, તેની સાચીતા અથવા વાસ્તવિકતા સુનિશ્ચિત કરવા માટે તેની સામગ્રીની કોઈપણ સ્વતંત્ર ચકાસણી કર્યા વિના સંબંધિત બેલેન્સ શીટ, નફા અને નુકસાન ખાતું તેમજ આ અસર માટે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓના હુકમોને તેના દર્શાવેલ મૂલ્ય પર સ્વીકાર્યા.

૩૮૯. સંકલનની આઇટમ નં. ૨૮, ૩૦, ૩૨, ૩૪, ૩૮ અને ૪૧ સામે, એ૨ થી એ૪ એ ચેક પિરિયડ દરમિયાન રૂ. ૧૬,૪૭,૮૦૦/– ની ભાડાની આવકનો દાવો કર્યો છે. આવકની વિવિધ રકમની વિગતો પણ આપવામાં આવી છે. તેઓએ મુખ્યત્વે સંબંધિત આકારણી વર્ષોના રિટર્ન પર આધાર રાખ્યો છે અને એવી દલીલ કરી છે કે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓએ તેમની ભાડાની આવક જાહેર કરતા સદર રિટર્ન સ્વીકાર્યા હોવાથી, રૂ. ૧૬,૪૭,૮૦૦/– ની રકમ તેમની આવકની કુલ ગણતરીમાં સામેલ થવી જોઈએ.

૩૯૦. તેનાથી વિપરીત, ફરિયાદપક્ષે આ દાવાને એ કારણોસર નકારી કાઢ્યો છે કે ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવામાં આવેલી બેલેન્સ શીટ્સ બધી વિલકોતથી તૈયાર કરવામાં આવી હતી કારણ કે બચાવપક્ષના સાક્ષી ૮૮ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું અને તેથી એ૨ થી એ૪ ની આવકની આ આઇટમને ટકાવી રાખવા માટે અધિકૃત સ્વીકારી શકાય નહીં.

૩૯૧. ટ્રાયલ કોર્ટે અન્ય બાબતોની સાથે એ કારણસર આ દાવાને ફગાવી દીધો કે સામાવાળાઓ આવી આવકના સ્વીકાર્ય પુરાવા તરીકે કોઈ લીઝ ડીડ કે ભાડાની રસીદ રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા અને આ સંદર્ભમાં એ૨ થી એ૪ દ્વારા આપવામાં આવેલા મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કર્યું છે. જોકે હાઇકોર્ટે આ દાવાને સ્વીકારવા માટે મુખ્યત્વે ઇન્કમ ટેક્સ રિટર્ન અને આવકના નિવેદન અને સંબંધિત વર્ષોની બેલેન્સ શીટ પર આધાર રાખ્યો હતો.

૩૯૨. એ૨ થી એ૪ એ આગળ આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ દરમિયાન મેસર્સ શશી એન્ટરપ્રાઇઝીસની ખેતીની આવક તરીકે રૂ. ૯,૭૨,૫૫૦/– ની રકમનો દાવો કર્યો છે. જ્યારે સંબંધિત સામાવાળાઓના જણાવ્યા મુજબ, ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓ દ્વારા સ્વીકારવામાં આવેલા ઇન્કમ ટેક્સ રિટર્ન પેઢીની ખેતીની આવક પર્યાપ્ત રીતે દર્શાવે છે, ત્યારે ઇન્કમ ટેક્સ રિટર્ન, આવકનું નિવેદન અને આ અસર માટેની બેલેન્સ શીટ પાછળથી તૈયાર કરવામાં આવી છે અને તેને સાચી સ્વીકારી શકાય નહીં તેવી દલીલ કરીને ફરિયાદપક્ષે આ દાવાને ફગાવી દીધો છે.

૩૯૩. ટ્રાયલ કોર્ટે સંડોવાયેલા લીઝના કોઈપણ સ્વતંત્ર અને સ્વીકાર્ય પુરાવા પર આધાર રાખવાને બદલે સંબંધિત ઇન્કમ ટેક્સ રિટર્ન અને તેને સ્વીકારતા ઇન્કમ ટેક્સ સત્તાવાળાઓના હુકમો પર સામાવાળાઓના આધારની નોંધ લીધી અને વાસ્તવમાં સબળ કારણો નોંધીને આવા એક દાખલામાં રજૂ કરાયેલ લીઝ ડીડની નકલને નકારી કાઢી. તેણે એ હકીકતની નોંધ લીધી હતી કે કોઈપણ કિસ્સામાં ભાડે આપનાર કે જે વ્યક્તિએ હેતુપૂર્વક ખેતીની કામગીરી કરી

હતી તેમાંથી કોઈની પણ તપાસ કરવામાં આવી ન હતી અને આવકના આ મથાળાના સમર્થનમાં સામાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલી સામગ્રીને ફગાવી દીધી હતી.

૩૯૪. આવકના આગળના ભાગના સંદર્ભમાં, એટલે કે શશી એન્ટરપ્રાઇઝીસની મૂડી સંપત્તિના વેચાણમાંથી, સામાવાળાઓએ આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ દરમિયાન તે રૂ. ૧૦,૨૦,૦૦૦/– હોવાનો દાવો કર્યો છે. સંબંધિત ઇન્કમ ટેક્સ રિટર્ન પર આધાર રાખવામાં આવ્યો છે જે સંબંધિત સત્તાવાળાઓ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. બચાવપક્ષના સાક્ષી ૮૮ દ્વારા તૈયાર કરાયેલ અને રજૂ કરાયેલ વિલંબિત બેલેન્સ શીટ પર આધારિત હોવાથી, તે કાયદામાં જાતે જ અસ્વીકાર્ય છે તેવી દલીલ કરીને ફરિયાદપક્ષે આ દાવાને રદિયો આપ્યો છે. ટ્રાયલ કોર્ટે આ આવકની નોંધ લીધી હતી અને તેને આવકના અન્ય મથાળાઓ એટલે કે ખેતીની આવક, ભાડાની આવક, લોનની ચુકવણી વગેરે સાથે ધ્યાનમાં લેતી વખતે તેને મુખ્યત્વે વિશ્વસનીય પુરાવાના અભાવના આધારે ફગાવી દીધી હતી. તેણે આવકની આ આઇટમના સમર્થનમાં સંબંધિત વર્ષ માટે આવકનું નિવેદન, બેલેન્સ શીટ અને નફા અને નુકસાન ખાતાને ફગાવી દીધું

૩૯૫. પુનરોચ્ચાર કરીએ તો, હાઇકોર્ટે જોકે ઇન્કમ ટેક્સ રિટર્ન પર કામગીરી કરી હતી અને પુરાવાની એકંદર વિચારણા પર, મોટે ભાગે ઇન્કમ ટેક્સ રિટર્ન અને સંબંધિત બેલેન્સ શીટ તથા નફા અને નુકસાન ખાતા સાથે સત્તાવાળાઓના હુકમોને ધ્યાનમાં લઈને ચેક પિરિયડ દરમિયાન સામૂહિક રીતે શશી એન્ટરપ્રાઇઝીસની આવક રૂ. ૨૫ લાખ હોવાનું સ્વીકાર્યું.

૩૯૬. સંકલનના આઇટમ નંબરો ૩૬ અને ૩૯ સામે દર્શાવ્યા મુજબ શશી એન્ટરપ્રાઇઝિસની વ્યાપારી કામગીરીમાંથી થતી આવકના સંબંધમાં, જે સામાવાળાઓના જણાવ્યા મુજબ, ૩૧.૩.૧૯૯૪ ના રોજ પૂરા થતા વર્ષ માટે વ્યાપારી કામગીરીમાંથી થતી આવક તરીકે અને ૩૧.૩.૧૯૯૫ ના રોજ પૂરા

થતા વર્ષ માટે વ્યાપારી કામગીરીમાંથી થતા નફા તરીકે કુલ રૂપિયા ૨,૩૯,૭૦૧/– હતી, તેઓ ફરીથી આકારણી વર્ષ ૧૯૯૪–૯૫ અને ૧૯૯૫–૯૬ માટેના ઇન્કમટેક્સ રિટર્ન પર સંપૂર્ણપણે આધાર રાખે છે, જે રેકોર્ડ મુજબ, અનુક્રમે ૧.૧.૧૯૯૭ અને ૨૬.૯.૧૯૯૭ ના રોજ રજૂ કરવામાં આવ્યા હતા. જ્યારે સામાવાળાઓ એવો દાવો કરે છે કે ઇન્કમટેક્સ સત્તાવાળાઓએ આ રિટર્ન સ્વીકાર્યા હોવાથી, ચેક પિરિયડ દરમિયાન રૂપિયા ૨,૩૯,૭૦૧/– ની આ રકમ શશી એન્ટરપ્રાઇઝિસની આવકમાં ઉમેરવી જોઈએ, ત્યારે ફરિયાદપક્ષે એવા કારણસર આ દાવો ફગાવી દીધો છે કે વિલંબિત ઇન્કમટેક્સ રિટર્ન અને તેને સંબંધિત બેલેન્સ શીટમાં વિશ્વસનીયતાનો અભાવ છે અને તેથી તેને સમર્થન આપતા પુરાવા તરીકે સ્વીકારી શકાય નહીં.

૩૯૭. નીચલી કોર્ટે પેઢીની આવકના અન્ય સ્ત્રોતો સાથે આવકના આ મથાળાની યોગ્ય રીતે નોંધ લીધી. તેણે અન્ય બાબતોની સાથે બચાવપક્ષના સાક્ષી–૮૮ ની મૌખિક જુબાની સાથે કામ લીધું અને રજૂ કરાયેલા પુરાવાઓની વ્યાપક ચકાસણી પર, તેના સમર્થનમાં કોઈપણ પ્રમાણિત પુરાવાની ગેરહાજરીમાં તેનો સ્વીકાર કરવાનો ઇનકાર કર્યો. આવકના અન્ય સ્ત્રોતો સાથે પણ કામ લેતી વખતે, નીચલી કોર્ટે આ દસ્તાવેજો/રેકોર્ડની વાસ્તવિકતા પર શંકા કરતા સંબંધિત આકારણી વર્ષો માટે ઇન્કમટેક્સ રિટર્ન, આવકના સ્ટેટમેન્ટ, બેલેન્સ શીટ અને નફા–નુકસાન ખાતા પર આધાર રાખવાનો ઇનકાર કર્યો. આ બાબત એટલા માટે વધુ હતી, નીચલી કોર્ટના જણાવ્યા મુજબ, પેઢી દ્વારા કરવામાં આવેલ આવકના દાવાના સમર્થનમાં અન્ય કોઈપણ સ્વતંત્ર અને ખાતરીપૂર્વકના પુરાવાની ગેરહાજરીમાં.

૩૯૮. હાઇકોર્ટે સામાન્ય રીતે સામાવાળાઓ દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવાઓનો સંદર્ભ આપ્યો હતો અને તેની સાબિતીની યોગ્યતાની ખાતરી કરવા માટે તેનું મૂલ્યાંકન કરવાના કોઈપણ પ્રયાસ વિના, તેના દ્વારા દાવો કરાયેલ વિવિધ સ્ત્રોતોને એકત્રિતપણે ધ્યાનમાં રાખીને, પેઢીની આવક રૂપિયા ૨૫ લાખ આકારણી કરવાપાત્ર હોવાનું તારણ આપવા માટે તેના પર સરળતાથી કામ કર્યું.

૩૯૯. એ૨ થી એ૪ ના એવા દાવા અંગે કે તેઓએ આકારણી વર્ષ ૧૯૯૬–૯૭ દરમિયાન ગીન્ડી ઔદ્યોગિક વસાહત સંબંધિત મકાન સામગ્રીના વેચાણની ઊપજમાંથી રૂપિયા ૬ લાખ અને આકારણી વર્ષ ૧૯૯૫–૯૬ દરમિયાન તેના દ્વારા મિલકતના વેચાણ પેટે મળેલ એડવાન્સ તરીકે રૂપિયા ૨૩,૮૦,૦૦૦/– કમાયા હતા જે સંબંધિત ઇન્કમટેક્સ રિટર્ન પર પણ આધારિત છે, ફરિયાદપક્ષે સમાન વલણનું પાલન કર્યું છે એટલે કે આવા દાવાના માન્ય અને સંપૂર્ણ પુરાવા તરીકે આવા રિટર્નની અવિશ્વસનીયતા. નીચલી કોર્ટે એ હકીકતની નોંધ લીધી હતી કે ચેક પિરિયડ દરમિયાન શશી એન્ટરપ્રાઇઝિસની કુલ આવકનો દાવો રૂપિયા ૯૫,૯૨,૭૭૬/– હતો જેમાં આ બે આઇટમોનો સમાવેશ થતો હતો. તર્કના સાદ્રશ્ય પર, ઇન્કમટેક્સ રિટર્ન અને તેની સાથે સંકળાયેલા રેકોર્ડ્સને નકારી કાઢતા, તેણે તેની નોંધ લેવાનો ઇનકાર કર્યો.

૪૦૦. સંકલનનો આઇટમ નંબર ૪૪ આકારણી વર્ષ ૧૯૯૨–૯૩ થી ૧૯૯૬–૯૭ માટે જયા પબ્લિકેશન્સ દ્વારા મેળવેલા ચોખ્ખા નફા અંગે છે જેની રકમ રૂપિયા ૧,૧૫,૯૪,૮૪૯/– થાય છે. સામાવાળાઓ દલીલ કરે છે કે નફા દ્વારા ઉપરોક્ત આવક આ વર્ષોના ઇન્કમટેક્સ રિટર્ન દ્વારા યોગ્ય રીતે સાબિત થાય છે અને તે નફા–નુકસાન ખાતાઓ દ્વારા પૂરક છે. તેમની ફરિયાદ એ છે કે નીચલી કોર્ટે ઇન્કમટેક્સ રિટર્ન અને નફા–નુકસાન ખાતાને અવિશ્વસનીય ગણાવીને ફગાવી દઈને આવકના આ મથાળાને નકારી કાઢ્યો હતો, જે કેસ નોંધાયા પછી દાખલ કરવામાં આવ્યા હતા. ફરિયાદપક્ષે નીચલી કોર્ટના આ અભિગમનું સમર્થન કર્યું છે.

૪૦૧. હાઇકોર્ટે, આ પાસા સાથે કામ લેતી વખતે એ પણ નોંધ્યું હતું કે જયા પબ્લિકેશન્સના સંબંધિત વર્ષોના ઇન્કમટેક્સ રિટર્ન ખૂબ જ વિલંબથી દાખલ કરવામાં આવ્યા હતા અને આ દાવા અંગે તેની નારાજગી વ્યક્ત કરી હતી. હાઇકોર્ટે, આવકના આ હિસ્સા પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે, મુખ્યત્વે સ્કીમ ડિપોઝીટ પર તેનું મૂલ્યાંકન વિસ્તૃત કર્યું હતું પરંતુ એવું તારણ કાઢ્યું હતું કે ઇન્કમટેક્સ રિટર્ન વિલંબથી રજૂ કરવામાં આવ્યા હોવાથી, કરદાતા તેના આધારે

કોઈપણ રાહત માટે હકદાર નથી. જ્યારે એ નોંધ્યું હતું કે નમધુ એમજીઆર અખબાર જયા પબ્લિકેશન્સના પ્રકાશનોમાંનું એક હતું અને જે તે સમયે ભાગીદાર હતા તેવા બે આરોપીઓ એટલે કે એ૧ અથવા એ૨ માંથી કોઈએ પણ સ્કીમ હેઠળ ગ્રાહકો દ્વારા કરવામાં આવેલી ડિપોઝીટમાંથી થતી આવકના દાવાના સમર્થનમાં પોતાની તપાસ કરાવી ન હતી, જો કે, હાઇકોર્ટે સામાવાળાઓના દાવાને સંપૂર્ણ રીતે નકાર્યો ન હતો અને કોઈપણ સ્વતંત્ર સમર્થન વિના માત્ર ઉત્સાહી પક્ષના કાય કરોના પુરાવા પર કાર્યવાહી કરીને જયા પબ્લિકેશન્સ દ્વારા મેળવેલ આવક તરીકે રૂપિયા ૪ કરોડની રકમ આપી હતી.

૪૦૨. નીચલી કોર્ટે સંબંધિત આંકડાઓ સાથે જયા પબ્લિકેશન્સની આવકના વિવિધ સ્ત્રોતોની નોંધ લીધી અને તેના સંબંધમાં મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું વ્યાપક પરીક્ષણ કર્યું. તેણે સ્કીમ હેઠળ થાપણદારોના મૌખિક પુરાવા તેમજ સંબંધિત આકારણી વર્ષના ઇન્કમટેક્સ રિટર્ન, નફા–નુકસાન ખાતાઓ, ઇન્કમટેક્સ સત્તાવાળાઓ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમોનું વિશ્લેષણ કર્યું અને છેવટે એવો મત લઈને દાવાને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યો કે તેના સમર્થનમાં રજૂ કરવામાં આવેલ પુરાવા સ્વીકાર્ય નથી. તેણે એ હકીકતની પણ નોંધ લીધી હતી કે પેઢીના ઇન્કમટેક્સ રિટર્ન કાયદા દ્વારા નિર્ધારિત સમય કરતાં ઘણા સમય પછી રજૂ કરવામાં આવ્યા હતા અને ખાસ કરીને, સામાવાળાઓ સામે કેસ નોંધાયા પછી. આ સંદર્ભમાં, તેણે જયા પબ્લિકેશન્સના ચાલુ ખાતામાં નમધુ એમજીઆરના ચાલુ ખાતામાંથી અને એ૧, શશી એન્ટરપ્રાઇઝિસ, વિનોદ વિડિયો વગેરેના ખાતામાંથી ભંડોળની આવક અને જાવક નોંધી હતી, જેમાં એ૧ અને એ૨ બંને સાથે અથવા એ૨, એ૩, એ૪ તેના ભાગીદારો/માલિક હતા. સ્કીમ ડિપોઝીટને બનાવટી અને તુચ્છ ગણાવીને ફગાવી દેતા અને ચાર્જશીટ દાખલ કર્યા પછી ડિઝાઇન કરાઈ હોવાનું ગણાવીને, નીચલી કોર્ટે એવું તારણ કાઢ્યું હતું કે તેના સમર્થનમાં પુરાવા માત્ર મૂકવામાં આવેલા ચાર્જ સામે બચાવના હેતુ માટે જ તૈયાર કરવામાં આવ્યા હતા.

૪૦૩. સંબંધિત આકારણી વર્ષો દરમિયાન જયા પબ્લિકેશન્સની આવકના અન્ય મથાળા અંગે, નીચલી કોર્ટે બચાવપક્ષના સાક્ષી–૮૮ ની જુબાનીના સ્વરૂપમાં કૃષિ આવકના સમર્થનમાં રજૂ કરવામાં આવેલા પુરાવા અને સંબંધિત ઇન્કમટેક્સ સત્તાવાળાઓ દ્વારા પસાર કરવામાં આવેલા હુકમોનો પણ સંદર્ભ આપ્યો હતો અને તેને સાબિતીની યોગ્યતાના અભાવે નકારી કાઢ્યા હતા, આકારણી વર્ષ ૧૯૯૧–૯૨, ૧૯૯૨–૯૩, ૧૯૯૩–૯૪ ના ઇન્કમટેક્સ રિટર્ન ૬.૧૧.૧૯૯૮ ના રોજ અને ૧૯૯૪–૯૫, ૧૯૯૫–૯૬ અને ૧૯૯૬–૯૭ ના ઇન્કમટેક્સ રિટર્ન ૧૭.૩.૧૯૯૯ ના રોજ સામાવાળાઓ સામે કેસ નોંધાયાના ઘણા સમય પછી દાખલ કરવામાં આવ્યા હતા. ખેતીની હકીકત અને ઉગાડવામાં આવતા પાકની પ્રકૃતિના સમર્થનમાં કોઈ સાક્ષીની તપાસ કરવામાં આવી ન હતી, તે નોંધવામાં આવ્યું હતું.

૪૦૪. વેચાણ/કામમાંથી થતી આવક અંગે, નીચલી કોર્ટે નોંધ્યું કે સંબંધિત વર્ષો માટેનું નફા–નુકસાન ખાતાનું સ્ટેટમેન્ટ, સૌ પ્રથમ, રિટર્ન સાથે બિડાણ કરવામાં આવ્યું ન હતું, પરંતુ વર્ષ ૧૯૯૯ પછી રજૂ કરવામાં આવ્યું હતું. તદુપરાંત, તેમાં સત્યતાનો અભાવ હતો અને તેથી, તેમાં વિશ્વસનીયતા ન હતી.

૪૦૫. ભાડાની આવક દ્વારા થતી કમાણીને પણ સંબંધિત વર્ષોના નફા–નુકસાન ખાતાઓ પર આધારિત હોવાથી નકારી કાઢવામાં આવી હતી જેને નીચલી કોર્ટે અવિશ્વસનીય ગણાવીને ફગાવી દીધી હતી.

મિલકતો

૪૦૬. ૧.૭.૧૯૯૧ ના રોજ (એટલે કે ચેક પિરિયડની શરૂઆતમાં) સામાવાળાઓની મિલકતોની આઇટમો ચાર્જશીટના એનેક્ષર ૧ માં દર્શાવવામાં આવી છે અને તેમાં રૂપિયા ૨,૦૧,૮૩,૯૫૬.૫૩ ના મૂલ્યના પર મથાળાનો સમાવેશ થાય છે. (એનેક્ષર પી–૨૩૨૭). એનેક્ષર ૨, ડીવીએસી ના જણાવ્યા મુજબ, ચેક પિરિયડના અંતે એટલે કે ૩૦.૪.૧૯૯૬ ના રોજ, મિલકતોની ૩૦૬ આઇટમોની યાદી આપે છે, જેનું મૂલ્ય રૂપિયા ૬૬,૪૪,૭૩,૫૭૩.૨૭ છે

(એનેક્ષર પી–૨૩૨૮). આમ, ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ, ચેક પિરિયડ દરમિયાન સામાવાળાઓ દ્વારા સંપાદિત મિલકતોનું મૂલ્ય રૂપિયા ૬૪,૪૨,૮૯,૬૧૬/– છે.

૪૦૭. ફરિયાદપક્ષે આ મિલકતોને ૧૨ કેટેગરીમાં વહેંચી છે. તૈયાર સંદર્ભ માટે, ફરિયાદપક્ષ, બચાવપક્ષ, નીચલી કોર્ટ અને હાઇકોર્ટ દ્વારા ટાંકવામાં/પહોંચેલા આંકડા નીચે આપેલા કોષ્ટકમાં પૂરા પાડવામાં આવ્યા છે:

ક્રમ નં.	કેટેગરીઓ	ડીવીએસી મુજબ રૂપિયા	નીચલી કોર્ટ મુજબ રૂપિયા	હાઇકોર્ટ મુજબ રૂપિયા	સામાવાળા ઓ મુજબ રૂપિયા
૧	સ્થાવર મિલકત (અવેજ, નોંધણીનો ખર્ચ)	૨૨,૮૩,૯૯,૧૭૪.૭૦	૨૦,૦૭,૮૦,૨૪૬	૬,૨૪,૦૯,૧૨૦/–	૧૬,૧૯,૦૩,૩૦૧
૨	વેચાણ અવેજ ઉપરાંત રોકડ ચૂકવવામાં આવી	૨,૫૩,૮૦,૬૧૯/–	૧,૫૮,૩૦,૬૧૯	શૂન્ય	શૂન્ય
૩	મકાનોનું નવું અથવા વધારાનું બાંધકામ	૨૮,૧૭,૪૦,૪૩૦	૨૨,૫૩,૯૨,૩૪૪/–	૫,૧૦,૫૪,૦૬૦/–	૮,૬૦,૫૯,૨૬૧/–
૪	સોના અને હીરાના દાગીના	૫,૫૩,૦૨,૩૩૪.૭૫	૨,૫૧,૫૯,૧૪૪/–	ફરિયાદપક્ષ મુજબ	શૂન્ય
૫	ચાંદીના	૪૮,૮૦,૮	૨૦,૮૦,૦	ફરિયાદપ	શૂન્ય

	વાસણો	૦૦/–	૦૦/–	ક્ષ મુજબ	
૬	ફિક્સ ડિપોઝીટ અને શેર	૩,૪૨,૬૨,૭૨૮/–	૩,૪૨,૬૨,૭૨૮	ફરિયાદપક્ષ મુજબ	૨,૩૦,૦૦,૦૦૦
૭	બેંક ખાતાઓમાં રોકડ બેલેન્સ	૯૭,૪૭,૭૫૧.૩૨	૯૭,૪૭,૭૫૧.૩૨	ફરિયાદપક્ષ મુજબ	૯૭,૪૭,૭૫૧.૩૨
૮	વાહનો	૧,૨૯,૯૪,૦૩૩.૦૫	૧,૨૯,૯૪,૦૩૩.૦૫	ફરિયાદપક્ષ મુજબ	૮૧,૩૫,૧૦૬
૯	મશીનરી	૨,૨૪,૧૧,૦૦૦	૨,૨૪,૧૧,૦૦૦	ફરિયાદપક્ષ મુજબ	૯૪,૨૫,૮૩૫
૧૦	પગરખાં	૨,૦૦,૯૦૨.૪૫	શૂન્ય.	શૂન્ય.	શૂન્ય
૧૧	સાડીઓ	૯૨,૪૪,૨૯૦.૦૦	શૂન્ય.	શૂન્ય.	શૂન્ય
૧૨	કાંડા ઘડિયાળો	૧૫,૯૦,૩૫૦.૦૦	૧૫,૯૦,૩૫૦	ફરિયાદપક્ષ મુજબ	શૂન્ય.
	કુલ	૬૮,૬૧,૫૪,૪૧૩.૨૭	૫૫,૦૨,૪૮,૨૧૫/–	૨૫,૪૬,૫૨,૧૭૭/–	૨૯,૮૨,૭૧,૨૫૪.૩૨

૪૦૮. પેજ ૯૬૬ પર હાઇકોર્ટનો ચુકાદો દર્શાવે છે કે તેણે ગણતરીના હેતુઓ માટે, ચેક પિરિયડના અંતે સામાવાળાઓની મિલકતોનું મૂલ્ય રૂપિયા ૬૬,૪૪,૭૩,૫૩૭/– સ્વીકાર્યું છે જે ફરિયાદપક્ષ દ્વારા નોંધવામાં આવ્યું છે. વધુમાં, જો કે તેણે ઉપરોક્ત ૧૨ કેટેગરીમાંથી આઇટમ નં. ૧, ૨, ૩, ૧૦ અને ૧૧ સંબંધિત મિલકતોનું મૂલ્ય ઘટાડ્યું છે, તેણે આવશ્યકપણે મકાનોના નવા અથવા વધારાના બાંધકામને લગતા આઇટમ નંબર ૩ ના સંદર્ભમાં, મિલકતોના

મૂલ્યની માત્રા નક્કી કરવામાં ફેરફાર કર્યો છે. જેમ કે તેની રજૂઆત પરથી સ્પષ્ટ થાય છે, તેણે આ મિલકતોની આઇટમનું મૂલ્ય રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/– આકાર્યું છે જે ફરિયાદપક્ષ દ્વારા દર્શાવેલ રૂપિયા ૨૮,૧૭,૪૦,૪૩૦/– ની તુલનામાં છે. આમ તેણે મિલકતોનું મૂલ્ય રૂપિયા ૨૩,૦૬,૮૬,૩૭૦/– ઘટાડ્યું. જો કે, ગણતરી કરતી વખતે હાઇકોર્ટે ફરિયાદપક્ષ દ્વારા દર્શાવેલ બાંધકામના ખર્ચનું મૂલ્ય રૂપિયા ૨૭,૭૯,૮૮.૯૪૫ લીધું હતું અને મકાનોના નવા અથવા વધારાના બાંધકામના મૂલ્યના રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/– ના તેના આકારણીના આધારે, તેણે રૂપિયા ૨૨,૬૯,૩૪,૮૮૫/– નો ઘટાડો કર્યો. ફરિયાદપક્ષના જણાવ્યા મુજબ જો હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલ મકાનોના નવા અથવા વધારાના બાંધકામનું આ મૂલ્યાંકન સ્વીકારવામાં આવે તો પણ, અન્ય આઇટમો અકબંધ રહેતા, ચેક પિરિયડના અંતે સામાવાળાઓની મિલકતોનું કુલ મૂલ્ય રૂપિયા ૬૬,૪૪,૭૩,૫૭૩/– માઈનસ રૂપિયા ૨૨,૬૯,૩૪,૮૮૫/– = રૂપિયા ૪૩,૭૫,૩૮,૬૮૮ થશે.

૪૦૯. તેના જણાવ્યા અનુસાર, આમ સામાવાળાઓની આવકની તુલનામાં અપ્રમાણસર મિલકતોની ટકાવારીની ગણતરી કરતી વખતે, આ આંકડો સંબંધિત ફોર્મ્યુલામાં લાગુ થવો જોઈતો હતો.

૪૧૦. નોંધનીય રીતે, ક્રમ નંબર ૧, ૨, ૩, ૧૦ અને ૧૧ પર ફરિયાદપક્ષ દ્વારા દર્શાવ્યા સિવાયની મિલકતોનું મૂલ્યાંકન હાઇકોર્ટ દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. તેમ છતાં, અંતિમ રીતે મિલકતોના મૂલ્યની ગણતરી કરતી વખતે, તેણે આઇટમ નંબરો ૧, ૨, ૧૦ અને ૧૧ ના સંદર્ભમાં તેના મૂલ્યાંકનને ધ્યાનમાં લીધું ન હતું અને તેની વિચારણા ફક્ત આઇટમ નંબર ૩ પૂરતી મર્યાદિત રાખી હતી જેનું મૂલ્ય તેણે રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/– આકાર્યું હતું.

૪૧૧. આમ ઉપરોક્ત ખુલાસાકારક પરિપ્રેક્ષ્યમાં, તેની તમામ આઇટમોને લગતી મિલકતો પરના પુરાવાઓની ચકાસણી કરવી જરૂરી માનવામાં આવતી નથી અને ઓડિટને માત્ર આઇટમ નંબર ૩ એટલે કે મકાનોનું નવું અથવા

વધારાનું બાંધકામ પૂરતું મર્યાદિત રાખવું પૂરતું હશે, ખાસ કરીને ન્યાયિક નિર્ણય પર તેની નિર્ણાયક અસરને કારણે.

૪૧૨. ઉપરોક્ત આધાર પર, અત્યંત સુસંગત હોવાથી, મિલકતોની યાદીમાં આઇટમ નંબર ત્રણ એટલે કે મકાનોનું નવું અથવા વધારાનું બાંધકામ અંગેના પુરાવા ચકાસણીની માંગ કરે છે. અત્રે ઉપર જણાવ્યા મુજબ, જો કે હાઇકોર્ટે બારમાંથી પાંચ આઇટમનું મૂલ્ય બદલ્યું હતું, અંતિમ માત્રામાં, તેણે માત્ર મકાનોના નવા અથવા વધારાના બાંધકામની આઇટમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને નીચલી કોર્ટ દ્વારા નક્કી કરાયેલ રૂપિયા ૨૨,૫૩,૯૨,૩૪૪/- ની સામે તેનું મૂલ્ય રૂપિયા ૫,૧૦,૫૪,૦૬૦/- ગણ્યું હતું. જો કે, ફરિયાદપક્ષના જણાવ્યા અનુસાર, આ ગણતરી પર રોકાણ રૂપિયા ૨૮,૧૭,૪૦,૪૩૦/- હતું. નોંધનીય રીતે, સામાવાળાઓએ તેમની મિલકતોની આ આઇટમનું મૂલ્ય રૂપિયા ૮,૬૦,૫૯,૨૬૧/- આકાર્યું હતું જે હાઇકોર્ટ દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકન કરતાં આશરે રૂપિયા ૩.૫ કરોડ વધારે છે.

૪૧૩. ભલે તેમ હોય, જ્યારે ફરિયાદપક્ષે મકાનોના નવા અથવા વધારાના બાંધકામ હેઠ હેઠળ એકવીસ આઇટમોની યાદી આપી હતી, ત્યારે ટ્રાયલ કોર્ટે અઢાર આઇટમો અને હાઇકોર્ટે સત્તર આઇટમોની નોંધ લીધી હતી જેની વિગતોમાં હવે પછી ચર્ચા કરવામાં આવશે. ફરિયાદપક્ષ મુજબ, આ એકવીસ આઇટમોનો કુલ બાંધકામ વિસ્તાર ૨૩,૦૭૬.૮૪ ચોરસ મીટર છે જે ૨૪૮૩.૯૭ સ્ક્વેર્સની સમકક્ષ છે. હાઇકોર્ટ દ્વારા બાકાત રાખવામાં આવેલ ચાર આઇટમોના વિસ્તારને ૨૪૮૩.૯૭ સ્ક્વેર્સના કુલ વિસ્તારમાંથી બાદ કરવામાં આવે તો તેની ગણતરી ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સ થાય છે. જોકે, હાઇકોર્ટે ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સને બદલે તેના દ્વારા પસંદ કરાયેલ ૧૭ આઇટમોનો વિસ્તાર ૧૬૬૮.૩૯ સ્ક્વેર્સ અપનાવીને મૂલ્યની ગણતરી કરી અને આ રીતે વિચારણા હેઠળના વાસ્તવિક વિસ્તારમાં ૫૦૬.૩ સ્ક્વેર્સનો ઘટાડો કર્યો. પરિણામે, ફરિયાદપક્ષ મુજબ, હાઇકોર્ટે તપાસ હેઠળની સંપત્તિના મૂલ્યની આકારણી કરવામાં

એકવીસમાંથી ચાર આઇટમોને માત્ર બાકાત જ રાખી ન હતી, પરંતુ તેણે પસંદ કરેલી સત્તર આઇટમોને અનુરૂપ પરિણામી વિસ્તારમાં પણ ભૂલ કરી હતી. આની અસર અંતે પહોંચેલા મૂલ્ય પર પણ પડી.

૪૧૪. આ કોર્ટ સમક્ષ દલીલો દરમિયાન, એનેક્ષર ૨ ની આઇટમ નંબર ૧૭૯, ૧૮૦ અને ૧૮૧ એટલે કે મકાનો/બાંધકામ કે જેના પર ફરિયાદપક્ષ મુજબ કુલ રૂ. ૨૯,૩૫,૬૮,૯૮૨/– નો સરવાળો કરવા માટે રોકાણ કરવામાં આવ્યું હતું, તેના પર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રતિવાદી નં. ૧ મુજબ, ફરિયાદપક્ષ દ્વારા ગણતરી કયા મુજબ ચકાસણી સમયગાળા દરમિયાન તેમની સંપત્તિનું મૂલ્ય રૂ. ૨૪,૨૯,૪૦,૪૯૦/– ની સામે, તેમનો દાવો રૂ. ૬,૫૨,૩૪,૪૧૦/– નો છે. તેમના વતી એવી રજૂઆત કરવામાં આવી છે કે તેમણે સમગ્ર ચકાસણી સમયગાળા દરમિયાન માત્ર એક જ મિલકત પ્રાપ્ત કરી હતી, એટલે કે એનેક્ષર ૨ માં અનુક્રમ નંબર ૧૮ પર રૂ. ૧૦ લાખની કિંમતની આઇટમ અને તે ઉપરાંત, તેમણે ૩૬, પોયસ ગાર્ડન ખાતે તેમના રહેણાંક મકાનનું નવીનીકરણ કરવા ઉપરાંત બે બાંધકામો કર્યા હતા, એટલે કે હૈદરાબાદ નજીક જીડીમેટલા ગામ ખાતે અને ૩૧–એ, પોયસ ગાર્ડન ખાતે ફાર્મ હાઉસ. ઉપર જણાવેલ આઇટમ નંબરો ૧૭૯ અને ૧૮૧ ની સામે, એવો દાવો કરવામાં આવ્યો છે કે ફરિયાદપક્ષ દ્વારા આકારવામાં આવેલ રૂ. ૧૩,૬૫,૩૧,૯૦૧/– ની સામે, તેને અનુરૂપ તેમની સંપત્તિનું મૂલ્ય અને આવકવેરા સત્તાવાળાઓ દ્વારા સ્વીકાર્યા મુજબ રૂ. ૩,૬૨,૪૭,૭૦૦/– છે અને આ રીતે રૂ. ૧૦,૦૨,૮૪,૨૦૧/– ની રકમ બાદ કરવાની જરૂર છે. આ આઇટમ્સ તરફ સંબંધિત બાબતો પર ખર્ચનું વિભાજન નીચે મુજબ આપવામાં આવ્યું છે:

(એ) ૩૬ પોયસ ગાર્ડનનું નવીનીકરણ :	**રૂ. ૭૬,૭૪,૯૦૦**
(બી) ૩૧–એ, પોયસ ગાર્ડન ખાતે બાંધકામ :	રૂ. ૧,૩૫,૧૦,૫૦૦

(સી) હૈદરાબાદ ગ્રેપ ગાર્ડન ફાર્મ હાઉસ :	રૂ. ૧,૩૯,૬૨,૩૦૦
(ડી) હૈદરાબાદ ફાર્મ હાઉસ માટે કમ્પાઉન્ડ વોલ :	રૂ. ૧૧,૦૦,૦૦૦
કુલ	રૂ. ૩,૬૨,૪૭,૭૦૦/–

૪૧૫. ઉપરોક્ત આંકડાને પ્રમાણિત કરવાનો પ્રયાસ કરતી વખતે, બાંધકામોના મૂલ્યાંકનને લગતા ફરિયાદપક્ષના પુરાવામાં રહેલી ખામીઓને ઘણી વિગતોમાં પ્રકાશિત કરવામાં આવી છે. વ્યાપક રીતે, તેને સંબંધિત પ્રક્રિયાની નિંદા, આવશ્યક ડેટાની ગેરહાજરીમાં ચકાસી ન શકાય તેવા માપ અને અહેવાલોમાં સહાયક વિગતોના અભાવનો સંદર્ભ આપે છે, જે તેમને બિનઉપયોગી અને નકામા બનાવે છે, કોઈ સાબિતી મૂલ્ય નથી, મકાનોની ઉંમરને વિશ્વાસપૂર્વક દર્શાવતા કોઈ વૈજ્ઞાનિક અથવા પ્રયોગશાળા પરીક્ષણોની ગેરહાજરી, જેનાથી તેના મૂલ્યનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકાય, નોન–શેડ્યુલ્ડ આઇટમ્સની કિંમતની ગણતરી કરવા માટે કોઈ આધારની ગેરહાજરી વગેરે. ખાસ કરીને નોન–શેડ્યુલ્ડ આઇટમ્સની કિંમત અંગે, એવો દાવો કરવામાં આવ્યો છે કે જોકે મૂલ્યાંકનકારોએ જુબાની આપી હતી કે તેના સંદર્ભમાં, બજારમાં પૂછપરછ કરવામાં આવી હતી અને ઇનપુટ્સ કાગળ અથવા નોટબુકમાં નોંધવામાં આવ્યા હતા, પરંતુ તે જાળવી રાખવામાં આવ્યા ન હતા પરંતુ નાશ કરવામાં આવ્યા હતા અને સંબંધિત અહેવાલો સાથે જોડવામાં આવ્યા ન હતા. આમ નોન–શેડ્યુલ્ડ આઇટમ્સની કિંમતની આકારણીને માત્ર કોઈ પાયા વગરની જ નહીં પરંતુ માત્ર અફવા તરીકે પણ નકારી કાઢવામાં આવી છે.

૪૧૬. ફરિયાદપક્ષના સાક્ષીઓ, એટલે કે ફરિયાદપક્ષના સાક્ષી–૯૮, ફરિયાદપક્ષના સાક્ષી–૧૧૬ અને ફરિયાદપક્ષના સાક્ષી–૨૨૦ સહિત અન્યના મૌખિક પુરાવાઓનો સંદર્ભ આપવામાં આવ્યો છે અને તપાસ ટીમ દ્વારા સુપરત કરાયેલા અહેવાલો સિવાય વિશ્લેષણ કરવામાં આવ્યું છે, જે ઉપર જણાવ્યા

મુજબ આવશ્યક ડેટાના અભાવ તરીકે નકારી કાઢવામાં આવ્યા છે. ફરિયાદપક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ અન્ય દસ્તાવેજી પુરાવાઓ સાથે પણ કામ લેવામાં આવ્યું છે. બચાવપક્ષના સાક્ષીઓના પુરાવા, જેમાં પ્રતિવાદી નં. ૧/એ૧ ના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બચાવપક્ષના સાક્ષી–૬૪ એસ. શણમુગમ, બચાવપક્ષના સાક્ષી–૭૬ જેઓ તપાસ ટીમનો ભાગ હતા અને બચાવપક્ષના સાક્ષી–૭૮ જેઓ અહેવાલ આંક પી–૬૭૧ પર સહી કરનારાઓમાંના એક હતા, તેમના પુરાવા પ્રકાશિત કરવામાં આવ્યા છે. બચાવપક્ષ દ્વારા ટાંકવામાં આવેલા ખર્ચના પ્રમાણને સમર્થન આપવાના માર્ગ તરીકે આવકવેરા સત્તાવાળાઓના હુકમો પર પણ નોંધપાત્ર ભાર મૂકવામાં આવ્યો છે. આ વધુ વિશેષરૂપે છે કારણ કે આવકવેરા સત્તાવાળાઓએ સંબંધિત સમયગાળા એટલે કે ૧૯૯૪–૯૫ થી ૧૯૯૬–૯૭ દરમિયાન માર્બલ/ગ્રેનાઈટના બજાર દરો/કિંમતના સંદર્ભમાં ખાસ કરીને વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી સ્વતંત્ર તપાસના આધારે પ્રતિવાદી નં. ૧/એ૧ દ્વારા ટાંકવામાં આવેલા આંકડાને સ્વીકાર્યા હતા. દલીલો દરમિયાન સંબંધિત ઈન્વોઈસનો પણ સંદર્ભ આપવામાં આવ્યો છે. બચાવપક્ષ મુજબ, પ્રતિવાદી નં. ૧/એ૧ દ્વારા દર્શાવેલ ખર્ચ બેંકના દસ્તાવેજો, બિલ, બચાવપક્ષના સાક્ષીઓ દ્વારા સાબિત કરાયેલા સમકાલીન વાઉચરો દ્વારા સમર્થિત હતો, જે અન્ય બાબતોની સાથે સ્થાપિત કરે છે કે સંબંધિત સમયે માર્બલની કિંમત ચોરસ મીટર દીઠ રૂ. ૧૦૦ થી રૂ. ૧૮૦ ની વચ્ચે હતી, જે ફરિયાદપક્ષ દ્વારા ટાંકવામાં આવેલ ચોરસ મીટર દીઠ રૂ. ૫૦૦૦ થી રૂ. ૨૧૦૦૦ ની સામે હતી. ફરિયાદપક્ષ દ્વારા ઓફર કરવામાં આવેલ મૂલ્યાંકનને મનસ્વી રીતે અતિશયોક્તિપૂર્ણ અને ફુલાવેલું ગણાવીને નકારી કાઢતા, એવો દાવો કરવામાં આવ્યો છે કે જોકે ટ્રાયલ કોર્ટ એ નિરીક્ષણ કરવામાં સાચી હતી કે ફરિયાદપક્ષ માર્બલ જેવી ખાસ આઇટમોના સંબંધમાં બાંધકામની કિંમત સ્થાપિત કરવામાં સક્ષમ નથી, પરંતુ તેણે કુલ જથ્થામાં માત્ર ૨૦% ની કપાત આપીને તેના દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકનને સ્વીકારવામાં ભૂલ કરી છે. એ પણ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે ટ્રાયલ કોર્ટ દ્વારા ૧૯૯૫–૯૬ દરમિયાન પ્રવર્તમાન માર્બલની કિંમતને લગતા દસ્તાવેજો એટલે કે ડી–૨૧૦ સિરીઝનો અસ્વીકાર તેને ભૂલથી

પછીના વર્ષોના ગણીને સ્પષ્ટપણે ખામીયુક્ત હતો. એવી રજૂઆત કરવામાં આવી છે કે ફરિયાદપક્ષ મકાનોના નવા અથવા વધારાના બાંધકામ હેઠ હેઠળની આઇટમોના બાંધકામ પાછળના ખર્ચને વાજબી શંકાની બહાર સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો અને તેથી તેના તરફ ખર્ચવામાં આવેલી રકમ સમજાવવાની કોઈ જવાબદારી બચાવપક્ષ પર રહેતી નથી. બચાવપક્ષ મુજબ, હાઇકોર્ટ દ્વારા આવા બાંધકામ પરના ખર્ચનું મૂલ્યાંકન સાચું છે અને તેમાં કોઈ દખલની જરૂર નથી.

૪૧૭. તેનાથી વિપરીત, ફરિયાદપક્ષ વતી એવો આગ્રહ રાખવામાં આવ્યો છે કે જોકે મકાનોના નવા અથવા વધારાના બાંધકામમાં રોકાણનો સમાવેશ કરતી એકવીસ આઇટમો સામે ખર્ચની ગણતરી રૂ. ૨૯,૩૫,૬૮,૯૮૨/– થતી હતી, ટ્રાયલ કોર્ટે આવી અઢાર આઇટમોની નોંધ લઈને ખર્ચનું પ્રમાણ રૂ. ૨૨,૫૩,૯૨,૩૪૪/– નિર્ધારિત કર્યું હતું. નમૂનાના ઉદાહરણો તરીકે, ફરિયાદપક્ષે એનેક્ષર ૨ ની આઇટમ નંબરો ૧૭૯, ૧૮૦ અને ૧૮૧ એટલે કે ચકાસણી સમયગાળા દરમિયાન પ્રાપ્ત કરેલી સંપત્તિની આઇટમ્સની યાદી પાછળના ખર્ચને પ્રકાશિત કર્યો અને ફરિયાદપક્ષના સાક્ષી–૯૮, ૧૦૭ અને ૧૬૬ ની મૌખિક જુબાની તેમજ તપાસ ટીમ દ્વારા તૈયાર કરાયેલા અને સુપરત કરાયેલા અહેવાલો એટલે કે આંક પી–૬૪૫, પી–૬૬૧ અને પી–૬૭૧ નો સંદર્ભ આપીને ભારપૂર્વક જણાવ્યું કે તેના આધારે ખર્ચનો કુલ સરવાળો રૂ. ૧૯,૦૫,૮૪,૧૯૯/– હતો. સમજી શકાય તે રીતે, આ આંકડો રૂ. ૨૯,૩૫,૬૮,૯૮૨/– ના કુલ ખર્ચમાં સામેલ હતો અને તેને પ્રકાશિત કરવામાં આવ્યો હતો કારણ કે આ ત્રણ આઇટમો રોકાણનો મોટો હિસ્સો ધરાવે છે.

૪૧૮. ફરિયાદપક્ષ મુજબ, હાઇકોર્ટે તેનું વિશ્લેષણ માત્ર એકવીસમાંથી સત્તર આઇટમો પૂરતું મર્યાદિત રાખ્યું એટલું જ નહીં, તેણે આ આઇટમોના બિલ્ટ–અપ એરિયાના માપનમાં પણ ભૂલ કરી હતી એટલે કે તેણે ૨૧૭૪.૬૯ સ્ક્વેર્સને બદલે ૧૬૬૮.૩૯ સ્ક્વેર્સના વિસ્તારના આધારે ગણતરી કરવાનું શરૂ કર્યું હતું એટલે કે ૫૦૬.૩૦ સ્ક્વેર્સની ઘટ પડી હતી. તે ઉપરાંત, ફરિયાદપક્ષ

વતી એવી રજૂઆત કરવામાં આવી છે કે હાઇકોર્ટે મુખ્ય મકાનોના વધારાના અને અત્યંત ખર્ચાળ ઉન્નતીકરણો અને ફિક્સરની સંપૂર્ણપણે અવગણના કરીને માત્ર સેન્ટ્રી શેડ માટે ખર્ચવામાં આવેલી કિંમત લઈને નવા અને વધારાના બાંધકામ તરફના ખર્ચનું મૂલ્યાંકન કર્યું હતું. ફરિયાદપક્ષ મુજબ, જ્યારે તેના દ્વારા રજૂ કરવામાં આવેલા પુરાવા મુજબ, નવા/વધારાના મકાનોના બાંધકામની કિંમત ચોરસ ફૂટ દીઠ રૂ. ૪૦૩૭ હતી, ત્યારે હાઇકોર્ટે સેન્ટ્રી શેડ ૩ ના બાંધકામની કિંમતના આધારે ચોરસ ફૂટ દીઠ રૂ. ૬૮૦ નો દર અપનાવ્યો હતો, પરિણામે નવા/વધારાના મકાનના બાંધકામની વાસ્તવિક કિંમત ૮૩% ઓછી થઈ ગઈ હતી. આમ ફરિયાદપક્ષે આગ્રહ કર્યો છે કે નવા/વધારાના મકાનના બાંધકામ પાછળના ખર્ચનું પ્રમાણ નક્કી કરવામાં, હાઇકોર્ટે આમ સેન્ટ્રી શેડની નવા/વધારાના મકાનો સાથે સામ્યતા દર્શાવીને માત્ર વાસ્તવિક બિલ્ટ–અપ એરિયા પર જ નહીં પરંતુ કિંમતના મૂળભૂત દર પર પણ સ્પષ્ટપણે ભૂલ કરી હતી, જોકે આ બે વર્ગના સ્ટ્રક્ચર્સ તેમની અંતર્ગત લાક્ષણિકતાઓ સાથે કોઈપણ રીતે તુલનાત્મક ન હતા.

૪૧૯. ઉપર જણાવ્યા મુજબ, ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષ દ્વારા ટાંકવામાં આવેલી ૨૧ આઇટમોમાંથી નવા/વધારાના બાંધકામોની ૧૮ આઇટમોને લગતા બંને પક્ષોના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓની ચકાસણી કરી હતી. તેણે આઇટમ મુજબ પુરાવાઓનું વિસ્તૃત મૂલ્યાંકન કર્યું અને તેના ગુણદોષની વિગતોમાં ચકાસણી કરી. તેણે સંકળાયેલ દરેક નવા/વધારાના મકાન અંગે તપાસ ટીમ દ્વારા સુપરત કરાયેલા અહેવાલોની નોંધ લીધી અને મુખ્યત્વે એવા આધાર પર બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલી તેની નિંદાની પણ નોંધ લીધી કે તેમાં વિગતોનો અભાવ હતો અને વધુમાં તેમની સાથે સહાયક દસ્તાવેજો પણ ન હતા. ટ્રાયલ કોર્ટે ફરિયાદપક્ષના સાક્ષીઓના પુરાવાઓની પ્રશંસા કરી જેઓ મકાનો, આનુષંગિક સ્ટ્રક્ચર્સ, એસેસરીઝ, ફિક્સર અને ફર્નિશિંગ્સના મૂલ્યાંકનની કવાયતમાં સહભાગી હતા. તપાસ ટીમના સભ્યો, જેઓ ઇલેક્ટ્રિસિટી ડિપાર્ટમેન્ટના ઇલેક્ટ્રિકલ એન્જિનિયરો ઉપરાંત પબ્લિક વર્ક્સ

ડિપાર્ટમેન્ટમાંથી લેવામાં આવેલા સિવિલ એન્જિનિયર હતા, ટ્રાયલ કોર્ટ દ્વારા તેમના પુરાવાની નોંધ લેવામાં આવી, તે દર્શાવશે કે સર્વેક્ષણની વિષયવસ્તુના તમામ આવશ્યક પાસાઓને ધ્યાનમાં લેવામાં આવ્યા હતા જેમાં સ્ટ્રક્ચર્સની બનાવટ અને ઉંમરનો સમાવેશ થાય છે અને ઘસારા પર તેના મૂલ્યમાં પણ યોગ્ય રીતે છૂટ આપવામાં આવી હતી. પુરાવાની એક સામાન્ય વિશેષતા એ છે કે મોટાભાગે વિદ્યુત ઉપકરણોની કિંમતનું મૂલ્યાંકન તેમની ઉંમર અને નિરીક્ષણ હાથ ધરતા અધિકારીઓની નિપુણતાના આધારે કરવામાં આવ્યું હતું. નોન–શેડ્યુલ્ડ આઇટમ્સ અંગે, ફરિયાદપક્ષના સાક્ષીઓ મુજબ, બજારમાંથી કિંમત નક્કી કરવામાં આવી હતી. સંબંધિત ઇનપુટ્સની નોંધોની ગેરહાજરીમાં આવું મૂલ્યાંકન નિર્ણાયક ન હોવાનો બચાવપક્ષનો વાંધો જોકે ટ્રાયલ કોર્ટ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. સામાન્ય આઇટમો માટે, સામેલ જિલ્લાઓમાં પ્રવર્તમાન દરોનું સમકાલીન પીડબલ્યુડી શેડ્યૂલ લાગુ કરવામાં આવ્યું હતું. બચાવપક્ષના સાક્ષીઓ જેઓ મોટે ભાગે સમાન ટીમના સભ્યો હતા, તેઓ ફરિયાદપક્ષના સાક્ષીઓના સંસ્કરણના સારથી ધરમૂળથી અલગ ન હતા. ટ્રાયલ કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યા મુજબ, ફરિયાદપક્ષના સાક્ષીઓનું એક નોંધપાત્ર લક્ષણ એ હતું કે જ્યારે તેમને પ્રથમ રિકોલ પર તપાસવામાં આવ્યા, ત્યારે તેઓ સરતપાસમાં તેમના ખુલાસાઓમાં અચકાતા જોવા મળ્યા પરંતુ તેમના બીજા રિકોલ પર સમાન વર્ણનની પુષ્ટિ કરી. જોકે બચાવપક્ષે આ વર્તનની નોંધ લેતા તેમને ટાળતા અને અવિશ્વસનીય સાક્ષીઓ તરીકે બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે.

૪૨૦. ટ્રાયલ કોર્ટ દ્વારા વિસ્તૃત રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું તેમ, ફરિયાદપક્ષના સાક્ષીઓના પુરાવા દર્શાવે છે કે તપાસ ટીમના સભ્યોએ દેખરેખ હેઠળના નવા/વધારાના મકાનોની તમામ મુખ્ય લાક્ષણિકતાઓની તેમના ઉત્કૃષ્ટ અને ખર્ચાળ માળખાકીય જોડાણો, ટ્રેપિંગ્સ, સુંદરતા અને શણગાર સાથે ઝીણવટપૂર્વક નોંધ લીધી હતી જે તેમના એકંદર મૂલ્યમાં વધારો કરવાની પ્રચંડ સંભાવના ધરાવે છે.

૪૨૧. જોકે, ખર્ચના પત્રકો જાહેર કરતા ઇન્કમ ટેક્સ રિટર્ન અને વિભાગીય પૂછપરછ પછી તેને સ્વીકારતા હુકમોની નોંધ લેતી વખતે ટ્રાયલ કોર્ટે નવી/વધારાની ઇમારતો તરફના ખર્ચને રૂ. ૨૨,૫૩,૯૨,૩૪૪/– તરીકે સ્વીકાર્યો હતો, ફરિયાદપક્ષ દ્વારા પૂરા પાડવામાં આવેલા આંકડામાં ૨૦% નો ઘટાડો કરીને કારણ કે તેના મુજબ, ફરિયાદપક્ષે ખાસ વસ્તુઓની કિંમતના સંબંધમાં પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટના એન્જિનિયરો દ્વારા નક્કી કરવામાં આવેલા મૂલ્યના સમર્થનમાં ખાતરીજનક પુરાવા રજૂ કર્યા ન હતા અને આર્કિટેક્ટ્સની ફીની ચૂકવણી અંગે થોડો વિવાદ હતો. આ નિષ્કર્ષ પર પહોંચવામાં, ટ્રાયલ કોર્ટે નવી/વધારાની ઇમારતોના મૂલ્યાંકન માટે બચાવપક્ષના દરેક વાંધાની નોંધ લીધી હતી અને તેને નકારી કાઢી હતી. ખાસ કરીને, બચાવપક્ષની એ દલીલ કે પ્લિન્થ રેટ એરિયા પરનું મૂલ્યાંકન અપનાવવું જોઈતું ન હતું, તેને પણ ફગાવી દેવામાં આવી હતી. તેણે બચાવપક્ષના સાક્ષી–૭૮ ના પુરાવાની નોંધ લીધી કે ઇમારતનું મૂલ્યાંકન ઇમારતના પ્લિન્થ એરિયા અથવા વિગતવાર પદ્ધતિના આધારે કરી શકાય છે. તેનો દૃઢ મત હતો કે નવી/વધારાની ઇમારતોના મૂલ્યાંકનની પ્રક્રિયામાં સામેલ એન્જિનિયરો સોંપવામાં આવેલી કામગીરી માટે સક્ષમ હતા અને બચાવપક્ષે ઇમારતોના માપન અને બાંધકામની પ્રકૃતિ તેમજ ઉપયોગમાં લેવાતી સામગ્રીની ગુણવત્તા અંગે વિવાદ કર્યો ન હતો. જોકે તેણે એવું અવલોકન કર્યું કે ફરિયાદપક્ષ ઉપયોગમાં લેવાતી ખાસ વસ્તુઓની કિંમતના પુરાવા રૂપે કોઈ સીધો પુરાવો રજૂ કરી શક્યો નથી અને તેના સાક્ષીઓની મૌખિક જુબાની પર આધાર રાખ્યો હતો જેમણે જણાવ્યું હતું કે તેઓએ બજારમાંથી આરસ અને અન્ય ખાસ વસ્તુઓની કિંમત જાણી લીધી હતી.

૪૨૨. બચાવપક્ષે એ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે કે ટ્રાયલ કોર્ટ દ્વારા બચાવપક્ષના સાક્ષી–૯૬ દ્વારા સાબિત કરાયેલા આરસને લગતા ઇનવોઇસ આંક ડી૨૧૦ સિરીઝનો અસ્વીકાર, તેને વર્ષ ૧૯૯૯ નું માનીને સ્પષ્ટપણે ભૂલભરેલો હતો કારણ કે સદર દસ્તાવેજ દર્શાવે છે કે તે ૧૯૯૪ અને ૧૯૯૬

વચ્ચેના સમયગાળાને લગતા હતા. તે ભલે ગમે તે હોય, જોકે ટ્રાયલ કોર્ટે નવી/વધારાની ઈમારતોના મૂલ્યાંકન પર બચાવપક્ષના વાંધાઓને નકારી કાઢતી વખતે, ખાસ વસ્તુઓના સંબંધમાં પીડબલ્યુડી એન્જિનિયરો દ્વારા નક્કી કરવામાં આવેલા નોંધાયેલા મૂલ્યના સમર્થનમાં પ્રતીતિકર પુરાવાના અભાવે અને આર્કિટેક્ટ્સની ફીની ચૂકવણી અંગેના વિવાદના કારણે ફરિયાદપક્ષના સાક્ષીઓ દ્વારા પૂરા પાડવામાં આવેલા કુલ અંદાજમાં ૨૦% નો ઘટાડો કર્યો હતો અને ખર્ચની રકમને રૂ. ૨૨,૫૩,૯૨,૩૪૪/– તરીકે નક્કી કરી હતી.

૪૨૩. નોંધનીય રીતે, નિરીક્ષણ ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી એક વિશાળ કામગીરી હતી જેમાં નાની ખામીઓ હોવાની શક્યતા હતી અને રેકોર્ડ પરના પુરાવાના ટ્રાયલ કોર્ટના વ્યાપક વર્ણન પરથી, અમારા મતે, તેના આધારે તેનો અંદાજ વિકૃત છે તેમ કહી શકાય નહીં. જેમ કે, સર્વેક્ષણની પ્રકૃતિ અને કદને ધ્યા ઝૂમ્ઝમાં લેતા, ગાણિતિક ચોકસાઈ સાથે વાજબી શંકાની બહારના પુરાવાનો આગ્રહ બિનજરૂરી, બિનવ્યવહારુ અને અવ્યવહારુ બંને હશે.

૪૨૪. અમારી સમજણ મુજબ, ટ્રાયલ કોર્ટ દ્વારા રેકોર્ડ પરના પુરાવાની કરવામાં આવેલી કદર અને કરવામાં આવેલા ખર્ચની હદના અંતિમ નિર્ધારણને વાહિયાત અથવા અસંભવિત તરીકે ફગાવી શકાય નહીં.

૪૨૫. બીજી તરફ હાઇકોર્ટે ફરિયાદપક્ષ દ્વારા કરવામાં આવેલા મૂલ્યાંકન પ્રત્યે બચાવપક્ષ દ્વારા વ્યક્ત કરાયેલી આરક્ષણોની નોંધ લીધી. તેણે એ નિંદાની નોંધ લીધી કે કરવામાં આવેલું મૂલ્યાંકન અત્યંત ફુલાવેલું હતું અને આરસ અને ગ્રેનાઇટની કિંમતનું મૂલ્યાંકન ખૂબ જ અતિશય માપદંડ પર કરવામાં આવ્યું છે. એ વાંધો કે આરસ કે ગ્રેનાઈટનો કોઈ નમૂનો લેવામાં આવ્યો ન હતો કે તેના દરો નક્કી કરવા માટે કોઈ ટેન્ડર મંગાવવામાં આવ્યા ન હતા તેની નોંધ લેવામાં આવી હતી. એ વાંધો ધ્યાનમાં લેવામાં આવ્યો હતો કે લાકડાની કિંમત નક્કી કરવા માટે ફોરેસ્ટ ઓફિસરની તપાસ કરવામાં આવી નથી અને કોઈએ પ્રમાણિત કર્યું નથી કે સાગના લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હાઇકોર્ટે સંબંધિત

સમયગાળા દરમિયાન આરસ અને આરસના સ્લેબના પ્રવર્તમાન દરો જાણવા માટે ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામાં આવેલી પૂછપરછના સંદર્ભની નોંધ લીધી હતી. તે અસર માટેના બચાવપક્ષના પુરાવા પણ ચિહ્નિત કરવામાં આવ્યા હતા.

૪૨૬. અંતિમ વિશ્લેષણમાં હાઇકોર્ટે નવી/વધારાની ઇમારતોના મૂલ્યનું મૂલ્યાંકન કરવામાં "પ્રતિ ચોરસ ફૂટ પદ્ધતિ" અપનાવી. તેના મત મુજબ, વિલંબિત ચૂકવણી અને અન્ય પરચુરણ ખર્ચને ધ્યાનમાં લેતા પબ્લિક વર્કસ ડિપાર્ટમેન્ટના દરો કથિત રીતે વધારે હતા. હાઇકોર્ટે સેન્ટ્રી શેડ–૩ ના બાંધકામના દરને આધારે નવી/વધારાની ઇમારતોના બાંધકામની કિંમત પ્રતિ ચોરસ ૩. ૨૮,૦૦૦/– હોવાનું સ્વીકાર્યું. આવા સેન્ટ્રી શેડના બાંધકામના અંદાજનો સંદર્ભ આપતા, હાઇકોર્ટે તારણ કાઢ્યું કે, તેનું મૂલ્ય એક ચોરસ માટે ૩. ૩૧,૫૮૦/– હતું અને તેમાંથી નવી/વધારાની ઇમારતના બાંધકામના ખર્ચના માપદંડ તરીકે, તેણે સદર હેતુ માટે પ્રતિ ચોરસ ૩. ૨૮,૦૦૦/– લાગુ કર્યા. તેણે સુપર સ્ટ્રક્ચર્સ, બારીઓ, દરવાજા, આંતરિક કલરકામ, ઇલેક્ટ્રિફિકેશન, ફ્લોરિંગ, પાણી પુરવઠા વગેરે તરફના અન્ય રોકાણોનો હિસાબ આપ્યો. હાઇકોર્ટના જણાવ્યા મુજબ, કુલ બાંધકામ વિસ્તાર ૧,૬૬,૮૩૯.૬૮ ચોરસ ફૂટ એટલે કે ૧૬૬૮.૩૯ ચોરસ હતો. તેણે ૨૫૬૬૨.૨૨ ચોરસ ફૂટ એટલે કે ૨૫૬.૬૨ ચોરસના વિસ્તારને ગ્રેનાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તેવા વિસ્તાર તરીકે સ્વીકાર્યો. તેણે પ્લાનની મંજૂરી અને આર્કિટેક્ટની ફી માટેના ખર્ચ પેટે ૩. ૯,૬૫,૦૬૦/– ની રકમ ઉમેરી.

૪૨૭. ફરિયાદપક્ષના પુરાવા અંગે, હાઇકોર્ટે અવલોકન કર્યું કે જોકે સામેલ નવી/વધારાની ઇમારતો માટે નિરીક્ષણ ટીમ દ્વારા અહેવાલો તૈયાર કરવામાં આવ્યા હતા, પરંતુ નિરીક્ષણ ટીમના તમામ સભ્યોએ તેમાં તેમની સહીઓ કરી ન હતી. વધુમાં જુબાનીના ક્રમમાં, તેઓએ એ ફ્લોર એરિયાના માપન વિશે કંઈ પણ કહ્યું ન હતું જ્યાં આરસ અને ગ્રેનાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેનો એવો મત હતો કે મૂલ્યાંકન અહેવાલો પોતે ગ્રેનાઈટ અને આરસના

પથ્થરોના અંદાજને સાબિત કરતા નથી અને તેનું મૂલ્યાંકન વત્તા ઓછા અંશે અનુમાન પર આધારિત હતું. ચોરસ ફૂટ પદ્ધતિ પર મૂલ્યાંકન અપનાવીને અને પ્રતિ ચોરસ ૩. ૨૮,૦૦૦/– નો દર લાગુ કરીને, હાઇકોર્ટે તેની તમામ એસેસરીઝ અને ફર્નિશિંગ્સ સાથે નવી/વધારાની ઇમારતનું મૂલ્ય ૩. ૫,૧૦,૫૪,૦૬૦/– ગણ્યું.

૪૨૮. આમ પ્રથમદર્શી રીતે ફરિયાદપક્ષની એ દલીલ કે નવી/વધારાની ઇમારતોના ખર્ચનું મૂલ્યાંકન કરવામાં, હાઇકોર્ટે ૨૧૭૪.૬૯ ચોરસના બદલે ૧૬૬૮.૩૯ ચોરસનો ઘટાડેલો બાંધકામ વિસ્તાર (તેના દ્વારા ધ્યાનમાં લેવાયેલી ૧૭ વસ્તુઓ માટે) લીધો હતો એટલું જ નહીં, જેનાથી ૫૦૬.૩ ચોરસની ઘટ ઊભી થઈ હતી, તેણે નવી/વધારાની ઇમારતો/બાંધકામો તરફ કરવામાં આવેલા રોકાણોની રકમ ગણવા માટે બેઝ વેલ્યુ તરીકે સેન્ટ્રી શેડના બાંધકામ ખર્ચના આધારે પ્રતિ ચોરસ ૩. ૨૮,૦૦૦/– નો દર પણ લાગુ કર્યો હતો, તે રેકોર્ડ દ્વારા સમર્થિત છે.

